# પયગંબર હઝરત
# મુહમ્મદ ﷺ સૌના માટે

: લેખક :

ડૉ. મુહમ્મદ અહમદ

: અનુવાદક :

મુહમ્મદ જમાલ પટીવાલા

ઇસ્લામી સાહિત્ય પ્રકાશન

ત્રીજો માળ, બી-બ્લૉક, કરિશ્મા કૉમ્પલેક્ષ, સારણી સોસાયટી,
૧૩૨ ફૂટ રિંગરોડ, જુહાપુરા, અહમદાબાદ-૩૮૦૦૫૫
ફોન : ૮૭૮૦૬ ૬૧૯૬૩ | Email : ispgujarat2013@gmail.com

સર્વ હક્ક પ્રકાશકને આધીન

Paygambar Hazrat Muhammad ﷺ Sauna Mate (Gujarati)
Translation of 'Muhammad ﷺ Sabke Liye' (Hindi)
By : Dr. Muhammad Ahmed
Gujarati Translation by: Muhammad Jamal Patiwala

–: Publisher :–
ISLAMI SAHITYA PRAKASHAN
3rd Floor, B-Block, Karishma Complex, Sarni Society,
132 Ft. Ring Road, Juhapura, Ahmedabad, Gujarat (PIN 380055)

| આવૃત્તિ | : પ્રત | વર્ષ |
| --- | --- | --- |
| પ્રથમ | : ૧૦૦૦, | ૨૦૦૬ |
| દ્વિતીય | : ૧૦૦૦, | ૧૦૧૧ |
| તૃતીય | : ૩૦૦૦, | ૨૦૧૨ |
| ચતુર્થ | : ૧૦૦૦, | ૨૦૨૩ |

**કિંમત : રૂપિયા ૧૨૦.૦૦**
**Price : Rs. 120.00**

**મુદ્રક : યુનિક ઓફસેટ** તાવડીપુરા, અહમદાબાદ.

# અનુક્રમણિકા


સાંકેતિક શબ્દો ........................................ ૦૫
પૂર્વભૂમિકા (મુહમ્મદ ફારૂક ખાં) ............................ ૦૬
૧. અંતિમ પયગંબરની આવશ્યકતા ........................ ૦૯
૨. હઝરત મુહમ્મદ સલ્લ.નો કાળ અને તત્કાલીન ભારતીય સમાજ ૧૫
● રાજકીય પરિસ્થિતિ
● ધાર્મિક પરિસ્થિતિ
● સામાજિક પરિસ્થિતિ
● ભારત અને આરબોના સંબંધો
● ભારતીય સમાજ અને આરબ સમાજમાં સામ્યતાઓ
૩. હઝરત મુહમ્મદ સલ્લ.ના કાળમાં અરબસ્તાનની સ્થિતિ .......... ૨૧
● મહિલાઓની સ્થિતિ
● આર્થિક પરિસ્થિતિ
૪. હઝરત મુહમ્મદ સલ્લ.ના પૂર્વજો ............................ ૨૯
૫. જન્મ અને જીવનના પ્રારંભિક ચાલીસ વર્ષ .................... ૩૧
● કાકા અબૂ તાલિબની સાથે
૬. વિશિષ્ટ પાલન-પોષણ ........................................ ૩૫
૭. હઝરત ખદીજા રદિ. સાથે લગ્ન ................................ ૩૮
૮. જયારે આપ સલ્લ.ને પયગંબર બનાવવામાં આવ્યા .............. ૪૦
૯. ઈસ્લામનું આહ્વાન ............................................ ૪૩
૧૦. અત્યાચાર .................................................. ૪૭

૧૧. હબ્શા તરફ હિજરત ........................................ ૫૩
૧૨. હઝરત હમઝા રદિ. અને
હઝરત ઉમર રદિ.નો ઈસ્લામ અંગીકાર ........................ ૫૬
૧૩. સામાજિક બહિષ્કાર ........................................ ૫૯
૧૪. હઝરત મુહમ્મદ સલ્લ.ના લગ્ન ............................ ૬૧
૧૫. તાઈફ શહેરનો પ્રવાસ ...................................... ૬૪
૧૬. હિજરત ................................................... ૬૮
૧૭. મદીના આગમન ............................................. ૭૧
૧૮. મસ્જિદે નબવીનું નિર્માણ .................................. ૭૩
૧૯. યુદ્ધની પરવાનગી .......................................... ૭૫
૨૦. પ્રથમ નિર્ણાયક યુદ્ધ ........................................ ૭૭
૨૧. અન્ય યુદ્ધો ............................................... ૮૦
૨૨. હુદૈબિયાની સંધિ .......................................... ૮૫
૨૩. સમગ્ર દુનિયાને ઈસ્લામનો સંદેશ ............................ ૮૮
● રોમના સમ્રાટ કૈસરના નામે પત્ર
● ઈરાનના સમ્રાટ કિસરાના નામે પત્ર
● નજ્જાશી અને અઝીઝના નામે પત્ર
૨૪. મક્કા વિજય ............................................... ૯૩
૨૫. જાહેર માફીની ઘોષણા ...................................... ૯૭
૨૬. અંતિમ હજ્જ પ્રસંગે ઉદ્‌બોધન ................................ ૯૯
૨૭. દુનિયાથી પ્રસ્થાન .......................................... ૧૦૨
૨૮. હઝરત મુહમ્મદ સલ્લ.ની કેટલીક કલ્યાણકારી શિક્ષાઓ ........ ૧૦૪
૨૯. હઝરત મુહમ્મદ સલ્લ. બિનમુસ્લિમોની નજરમાં .............. ૧૨૧

**શરૂ અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.**

# સાંકેતિક શબ્દાવલી

સંક્ષિપ્ત રૂપમાં ઉપયોગ કરવામાં આવેલ કેટલાક એવા શબ્દો આ પુસ્તકમાં આવશે, જેનું સંપૂર્ણ રૂપ અને અર્થ પુસ્તકના અભ્યાસ પહેલાં જાણી લેવા જરૂરી છે, જેથી અભ્યાસ દરમિયાન કોઈ પરેશાની ન રહે. તે નીચે દર્શાવેલ છેઃ

**અલૈ.** : તેનું સંપૂર્ણ રૂપ છે – **'અલૈહિસ્સલામ'**, અર્થાત્ 'તેમના ઉપર સલામતી થાય.' પયગંબરો અને ફરિશ્તાઓના નામની સાથે આ આદર અને પ્રેમસૂચક દુઆ (પ્રાર્થના) જોડી દેવામાં આવે છે.

**રદિ.** : તેનું પૂર્ણ રૂપ છે – **'રદિયલ્લાહુ અન્હુ'.** તેનો અર્થ છે, 'અલ્લાહ તેમનાથી પ્રસન્ન થાય.' સહાબીઓના નામની સાથે આ આદર અને પ્રેમસૂચક દુઆ જોડી દેવામાં આવે છે.

**'સહાબી'** તે ભાગ્યશાળી મુસલમાનને કહેવામાં આવે છે, જેને પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ.થી મુલાકાતની તક મળી હોય. સહાબીનું બહુવચન **'સહાબા'** છે, અને સ્ત્રીલિંગ **'સહાબિયા'** અને બહુવચન **'સહાબિયાત'** થાય છે.

**રદિ.** : જો તેનો ઉપયોગ કોઈ **સહાબિયા**ના નામની સાથે થયો હોય તો **'રદિયલ્લાહુ અન્હા'** બોલાય છે અને જો સહાબા (સહાબીનું બ.વ.)ના માટે ઉપયોગ થાય તો **'રદિયલ્લાહુ અન્હુમ'** બોલાય છે.

**સલ્લ.** : તેનું પૂર્ણ રૂપ છે – **'સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ'** જેનો અર્થ છે, 'અલ્લાહ તેમના ઉપર કૃપા અને સલામતીની વર્ષા કરે.' હઝરત મુહમ્મદ સલ્લ.નું નામ લખતાં, બોલતાં કે સાંભળતાં આદર અને પ્રેમ માટે આ દુઆ જોડી દેવામાં આવે છે.

# પૂર્વભૂમિકા

## મુહમ્મદ ફારૂક ખાં

### (કુર્આનના અનુવાદક અને પ્રસિદ્ધ હિંદી લેખક)

જગતમાં મનુષ્યને તે બધું જ ઉપલબ્ધ જોવા મળે છે, જેનાથી તેની ભૌતિક આવશ્યકતાઓ પૂરી થઈ શકે. એટલું જ નહિં, અહીં તેની દ્રષ્ટિ માટે સુંદરથી અતિસુંદર વસ્તુઓ પણ આયોજનબદ્ધ જોવા મળે છે. અહીં કેટલાયે પક્ષીઓ વગેરેના મીઠા સ્વરો પણ આપણને સાંભળવા મળે છે. પરંતુ મનુષ્ય માટે એટલું જ પૂરતું નથી. તે તેનાથી વધુની કામના કરે છે. તે ઇચ્છે છે કે આકર્ષક વસ્તુઓ અને સુંદર દૃષ્યો મધુર શબ્દોમાં ઢળીને તેને બતાવી શકે છે કે વાસ્તવમાં તે શું છે? સુંદરતા તેને તે સૌંદર્યનો પરિચય આપી શકે છે, જે વાસ્તવિક અને પૂર્ણ છે, જેના માધ્યમથી તે જગતમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી શકે અને આ પ્રકારે તે પોતાના જીવનને સાર્થક કરી શકે.

જેણે પણ સૃષ્ટિને પોતાના હૃદયની આંખોથી નિહાળી છે અને તેના અસ્તિત્વને સારી રીતે અનુભવ્યું છે, તેનું હૃદય સ્વતઃ ડોલી ઊઠયું. તેને પ્રત્યેક ચીજ નવી લાગી. તેના હૃદયમાં કેટલાક વિશિષ્ટ ભાવો પણ જાગ્યા. તેને કેટલાક અલૌકિક સ્પર્શનો પણ આભાસ થયો. પરંતુ આ બધું હોવા છતાં એક અસ્પષ્ટતા શેષ રહી ગઈ, તે સંધ્યાની જેમ, જેમાં ચીજો ધૂંધળી-ધૂંધળી જ દેખાય છે કે પછી પ્રકાશમાં જાણે કે કંઈક અંધકાર ભળી ગયો હોય, અથવા જાણે કે નીલા આકાશમાં વાદળોનું આવરણ જેવું જોવા મળે.

શક્ય છે કે જીવનની સુંદરતા, પર્વતમાળાઓ, બરફાચ્છાદિત પહાડીઓ, વૃક્ષો અને તેના ઉપર ખીલેલા ફૂલો અને તેની સુવાસ વગેરેને કારણે કોઈ સંવેદનશીલ વ્યક્તિને કોઈ આત્મિક આશાનો ઉજ્જવળ પ્રકાશ જોવા મળી જાય અને તે એમ સમજવા લાગે કે તેણે જીવનની ગહનતાને સ્પર્શી લીધી છે અને તેણે સત્યને પૂર્ણ રીતે પામી લીધું છે. પરંતુ હકીકત એ છે કે તે પછી પણ તે શંકાઓથી મુક્ત નથી થઈ શકતી. આ શંકા લાગેલી રહે છે કે ક્યાંક આ માત્ર પોતાની કલ્પનાઓ ન હોય

અને જે અંતિમ સત્યને જાણવાની ઈચ્છા આપણને હોય છે, તે કંઈક જુદું જ હોય.

મનુષ્ય સંશયની સ્થિતિમાં જીવન વ્યતીત કરે, એ ઈશ્વર કેવી રીતે પસંદ કરી શકે છે. તેથી આ સંશય અને શંકાઓથી મુક્તિ અપાવવા માટે જ તેણે પોતાના પયગંબરો (ઈશદૂતો) મોકલ્યા અને તેઓના ઉપર પોતાની વાણી અવતરિત કરી તથા જગત અને જીવનના મૌન સંકેતોને તેણે એ રીતે સ્પષ્ટ કરી દીધાં, જાણે સમસ્ત સંકેતો ભાષામાં ઢળી ગયા. આ રીતે ઈશ્વરે મનુષ્યને સંશય અને શંકાઓના ઘેરામાંથી મુક્ત કર્યો અને અંધકારમાંથી તેને પૂર્ણ પ્રકાશમાં લઈ આવ્યો, સ્પષ્ટ શબ્દોમાં ઉદ્‌ઘોષણા કરી દેવામાં આવી કે વિવેક-બુદ્ધિથી કામ લો –

''નિઃશંક, પ્રત્યેક વસ્તુ, જે આકાશોમાં અને ધરતીમાં છે, તેનું (અલ્લાહનું) મહિમાગાન કરી રહી છે.'' (કુર્આન, ૫૯ : ૨૪)

"હું જ અલ્લાહ છું, મારા સિવાય કોઈ પૂજ્ય-પ્રભુ નથી. તેથી મારી જ ઉપાસના કરો." (કુર્આન, ૨૦:૧૪)

ઈશ્વર શક્તિશાળી જ નહિં, દયાળુ પણ છે. તેણે તો તમામ શંકાઓને દૂર ' કરવાની જ હતી.

ઈશ્વરીય સંદેશવાહક કે પયગંબર મોટી સંખ્યામાં આવ્યા છે. તેઓએ એ જ કહ્યું – ''હે મારી કોમના લોકો ! અલ્લાહની ઉપાસના કરો, તેના સિવાય તમારો કોઈ પૂજ્ય-પ્રભુ નથી, તો શું તમે ડરતા નથી ?'' (કુર્આન, ૭:૬૫)

પયગંબરોએ દર્શાવ્યું કે જીવન અને જગત શું છે ? મનુષ્યની સફળતા કઈ વાત ઉપર નિર્ભર કરે છે અને તે નિષ્ફળ કેવી રીતે થાય છે ? ઈશ સંદેશવાહકોની આ શ્રૃંખલાની અંતિમ કડી હઝરત મુહમ્મદ સલ્લ. છે. હઝરત મુહમ્મદ સલ્લ.એ એ ઘોષણા પણ કરી કે તેમના પછી હવે કોઈ પયગંબર નહીં આવે અને તેમને સંપૂર્ણ માનવતાના માર્ગદર્શન માટે સંદેશવાહક બનાવીને મોકલવામાં આવ્યા છે. કોઈ પણ વ્યક્તિ, ચાહે તે કોઈ પણ સમુદાયની હોય, આપ સલ્લ. ના દર્શાવેલ

માર્ગ ઉપર ચાલીને પોતાના જીવનને સફળ બનાવી શકે છે તેમજ ઈશ્વરનું સામીપ્ય પ્રાપ્ત કરી શકે છે. પરંતુ જો તે આપ સલ્લ. નું અનુસરણ કરવાનો ઈન્કાર કરી દે તો વાસ્તવમાં તે જીવન અને જીવનના વાસ્તવિક લક્ષની ઉપેક્ષા કરે છે અને આ એક અક્ષમ્ય અપરાધ હશે.

હઝરત મુહમ્મદ સલ્લ. વિશે યોગ્ય જાણકારી ન હોવાને કારણે સામાન્ય રીતે લોકો તે નાતા અને મધુર સંબંધને મૂળભૂત રીતે જાણતા જ નથી, જે તેમના અને હઝરત મુહમ્મદ સલ્લ. વચ્ચે છે. ડૉ. મુહમ્મદ અહમદ સાહેબે ઈશ્વરના અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ.ના જીવન ઉપર પ્રસ્તુત પુસ્તક લખીને એક મોટી જરૂરતને પૂરી કરી છે. આ પુસ્તકથી વાચક-ગણ હઝરત મુહમ્મદ સલ્લ. વિશે સાચી જાણકારી મેળવી શકશે અને અમને વિશ્વાસ છે કે વાચકો એ વાત સરળતાથી સમજી જશે કે હઝરત મુહમ્મદ સલ્લ.નું આગમન સંપૂર્ણ માનવ-જાતિ માટે થયું છે. અમારી પ્રાર્થના છે કે આ પુસ્તક વધુમાં વધુ લોકો સુધી પહોંચે અને તેઓ તેનાથી લાભાન્વિત થાય.

ભવદીય,
મુહમ્મદ ફારૂક ખાં

તા.: ૨૦ સપ્ટેમ્બર, ૨૦૦૦

# અંતિમ પયગંબરની આવશ્યકતા

અલ્લાહના અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ.ના પવિત્ર જીવનચરિત્રનું અધ્યયન કરતાં પહેલાં એ આવશ્યક પ્રતીત થાય છે કે એ જાણી લેવું જોઈએ કે માનવતાના કલ્યાણ, ઉત્થાન અને ઉન્નતિના જે મિશન માટે આપ સલ્લ.એ જીવન-પર્યંત કાર્ય કર્યું, તેની મૌલિકપ્રકૃતિ, તેનું ક્ષેત્ર અને તેની મુખ્ય વિશેષતાઓ શું હતી ? અલ્લાહે મનુષ્યો ઉપર અગણિત ઉપકારો, મહેરબાનીઓ અને કૃપાઓ કરી છે. તેણે સૃષ્ટિના પ્રાણીઓમાં મનુષ્યને શ્રેષ્ઠ બનાવ્યો અને તેને ચિંતન-મનન તેમજ સમજ અને બુદ્ધિની ક્ષમતા પ્રદાન કરી. તેને પોતાના જ્ઞાન અને માર્ગદર્શનના આલોકમાં મોકલ્યો. પ્રથમ મનુષ્ય હઝરત આદમ અલૈ. અલ્લાહના પ્રથમ પયગંબર અને ઈશદૂત પણ હતા. અલ્લાહે આદેશ આપ્યો કે પોતાની સંતાનને ઈસ્લામનું શિક્ષણ આપો, અર્થાત્ એ ઉપદેશ આપો કે અલ્લાહ એક છે, જે તમારો અને સમગ્ર દુનિયાનો ઉપાસ્ય છે. તેની જ પૂજા, ઉપાસના અને બંદગી કરો, તેની જ સામે માથું નમાવો, તેનાથી જ મદદની યાચના કરો અને તેની જ આજ્ઞાનું પાલન કરતાં ભલાઈ અને સદાચારની સાથે જીવન વ્યતીત કરો. જો તમે એવું કરશો તો તેનો ઉત્તમ પુરસ્કાર મળશે અને પરલોકમાં જન્નત (સ્વર્ગ) ના પાત્ર બનશો, પરંતુ જો તમે એવું ન કર્યું તેમજ ઈરાદા અને અલ્લાહ દ્વારા આપવામાં આવેલ સ્વીકારની સ્વતંત્રતાનો દુરૂપયોગ કરીને તેની અવજ્ઞા કરી અને સ્વેચ્છાચાર કર્યો તો સજા મળશે અને જહન્નમ (નર્ક)ના હવાલે કરી દેવામાં આવશો.

હઝરત આદમ અલૈ.ના જગતમાંથી વિદાય લીધા પછી તેમની સંતાને કેટલાક દિવસો સુધી ઈસ્લામના કલ્યાણકારી શિક્ષણનું અનુસરણ કર્યું, પરંતુ જેમ-જેમ સમય વીતતો ગયો, તેઓ તે શિક્ષાણથી વિચલિત થતા ગયા. ધીમે ધીમે લોકોમાં નૈતિક અને ધારણા સંબંધે બૂરાઈઓ ઉત્પન્ન થઈ ગઈ. તૌહીદ (એકેશ્વરવાદ)ના સ્થાને શિર્ક (અનેકેશ્વરવાદ)નું ચલણ શરૂ થયું. તેના અનેક

રૂપો બની ગયા. મૂર્તિપૂજાની સાથે જ પ્રકૃતિ-પૂજા પણ શરૂ થઈ ગઈ અને વૃક્ષો, પર્વતો, સૂર્ય અને ચંદ્ર, હવા અને પાણી વગેરેની પૂજા થવા લાગી. હઝરત આદમ અલૈ.ની સંતાન વિશ્વના વિભિન્ન ભૂ-ભાગોમાં ફેલાઈ ગઈ અને તેઓ એટલી હદે પતનગ્રસ્ત થઈ ગયા કે સારી વાતોને ખરાબ અને ખરાબ વાતોને સારી સમજી લેવામાં આવી.

અલ્લાહે માનવોની આ દુર્દશા નિહાળી તો તેણે તેમના ઉપર મહેરબાની કરી અને સુધારણા અને માર્ગદર્શન માટે પુનઃ પોતાના પયગંબરો, રસૂલો, નબીઓ, ઈશદૂતો મોકલ્યા. આ પુણ્યાત્માઓ અને મહાપુરુષો લોકોને એ જ શિક્ષણ આપતા હતા, જે હઝરત આદમ અલૈ. એ પોતાના સંતાનોને આપી હતી. દુનિયાના પ્રત્યેક ભૂ-ભાગમાં અલ્લાહના પયગંબરો આવ્યા અને લોકોને અલ્લાહની મરજી ઉપર ચાલીને જીવન વિતાવવાની રીત બતાવી. અંધકારથી પ્રકાશ તરફ દોરવણી કરી અને તેઓને સીધો માર્ગ દેખાડ્યો. પરંતુ મનુષ્યોની સ્થિતિ પણ વિચિત્ર છે. તેઓએ અલ્લાહના પયગંબરો અને ઈશદૂતોની સાથે સારો વ્યવહાર ન કર્યો. જેઓ તેમની સુધારણા માટે આવ્યા હતા, તેઓને ખરાબ રીતે હેરાન કર્યા, ત્યાં સુધી કે કોઈને દેશથી કાઢ્યા તો કોઈની હત્યા કરી નાખવામાં આવી. પરંતુ અલ્લાહના મોકલેલ મહાપુરુષોનું મિશન ચાલતું રહ્યું. લોકોને તેમની વાતો સમજમાં આવવા લાગી અને તેઓ ઈશદૂતો અને મહાપુરુષોના અનુયાયી અને સાથીઓ બનીને અલ્લાહનું આજ્ઞાપાલન કરવા લાગ્યા. આ રીતે ઇસ્લામ દુનિયામાં ફેલાયો. બધા રસૂલો, પયગંબરો અને મહાપુરુષોનું શિક્ષણ ઇસ્લામનું જ શિક્ષણ હતું. તેઓની દુનિયાથી વિદાય પછી હંમેશાં એવું થતું આવ્યું કે તેમના અનુયાયીઓએ અજ્ઞાનતાપૂર્ણ શ્રદ્ધા અને અંધવિશ્વાસોના પરિણામે સ્વયં તેમને જ ઈશ્વર, ઈશ્વરપુત્ર કે ઈશ્વરત્વમાં ભાગીદાર બનાવી નાખ્યા, તથા તેમને પણ એ જ ઉપાસ્યોમાં સામેલ કરી દેવામાં આવ્યા, જેમના ખંડનમાં તેમણે પોતાનું સમગ્ર જીવન ખપાવી દીધું હતું. આ વિડંબના જ છે કે જે બૂરાઈઓના નિર્મૂલન માટે તેમણે પોતાના બલિદાનો આપ્યા અને માનવતાના ઉત્થાનમાં વ્યસ્ત રહ્યા, લોકોએ તે જ બુરાઈઓને ફરી પેદા કરીને માનવતાને પતનના માર્ગ ઉપર નાખી દીધી. અલ્લાહના પયગંબરો અને રસૂલોના શિક્ષણને વિકૃત કરી નાખવામાં આવ્યું અને કપોળ-કલ્પિત વાતો અને અકલ્યાણકારી ચીજો ફેલાવી દેવામાં આવી.

માનવ-સભ્યતાના વિકાસની સાથે જન-સુવિધાઓનો પણ વિકાસ થયો. આવાગમનના રસ્તાઓ બન્યા અને આવવા-જવાના સાધનો વધ્યા. દુનિયાના વિભિન્ન સમુદાયો અને જુદા-જુદા ક્ષેત્રોમાં રહેનારા લોકો વચ્ચે સંપર્કો વધ્યા. સમુદ્રી-માર્ગો શોધવામાં આવ્યા અને વેપારની સાથે જ આચાર-વિચારનું આદાન પ્રદાન થવા લાગ્યું. હવે તે સમય આવી ગયો હતો કે જો સમગ્ર દુનિયા માટે ઈશ્વરીય જીવન-વ્યવસ્થા મોકલવામાં આવે તો તે દુનિયા માટે પૂરતી થઈ જાય અને સમગ્ર દુનિયાના લોકોને સંબોધિત કરીને સ્પષ્ટ રીતે બતાવી દેવામાં આવે કે મનુષ્યોનો જીવન-ઉદ્દેશ્ય શું છે ? તેમનો સહજ, સ્વાભાવિક ધર્મ કયો રહ્યો છે અને કયો છે ? અલ્લાહની મરજી શું છે ? મનુષ્યને પેદા કરવાનો ઉદ્દેશ્ય શું છે? મનુષ્ય પોતાના પાલનહાર-પ્રભુની પ્રસન્નતા અને નિકટતા કેવી રીતે પ્રાપ્ત કરી શકે છે ? વગેરે.

તે માટે સર્વશક્તિશાળી અલ્લાહે પોતાના અંતિમ પ્રિય પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ.ને આરબ દ્વીપકલ્પમાં મોકલ્યા અને આપ સલ્લ. ઉપર ઈશદૂતત્વના ક્રમને સમાપ્ત કરી દીધો. અરબસ્તાનમાં હઝરત મુહમ્મદ સલ્લ.ને મોકલવાનું એક કારણ એ પણ હતું કે અરબસ્તાન જગતમાં એવી જગ્યાએ છે, જ્યાંથી એશિયા, આફ્રિકા અને યુરોપ બધું નજીક છે. અરબસ્તાન આ બધાના મધ્યમાં, સ્થિત છે. અહીંથી સમગ્ર દુનિયાને સંબોધિત કરવાની સુગમતા સ્પષ્ટ રીતે સમજી શકાય છે. અલ્લાહે આપ સલ્લ.ને ઇસ્લામનું સંપૂર્ણ શિક્ષણ અને બંધારણ આપીને એટલા માટે મોકલ્યા કે હવે શેષ દુનિયા સુધી અલ્લાહનો મોકલેલ ધર્મ—ઇસ્લામ—દુનિયાના તમામ મનુષ્યોને જીવનનો સીધો માર્ગ બતાવતો રહે.

દુનિયામાં ઘણા મહાન શાસકો, સુધારકો, ધર્મ-સંસ્થાપકો અને ક્રાંતિકારીઓ જન્મ્યા છે, પરંતુ તેમનો માનવ-જીવન ઉપર અપેક્ષિત અને દીર્ઘકાલીન પ્રભાવ નથી પડ્યો. બીજી તરફ જ્યારે આપણે કોઈ પણ પૂર્વગ્રહ વગર હઝરત મુહમ્મદ સલ્લ.ના જીવન અને કાર્યો ઉપર દૃષ્ટિ નાખીએ છીએ તો જણાય છે કે આપ સલ્લ.ના અનુપમ વ્યક્તિત્વના પ્રભાવથી મનુષ્યના વ્યક્તિગત અને સામૂહિક કુસંસ્કારો અને કુ-પ્રવૃત્તિઓનો અંત આવી ગયો. મનુષ્યની વિકૃત પ્રકૃતિની સંપૂર્ણપણે સુધારણા થઈ અને માનવ-સમાજમાં સમગ્ર રીતે પરિવર્તન થઈ ગયું.

મસ્જિદથી બજાર, શાળાથી ન્યાયાલય અને ઘરથી સાર્વજનિક સ્થળ દરેક જગ્યાએ આ પરિવર્તન જોવા મળ્યું તેમજ મનુષ્યની ચતુર્મુખી ઉન્નતિ અને નૈતિકતા તેમજ સદ્‌ગુણો ઉપર આધારિત જીવનની આધારશિલા મૂકવામાં આવી.

હઝરત મુહમ્મદ સલ્લ.ને જ્યારે માનવજાત માટે પયગંબર બનાવવામાં આવ્યા, તે સમયે સમગ્ર દુનિયા ઉપર અજ્ઞાનતા અને અંધવિશ્વાસોનો અંધકાર છવાયેલ હતો. લોકો પોતાના વાસ્તવિક ઈશ્વરને ભૂલી ગયા હતા અને અનેક પ્રકારના ઉપાસ્યો બનાવી લીધા હતા. માનવ-સભ્યતા વિભિન્ન કુસંસ્કારોમાં સપડાઈને કણસી રહી હતી. રહેણી-કરણીના સુખ અને ઠાઠ-માઠે મોટા ભાગના લોકોને અપંગ અને નિષ્ક્રિય બનાવી દીધા હતા. યુરોપના લોકો સુખ-સુવિધાના સામાનનો સંચય કરવામાં લાગી ગયા હતા અને ભોગ-વિલાસના ચક્કરમાં પડીને પોતાને બરબાદ કરી રહ્યા હતા. ઈજિપ્તથી ભારત, યુનાન (ગ્રીસ) થી ચીન સુધી સભ્યતાનો સૂર્ય અસ્ત થઈ ચૂક્યો હતો. રોમ અને ઈરાનની 'મહાન સભ્યતાઓ' લોકોની સાથે ક્રૂરતા, જંગલીપણું અને ઘાતકીપણાના ઘૃણિત વર્તનમાં લિપ્ત હતી. કેટલાક શાસક સ્વયંને ઈશ્વરના રૂપમાં પ્રસ્તુત કરીને ધર્માદેશ પણ આપી રહ્યા હતા અને પોતાના ઘૃણાજનક સ્વાર્થોની પૂર્તિ કાજે સામાન્ય જનતાથી ભારે કર વસૂલ કરી રહ્યા હતા. તેમનાથી લાંચ-રુશ્વત, નજરાણાઓ અને બળજબરીપૂર્વક મજૂરી ચૂકવ્યા વિના કામ કરાવતા હતા. આ દુર્દશા અને અભિશાપથી તેમને છુટકારો અપાવનાર કોઈ ન હતું.

રોમ અને ઈરાનના સામ્રાજ્યો વચ્ચે થનાર યુદ્ધોના પ્રભાવથી સામાન્ય જનતા અસંબંધિત ન હતી તેમજ અસંબંધિત રહી પણ શકતી ન હતી. તેઓ જીવન-જરૂરી ચીજ-વસ્તુઓથી વંચિત હતા, પરંતુ તે અંગે અવાજ પણ બુલંદ કરી શકતા ન હતા. અંતઃકરણની સ્વતંત્રતાનો સંપૂર્ણપણે અભાવ હતો. મનુષ્ય અંધકારમાં ડૂબેલો હતો. કોઈ દર્શન કે ધર્મનો પ્રકાશ તેમની પાસે મોજૂદ ન હતો કે તે તેમનું માર્ગદર્શન કરે. પયગંબરો અને ઈશદૂતોનું શિક્ષણ પોતાના સાચા સ્વરૂપમાં બચ્યું ન હતું અને સ્વનિર્મિત ધર્મ ધાર્મિક નેતાઓનો નફાકારક ધંધો બની ગયો હતો. તેઓને સત્તાધારી લોકોનું સંરક્ષણ મળેલ હતું, જેનાથી તેઓ ધર્મના નામે નીત-નવા અર્થઘટનો પ્રસ્તુત કરીને લોકોને છેતરવાથી ચૂકતા ન હતા. યુનાની (ગ્રીસની)

સભ્યતા નષ્ટ થઈ ચૂકી હતી, ત્યાં સુધી કે યુનાનીઓ (ગ્રીક) ના સુધારક કન્ફ્યુશિયસ અને માની (Mani)નું શિક્ષાણ વિદ્યમાન રહ્યું ન હતું. બૌદ્ધ અને વૈદિક ધર્મનો પણ કોઈ પ્રભાવ રહ્યો ન હતો. માનવતાને આ પરિસ્થિતિમાંથી નીકળવાનો કોઈ માર્ગ ન હતો મળતો. તેથી આ પરિસ્થિતિ સહજ રૂપે એક એવા મહાનતમ્ વ્યક્તિત્વની માગ કરી રહી હતી કે, તે આવે અને સમગ્ર દુનિયાને માનવતાનો પાઠ ભણાવે તેમજ સીધો માર્ગ દર્શાવે. અલ્લાહે માનવતા ઉપર મોટો ઉપકાર કર્યો અને હઝરત મુહમ્મદ સલ્લ.ને પોતાના અંતિમ નબીની હેસિયતે સમગ્ર દુનિયાના માર્ગદર્શન માટે મોકલ્યા અને આપ સલ્લ.ના વ્યક્તિત્વમાં સુંદર આદર્શ મૂકી દીધો, જે સમસ્ત સંસાર માટે અનુકરણીય અને સંપૂર્ણ જીવન-નીતિ માટે ઉત્કર્ષ અને શિષ્ટતાનું માપદંડ છે. આપ સલ્લ.એ પોતાના મિશનને સારી રીતે પૂરું કર્યું, જેના માટે અલ્લાહે આપ સલ્લ. ને નિયુક્ત કર્યા હતા. આપ સલ્લ.ના અદ્વિતીય વ્યક્તિત્વ અને મહાન કાર્યોને જોઈને જ માઇકલ એચ. હાર્ટે પોતાના પુસ્તક "The Handreds"માં વિશ્વ-પ્રસિદ્ધ વ્યક્તિત્વોમાં આપ સલ્લ.ને પ્રથમ સ્થાન ઉપર મૂક્યા છે. મિ. હાર્ટ જ શું, જે પણ દુર્ભાવના અને પક્ષપાતરહિત હઝરત મુહમ્મદ સલ્લ.ના પવિત્ર જીવન-ચરિત્રનું અધ્યયન કરશે, તે પણ આ જ નિષ્કર્ષ ઉપર પહોંચશે કે આપ સલ્લ.નું જ વ્યક્તિત્વ ચડિયાતું છે અને આપ સલ્લ. જ સમગ્ર મનુષ્યો માટે આદર્શ હોઈ શકો છો.

આપ સલ્લ.ના જીવનનું એક મહત્ત્વપૂર્ણ પાસું એ છે કે આપ સલ્લ.એ અલ્લાહ તરફથી આવેલ પ્રત્યેક આદેશ અને માર્ગદર્શનને માનવો સુધી વિશુદ્ધ રીતે પહોંચાડી દીધું. કંઈ પણ છુપાવ્યું નહીં. આપ સલ્લ.ના ૨૩ વર્ષોના પયગંબરી જીવનમાં તે વાતનું એક પણ પ્રમાણ મળી શકતું નથી કે આપ સલ્લ.એ અલ્લાહના આજ્ઞા-પાલનમાં કોઈ ગફલત કરી હોય. એવું પણ થતું કે જે કંઈ આપ સલ્લ.ને દુનિયા સમક્ષ પ્રસ્તુત કરવાનું થતું, તે પરિસ્થિતિ અને સાંભળવાવાળાઓ માટે સંપૂર્ણપણે અસહ્ય હોતું, પરંતુ પરિસ્થિતિ અને સાંભળવાવાળાઓની ભાવનાત્મક પ્રતિક્રિયાનું માનસિક દબાણ ક્યારેય આપ સલ્લ.એ સ્વીકાર્યું નહીં અને ન તો સત્યના આહ્વાનનું હિત એ વાતમાં સમજ્યું કે તેના એવા ભાગોને, જેનાથી લોકોના ઉશ્કેરાવાની આશંકા હોય, તેને કંઈક હલકું કરીને પ્રસ્તુત કરે. એક બાજુ તો અરબસ્તાનનો પ્રદેશ હતો, જે સેંકડો

ઉપાસ્યોની પૂજામાં લિપ્ત હતો. બીજી બાજુ કુઆનની તૌહીદ (એકેશ્વરવાદ)ની ધારણા હતી, જેમાં એક ઈશ્વર સિવાય અન્યો માટે કોઈ સ્થાન ન હતું. ઈસ્લામનું શિક્ષણ એ છે કે અલ્લાહ સિવાય કોઈ ઉપાસ્ય નથી. અનેકેશ્વરવાદ અને મૂર્તિપૂજાનું કેન્દ્ર બની ગયેલ મક્કાના લોકોને આ વાત સહન કેવી રીતે થઈ શકતી હતી ? મક્કામાં અને કા'બાની સામે ઊભા થઈ 'લા ઈલાહ ઈલ્લલ્લાહ' (અલ્લાહ સિવાય કોઈ ઉપાસ્ય નથી)ની જાહેરાત કરવી વાસ્તવમાં ખૂબ કઠિન કામ હતું. પરંતુ દુનિયા જાણે છે કે આપ સલ્લ.એ આ જાહેરાત ઠીક એ જ શબ્દોમાં કરી, પ્રત્યેક સ્થાન અને અવસર ઉપર કરી અને એ રીતે કરી કે લોકો તૌહીદ (એકેશ્વરવાદ) વિશે કોઈ ભ્રમમાં ન રહે. આપ સલ્લ.એ અન્ય ઈશ્વરીય શિક્ષણને પણ દુનિયાની સામે સ્પષ્ટ રીતે જેમની તેમ પ્રસ્તુત કર્યું.

હઝરત મુહમ્મદ સલ્લ.ના જીવનનું એક વધુ મહત્ત્વપૂર્ણ પાસું એ છે કે આપ સલ્લ.એ જે ધારણા, જે સિદ્ધાંતો અને જે આદેશોનું પણ માનવોને શિક્ષણ આપ્યું, તેના તકાદાઓ ઉપર સૌ પ્રથમ સ્વયં અમલ કર્યો. આપ સલ્લ.એ પોતાના વચન અને કર્મ બંનેથી સત્યનું અનુસરણ કર્યું. ધાર્મિક આદેશનો કોઈ ભાગ અને બંદગીનું કોઈ પાસું એવું નથી, જેમાં આપ સલ્લ. નું કર્મ બીજાઓના માર્ગદર્શન માટે આગળ ને આગળ મોજૂદ ન હોય.

હઝરત મુહમ્મદ સલ્લ.ના પવિત્ર જીવનના એટલા પાસા છે, જેનો પૂરો ઉલ્લેખ અહીં સંભવ બની શકતો નથી. પરંતુ પ્રસ્તુત પુસ્તકમાં એ વાતનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે આપ સલ્લ. ના જીવન અને મિશનના મહત્ત્વપૂર્ણ પાસાઓ સામે આવી જાય અને માનવતાના ઉપકારક હઝરત મુહમ્મદ સલ્લ.ના પૂર્ણ અને અદ્વિતીય વ્યક્તિત્વથી લોકો અધિક પરિચિત અને લાભાન્વિત થઈ શકે.

—●—

# હઝરત મુહમ્મદ સલ્લ.નો કાળ અને તત્કાલીન ભારતીય સમાજ

'પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ. સૌના માટે' માત્ર એક આકર્ષક નારો અને મુસલમાનોનો દાવો નથી, બલ્કે એક વાસ્તવિક, વ્યવહારિક અને ઐતિહાસિક તથ્ય છે. 'સૌના માટે'નો સ્પષ્ટ અર્થ છે, 'સાર્વભૌમિક, સર્વકાલીન અને સર્વમાન્ય હોવું.' સાર્વભૌમિકતાના પરિપ્રેક્ષ્યમાં હઝરત મુહમ્મદ સલ્લ.ના ભારતવાસીઓના પણ પયગંબર હોવાની ધારણા તકાદો કરે છે કે સમકાલીન ભારત ઉપર એક સંક્ષિપ્ત દ્રષ્ટિ અવશ્ય નાખવામાં આવે, કેમ કે આપ સલ્લ.ના ઈશદૂતત્વનો ધ્યેય અને આપ સલ્લ.ના ઈશદૂતત્વનું લક્ષ માનવ-વ્યક્તિત્વ, માનવ-સમાજ અને માનવ જાતિના આધ્યાત્મિક અને સાંસારિક દરેક ક્ષેત્રમાં સુધારણા, પરિવર્તન, નિર્મળતા અને ક્રાંતિ લાવવાનું હતું, એટલા માટે આ દ્રષ્ટિ ભારતીય સમાજના રાજકીય, સામાજિક અને ધાર્મિક તમામ પાસાઓ ઉપર નાખવામાં આવે.

**રાજકીય પરિસ્થિતિઃ** હઝરત મુહમ્મદ સલ્લ. દ્વારા આરબ દ્વીપકલ્પમાં ઈસ્લામના પુનઃ અભ્યુદયનો કાળ, સાતમી શતાબ્દી ઈસ્વીનો પ્રારંભિક કાળ છે. ભારત, 'ભારતવર્ષ' અથવા 'હિન્દુસ્તાન' નામે 'એક' દેશ ન હતો, ન તો તેનો 'એક' શાસક. જુદા-જુદા ક્ષેત્રોમાં, 'પલ્લવ' અને 'ચાલુક્ય' વગેરે વંશોના શાસકો— હર્ષ વર્ધન, મહેન્દ્ર વર્મન અને પુલકેશિનનું રાજ્ય હતું. તેમાં સત્તા અને શાસન માટે સતત યુદ્ધો થતાં રહેતા હતા. પરાજય પછી પુનર્વિજય-પ્રાપ્તિ માટે બહારના દેશોમાંથી સૈનિક સહાયતા પણ લેવામાં આવતી હતી. સત્તાધારી વર્ગના ધર્મ કે ધર્મ-પરિવર્તનનો વ્યાપક પ્રભાવ શાસિત વર્ગ ગ્રહણ કરતો હતો.

**ધાર્મિક પરિસ્થિતિઃ** ઉત્તર-પશ્ચિમી પ્રાંતમાં બૌદ્ધ ધર્મની પીછેહટ થઈ રહી હતી. કાશ્મીરથી મથુરા સુધી અને મધ્ય પ્રાંત, પૂર્વીય પ્રાંત તેમજ દક્ષિણ પ્રાંતમાં બ્રાહ્મણોનો પ્રભાવ વધી રહ્યો હતો. જૈન ધર્મ પ્રભાવહીન થઈ ચૂક્યો હતા અને

જૈન ધર્મીઓએ બ્રાહ્મણોથી સમાધાન કરીને તેમનું ન માત્ર રાજકીય અને સાંસારિક પ્રભુત્વ સ્વીકારી લીધું હતું, [૧] બલ્કે મોટા-મોટા લોકોનું ધર્મ-પરિવર્તન પણ કરાવવામાં આવી રહ્યું હતું. જૈન ધર્મના અનુયાયી મહેન્દ્ર વર્મન (શાસન કાળ ૬૦૦-૬૩૦ ઈ.)ને સંત અપ્પરે શિવ ધર્મ ગ્રહણ કરાવી લીધો હતો, જે શંકરનો પૂજારી બન્યો અને તેણે મહાબલિપૂરના પ્રસિદ્ધ મંદિર સહિત ઘણા શિવ-મંદિરો બનાવ્યા અને જૈન ધર્મનું વધ્યું-ઘટ્યું અસ્તિત્વ પણ લગભગ સમાપ્ત થઈ ગયું.

બીજી બાજુ હાસોન્મુખ બૌદ્ધ ધર્મ ઉપર બ્રાહ્મણવાદનો એવો પ્રબળ પ્રભાવ પડ્યો કે બૌદ્ધ ધર્મના મૂર્તિપૂજા-વિરોધી અનુયાયી, મૂર્તિપૂજાને પોતાના ધર્મનું ખાસ અંગ બનાવી બેસ્યા. બૌદ્ધો જ્યાં જતાં, ત્યાં ગૌતમ બુદ્ધની મૂર્તિપૂજા ન કરવાની મૂળ શિક્ષા ની વિરુદ્ધ તેમની મૂર્તિઓ સ્થાપિત કરતા અને તેમની પૂજા અર્ચના કરવા લાગતા.[૨] એક પ્રસિદ્ધ હિંદુ ચિંતક સી.વી. વૈદ્ય અનુસાર, 'આ યુગમાં હિંદુ ધર્મ અને બૌદ્ધ ધર્મ બંનેય મૂર્તિપૂજાના સમર્થક હતા, બલ્કે કદાચ બૌદ્ધ ધર્મ મૂર્તિપૂજામાં હિંદુ ધર્મથી પણ આગળ વધી ગયો હતો ——.' [૩]

હિંદુ ધર્મમાં વેદો દ્વારા સ્થાપિત એકેશ્વરવાદ, ઋગ્વેદ કાળના અંત સુધી પહોંચતા-પહોંચતા 'અનેક-દેવતાવાદી એકેશ્વરવાદ'માં પરિવર્તિત થઈ ગયો હતો.[૪] કેટલાક વિદ્વાનો અનુસાર, વૈદિક દેવતાઓની સંખ્યા ૩૩ સુધી અને કેટલાક બીજાના અનુસાર, ૩૩૩૯ સુધી થઈ ગઈ હતી, જે પૌરાણિક કાળમાં વધીને ૩૩ કરોડ સુધી પહોંચી ગઈ હતી.[૫] દેવતાઓની મૂર્તિઓની સાથે-સાથે પશુ, પક્ષી, નક્ષત્ર, નદી વગેરે પણ પૂજ્ય થઈ ગયા હતા. હર્ષવર્ધનના કાળમાં શિવલિંગની પૂજા સામાન્ય થઈ ગઈ હતી અને વિષ્ણુના અનેક અવતારોની મૂર્તિપૂજા પ્રચલિત થઈ ગઈ હતી.

**સામાજિક પરિસ્થિતિઃ** હર્ષ વર્ધનના પૂર્વજોએ સમાજમાં વર્ણ-વ્યવસ્થાના

(૧) ડૉ. જગદીશચંદ્ર જૈન : 'સાંપ્રદાયવાદ' પૃ. ૪૮-૪૯ (૨) પ્રો. ઈશ્વરદીપ : 'ભારતીય સભ્યતા' હૈદરાબાદ વિશ્વ વિદ્યાલય, પૃ. ૨૦૯ (૩) 'હિસ્ટ્રી ઑફ મેડિવલ ઇન્ડિયા' પૂના, ૧૯૨૧, પૃ. ૧૦૧ (૪) મૈક્ડૉનાલ્ડ, વૈદિક મૈથોલૉજી, પૃ. ૨૮ (૫) ડૉ. વિષ્ણુદેવ ઉપાધ્યાય- 'ભારતીય દર્શન : મૂલાન્વેષણ'

મૂળિયા ફરીથી મજબૂત કરીને ઊંચ-નીચ, શ્રેષ્ઠ-અશ્રેષ્ઠ અને છૂતાછૂત વગેરેને જે ઉત્તેજન આપવામાં આવ્યુ હતું, તે હર્ષ વર્ધન કાળ (૬૦૬-૬૪૭ ઈ.)માં બરાબર ચાલુ રહ્યું. આ કાળમાં ભારતની યાત્રા કરનાર ચીની પ્રવાસી ફાહ્યાન લખે છે: '"શૂદ્ર તો ગયા ગુજર્યા છે જ, પરંતુ શુદ્રોમાં ચાંડાલ સૌથી અધમ સમજવામાં આવતા હતા. તેઓ..... રાજાની આજ્ઞાનુસાર, શહરેમાં પ્રવેશ કરતા સમયે લાકડીથી ઢોલ વગાડીને પોતાના આવવાની સૂચના આપતા હતા, જેથી લોકો ખસી જાય અને તેમના સ્પર્શથી બચીને ચાલે.'' સાતમી સદીના એક અન્ય ચીની ભારત-યાત્રી 'હ્યુ એન સંગ'ના અનુસાર, '"શૂદ્રો પશ્ચાત્, પંચમ્ જાતિના લોકો — કસાઈઓ, માછીમારો, જલ્લાદો અને ભંગીઓના મકાનો ઉપર અલગ-અલગ નિશાન મૂકવામાં આવતા હતા અને આ લોકો ગામના બહાર રહેતા હતા, ઉચ્ચ વર્ગનો કોઈ માણસ રસ્તામાં મળી જતો તો તેઓ આંખો બચાવીને ડાબી બાજુ ચાલ્યા જતા અને જલ્દીથી પોતાના ઘરમાં ઘૂસી જતા હતા.''

આ કાળમાં સ્ત્રીઓની દશા અતિ દયનીય હતી. રોમિલા થાપર અનુસાર, "ઉત્તર ભારતના ઘણા સ્થળે સતી પ્રથા જોર પકડતી જતી હતી, તો દક્ષિણ ભારતમાં દેવદાસી પ્રથા ....અનેક મંદિરોની દેવ-દાસીઓ નિર્લજ્જતાપૂર્વક શોષિત વૈશ્યાઓ બની ગઈ હતી અને મંદિરના અધિકારીઓ તેમની આવક પ્રાપ્ત કરવા લાગ્યા હતા.'' (૧)

માનવોને અન્ય જીવન-સામગ્રીની જેમ ખરીદ-વેચાણની અને દાસ દાસી બનાવવાની પ્રથા પ્રચલિત હતી. ડૉ. રોમિલા થાપર અનુસાર, ".....પુરુષો અને સ્ત્રીઓ કાં તો સ્વયંને વેચી નાખતા હતા અથવા કોઈ ત્રીજો માણસ તેને વેચી નાખતો હતો, વિશેષતઃ નિર્ધનતા અને દુષ્કાળની પરિસ્થિતિમાં આવા લોકો મંદિરને વેચી નાખવામાં આવતા હતા....''(૨)

**ભારત અને આરબોના સંબંધો :** હઝરત મુહમ્મદ સલ્લ.ના કાળના ખૂબ પહેલાંથી જ ભારત અને આરબો વચ્ચે વ્યવસાયિક સંબંધો કાયમ હતા. પ્રસિદ્ધ વિદ્વાન અને ઈતિહાસકાર સૈયદ સુલેમાન નદવીના શબ્દોમાં, '"આરબ વેપારીઓ

(૧) 'ભારતકા ઈતિહાસ' પૃ. ૧૯૨ (૨) 'ભારતકા ઈતિહાસ' પૃ. ૧૯૨

આજથી હજારો વર્ષ પૂર્વે ભારતના તટીય ક્ષેત્રોમાં આવતા-જતા હતા અને ત્યાંની વસ્તુઓને મિસ્ર (ઇજિપ્ત) અને ઓમાનના માર્ગેથી યુરોપ સુધી પહોંચાડતા હતા તેમજ ત્યાંની વસ્તુઓને ભારતના દ્વીપોમાં લાવતા હતા. આ પ્રકારના વેપારી સામાનને ચીન અને જાપાન સુધી લઈ જતા હતા.'' (૧)

માર્કોપોલો અને વાસ્કો-ડિ-ગામાના સમય સુધી ભારતનો વેપાર આરબોના હાથમાં હતો. ભારતથી ચંદન, કપૂર, લવિંગ, જાયફળ, ચિનિકબાલ નામનું બીજ, નારિયેળ, સૂંઠ, આદુ, ગળી, અજમો, કેળા, સોપારી, રૂના કપડા, શણ અને વાંસ વગેરે ચીજો વેચવા માટે અરબસ્તાન લઈ જવામાં આવતી હતી.

હઝરત મુહમ્મદ સલ્લ.ના કાળમાં પણ આ વેપાર ચાલુ હતો. ભારતના કેટલાક લોકો અરબસ્તાનના પૂર્વીય કિનારાઓ અને આસપાસના ઈલાકાઓમાં રહેતા હતા. આરબોથી તેમના સંબંધો સારા હતા. તેમના દરમિયાન લડાઈ ઝઘડાની કોઈ ઘટના ઇતિહાસમાં નથી મળતી. હઝરત મુહમ્મદ સલ્લ. અને આપ સલ્લ. ને સાથીઓ હિંદુસ્તાન અને અહીંના લોકો વિશે જાણકારી રાખતા હતા અને આપ સલ્લ.ને પયગંબર બનાવ્યા પછી આપ સલ્લ. ના સંદેશથી અહીંના લોકો પણ માહિતગાર થવા લાગ્યા હતા.

**ભારતીય સમાજ અને આરબ સમાજમાં સામ્યતાઓ :** જે આરબ સમાજમાં હઝરત મુહમ્મદ સલ્લ.ને ઈશ્વરે પોતાના ઈશદૂત બનાવ્યા હતા, તેમાં અને સમકાલીન ભારતીય સમાજમાં અનેક સામ્યતાઓ જોવા મળતી હતી. અહીં એવી જ કેટલીક ધાર્મિક અને સામાજિક સામ્યતાઓનું સંક્ષિપ્ત વિવરણ પ્રસ્તુત કરી દેવાથી 'પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ. સૌના માટે'ની ધારણાને વ્યવહારિક સ્તરે સમજવામાં સરળતા રહેશે.

**ધાર્મિક સામ્યતાઓ :**

(૧) ભારત એક ધાર્મિક ભૂમિ હતી. અહીંના લોકોમાં એક ઈશ્વરના અસ્તિત્વ ઉપર વિશ્વાસ હતો. તેઓ તેને સૃષ્ટિ, મનુષ્યો અને અન્ય સજીવોનો સર્જનહાર

(૧) 'અરબ ઔર હિંદુસ્તાનકે તઆલ્લુકાત' (ઉર્દૂ) પૃ. ૩૮

સમજતા હતા. આ જ સ્થિતિ આરબ દ્વીપકલ્પમાં પણ હતી. ત્યાંના લોકો એક અલ્લાહના અસ્તિત્વને સ્વીકારતા હતા. અલ્લાહને જ સૃષ્ટિ, માનવજાતિ અને સમસ્ત જીવોને પેદા કરનાર માનતા હતા. ત્યાં સુધી કે તેમના નામો — ઉદાહરણાર્થ ‘અબ્દુલ્લાહ’ (અલ્લાહનો દાસ-બંદો) જેવા નામોથી પણ તેઓ પોતાના અને અલ્લાહ દરમ્યાન મૂળભૂત સંબંધનું પ્રદર્શન કરતા હતા.

(૨) આરબવાસીઓએ અલ્લાહની સાથે બીજાઓને ભાગીદાર બનાવી લીધા હતા. તેઓ ફરિશ્તાઓ (દેવદૂતો), જિન્નાતો અને પૂર્વજોની મૂર્તિઓની પૂજા કરતા હતા. ક્યારેક એકેશ્વરવાદના કેન્દ્ર-સ્વરૂપ બનાવવામાં આવેલ ‘કાબા’માં અને તેની આસપાસ તેમણે લગભગ ૩૬૦ મૂર્તિઓ સ્થાપિત કરી રાખી હતી અને તેમની પૂજા કરતા, તેમના નામે બલિ ચઢાવતા અને તેમના ઉપર ચઢાવો ચઢાવતા તેમજ તેમનાથી મદદ માંગતા હતા. મૂર્તિપૂજાની બરાબર આવી જ સ્થિતિ અને એક-ઈશ્વરની સાથે અનેકાનેક દેવતાઓ, નક્ષત્રો અને સજીવ-નિર્જીવ વસ્તુઓને ભાગીદાર બનાવવાનું ચલણ ભારતમાં ચરમસીમા ઉપર હતું.

(૩) વૈદિક ધર્મની સાથે-સાથે ભારતમાં બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મના માનવાવાળા પણ હતા. આ જ પ્રકારે અરબસ્તાનમાં ‘બહુદેવવાદી એકેશ્વરવાદ’ને માનવાવાળા ‘મુશ્રિકો’ (અનેકેશ્વરવાદી)ની સાથે-સાથે અહલે-કિતાબ અર્થાત્ યહૂદીઓ અને ખ્રિસ્તીઓ પણ રહેતા હતા.

(૪) ભારતમાં તીર્થો, યજ્ઞો અને બલિનું પ્રચલન હતું. અરબસ્તાનમાં પણ હઝરત ઈબ્રાહીમ અલૈ. દ્વારા સ્થાપિત હજ્જ, ઉમરા અને કુરબાનીનું બગડેલ સ્વરૂપ પ્રચલિત હતું.

**સામાજિક સામ્યતાઓ :**

(૧) સ્ત્રીની હાલત અરબસ્તાનમાં સારી ન હતી. તેઓને માત્ર કામ વાસનાનું સાધન સમજવામાં આવતી હતી. સમાજમાં તેમનું કોઈ ગૌરવપૂર્ણ સ્થાન ન હતું. દીકરીઓની કિશોરાવસ્થામાં માતા-પિતા દ્વારા હત્યા કરી નાખવાનો અને જીવતી દાટી દેવાનો રિવાજ હતો. ભારતમાં પણ સ્ત્રીનું યૌન-શોષણ થતું હતું, દેવદાસી

પ્રથાના રૂપમાં વૈશ્યાવૃત્તિનું ચલણ હતું. તંત્ર-સાધના અને વિદ્યાના અંતર્ગત નારીનું યૌન અપમાન થતું હતું.

(૨) સમાજ, ભારતમાં ઉચ્ચ વર્ગ અને તુચ્છ વર્ગમાં વહેંચાઈ ગયો હતો. શૂદ્રોની દશા અતિ દયનીય હતી. દાસ અને દાસીઓના રૂપમાં સ્ત્રી-પુરુષનું ખરીદ-વેચાણ થતું હતું. આરબ સમાજમાં ગુલામી (Slavery)ની પ્રથા ખૂબ જોરમાં હતી. પુરુષો તથા સ્ત્રીઓને અન્ય જીવન-સામગ્રીની જેમ ખરીદી, વેચી શકાતા હતા અને કામમાં લાવી શકાતા હતા. ગુલામો અને દાસીઓની હાલત અત્યંત દયનીય હતી. સમાજમાં તેમની હેસિયત તદન પશુઓ જેવી હતી,

આ સમગ્ર પરિસ્થિતિનું સંક્ષિપ્ત અવલોકન છે જેમાં, અને જેને અરબસ્તાનમાં પૂર્ણ રીતે પરિવર્તિત કરી દેવામાં સફળ થનાર હઝરત મુહમ્મદ સલ્લ.ને અલ્લાહે એક સુધારક અને ક્રાંતિકારી પયગંબર બનાવીને મોકલ્યા હતા. અને આપ સલ્લ. માત્ર ૨૩ વર્ષમાં આ ક્રાંતિ લઈ આવ્યા. માનવ-ઉદ્ધારની આ જ પ્રક્રિયા હતી, જેના દર્શન ૧૪૦૦ વર્ષીય વિશ્વ-ઇતિહાસમાં થાય છે કે સંસારના વિભિન્ન ભાગો સહિત ભારતમાં પણ મોટી જન-સંખ્યા આપ સલ્લ.નો સંદેશ સ્વીકારીને તેને પોતાના હૃદયમાં બિરાજમાન કરતી રહી અને એ સિદ્ધ કરતી રહી કે હઝરત મુહમ્મદ સલ્લ. સૌના માટે છે.

—•—

# હઝરત મુહમ્મદ સલ્લ.ના કાળમાં અરબસ્તાનની પરિસ્થિતિ

હઝરત મુહમ્મદ સલ્લ.ના પવિત્ર જીવન-ચરિત્રને જાણવા-સમજવા માટે આવશ્યક છે કે આપણે અરબસ્તાનની તત્કાલીન સામાજિક, ધાર્મિક, રાજકીય વગેરે પરિસ્થિતિઓ ઉપર એક દષ્ટિપાત કરી લઈએ. અરબસ્તાનમાં અલ્લાહ દ્વારા પોતાના અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ.ને મોકલવાના ઘણા કારણો છે. આ કારણોમાં એક કારણ એ પણ મહત્ત્વપૂર્ણ છે કે અરબસ્તાન વિશ્વના મધ્ય ભાગમાં સ્થિત છે, જ્યાંથી સમગ્ર દુનિયામાં સત્ય-સંદેશ પહોંચાડવા અને માર્ગદર્શન કરવામાં સુગમતા હતી. હઝરત મુહમ્મદ સલ્લ. પૂરી દુનિયાના માનવોના માર્ગદર્શન માટે મોકલવામાં આવ્યા હતા. અલ્લાહે સ્વયં આપ સલ્લ. ને 'રહમતુલ્લિલ આલમીન' (સમસ્ત સંસાર માટે દયા અને કૃપા) કહ્યા છે.

'અરબ' શબ્દનો શાબ્દિક અર્થ છે- જળ અને હરિયાળીરહિત ધરતી'. તેના પશ્ચિમમાં રાતો સમુદ્ર અને સીનાનો દ્વીપકલ્પ છે. પૂર્વમાં અરબી સમુદ્રની ખાડી અને દક્ષિણી ઈરાકનો એક મોટો પ્રદેશ છે. ઉત્તરમાં અરબસ્તાનનું રણ છે. તેમાંથી કેટલીક સીમાઓ સંબંધે મતભેદ પણ છે. તેનું અનુમાનિત ક્ષેત્રફળ ૧૦ થી ૧૩ લાખ વર્ગ-માઈલ છે. તેની ભૌગોલિક વિશેષતાઓને કારણે આ ક્ષેત્ર કળા-કૌશલ્ય, વેપાર અને સાંસ્કૃતિક આદાન-પ્રદાનનું કેન્દ્ર બની ગયું હતું તથા વિભિન્ન સમુદાયોના લોકો અહીં આબાદ હતા. ઈતિહાસકારોએ આરબોની ત્રણ મહત્ત્વપૂર્ણ કોમોનો ઉલ્લેખ કર્યો છે—

૧. **આરબ બાયદા :** અર્થાત્ તે આરબ કબીલાઓ અને કોમો, જે તદન સમાપ્ત થઈ ગઈ હતી અને તેમના સંબંધે આવશ્યક જાણકારી પણ નથી મળતી, જેમ કે આદ, સમૂદ, તસમ, અમાલિકા વગેરે.

૨. **આરબ આરિબા:** અર્થાત્ તે આરબ કબીલાઓ, જે યરૂબ બિન મસજબ બિન કહતાનના વંશજો છે. તેમને 'કહતાની આરબો' કહેવામાં આવે છે.

૩. **આરબ મુસ્તઅરબા :** અર્થાત્ તે આરબ કબીલાઓ, જે હઝરત ઈસ્માઈલ અલૈ.ના વંશજો છે. તેઓને 'અદનાની આરબો' કહેવામાં આવે છે.

અલ્લાહના રસૂલ હઝરત મુહમ્મદ સલ્લ.નું કથન છે – '"અલ્લાહતઆલાએ ઈબ્રાહીમ અલૈ.ની સંતાનમાંથી હઝરત ઈસ્માઈલ અલૈ.ને પસંદ કર્યા, પછી હઝરત ઈસ્માઈલ અલૈ.ની સંતાનમાંથી કિનાનાને પસંદ કર્યા અને કિનાનાના વંશજોમાંથી કુરૈશની પસંદગી કરી, પછી કુરૈશમાંથી બનુ હાશિમની પસંદગી કરી અને બનુ હાશિમમાંથી મારી પસંદગી કરી." (મુસ્લિમ, તિર્મિઝી)

વાસ્તવમાં લોકો નવા નબીના આગમનની પ્રતીક્ષામાં હતા. તત્કાલીન ધાર્મિક પુસ્તકોમાં આપ સલ્લ.ના આગમનની પૂર્વ-સૂચના મળે છે. જે સમયે આરબ દ્વીપકલ્પમાં ઈસ્લામનો સૂર્યોદય થયો, ત્યાં કેટલાક યહૂદી કબીલાઓ નિવાસ કરતા હતા. તેમાંથી કેટલાકના નામો આ પ્રમાણે છે– ખૈબર, નઝીર, મુસ્તલિક, કુરૈઝા, કૈનુકાઅ. તેમના લોકો પણ નવા નબીની પ્રતીક્ષામાં હતા.

ઈસ્લામના આગમન સમયે આરબ દ્વીપકલ્પમાં બે પ્રકારના શાસકો હતા. પ્રથમ, તાજધારી સમ્રાટ, જે વાસ્તવમાં સ્વતંત્ર અને સ્વાયત્ત હતા. બીજા, તે કબીલાઓના સરદારો, જેઓને તે જ અધિકારો પ્રાપ્ત હતા, જે તાજધારી સમ્રાટોના હતા. પરંતુ તેમાંથી મોટાભાગના સ્વતંત્ર અને સ્વયંભૂ હતા. આરબ આરિબામાંથી જે પ્રાચીનતમ્ કોમની માહિતી મળે છે, તે સબાની કોમ હતી. આ કોમના લોકો યમનમાં રાજ કરતા હતા. ત્રીજી સદી ઈસ્વી પછીથી ઈસ્લામના પ્રારંભિક કાળ સુધી યમનના અંદર નિરંતર અશાંતિ ફેલાયેલી રહી. ક્રાંતિઓ થઈ, ગૃહયુદ્ધો થયાં અને વિદેશી કોમોને હસ્તક્ષેપના અવસરો પણ મળ્યા. એક સમય એવો પણ આવ્યો કે યમનની સ્વતંત્રતા છીનવાઇ ગઈ. ફરી પાછી યમનને સ્વતંત્રતા મળી ગઈ, પરંતુ અશાંતિમાં કોઈ કમી આવી નહીં. આ પ્રદેશ પ્રાકૃતિક આપત્તિઓનો પણ ભોગ બનતો રહ્યો.

હીરહ અને સીરિયામાં પણ બાદશાહી ચાલી રહી હતી. હિજાજમાં ધાર્મિક નેતૃત્વ હતું. મક્કા હિજાજ પ્રદેશમાં આવે છે. મક્કામાં આબાદીની શરૂઆત હઝરત ઈસ્માઈલ અલૈ.થી થઈ. તેમણે ૧૩૭ વર્ષનું આયુષ્ય મેળવ્યું.

સામાન્ય આરબવાસી હઝરત ઈસ્માઈલ અલૈ.ના આહ્વાન અને ધર્મ પ્રચારના પરિણામે હઝરત ઈબ્રાહીમ અલૈ.ના ધર્મને માનવાવાળા હતા. એટલા માટે કે તેઓ માત્ર એક અલ્લાહની બંદગી કરતા હતા અને એકેશ્વરવાદ તેમની મૌલિક ધારણા હતી. પરંતુ સમય વીતવાની સાથે-સાથે તેમણે અલ્લાહના આદેશો અને સદુપદેશોનો એક ભાગ ભૂલાવી દીધો. તેમ છતાં તેમની અંદર તૌહીદ (એકશ્વરવાદ) અને હઝરત ઈબ્રાહીમ અલૈ.ના ધર્મના કેટલાક ચિહ્નો બાકી રહ્યા હતા; ત્યાં સુધી કે બનુ ખુજાઆના સરદાર અમ્ર બિન લુહઈનો જન્મ થયો. તે સદાચારી અને ધાર્મિક કામો, દાન-પૂણ્યમાં ઊંડો રસ ધરાવતો હતો, જેના કારણે લોકો તેનું સન્માન કરતા. ધર્મજ્ઞાતા સમજીને તેની વાત માનતા. તેણે જ્યારે સીરિયા દેશની યાત્રા કરી તો ત્યાં તેણે મૂર્તિઓની પૂજા કરતા લોકોને જોયાં. તેને ખૂબ સારૂં લાગ્યું. તેણે કહ્યું, ''એક મૂર્તિ અમને પણ આપી દો. અમે અમારે ત્યાં લઈ જઈશું. અમે પણ તેની પૂજા કરીશું.' લોકો રાજી-ખુશીથી તૈયાર થઈ ગયા અને તે 'હુબલ' નામની મૂર્તિ લઈને મક્કા આવ્યો. તેણે તે મૂર્તિને કા'બામાં મૂકી દીધી અને મક્કાવાસીઓને તેની પૂજા કરવા માટે પ્રોત્સાહિત કર્યા. મક્કાવાસીઓએ તેને પૂજવાનું શરૂ કરી દીધું. ત્વરિત જ મૂર્તિપૂજા સમગ્ર હિજાઝ (મક્કા, મદીના અને તાઈફ)માં પ્રસરી ગઈ. આ રીતે આરબોમાં મૂર્તિપૂજાનો પ્રારંભ થયો. ધીરે-ધીરે કાબામાં વધુ મૂર્તિઓ આવી. તેમાં બે મુખ્ય મૂર્તિઓ 'ઈસાક' અને 'નાઈલા'ની હતી. આ ઝમઝમ નામના કૂવા ઉપર મૂકવામાં આવી હતી.

અમ્ર બિન લુહઈ એક વખત જિદ્દાહ ગયો અને જમીનમાં દટાયેલી મૂર્તિઓને ખોદીને મક્કા લઈ આવ્યો અને હજ્જના સમયે તેને અલગ-અલગ કબીલાઓના હવાલે કરી દીધી. આ કબીલાઓ તે મૂર્તિઓને પોત-પોતાના વિસ્તારમાં લઈ ગયા. આ રીતે પ્રત્યેક નવા કબીલા અને પ્રત્યેક ઘરમાં એક-એક મૂર્તિ થઈ ગઈ. ઉઝ્ઝા, લાત, મનાત, વગેરે મૂર્તિઓ અસ્તિત્વમાં આવી ગઈ. મૂર્તિ-પૂજકોએ કા'બાને પણ મૂર્તિઓથી ભરી દીધું. મક્કા-વિજય વખતે કા'બાની અંદર અને તેના આંગણામાં ૩૬૦ મૂર્તિઓ હતી, જેને અલ્લાહના રસૂલ સલ્લ.એ પોતાના પવિત્ર હાથોથી વિસર્જિત કરી. કુરૈશીઓએ કા'બામાં મુજાવરી (મઝાર કબર જેવા સ્થાનોનો રક્ષક-પૂજારી)નો કારોબાર ચલાવી રાખ્યો હતો. આ કા'બા, અલ્લાહનું તે જ ઘર હતું, જેનું નિર્માણ હઝરત ઈબ્રાહીમ અલૈ. અને હઝરત ઈસ્માઈલ અલૈ.એ પોતાના

હાથોથી ખૂબ આકાંક્ષાઓ અને અપેક્ષાઓની સાથે કર્યું હતું. તેમની ઈચ્છા હતી કે આ એકેશ્વરવાદનું કેન્દ્ર બને, પાલનહારનું સૌથી મોટું ઘર બને. પરંતુ નવી કોમે સાથ ન આપ્યો. કોમના લોકોએ તેને મંદિરમાં પરિવર્તિત કરી દીધું. એકેશ્વરવાદનું કેન્દ્ર બહુદેવવાદનો સ્રોત બની ગયો. લોકો હઝરત ઈબ્રાહીમ અલૈ.એ આપેલ શિક્ષણને ભૂલી ગયા.બલ્કે હવે તેઓને યાદ પણ ન રહ્યું કે આ ઘરમાંથી ક્યારેક એકેશ્વરવાદનો અવાજ બુલંદ થયો હતો. તેમના માટે એ કલ્પના જ મુશ્કેલ હતી કે મૂર્તિપૂજા સિવાય પણ કંઈ સત્ય હોઈ શકે છે. મૂર્તિ-પૂજકો અજ્ઞાનતામાં એટલા ડૂબી ગયા હતા કે મૂર્તિઓથી ભાત ભાતની કામનાઓ અને આકાંક્ષાઓ બાંધીને બેસ્યા હતા. મૂર્તિઓની પાસે પૂજારી બનીને બેસતા, તેની પાસે રક્ષાની યાચના કરતા, તેને મોટેથી પોકારતા અને પરેશાની અને મુશ્કેલીઓ દૂર કરવા માટે તેનાથી ફરિયાદો અને પ્રાર્થનાઓ કરતા. તેઓ સમજતા હતા કે મૂર્તિઓ અલ્લાહથી ભલામણ કરીને તેમની કામનાઓ પૂર્ણ કરાવી લેશે. તેઓ મૂર્તિઓ માટે નજરાણાઓ અને બલિદાનો ચઢાવતા, કુરબાનીના પશુઓને મૂર્તિઓના સ્થાનકો ઉપર લઈ જઈને ઝબે (કતલ) કરતા હતા અને ક્યારેક કોઈ અન્ય જગ્યાએ ઝબે કરતા તો મૂર્તિઓના નામે ઝબે કરતા હતા.

અંધવિશ્વાસોના કારણે આરબ અજ્ઞાનીઓએ કેટલાક પશુઓનું વિશેષ નામાંકન કરી રાખ્યું હતું. તેમને તેઓ મૂર્તિઓના નામે છોડી મૂકતા હતા અને તેમનો આદર પોતાના ઢંગથી કરતા હતા. અમ્ર બિન લુહઈ પ્રથમ વ્યક્તિ છે, જેણે મૂર્તિઓના નામ ઉપર પશુઓ છોડ્યા. આ પશુઓમાં બહીરા, સાઈબા, વસીલા અને હામી હતા . બહીરા, સાઈબાના બચ્ચાંને કહેવામાં આવતું હતું અને સાયબા તે ઊંટણીને કહેવામાં આવતું હતું, જેનાથી સતત દસ વાર માદા બચ્ચું પેદા થયું હોય, વચ્ચે કોઈ નર બચ્ચું પેદા થયું ન હોય. આવી ઊંટણીને આઝાદ છોડી દેવામાં આવતી હતી. તેના ઉપર સવારી કરવામાં આવતી ન હતી. તેના વાળ કાપવામાં આવતા ન હતા અને મહેમાન સિવાય કોઈ તેનું દૂધ પીતું ન હતું. ત્યારપછી ઊંટણી, જે માદા બચ્ચું જણતી, તેનો કાન ચીરી નાખવામાં આવતો અને તેને પણ તેની માની સાથે છોડી દેવામાં આવતું હતું. વસીલા તે બકરીને કહેવામાં આવતું હતું, જે લગાતાર પાંચ વાર બે માદા બચ્ચાં જણતી હતી (અર્થાત્ પાંચ વારમાં દસ માદા બચ્ચાં પેદા થાય), વચ્ચે કોઈ નર પેદા ન થાય. આ

બકરીને વસીલા એટલા માટે કહેવામાં આવતી કે તે તમામ માદા બચ્ચાંઓને એક-બીજાથી જોડી દેતી હતી. ત્યારપછી તે બકરીથી જે બચ્ચાં પેદા થતાં તેને માત્ર પુરુષો જ ખાઈ શકતા હતા, સ્ત્રીઓ ખાઈ શકતી ન હોતી. અલબત્ત કોઈ બચ્ચું મૃત હાલતમાં પેદા થતું તો તેને સ્ત્રી-પુરુષ બધાં ખાઈ શકતા હતા. હામી તે નર ઊંટને કહેવામાં આવતું હતું, જેના વીર્યથી લગાતાર દસ માદા બચ્ચાં પેદા થાય, વચ્ચે કોઈ નર પેદા ન થાય. આવા ઊંટ ઉપર સવારી કરવામાં આવતી નહીં અને ન તો તેના વાળ કાપવામાં આવતા હતા, તેને ઊંટોના ટોળાંમાં બચ્ચાં પેદા કરવા છોડી દેવામાં આવતું હતું.

અજ્ઞાનતાકાળની મૂર્તિપૂજાની આ રીતોનું ખંડન કરતાં અલ્લાહતઆલાએ ફરમાવ્યું – '"અલ્લાહે ન કોઈ બહીરા ઠેરવ્યો છે, ન સાઈબા, ન વસીલા, ન હામ. પરંતુ જે લોકોએ ઈન્કાર કર્યો, તેઓ અલ્લાહ ઉપર જૂઠ ઘડે છે અને તેઓમાંથી ઘણાંખરા જ્ઞાન ધરાવતા નથી.'' (કુર્આન, ૫: ૧૦૩)

હઝરત મુહમ્મદ સલ્લ. દ્વારા સત્ય-સંદેશ પહોંચાડવાના પૂર્વે અરબસ્તાનના લોકો કાહિનો, જ્યોતિષીઓ, નુજૂમીઓની ખબરો ઉપર આસ્થા રાખતા હતા. 'કાહિન' તેને કહે છે, જે ભવિષ્યમાં થનારી ઘટનાઓની માહિતી આપે અને રહસ્યની વાતો જાણવાનો દાવો કરતા હોય. કેટલાક કાહિનોનો એ પણ દાવો હતો કે એક જિન તેના આધીન છે, જે તેને ખબરો પહોંચાડે છે અને કેટલાક કાહિનો કહેતા હતા કે તેઓને એવી સમજ-બૂઝ પ્રદાન કરવામાં આવી છે, જેના દ્વારા તેઓ અદ્રષ્યની વાતોની ખબર મેળવી લે છે. 'નુજૂમી' (જ્યોતિષ) તેને કહે છે, જેઓ નક્ષત્રો (ગ્રહો)ને જોઈને તેમજ તેની ગતિ અને સ્થિતિની ગણત્રી કરીને જાણકારી મેળવી લે છે કે દુનિયામાં આવનારા સમયમાં શું પરિસ્થિતિઓ હશે અને કઈ-કઈ ઘટનાઓ ઘટશે. આ નુજૂમીઓની ખબરોને માનવું વાસ્તવમાં નક્ષત્રો અને તારાઓ ઉપર ઈમાન લાવવું છે અને તેના ઉપર ઈમાન લાવવાનું સ્વરૂપ એ પણ હતું કે આરબોના અજ્ઞાનીઓ નક્ષત્રો ઉપર આસ્થા રાખતા હતા અને કહેતા હતા કે અમારા ઉપર અમુક અને અમુક નક્ષત્રોની વર્ષા થાય છે. તેઓમાં અપશુકનનો પણ રિવાજ હતો. કોઈ ચકલી કે હરણની પાસે જઈને તેને ભગાડતા હતા, પછી જો તે જમણી બાજુ ભાગતા તો તેને સારૂં અને સફળતાનું પ્રતીક સમજીને પોતાનું કામ કરી

લેતા અને જો ડાબી બાજુ ભાગતા તો તેને અપશુકન સમજીને પોતાના કામથી રોકાઈ જતા. આમ જો કોઈ ચકલી કે પશુ તેમનો રસ્તો કાપે તો તેને પણ અશુભ સમજતા. તેના જેવી જ એક હરકત એ પણ હતી કે તેઓ સસલાના પગની ઘૂંટીના હાડકા લટકાવતા હતા તથા તેઓ કેટલાક દિવસો, મહિનાઓ, પશુઓ, મકાનો અને સ્ત્રીઓને પણ અશુભ સમજતા હતા. બીમારીઓની છૂતને માનતા હતા અને આત્માના ઘૂવડ બની જવાની ધારણા રાખતા હતા. તેમની આસ્થા હતી કે જ્યાં સુધી મૃતકનો બદલો ન લઈ લેવામાં આવે ત્યાં સુધી તેને શાંતિ નથી મળતી અને તેની આત્મા ઘૂવડ બનીને જંગલમાં ભટકતી રહે છે, તેમજ 'પાણી-પાણી' અથવા 'મને પીવડાવો, મને પીવડાવોનો અવાજ લગાવતી રહે છે. જ્યારે તેનો બદલો લઈ લેવામાં આવે છે ત્યારે તેને રાહત કે શાંતિ પ્રાપ્ત થાય છે.

**મહિલાઓની સ્થિતિ :** સ્ત્રીઓ અડધી માનવતા છે. પુરુષ માનવજાતિના એક ભાગનું પ્રતિનિધિત્વ કરે છે તો સ્ત્રી બીજા ભાગનું પ્રતિનિધિત્વ કરે છે. આપણે કોઈ એવા સમાજની કલ્પના નથી કરી શકતા, જે માત્ર પુરુષ ઉપર આધારિત હોય અને જેમાં સ્ત્રીની આવશ્યકતા ન હોય. બંને એક-બીજાના સમાન રૂપે આશ્રિત છે, પરંતુ પુરુષ અને સ્ત્રીના સામાજિક, પારિવારિક અને દાંપત્ય જીવનના સંબંધોમાં અસંતુલન અને દાંપત્ય સંબંધોમાં અસહજતા ઉત્પન્ન થઈ જાય અને વિચાર સિદ્ધાંતમાં દઢતા ન રહે તો સમાજ પતન તરફ આગળ વધવા લાગે છે, કારણ કે સામાજિક રિશ્તાઓમાં સંતુલન ન હોવાનું પરિણામ એ નીકળે છે કે સામૂહિક જીવનના કેટલાક ક્ષેત્રો ખાલી અને વેરાન લાગવા માંડે છે, અને કેટલાક ક્ષેત્રોમાં જરૂરતથી વધુ ધ્યાન આપવામાં આવે છે. આ બંને બાબતો સમાજ માટે વિનાશકારી હોય છે. ઈસ્લામે સ્ત્રીને તે સ્થાન આપ્યું છે, જે તેની પ્રકૃતિના તદ્દન અનુરૂપ છે. ઈસ્લામે તેના માન-સન્માનને વધાર્યું. પૂર્ણ સંતુલન અને ન્યાયની સાથે તેના અધિકારો નિશ્ચિત કર્યા. ઈસ્લામના આગમન પૂર્વે સમગ્ર દુનિયામાં સ્ત્રીઓની દશા અત્યંત ખરાબ હતી. આરબવાસીઓ સ્ત્રીના અસ્તિત્વને અપમાનનું કારણ સમજતા હતા. પુત્ર જન્મતો તો ગર્વ લેતા અને પુત્રી પેદા થતી તો માતમ કરતા. કુર્આને તેમની આ માનસિકતાનું કેટલું સાચું ચિત્રણ કર્યું છે -

"જ્યારે તેમના પૈકી કોઈને પુત્રીના જન્મની ખુશખબર આપવામાં આવે

છે તો તેના ચહેરા ઉપર કાલિમા છવાઈ જાય છે અને મનોમન દુઃખી થઈને રહી જાય છે. લોકોથી છુપાતો ફરે છે કે આ અશુભ સમાચાર પછી કોઈને શું મોઢું દેખાડે. વિચારે છે કે પુત્રીને અપમાનપૂર્વક રાખી લે કે માટીમાં દાટી દે?'' (કુર્આન, ૧૬ : ૫૮-૫૯)

આરબવાસીઓમાં સ્ત્રી માટે સામાન્ય રીતે દયા અને પ્રેમની ભાવના જોવા મળતી ન હતી. ક્યારેક તો તેઓ દીકરીઓને જમીનમાં જીવતી દાટી દેતા હતા. ઐતિહાસિક પ્રમાણ છે કે કૈસ બિન આસિમે અજ્ઞાનતાકાળમાં આઠ-દસ દીકરીઓને દફન કરી દીધી હતી. આ પીડિત વર્ગ એટલે કે બાળકીઓને જીવિત પણ રાખતા હતા તો તેનાથી જીવનના તમામ અધિકારો છીનવી લેવામાં આવતા હતા. લગ્નોની કોઈ સીમા ન હતી. આરબવાસીઓ જેટલી સ્ત્રીઓને ઇચ્છતા તેટલી સાથે લગ્ન કરતા. ગીસાન શક્ફી મુસલમાન બન્યા ત્યારે તેમને દસ પત્નીઓ હતી. તે જ રીતે તલાક ઉપર કોઈ પ્રતિબંધ ન હતા. પુરુષ જ્યારે ઇચ્છતો અને જેટલી વાર ઇચ્છતો તલાક આપી દેતો અને 'ઇદ્દત' સમાપ્ત થતાં પહેલાં ફરી તેને પત્ની બનાવીને રાખી લેતો. જ્યાં સુધી પતિ જીવિત રહેતો, સ્ત્રી તેના આધીન રહેતી. પતિના મૃત્યુ પછી આરબવાસીઓ ચાહતા તો કોઈ બીજાથી લગ્ન કરી દેતા અને તેઓ એ બાબતે પણ સ્વતંત્ર હતા કે તેના લગ્ન ન થવા દે. સાવકી માતા સુદ્ધાં સાથે લગ્ન કરવા આરબોના સમીપ અનુચિત ન હતું. વારસામાં સ્ત્રીને કોઈ હિસ્સો મળતો ન હતો. એક સ્ત્રીના એકથી વધારે પતિઓનો પણ ક્યાંક ક્યાંક રિવાજ હતો. સપ્તાહના સાત દિવસ એ રીતે વહેંચણી કરવામાં આવતી કે એક જ સ્ત્રી માટે અલગ-અલગ દિવસ માટે અલગ-અલગ પતિ રહેતા હતા. આરબો કોઈને પોતાનો જમાઈ બનાવવાને પોતાની માનહાનિ સમજતા હતા.

ગુલામોની સાથે તદન પશુઓ જેવો વ્યવહાર થતો હતો. જાનવરોની જેમ તેઓને વેચી અને ખરીદી શકાતા હતા. ત્યાં સુધી કે નાના-નાના બાળકો બળજબરીપૂર્વક માતાઓથી અલગ કરીને વેચી નાખવામાં આવતા હતા. મા કોઈના હાથે અને બાળક કોઈના હાથે વેચાઈ જતા હતા. કોઈ પણ ગુલામને મારી નાખવાની કોઈ જ સજા ન હતી. ગુલામ સ્ત્રીઓ સાથે દુરાચરણ ઉચિત સમજવામાં આવતું હતું. તેમના માલિક ક્યારેક તેનાથી દેહ-વેપાર કરાવીને નાણા કમાતા હતા. આરબો

પોતાના દુરાચરોનું ઘમંડની સાથે ખુલ્લેચોક જાહેરમાં વર્ણન કરતા હતા.

આરબો દારૂના રસિયા હતા. જુગારના શોખીન હતા. જુગારની લત એટલી હદે વધી ગઈ હતી કે ઘણા આરબો પોતાનો તમામ માલ-સામાન જુગારમાં હારીને અંતમાં પોતાના શરીરની બાજી લગાવી દેતા અને હારી જતા તો શેષ જીવન વિજેતાના ગુલામ બનીને રહેવાનું સ્વીકારી લેતા હતા.

**આર્થિક સ્થિતિ :** આરબવાસીઓ જીવનની જરૂરતો પૂરી કરવાનું સૌથી મહત્ત્વપૂર્ણ સાધન વેપારને સમજતા હતા. પરંતુ પરિસ્થિતિઓ તેને માટે અનુકૂળ ન હતી. વેપારી પ્રવૃત્તિઓ માટે શાંતિ અને સુરક્ષાનું વાતાવરણ હોવું જોઈએ. અરબસ્તાનમાં તેનો અભાવ હતો, નિશ્ચિત પવિત્ર મહિનાઓ સિવાય વેપારી પ્રવૃત્તિઓ સંભવિત ન હતી. જ્યાં સુધી શિલ્પકળા અને કળા-કૌશલ્યનો મામલો છે, આરબો આ ક્ષેત્રમાં સમગ્ર વિશ્વથી પાછળ હતા. કપડાનું વણાટ અને ચામડાની સિલાઈ વગેરેના રૂપે જે કંઈ શિલ્પકળા જોવા મળતી હતી, તે મોટા ભાગે યમન, હીરહ અને સીરિયાના નજીકના વિસ્તારોમાં હતી. અલબત્ત, અરબસ્તાનની અંદર ખેતીવાડી અને અનાજ ઉગાવવાનો કંઈક અંશે રિવાજ હતો. આરબોની મોટાભાગની સ્ત્રીઓ સૂતર કાંતતી હતી, પરંતુ તેમના માલ-સંપત્તિ લડાઈઓને કારણે સુરક્ષિત ન હતા. ભૂખ અને દરિદ્રતા સામાન્ય બાબત હતી. લોકો જરૂરી કપડા અને વસ્ત્રથી ઘણે અંશે વંચિત રહેતા હતા. મક્કા અને તાઇફના મહાજનોએ વ્યાજની જાળ બિછાવી રાખી હતી, જેમાં ફસાઈને લોકો કંગાળ બનતા અને મુશ્કેલીઓમાં ઘેરાઈ જતા હતા.

આરબોમાં કેટલાક સારા આચરણવાળા લોકો પણ હતા, જેઓ વચન આપતા તો તેના ઉપર દૃઢતાથી કાયમ રહેતા અને મરતાં દમ સુધી તેને નિભાવતા. તેઓમાં સ્વાભિમાન પણ હતું અને યુદ્ધ-કૌશલ્ય પણ હતું. તેઓ અતિથિ-સત્કારમાં એક-બીજાથી આગળ વધીને હિસ્સો લેતા. તેમની ભાષા અરબી શ્રેષ્ઠ અને પ્રગતિશીલ ભાષા હતી. તેઓમાં સારી સ્મરણ-શક્તિ જોવા મળતી હતી.

—•—

# હઝરત મુહમ્મદ સલ્લ.ના પૂર્વજો

હઝરત મુહમ્મદ સલ્લ.ની વંશાવલી લગભગ સાત પેઢીઓ ઉપર હઝરત ઈસ્માઈલ અલૈ.થી જઈને મળતી હતી. તેઓ હઝરત ઈબ્રાહીમ અલૈ ના સુપુત્ર હતા. તેમનો પરિવાર ખૂબ ફૂલ્યો-ફાલ્યો. હઝરત ઈસ્માઈલ અલૈ.એ જુરહુમ કબીલામાં લગ્ન કર્યા હતા, જેની ગણના આરબી વંશમાં થાય છે. કુઆનમાં ઉલ્લેખ છે કે હઝરત ઈબ્રાહીમ અલૈ. અલ્લાહના આદેશ મુજબ પોતાની પત્ની હાજરા અને પુત્ર ઈસ્માઈલને મક્કાની ખીણમાં છોડીને ગયા હતા, તે સમયે જુરહુમ કબીલો મોજૂદ ન હતો.

હઝરત ઈસ્માઈલ અલૈ.ની સંતાનમાં અદનાનનો જન્મ થયો. અદનાનથી ઘણા સંતાનો થયા, જેમાં મઅદ બિન અદનાન ખૂબ પ્રસિદ્ધ થયા, મઅદની સંતાનમાં મુઝર અધિક પ્રસિદ્ધ થયા અને તેમની સંતાનોમાં ફિહર બિન માલિકે પરિવારનું નામ રોશન કર્યું. ફિહર બિન માલિકની ઓલાદનું નામ કુરૈશ પડી ગયું અને આ નામ એટલું પ્રચલિત થઈ ગયું કે સમગ્ર કબીલો આ જ નામથી જાણીતો થઈ ગયો. કુરૈશના વંશજો પોતાની પ્રતિષ્ઠા, ઉચ્ચ આચરણ, વીરતા, સંબોધન શક્તિ અને સાહસિકતાને કારણે આરબવાસીઓમાં પ્રિયપાત્ર બની ગયા. લોકો આ પરિવારને આદર-સન્માનની દૃષ્ટિથી જોતા હતા.

ફિહરની ઓલાદમાં કુસઈ બિન કિલાબનો જન્મ થયો. મક્કાની સરદારી જુરહુમ કબીલાના હાથમાં રહી, ત્યાં સુધી ખુજાઆનો, જે કા'બાની સુરક્ષા વ્યવસ્થા સંભાળતા હતા, પ્રભાવ વધી ગયો. તે પછી કુસઈને, તેમના ઉચ્ચ ગુણો અને ક્ષમતાઓને જોતાં, કા'બાનું સેવા-કાર્ય સોંપી દેવામાં આવ્યું. કા'બાની રખેવાળી અને દેખરેખ તેમના શિરે હતી. તેની ચાવીઓ પણ તેમની પાસે હતી. તેમની પરવાનગી વિના કોઈ તેમાં પ્રવેશ કરી શકતો નહીં. આ પ્રમાણે કુસઈ લોકપ્રિય સરદારના રૂપમાં પ્રચલિત થઈ ગયા.

મક્કામાં તે વખતે ઈમારતોનું નામોનિશાન ન હતું. કોઈનામાં પણ એ હિંમત ન હતી કે કા'બાની જમીનમાં કોઈ ઘર બનાવે અથવા કોઈ અન્ય ઈમારત ઊભી કરે, જે કા'બાથી ઊંચી હોય. કુસઈએ એક ઈમારત બનાવી, જેનું નામ 'દારૂન્ નદવા' (મંત્રણાકક્ષ) રાખ્યું. ત્યાં તેઓ લોકોને એકઠા કરતા, તેમની સમસ્યાઓ

ઉપર વિચાર-વિમર્શ કરતા. મહત્ત્વપૂર્ણ મામલાઓમાં તેમનાથી સલાહ-સૂચન લેતા, ત્યાં જ મુકદમાઓના ફેસલા પણ કરવામાં આવતા અને લગ્ન-વિવાહના મામલાઓ પણ ત્યાં નક્કી થતા.

કુસઈના પુત્ર અબ્દે મનાફ પ્રતિષ્ઠિત વ્યક્તિના રૂપમાં ઉભર્યા. તેમના જ્યેષ્ઠ પુત્રનું નામ હાશિમ હતું, જેના અધિકાર-ક્ષેત્રમાં 'સિકાયા'(૧) અને 'રિફાદા'(૨)ના મહત્ત્વપૂર્ણ વિભાગ હતા. અબ્દે મનાફ હઝરત મુહમ્મદ સલ્લ.ના દાદા અબ્દુલ મુત્તલિબના દાદા હતા. અબ્દુલ મુત્તલિબને સિકાયા અને રિફાદાની વ્યવસ્થાની જવાબદારી પોતાના કાકા મુત્તલિબ બિન અબ્દે મનાફથી પ્રાપ્ત થઈ. અબ્દુલ મુત્તલિબને પોતાની કોમમાં પ્રતિષ્ઠા અને આદર-સન્માન પ્રાપ્ત હતું.

કુરૈશના લોકોનો દૃઢ વિશ્વાસ હતો કે કાબાનું અલ્લાહની નજરમાં એક વિશિષ્ઠ સ્થાન છે, તે જ તેનો સંરક્ષક છે. હબશાના સમ્રાટ અબ્રહાએ કાબા ઉપર તેના પૂરા સૈન્ય સાથે હુમલો કરી દીધો હતો. તેમાં તેને જબરદસ્ત પરાજય મળ્યો, આ ઘટનાએ પણ કાબાના મહત્ત્વને ખૂબ વધારી દીધું હતું.

અબ્દુલ મુત્તલિબના દસ પુત્રો હતા અને છ પુત્રીઓ હતી.અબ્દુલ્લાહ સૌથી અધિક સુંદર અને સૌથી વધુ ચરિત્રવાન પુત્ર હતા. તેઓને 'ઝબીહ' કહેવામાં આવતા હતા. જયારે તેમના પિતાએ પોતાની માનતા પૂરી કરવા માટે પાસા ફેંક્યા તો અબ્દુલ્લાહનું નામ બલિ આપવા માટે નીકળ્યું. અબ્દુલ મુત્તલિબે અબ્દુલ્લાહનો હાથ પકડ્યો અને તેમની બલિ ચઢાવવા માટે કાબાની પાસે લઈ ગયા. પરંતુ કુરૈશના સમજાવવાથી અબ્દુલ્લાહ અને દસ ઊંટો વચ્ચે પાસા ફેંકવામાં આવ્યા, તો ફરી અબ્દુલ્લાહનું નામ નીકળ્યું. ફરી ઊંટોની સંખ્યા દસ-દસ કરીને વધારવામાં આવી. જયારે સંખ્યા એકસો સુધી પહોંચી તો પાસો ઊંટોના નામે નીકળ્યો. ઊંટોની બલિ ચઢાવી દેવામાં આવી. નબી સલ્લ. કહેતા હતા, ''હું તો બે ઝબીહાની સંતાન છું. એક, હઝરત ઈસ્માઈલ અને બીજા અબ્દુલ્લાહ.'

અબ્દુલ મુત્તલિબે અબ્દુલ્લાહના લગ્ન હઝરત આમિનાથી કર્યા. તેઓ વિદાય લઈને અબ્દુલ્લાહના ઘરે આવ્યા. પરંતુ થોડા વખત પછી અબ્દુલ્લાહનું મદીનામાં મૃત્યુ થઈ ગયું, જયાં તેઓ પોતાના પિતાના નિર્દેશાનુસાર ખજૂરો લેવા ગયા હતા. અબ્દુલ્લાહના દેહાંત વખતે હઝરત આમિના ગર્ભવતી હતા. —●—

૧. પીવાના પાણીની વ્યવસ્થા.

૨. કુરૈશ દ્વારા નિર્ધારિત વાર્ષિક ભંડોળ, જેને હાજીઓના સત્કારમાં ખર્ચ કરવામાં આવતું.

# જન્મ અને જીવનના પ્રારંભિક ચાલીસ વર્ષ

અંતે માનવ-ઇતિહાસનો તે સૌથી ઝળહળતો અને શુભ દિવસ આવી ગયો, જ્યારે માનવતાના ઉપકારક હઝરત મુહમ્મદ સલ્લ.નો જન્મ મક્કા શહેરમાં થયો. આપ સલ્લ. નો જન્મ ૧૨ રબીઉલ અવ્વલ, સોમવારના દિવસે થયો, જે ઈસ્વી સન અનુસાર ૩૦ એપ્રિલ, ૫૭૧ છે. આપ સલ્લ. ના આગમનથી અંધકારો અને આપત્તિઓથી ઘેરાયેલ વિશ્વમાં સત્ય-પ્રકાશ દિવ્યમાન થયો. આપ સલ્લ. ના જન્મથી આખું ઘર નૂર (દિવ્ય પ્રકાશ)થી ઝળહળી ઊઠ્યું. આપ સલ્લ. ના દાદા અબ્દુલ મુત્તલિબ આપ સલ્લ. ને લઈને કા'બામાં ગયા અને આપ સલ્લ. ના માટે ત્યાં પ્રાર્થનાઓ કરતા રહ્યા. દાદાએ પોતાના એક શુભ સ્વપ્નના પ્રકાશમાં આપ સલ્લ. નું નામ 'મુહમ્મદ' રાખ્યું. કહ્યું, 'હું ઇચ્છું છું, મારો પૌત્ર પ્રશંસાઓ મેળવે.'' આપ સલ્લ. ની માતાએ એક શુભસ્વપ્નને ધ્યાનમાં રાખીને આપ સલ્લ. નું નામ 'અહમદ' રાખ્યું.(૧) મુહમ્મદ તદન નવું નામ હતું, જેના ઉપર આરબોને આશ્ચર્ય થયું. આપ સલ્લ. ના જન્મના સાતમા દિવસે દાદા અબ્દુલ મુત્તલિબે ઊંટ કુરબાન કરાવ્યું અને કુરેશને ભોજન માટે નિમંત્રણ પાઠવ્યું. જ્યારે લોકોએ જમી લીધું તો કોઈકે પૂછ્યું,

''અબ્દુલ મુત્તલિબ ! શું કારણ છે, તમે તમારા પૌત્રનું નામ 'મુહમ્મદ' રાખ્યું ? પારિવારિક નામ કેમ ન રાખ્યું ?''

અબ્દુલ મુત્તલિબે જવાબ આપ્યો, ''હું ઇચ્છું છું કે આકાશમાં પણ તેની પ્રશંસા થાય અને ધરતી ઉપર પણ, પાલનહારને પણ વ્હાલો હોય અને લોકોને પણ.''

કુરૈશના ઊંચા ઘરાનાઓની મહિલાઓ તે વખતે પોતાના બાળકોને દૂધ પોતે નહોતી પીવડાવતી. ગામડાઓમાંથી દાઈઓની ટોળીઓ આવતી, તે બાળકોને પોતાના ત્યાં લઈ જતી. તેમને દૂધ પીવડાવતી અને પાલન-પોષણ કરતી. જ્યારે તેઓ મોટાં થઈ જતાં તો પરત મુકી જતી અને બીજા બાળકોને લઈ જતી.

૧. હઝરત આમિનાને આપ સલ્લ. ના જન્મ પહેલાં એવી ઘણી નિશાનીઓ અને ચિહ્ન જોવામાં આવ્યા, જેનાથી માલૂમ થતું હતું કે તેમના પુત્રની ભવિષ્યમાં ખૂબ મોટી શાન અને પ્રતિષ્ઠા થશે.

તેનાથી બાળકો સ્વસ્થ રહેતા. સારી અરબી પણ શીખી લેતા. દાઈઓના આવવાનો વખત નિર્ધારિત હતો.હઝરત મુહમ્મદ સલ્લ.નો જન્મ થયો તો કોઈ દાઈ ન મળી, ત્રણ દિવસ સુધી આમિનાએ પોતે દૂધ પીવડાવ્યું. પછી મુહમ્મદ સલ્લ ને અબ્દુલ્લાહના ભાઈ અબૂલહબની દાસી સૌબિયાના હવાલે કરી દીધાં. એમ કહેવામાં આવ્યું કે જ્યાં સુધી કોઈ દાઈ ન મળે, બાળકને દૂધ પીવડાવે. સૌબિયાએ અમુક જ દિવસ દૂધ પીવડાવ્યું કે બની સઅદ કબીલાની દાઈઓ આવી ગઈ. આ દાઈઓને પાલન-પોષણ અને સારી ભાષાની બાબતે વિશિષ્ટતા પ્રાપ્ત હતી. તે મહિલાઓમાં જ હલીમા સાદિયા પણ હતી. તે પણ પોતાના ગામથી આવી હતી.

દુષ્કાળ પડ્યો હતો, લોકો ખૂબ પરેશાન હતા. આપ સલ્લ. ને બની સઅદની દાઈઓની સામે લાવવામાં આવ્યા, પણ મોટાભાગની મહિલાઓએ એમ વિચારીને કે આ બાળક અનાથ છે, તેના પિતા હયાત હોત તો ફાયદો થવાની અપેક્ષા હતી, મા-દાદાથી શું મળશે, આપ સલ્લ. ની તરફ ધ્યાન ન આપ્યું. હલીમા ખૂબ કમજોર અને દુબળી હતી. તેણે શરૂમાં આપ સલ્લ.ની તરફ ધ્યાન ન આપ્યું અને તેની ઇચ્છા પણ બીજી તરફ થવા લાગી.

હલીમાનો પતિ પણ સાથે હતો. હલીમાએ તેનાથી કહ્યું, '"ખુદાના સોગંદ! મને શરમ આવે છે. બધી બહેનપણીઓની ગોદ ભરેલી હોય અને એક મારી જ ગોદ ખાલી હોય. હું તો જાઉં છું અને તે અનાથને લઈ આવું છું. ખાલી હાથે પાછા જવા કરતાં અનાથને લઈ જવું સારૂં છે." પતિએ કહ્યું, '"જા, લઈ આવ. શું વાંધો છે ? બની શકે છે કે અલ્લાહ તેમાં જ બરકત આપે."

આમ, તે પરત આવી અને આપ સલ્લ.ને લઈને કાફલામાં સામેલ થઈ ગઈ. તેણે પોતાની આંખોથી બરકત નિહાળી. દૂધમાં, પશુઓમાં, ભોજનમાં, દરેક ચીજમાં તેણે સ્પષ્ટ બરકત (કૃપા) અનુભવી. હલીમાની સાથે જેટલી પણ દૂધ પીવડાવનારી મહિલાઓ હતી, તેમણે હવે કહેવાનું શરૂ કર્યું, ''હલીમા, તને ખૂબ જ મુબારક બાળક મળ્યું છે.'

કૃપાઓની વર્ષાનો ક્રમ ચાલતો રહ્યો, ત્યાં સુધી કે બે વર્ષ વીતી ગયા અને બીબી હલીમાએ આપ સલ્લ. ને દૂધ છોડાવી દીધું અને આપ સલ્લ. ને લઈને માં

આમિનાની પાસે પહોંચી. તેમનાથી આગ્રહ કર્યો કે આપ સલ્લ. ને કેટલોક વધુ સમય પોતાની પાસે રહેવા દેવામાં આવે. આમિના રાજી થઈ ગઈ અને આપ સલ્લ. ને હલીમાની સાથે પરત મોકલી દીધા. આપ સલ્લ. નો ઉછેર ગામડાના સ્વચ્છ અને ખુલ્લા વાતાવરણમાં થઈ રહ્યો હતો.

જ્યારે આપ સલ્લ. છ વર્ષના થઈ ગયા તો પોતાની મા આમિનાની સાથે યસરિબ (મદીના) ગયા. આમિના પોતાના પતિ અબ્દુલ્લાહની કબર ઉપર પણ જવા માગતા હતા. મદીનામાં એક માસ રહીને પછી મક્કા પરત આવતાં 'અબવા' નામના સ્થળે તેમનું મૃત્યુ થયું. ત્યાં જ તેમને દફન કરવામાં આવ્યા.

એક તરફ માતાના વિયોગનું દુઃખ હતું તો બીજી તરફ મુસાફરીમાં એકલા પડી જવાનું. મા સાથે હતી ત્યારે પણ આપ સલ્લ. ને અનાથ હોવાનું દુઃખ હતું . ખરેખર દિલ ઉપર કેવું વીત્યું હશે, જ્યારે આ સહારો પણ છૂટી ગયો હશે? દુઃખ ઉપર દુઃખ, એકથી વધીને બીજું ! હબશાની વતની ઉમ્મે એમન આપ સલ્લ. ને લઈને મક્કા આવી અને આપ સલ્લ. ના દાદા અબ્દુલ મુત્તલિબને સોંપી દીધા.

અબ્દુલ મુત્તલિબ કુરૈશના સરદાર હતા. તેઓ મુહમ્મદ સલ્લ.નું ખૂબ ધ્યાન રાખતા અને પ્રેમ,સ્નેહની વર્ષા કરતા. દરેક રીતે સાંત્વના આપતા. પોતાની અને પોતાની ઓલાદથી વધીને તેમની કાળજી રાખતા. તેઓ આપ સલ્લ.ને કા'બાના, છાંયડામાં ફરસ ઉપર પોતાની પાસે બેસાડતા અને વ્હાલથી પીઠ ઉપર હાથ ફેરવતા. પરંતુ અબ્દુલ મુત્તલિબ પણ વધુ સમય સુધી જીવિત રહ્યા નહીં. મુહમ્મદ સલ્લ. આઠ વર્ષના થયા કે દાદાનું પણ અવસાન થઈ ગયું. આપ સલ્લ.ના માટે દાદાનો દેહાંત ખૂબ દુઃખદ હતો. દાદાની પીડા માતા-પિતાથી પણ વધુ હતી. અલ્લાહની દૂરદર્શિતા હતી કે આપ સલ્લ.ને અવિરત દુઃખો અને આઘાતોમાંથી પસાર કરીને, સાંસારિક સહારાઓથી વંચિત કરીને, પોતાના કઠિન અને મહાન કાર્ય માટે તૈયાર કરવામાં આવે.

**કાકા અબૂ તાલિબની સાથે :** દાદા અબ્દુલ મુત્તલિબ મૃત્યુ વખતે પોતાના વ્હાલા પૌત્ર મુહમ્મદ સલ્લ.ને અબુ તાલિબને સોંપી ગયા હતા. તેઓ તેમને આપ સલ્લ.ની સારી રીતે દેખભાળ અને સારૂં વર્તન કરવાની શિખામણ વારંવાર આપતા રહ્યા. અબુ તાલિબ આપ સલ્લ.ના પિતાના સગા ભાઈ હતા. તેમણે

પોતાના ભત્રીજાનું પાલન-પોષણ ખૂબ સારી રીતે કર્યું. આપ સલ્લ.ને પોતાના પુત્રો અલી, જાફર અને અકીલથી પણ વધારે રાખતા. તેઓ ચાલીસ વર્ષથી પણ વધુ સમય સુધી પોતાના સંરક્ષણમાં રાખીને આપ સલ્લ ને શક્તિ પ્રદાન કરતા રહ્યા.

જ્યારે આપ સલ્લ.ની ઉંમર લગભગ બાર વર્ષ હતી, અબૂ તાલિબ વેપાર માટે સીરિયા ગયા. સાથે મુહમ્મદ સલ્લ. પણ હતા. લાંબા અને કઠિન સફર પછી કાફલો સીરીયામાં આવેલ બુસરા પહોંચીને રોકાઈ ગયો. ત્યાં જરજીસ નામે એક પાદરી (સંન્યાસી) રહેતો હતો, જે બુહૈરા નામથી પ્રસિદ્ધ હતો. તે ગિરજાઘરથી બહાર કદી નીકળતો ન હતો, પણ તે સમયે તે બહાર નીકળ્યો અને અબૂ તાલિબના કાફલાનું આકસ્મિક રીતે આતિથ્ય-સત્કાર કર્યું. તેણે મુહમ્મદ સલ્લ.ને શુભ લક્ષણોના આધારે ઓળખી લીધા અને આપ સલ્લ.નો હાથ પકડીને કહ્યું,

''આ વિશ્વનાયક છે, અલ્લાહે તેમને 'રહમતુલલિલ આલમીન' (સમસ્ત સંસાર માટે કૃપા) બનાવીને મોકલ્યા છે.'

બુહૈરાએ અબૂ તાલિબનું ધ્યાન આપ સલ્લ.ની અંદર મોજૂદ પયગમ્બરીની નિશાનીઓ તરફ અપાવ્યું અને કહ્યું કે, ''તમારા ભત્રીજાને લઈને દેશ પરત જાઓ. ખાસ કરીને યહૂદીઓથી આપ સલ્લ.ની રક્ષા કરજો, કેમ કે આપના ભત્રીજાની આગળ જતાં ખૂબ પ્રસિદ્ધી થવાની છે.''

અબુ તાલિબ આપ સલ્લ.ને લઈને સુરક્ષિત મક્કા પરત ફર્યા.

—•—

# વિશિષ્ટ પાલન-પોષણ

અલ્લાહ તઆલા જેને પોતાના કામો માટે ચૂંટી લે છે, તેના સમગ્ર જીવનને પવિત્ર, કલંકરહિત અને ઉચ્ચ આચાર-વિચારવાળું બનાવી રાખે છે. હઝરત મુહમ્મદ સલ્લ.ને આગળ જતાં પોતાના પયગંબર બનાવવાના હતા, તેથી આવશ્યક હતું કે આપ સલ્લ.નું જીવન અત્યંત પવિત્ર, શુદ્ધ, નિષ્કલંક અને સદાચારના ઉચ્ચ શિખર ઉપર હોય. હઝરત મુહમ્મદ સલ્લ.માં આ તમામ ગુણો જીવનના આરંભથી જ મોજૂદ હતા. અલ્લાહે આપ સલ્લ.ને અજ્ઞાનતાની ગંદકીથી અને ખરાબ આદતોથી હંમેશા દૂર રાખ્યા.

બાળપણનો સમય ખેલ-તમાશાનો સમય હોય છે. પરંતુ હઝરત મુહમ્મદ સલ્લ. ખેલ-તમાશાથી હંમેશાં દૂર રહ્યા. નકામી વાતો અને નિરર્થક કામોમાં કોઈ રસ ન લેતા. હંમેશા સત્યની ખોજમાં રહેતા. એ ચિંતામાં રહેતા કે કોઈ એવી વાત માલૂમ થઈ જાય, જેમાં કોઈ માર્ગદર્શન હોય. એવી કોઈ નિશાની મળી જાય, જેનાથી વાસ્તવિકતાની માહિતી મળી જાય.

જ્યારે આપ સલ્લ. એકાગ્રચિત્ત થતાં તો તમામ વાતો ઉપર ચિંતન-મનન કરતા. જે વાત સાચી પ્રતીત થતી, દિમાગમાં બેસાડી લેતા અને જે ખોટી લાગતી તેનાથી દૂર રહેતા. બાર વર્ષની ઉંમરથી આપ સલ્લ. બકરીઓ ચરાવવા લાગ્યા હતા. આ આપ સલ્લ.નું પસંદગીનું કામ હતું. કેટલીક ઘરવાળાઓની બકરીઓ હતી અને કેટલીક કબીલાવાળાની રહેતી. તેમને લઈને દૂર ટેકરીઓ અને મેદાનો તરફ નીકળી પડતા, જ્યાં બકરીઓને છૂટથી ચરવાનો મોકો મળતો અને આપ સલ્લ.ની આત્માને શાંતિમય અને આનંદદાયક વાતાવરણ ઉપલબ્ધ રહેતું. ત્યાં વિચાર અને ચિંતન-મનન માટે આપ સલ્લ.ની સમક્ષ એક વિશાળ મેદાન હતું. તેનાથી ચિંતન-મનનમાં આપ સલ્લ.ને ખૂબ મદદ મળી. અલ્લાહે બનાવેલ, દૂર સુધી ફેલાયેલ આ દુનિયા એક ખુલ્લી કિતાબની જેમ આપ સલ્લ.ની સામે હતી. આપ સલ્લ. તેનું અધ્યયન કરતા અને તેના ઈશારાઓને સમજવાનો પ્રયત્ન કરતા.

આપ સલ્લ. પોતાની કોમમાં શરૂથી જ સૌથી વધારે સજ્જન, સદાચારી,

વિવેકી, સાચા અને પ્રમાણિક સમજવામાં આવતા હતા. આપ સલ્લ.ની કોમના લોકો આપ સલ્લ.ને 'અમીન'ના નામથી પોકારવા લાગ્યા હતા. આપ સલ્લ. રિશ્તાઓનો ખ્યાલ રાખતા, લોકોનો બોજ હળવો કરતા અને તેમની જરૂરતો પૂરી કરતા. અતિથિઓનો સત્કાર કરતા, સારા કામોમાં બીજાઓની મદદ કરતા, મહેનત કરીને રોજી કમાતા તેમજ સામાન્ય અને જરૂર હોય તેટલું જ ખાઈને સંતોષ માનતા.

આપ સલ્લ. લજ્જા, પવિત્રતા અને ઉદારતાના પ્રતીક હતા. બાળપણની જ એક ઘટના છે કે કા'બાની દીવાલોની મરામતનું કામ ચાલી રહ્યું હતું. વડીલોની સાથે-સાથે નાના બાળકો પણ ઉલ્લાસપૂર્વક કામ કરી રહ્યા હતા. આ બાળકોમાં આપ સલ્લ. અને આપ સલ્લ.ના કાકા હઝરત અબ્બાસ પણ હતા. બીજા બાળકોએ પોત પોતાની લુંગી ઉતારીને ખભા ઉપર મૂકી દીધી હતી અને તેના ઉપર પથ્થરો ઊંચકી ઊંચકીને લાવી રહ્યા હતા. હઝરત અબ્બાસે આપ સલ્લ.થી પણ કહ્યું કે પોતાની લુંગી ખોલીને ખભા ઉપર મૂકી દે, એ રીતે પથ્થરોના ઘર્ષણથી કોઈ કષ્ટ નહીં થાય અને અરબસ્તાનના માહોલમાં આ કોઈ અનોખી વાત પણ ન હતી. પણ જ્યારે આપ સલ્લ.એ એવું કરવાની ઇચ્છા કરી તો નગ્ન થવાનો વિચાર આવતાં જ શરમથી આપ સલ્લ. તરત જ બેભાન થઈને પડી ગયા. જ્યારે આપ સલ્લ. ભાનમાં આવ્યા તો કહી રહ્યા હતા –

"મારી લુંગી, મારી લુંગી."

લોકોએ જલ્દીથી લુંગીને કમરથી બાંધી દીધી, ત્યારે જ આપ સલ્લ.ની વ્યાકુળતા દૂર થઈ.

આપ સલ્લ.એ નવયુવાનીમાં જ તીર ચલાવવાનું શીખી લીધું હતું. યુવાન થયા તો ફૌજી કામોમાં મહારત મેળવી અને જ્યારે ફુજ્જારની લડાઈ થઈ તો કાકાઓની સાથે ખભે-ખભા મેળવી લડ્યા. આ યુદ્ધ કુરૈશ અને હવાઝિન કબીલા દરમ્યાન થયું હતું. આ યુદ્ધ એટલું ભયાનક, વિનાશકારી અને ઐતિહાસિક હતું કે અરબસ્તાનની ધરતીએ કદી આવું યુદ્ધ જોયું ન હતું. આ યુદ્ધ વર્ષો સુધી ચાલતુ રહ્યું. તેમાં ભાગ લેવા ખાતર તો આપ સલ્લ.એ પણ ભાગ લીધો, પણ કોઈની ઉપર હાથ ઉઠાવ્યો નહીં. બંને પક્ષોમાં સમજૂતી થઈ ગઈ. આ સમજૂતી 'હિલ્ફુલ ફુઝૂલ'ના નામથી પ્રસિદ્ધ થઈ. આ સમજૂતીમાં આપ પણ સામેલ હતા. તેમાં નક્કી

કરવામાં આવ્યું હતું કે –

૧. દેશમાંથી અશાંતિ દૂર કરીશું.

૨. યાત્રીઓની રક્ષા કરીશું.

૩. ગરીબો અને દુઃખી લોકોની મદદ કરીશું.

૪. પીડિતો અને શોષિતોનું સમર્થન કરીશું.

૫. કોઈ અન્યાયી અને અત્યાચારીને મક્કામાં રહેવા દઈશું નહીં.

આપ સલ્લ.માં માર્ગદર્શન અને નેતૃત્વના ઉચ્ચ કોટિના ગુણો અને ક્ષમતાઓ વિદ્યમાન હતી. તેનું અનુમાન નીચેની ઘટનાથી પણ થાય છે.

આ કા'બાના નવનિર્માણની ઘટના છે. હજ્રે અસ્વદ (કાળો પથ્થર) લગાવવાના મામલામાં આરબોમાં વિવાદ ઊભો થઈ ગયો. દરેક કબીલો એમ ઈચ્છતો હતો કે આ પથ્થરને ઉઠાવીને કાબાની દિવાલમાં લગાવે. વાત એટલી હદે વધી ગઈ કે તલવારો મ્યાનમાંથી નીકળી આવી. વિવાદ સમાપ્ત કરવાનો શ્રેય હઝરત મુહમ્મદ સલ્લ.ની સમજ-બૂઝને મળ્યો. ખૂબ તનાવગ્રસ્ત અને ઉત્તેજનાપૂર્ણ વાતાવરણમાં આપ સલ્લ. એ સૌને વિશ્વાસમાં લઈને એક ન્યાયાધીશની ભૂમિકા નીભાવી અને એક ચાદર પાથરીને પથ્થરને તેના વચ્ચે મૂકીને કબીલાઓના સરદારોને બોલાવ્યા કે બધાં મળીને તે ચાદરને ઉઠાવી લે. તેઓએ તેવું જ કર્યું અને જ્યારે ચાદર તે જગ્યા સુધી પહોંચી ગઈ, જ્યાં પથ્થર મૂકવાનો હતો, તો આપ સલ્લ.એ હજ્રે અસ્વદને ઉઠાવીને તેની જગ્યા ઉપર લગાવી દીધો. આ રીતે વિવાદ સમાપ્ત થઈ ગયો અને બધાના ચહેરા ખુશીથી ખીલી ઊઠ્યા.

—●—

# હઝરત ખદીજા રદિ. સાથે લગ્ન

હઝરત મુહમ્મદ સલ્લ. ઇચ્છતા તો કા'બાના પૂજાપાઠો અને નજરાણાઓને આજીવિકાનું સાધન બનાવી શકતા હતા. પરંતુ આપ સલ્લ.એ તેને પસંદ કર્યું નહીં અને વેપાર જેવું પવિત્ર અને પ્રતિષ્ઠિત કામ પોતાના હાથમાં લીધું. આપ સલ્લ.ની પાસે મૂડી તો હતી જ નહીં, બીજાઓની મૂડીથી વેપાર કર્યો. બે વખત સીરિયા દેશનો વેપારી પ્રવાસ ખેડ્યો. સાઈબા, કૈસ બિન સાઈબા મઝૂમી, હઝરત ખદીજા (રદિ.) અને અન્ય લોકોને આપ સલ્લ.ની વેપારી પ્રમાણિકતાનો અનુભવ થયો તો બધાએ આપ સલ્લ.ને 'પ્રમાણિક વેપાર કરનાર'નો ઈલ્કાબ આપ્યો. ખાસ કરીને હઝરત ખદીજા રદિ.ને તો આપ સલ્લ. તરફથી પ્રમાણિકતાની સાથે-સાથે બરકત જોવાની પણ તક મળી, તો મક્કાની આ ધનવાન અને ભલી મહિલાના હૃદયમાં આપનું આકર્ષણ વધી ગયું.

ખદીજા (રદિ.) વેપાર પણ કરતા હતા. ધન તેમનું રહેતું અને બીજા લોકો મહેનત કરતા હતા અને પોતાની મહેનતનું વળતર મેળવતા હતા. આપ સલ્લ. ખદીજા (રદિ.)નો માલ-સામાન લઈને વેપાર માટે સીરિયા પણ ગયા હતા. આ પ્રવાસમાં જે અનોખી ઘટનાઓ બની હતી, તેની માહિતી પણ ખદીજા (રદિ.)ને મળી. તેમને પહેલાંથી જ આપ સલ્લ.ની સચ્ચાઈ અને સદાચરણની સારી રીતે જાણકારી હતી. ખદીજા (રદિ.) બે વખત વિધવા થયા હતા. તેમના પતિ અબૂ હાલાનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. ખદીજા રદિ.એ આપ સલ્લ . સાથે લગ્નની ઈચ્છા વ્યક્ત કરી. તે અગાઉ તેઓએ કુરૈશના મોટા મોટાં સરદારોના લગ્ન-પ્રસ્તાવોનો અસ્વીકાર કરી દીધો હતો. લગ્ન સમયે હઝરત ખદીજા રદિ,ની વય ૪૦ વર્ષ અને હઝરત મુહમ્મદ સલ્લ.ની વય ૨૫ વર્ષ હતી.

આપ સલ્લ.ના લગ્ન થઈ ગયા. અબૂ તાલિબે નિકાહનો ખુત્બો (લગ્ન પ્રસંગનું બોધ-પ્રવચન) પઢ્યો. તેમણે અલ્લાહની પ્રશંસા પછી કહ્યું –

''આ મારા ભાઈ અબ્દુલ્લાહનો પુત્ર મુહમ્મદ (સલ્લ.) છે. આ તે નવયુવાન છે કે કુરૈશમાં તેના જેવો કોઈ નથી. હા, માલ તેની પાસે ઓછો

છે, પણ માલ તો આવતી-જતી છાયા છે. મુહમ્મદ (સલ્લ.) મારો ભત્રીજો છે, એ તમે સૌ જાણો છો. તે ખુવૈલિદની દીકરી ખદીજા (રદિ.)થી લગ્ન કરવા માંગે છે અને મારા માલમાંથી વીસ ઊંટ મહૂર નિર્ધારિત કરે છે. ખુદાના સોગંદ ! તેનું ભવિષ્ય અત્યંત ઉજ્જ્વળ છે.''

આ રીતે આપ સલ્લ.ના વૈવાહિક જીવનનો પ્રારંભ થયો.

–●–

# જ્યારે આપ સલ્લ.ને પયગંબર બનાવવામાં આવ્યા

હઝરત મુહમ્મદ સલ્લ.ની વય લગભગ ચાલીસ વર્ષની થઈ ગઈ તો આપ સલ્લ. એકાંતપ્રિય બની ગયા, કેમ કે આપ સલ્લ.ના અત્યાર સુધીના ચિંતન-મનને આપ સલ્લ.ની કોમથી આપના બૌદ્ધિક સ્તરની દૂરી ખૂબ વધારી દીધી. જેથી આપ સતુ અને પાણી લઈને મક્કાથી આશરે છ માઈલ દૂર સ્થિત હિરા નામની ગુફામાં જઈને રહેવા લાગ્યા. આ એક નાની સરખી ગુફા છે. તેની લંબાઈ ચાર ગજ અને પહોળાઈ પોણા બે ગજ છે. ત્યાં જ કેટ-કેટલા દિવસો અને કંઈ કેટલી રાતો સુધી રહેતા. તેની વ્યવસ્થા આપ સલ્લ. પહેલાંથી કરી લેતા હતા. ત્યાં આપ સલ્લ. ઈબ્રાહીમી રીત મુજબ અલ્લાહની બંદગીમાં લાગી જતાં. જે સત્ય માટે આપ સલ્લ. વ્યાકુળ હતા, તેને પામી લેવાની કોશિશ કરતા, જે જ્ઞાનની આપ સલ્લ.ને અભિલાષા હતી, તેની ખોજ કરતા.

આપ સલ્લ. રમઝાનના મહિનામાં આ જ ગુફામાં રોકાતા અને અલ્લાહની બંદગી અને ચિંતન-મનનમાં લાગેલા રહેતા. જ્યારે મક્કા પરત ફરતા તો સૌથી પહેલાં કા'બા જતા, તેનો તવાફ (પરિક્રમા) કરતા, પછી ઘરે આવતા. બાળકો આપ સલ્લ.ને ઘેરી વળતાં. આપ સલ્લ. તેમને ગોદમાં ઉઠાવી લેતા અને વ્હાલ કરતા, મીઠી મીઠી, સારી-સારી વાતો કરતા. પરંતુ આ બધું કંઈક જલ્દી જ ખતમ થઈ ગયું. આપ સલ્લ.ના બધાં પુત્રો એક-એક કરીને અલ્લાહને પ્યારા થઈ ગયા. કાસિમ, તૈયબ અને તાહિરનું મૃત્યુ થઈ ગયું. આપ સલ્લ.ની દીકરીઓ જ રહી ગઈ હતી – ઝૈનબ, રૂકૈયા, ઉમ્મે કુલસુમ અને ફાતિમા. જખમ ઉપર જખમ લાગતા રહ્યા. પરંતુ આપ સલ્લ. ધીરજ રાખતા રહ્યા. બાળપણમાં અનાથ હોવાનું દુઃખ ઉઠાવ્યું. મોટાં થયા તો પોતાના કાળજાના ટુકડાઓના અવસાનની પીડા સહન કરવી પડી.

એક દિવસ આપ સલ્લ. હિરાની ગુફામાં અલ્લાહની યાદમાં લાગેલા હતા. રમઝાનનો મહિનો હતો, સવારનો આલ્હાદક સમય હતો, અચાનક એક ફરિશ્તો જોવા મળ્યો. આ હઝરત જિબ્રઈલ અલૈ. હતા. (ફરિશ્તા પણ મનુષ્યોની જેમ

અલ્લાહનું સર્જન છે અને રાત-દિવસ અલ્લાહની બંદગી અને તેના ગુણગાનમાં લાગેલા રહે છે.) જિબ્રઈલ અલૈ.એ હઝરત મુહમ્મદ સલ્લ.ને સંબોધિત કરીને કહ્યું-

"મુહમ્મદ ! આપ (સલ્લ.) શુભ-સૂચનાનો સ્વીકાર કરો. આપ (સલ્લ.) અલ્લાહના રસૂલ (પયગમ્બર) છો અને હું જિબ્રઈલ છું. પઢો, અલ્લાહના નામ સાથે,"

આપ સલ્લ.એ કહ્યું – "હું વાંચવાનું જાણતો નથી."

તે વાત ઉપર હઝરત જિબ્રઈલ અલૈ.એ આપ સલ્લ.ને છાતીથી લગાવીને જોરથી ભીંસ્યા અને પછી કહ્યું – "પઢો !" આપ સલ્લ. એ ફરી તે જ જવાબ આપ્યો. જિબ્રઈલ અલૈ.એ ફરી ભીંસ્યા. મુહમ્મદ સલ્લ. કહે છે કે મારી સહનશક્તિ જવાબ આપી ચૂકી હતી. ત્યારપછી જિબ્રીલ અલૈ.એ સૂરઃ અલકનો શરૂનો ભાગ પઢ્યો. આપ સલ્લ. પણ સાથે-સાથે પઢતા ગયા –

'પોતાના રબ (પ્રભુ)ના નામની સાથે પઢ, જેણે (બધું જ ) પેદા કર્યું. મનુષ્યને થીજી ગયેલા લોહીથી પેદા કર્યો. પઢ, તારો રબ ખૂબ શાનવાળો છે, જેણે કલમ દ્વારા (જ્ઞાન) શીખવાડ્યું અને મનુષ્યને તે બધું જ શીખવાડ્યું, જે તે ન'હોતો જાણતો." (કુર્આન, ૯૬ : ૧-૫)

આમ, અલ્લાહે આપ સલ્લ.ને પયગંબરીના પદ ઉપર બિરાજમાન કર્યા. તે દિવસે નબી સલ્લ.ની ઉંમર ૪૦ વર્ષ, ૬ મહિના અને ૭ દિવસ હતી.

આ ઘટનાથી આપ સલ્લ. ભયભીત થઈ ગયા. આવું ન આપ સલ્લ.ની સાથે ક્યારેય બન્યું હતું અને ન તો આપ સલ્લ.એ આવી વાત ક્યારેય સાંભળી હતી. તેથી આપ સલ્લ.ને જોખમ લાગ્યું અને આપ સલ્લ. ઘરે આવી ગયા. હઝરત ખદીજા રદ.થી ફરમાવ્યું–

"મને ચાદર ઓઢાડી દો, મને ચાદર ઓઢાડી દો."

તેમણે આપ સલ્લ.ને ચાદર ઓઢાડી દીધી. ઘટનાથી માહિતગાર થયા પછી હઝરત ખદીજા રદિ,એ આપ સલ્લ.ને સાંત્વના આપી. તેઓ એક સમજદાર મહિલા હતા. પયગંબરો, નબીઓ અને ફરિશ્તાઓ અંગે તેમણે ઘણું સાંભળ્યું હતું. તેઓ

આપ સલ્લ.ને લઈને પોતાના પિતરાઈ ભાઈ વરકા બિન નૌફલ પાસે ગયા. વરકાએ ખ્રિસ્તી ધર્મ અપનાવી લીધો હતો. તેમણે ઈશ્વરીય ગ્રંથોનું અધ્યયન કર્યું હતું. તેઓ તે સમયે અત્યંત વૃદ્ધ અને દૃષ્ટિહિન હતા. હઝરત ખદીજા રદિ.એ વરકાને સમગ્ર કિસ્સો સંભળાવ્યો. વરકાએ સાંભળતાં જ કહ્યું –

'"સોગંદ છે તેની, જેના હાથમાં મારા પ્રાણ છે ! આપ સલ્લ. આ ઉમ્મત (સમુદાય)ના નબી (ઈશદૂત) છો. આપ સલ્લ.ની પાસે તો તે જ નામૂસ (ફરિશ્તો) આવ્યો છે, જે હઝરત મુસા અલૈ.ની પાસે આવતો હતો. ઈશ્વર કરે ! હું તે સમય સુધી જીવિત રહેતો, જ્યારે આપ સલ્લ.ની કોમ આપ સલ્લ.ને ખોટા ઠેરવશે, દુઃખ પહોંચાડશે, આપ સલ્લ.ને કાઢી મૂકશે અને યુદ્ધ કરશે. જ્યારે પણ કોઈ મનુષ્ય આ પ્રકારનો સંદેશ લઈને આવ્યો, જેવો તમે લઈને આવ્યા છો, તો તેનાથી અવશ્ય દુશ્મનાવટ કરવામાં આવી. જો મેં તમારો યુગ પામી લીધો તો હું તમારી ભરપૂર મદદ કરતો.'

ત્યારપછી ઘણા દિવસો સુધી વહી (ઈશવાણી) આવવાનો ક્રમ બંધ રહ્યો. પછી તે શરૂ થયો અને ત્રેવીસ વર્ષો સુધી ચાલુ રહ્યો. આ રીતે, ત્રેવીસ વર્ષોમાં કુર્આન પૂર્ણ થયું.

આપ સલ્લ.ના સત્ય-સંદેશને સૌથી પહેલાં સ્વીકાર કરવાનો શ્રેય હઝરત ખદીજા રદિ.ને પ્રાપ્ત થયો. પછી જે લોકોએ ઈસ્લામ સ્વીકાર્યો – તે છે આપ સલ્લ.ના પિતરાઈ ભાઈ હઝરત અલી રદિ., આપ સલ્લ.ના સેવક હઝરત ઝૈદ રદિ. અને આપ સલ્લ.ના ઘનિષ્ટ મિત્ર હઝરત અબૂ બક્ર રદિ.. ત્યારપછી હઝરત ઉસ્માન રદિ., હઝરત ઝુબૈર રદિ., હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ રદિ., હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ રદિ. અને હઝરત તલ્હા (રદિ.) મુસલમાન બન્યા. આમ, ઈસ્લામનો સંદેશ ધીમે-ધીમે ફેલાતો રહ્યો અને મુસલમાનોની સંખ્યા વધતી રહી.

–●–

# ઇસ્લામનું આહ્‌વાન

એ અત્યંત સ્વાભાવિક હતું કે અલ્લાહના પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ. પ્રારંભમાં તે લોકો સમક્ષ ઈસ્લામ પ્રસ્તુત કરતા અને તેઓને તેનાથી પરિચિત કરાવતા, જેઓની સાથે આપ સલ્લ.નો ઘનિષ્ટ સંબંધ અને સંપર્ક હતો. આપ સલ્લ.એ સત્ય અને ભલાઈને પસંદ કરનારા તેમજ પરિચિત લોકોને ઈસ્લામ તરફ બોલાવ્યા. આ કામ ત્રણ વર્ષ સુધી વ્યક્તિગત સંપર્ક દ્વારા ચાલતું રહ્યું. આ રીતે ૪૦થી વધુ મહાનુભાવોએ ઈસ્લામ અંગીકાર કર્યો.

અલ્લાહના આદેશાનુસાર આપ સલ્લ.એ ઈસ્લામના જાહેર એલાનનો ફેંસલો કર્યો. એક દિવસ આપ સલ્લ. સફા પર્વત ઉપર ચઢી ગયા અને ઊંચા અવાજથી લોકોને પોતાના તરફ બોલાવ્યા –

''યા સબાહા !'' આ નારો આરબો તે સમયે લગાવતા હતા, જયારે કોઈ શત્રુ અથવા લૂંટારાના હુમલાનો ખતરો હોય. નારો સાંભળ્યા પછી કુરૈશના બધા કબીલાઓ ત્યાં એકઠા થઈ ગયા. જેઓ ન આવી શક્યા, તેમણે પોતાના પ્રતિનિધિઓ મોકલ્યા. આપ સલ્લ.એ તેમને સંબોધિત કરતાં કહ્યું –

''હે બનૂ અબ્દુલ મુત્તલિબ ! હે બનૂ ફિહર ! હે બનૂ કઅબ ! જો હું તમને એ સૂચના આપું કે આ પર્વતની બીજી બાજુ એક સેના ઊભી છે, જે તમારી ઉપર હુમલો કરવા માંગે છે, તો શું તમે આ વાત ઉપર વિશ્વાસ કરશો ?''

'''નિશ્ચિત રીતે વિશ્વાસ કરીશું.''' લોકોએ કહ્યું, ''આપ સલ્લ.એ કોઈ વાત હજુ સુધી જૂઠી કહી નથી. અમે આપ સલ્લ.ને સાચાં અને પ્રમાણિક માનીએ છીએ.''

આપ સલ્લ.એ કહ્યું, ''મારા પ્રિય ભાઈઓ ! અલ્લાહની નારાજગીથી બચો. પોતાની જાતને બચાવો, જો ક્યાંક અલ્લાહ નારાજ થઈ ગયો અને તેણે તમને આગમાં નાખી દેવાનું ઇછ્યું, તો હું બચાવી નહીં શકું. આગથી બચવાનો તો બસ, એક જ ઉપાય છે – અલ્લાહને એક માનો અને મારા રસૂલ હોવાનો એકરાર કરી લો.''

આપ સલ્લ.એ કહ્યું, ''હું તમને એક અલ્લાહની બંદગી તરફ આમંત્રણ આપું છું અને મૂર્તિપૂજાથી બચાવવા ઇચ્છું છું. જો તમે મારી વાત નહીં માનો તો હું તમને એક કઠોર અને દુઃખદ દંડથી ડરાવું છું.''

આ સાંભળતાં જ લોકો ઉપર ખામોશી છવાઈ ગઈ. પણ અબૂ લહબનો ચહેરો ગુસ્સાથી રાતોચોળ થઈ ગયો. જોરથી તાડૂકીને બોલ્યો, ''વિનાશ થાય તારો, તે અમને અહીં એટલા માટે બોલાવ્યા હતા?''

આપ સલ્લ.એ સાર્વજનિક રૂપે ઈસ્લામના પ્રચાર પ્રસારનું કાર્ય આગળ ધપાવતાં એક દિવસ કા'બાના આંગણામાં જઈને તૌહીદ (એકેશ્વરવાદ)ની ઘોષણા કરી. આપ સલ્લ.એ કહ્યું, ''હે કુરૈશીઓ ! તમે તો દાદા ઇબ્રાહીમ (અલૈ.)ના દીન (ધર્મ)થી તદ્દન હટી ગયા છો. તમે તે તુચ્છ મૂર્તિઓને પૂજો છો અને તેને અલ્લાહના ભાગીદાર બનાવો છો. બતાવો તો ખરા, અલ્લાહ તમારાથી કેટલો નાખુશ થશે?''

૩૬૦ મૂર્તિઓવાળા કા'બામાં આ ઘોષણા કરી જ હતી કે સત્ય વિરોધીઓમાં બેચેની ફેલાઈ ગઈ. તેમણે એમ કહીને બૂમાબૂમ કરી મૂકી કે 'કા'બાનું અપમાન થઈ ગયું છે.' વિરોધીઓ ચારે તરફથી દોડી આવ્યા. શોરબકોર શરૂ કરી દીધો. હારિસ ઇબ્ને અબી હાલા રદિ. વ્હાલા નબી સલ્લ.ને બચાવવા માટે ઉમ્મે હાલાના ઘરેથી દોડી આવ્યા. તેમના ઉપર ચોતરફથી તલવારોના એટલા ઘા થયા કે તેઓ શહીદ થઈ ગયા. તેમને અલ્લાહની રાહમાં સૌથી પ્રથમ શહીદ થવાનું શ્રેય મળ્યું.

અલ્લાહના રસૂલ સલ્લ.એ ઈસ્લામનું આહ્વાન અને પ્રચાર-પ્રસારનું કાર્ય નિર્ભયપણે ચાલું રાખ્યું. આપ સલ્લ. શેરી-શેરીએ જઈને એક-એક વ્યક્તિ સુધી અલ્લાહનો સંદેશ પહોંચાડતા રહ્યા. અલ્લાહની બંદગી તરફ બોલાવતા, તેના એક હોવાનુ શિક્ષણ આપતા, અલ્લાહની સાથે કોઈ અન્યને ભાગીદાર ઠેરવવાથી રોકતા, મૂર્તિઓ, પથ્થરો, વૃક્ષો અને જિન્નાતોની પૂજાની મનાઈ કરતા, પુત્રીઓને જીવતી દાટી દેવાથી રોકતા, વ્યભિચાર, દારૂ અને જુગારની બૂરાઈઓ સ્પષ્ટ કરતા, મનના ખરાબ વિચારોથી, જબાનને ગંદી વાતોથી, શરીર અને પહેરવેશને મેલ અને ગંદકીથી પાક-સાફ રાખવાની શિખામણ આપતા.

આપ સલ્લ. ઉપદેશ આપતા – ''માત્ર અલ્લાહ જ સમગ્ર સૃષ્ટિ અને દુનિયાનો સર્જનહાર છે. મનુષ્ય, સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, તારાઓ બધા તેના જ પેદા

કરેલા છે અને તમામ તેના જ આશ્રિત છે. અલ્લાહ જ પ્રાર્થનાઓ સાંભળવાવાળો, ઈચ્છાઓ અને અભિલાષાઓ પૂરી કરવાવાળો છે. તે જ રોજી, તંદુરસ્તી અને સંતાન આપવાવાળો છે. પ્રત્યેક વ્યક્તિને તમામ ચીજો માટે તેના ઉપર આશ્રિત રહેવું જોઈએ. ફરિશ્તાઓ અને પયગમ્બરો પણ તેના જ આદેશને આધીન છે. મૃત્યુ પછી પ્રત્યેક વ્યક્તિએ તેની સમક્ષ પોતાના જીવનનો હિસાબ રજૂ કરવાનો છે અને કર્મો અનુસાર તે પુરસ્કાર કે દંડ આપશે અર્થાત્ જન્નત (સ્વર્ગ) અથવા જહન્નમ (નર્ક).''

સ્પષ્ટ છે કે તત્કાલીન માહોલ આ આહ્વાનને કેવી રીતે સહન કરી શકતો હતો ? કેમ કે સત્યના ઈન્કારની જે વ્યવસ્થા બનેલ હતી અને જેના પરિપાકરૂપે ધાર્મિક ઠેકેદારો અને પુરોહિતો સામાન્ય જનતાથી મન-ચાહ્યો લાભ મેળવી રહ્યા હતા તેમજ કેટલાકે પોતાનો રૂઆબ અને ધાક જમાવી રાખ્યા હતા, તેમને આ તમામ ચીજોના ખતમ થઈ જવાનું જોખમ દેખાતું હતું. કુરૈશે દરેક પ્રકારે આપ સલ્લ.નો અને આપ સલ્લ.ના સાથીઓનો વિરોધ કરવાનું શરૂ કર્યું તથા એ પ્રયત્ન કર્યો કે કોઈ અન્ય વ્યક્તિ મુસલમાન ન બની શકે અને જે મુસલમાન બની ગયા છે, તેઓ તેમના બાપ-દાદાના ધર્મ ઉપર પરત ફરી જાય.

કુરૈશે હઝરત મુહમમદ સલ્લ. વિશે ભાત-ભાતની ભ્રામક વાતો ફેલાવવાનું શરૂ કર્યું. તેમણે ઈસ્લામનો, અલ્લાહનો, પયગંબરનો અને કુર્આનનો ઉપહાસ કરવાનું શરૂ કર્યું. સાચી-ખોટી વાતો બકવા લાગ્યા. કહેતા –

'''આ આદમીની વાતો ન સાંભળો. આ વિધર્મી છે. બાપ-દાદાનો ધર્મ છોડી બેસ્યો છે. આ તો પાગલ થઈ ગયો છે. તેની ઉપર ખરાબ વાતોની માર પડે છે, કોઈ રોગનો વારંવાર હુમલો થાય છે તો તેને ખોટા-ખોટા ફરિશ્તાઓ નજર આવે છે.''

આપ સલ્લ. ઉપર જાદુગરનો આરોપ લગાવવામાં આવ્યો કે આપ સલ્લ.ની જબાનથી બે શબ્દો સાંભળતાં જ લોકો ઉપર જાદુ થઈ જાય છે. ક્યારેક 'કાહિન' (જ્યોતિષ) કહેવામાં આવ્યા. આપ સલ્લ.ની વાતોમાં કાવ્ય-કળા અને સાહિત્યિક શબ્દોનું જોર બતાવવામાં આવ્યું. વિરોધીઓએ કેટલાક કવિઓને ગંદી અને અપશબ્દવાળી કવિતાઓ લખવા માટે નિયુક્ત કર્યા. કોઈએ આપ સલ્લ.ને ત્યાં કોઈ પુત્ર ન હોવાનું મહેણું માર્યું, તો કોઈએ એ રીતે વ્યંગ કર્યો કે ''લોકો, જરા

જુઓ, આ તે સાહેબ છે, જેમને પયગંબર બનાવવામાં આવ્યા છે. ખુદાને જો પયગંબર જ બનાવવો હતો તો શું બસ આ જ હસ્તી રહી ગઈ હતી ? મક્કા અને તાઇફના કોઈ મોભાવાળા સરદારને કેમ નિયુક્ત કરવામાં ન આવ્યા?'' આપ સલ્લ. ઉપર એ આક્ષેપ પણ મૂકવામાં આવ્યો કે ''આ કેવો રસૂલ છે, જે ખાવાનું ખાય છે અને બજારોમાં હરે–ફરે છે.'' કુર્આન અંગે એવું કહેતા કે ''આ તો તે જૂઠ છે, જેને ઘડવામાં આવ્યું છે અને કેટલાક લોકોએ તેમાં મદદ કરી છે. જયારે વિરોધીઓ નબી સલ્લ.ના સાથીઓને જોતાં તો મહેણાં મારતાં, જુઓ, આ છે તે મહાન હસ્તીઓ, જેમને અલ્લાહે અરબ અને અજમ (બિનઅરબ)ની સરદારી માટે ચૂંટ્યા છે.''

અજ્ઞાનતા માથે ચઢીને બોલવા લાગી. વ્હાલા નબી સલ્લ.ને પરેશાન કરવા માટે વિવિધ પ્રકારની માગણીઓ કરવામાં આવતી. કોઈએ કહ્યું, ''યમામામાં એક આદમી છે. તેનું નામ રહમાન છે. તે તમને આ બધી વાતો શીખવાડે છે. તો સાંભળી લો, અમે રહમાન ઉપર તો ઈમાન લાવવાથી રહ્યા ! અમારા સામે આકાશ ઉપર ચઢો અને ત્યાંથી એક લેખ લાવો, જેને અમે પણ વાંચી લઈએ.''

કોઈએ કહ્યું, ''ફરિશ્તાઓ અલ્લાહની પુત્રીઓ છે. તેમને જ અમે પૂજીએ છીએ. હવે જો અલ્લાહ અને ફરિશ્તાઓને સામે લાવીને ઊભા કરો કે આકાશના ટુકડે-ટુકડા કરીને અમારા ઉપર નાખો તો અમે તમારા ઉપર ઈમાન લાવીશું. જરા અમે પણ તો જોઈએ, કેવી સજા અને કેવો અઝાબ (પ્રકોપ) છે, જેની આપ ધમકીઓ આપી રહ્યા છો.''

આપ સલ્લ.એ ફરમાવ્યું, '''પવિત્ર છે મારો રબ ! શું હું એક પયગંબર સિવાય કંઈક બીજો પણ છું ?

અલ્લાહે ફરમાવ્યું –

''ઘણો મુબારક છે એ, જે જો ચાહે તો તમને તેનાથી પણ સારી વસ્તુઓ આપી દે. ચાહે તો એવા ભાગ આપી દે, જેની નીચેથી નહેરો વહેતી હોય અને મોટા મોટા મહેલો.'' (કુર્આન, ૨૫: ૧૦)

—●—

# અત્યાચાર

કુરૈશીઓએ મળીને આપ સલ્લ. અને આપ સલ્લ.ના સાથીઓનો વિરોધ અને અત્યાચાર ચાલુ રાખ્યા. બીજી તરફ સત્ય-ધર્મના પ્રચાર-પ્રસારમાં મુસલમાનો પણ અડગ રહ્યા. આપ સલ્લ. વિશે વિભિન્ન પ્રકારની ભ્રમણાઓ ફેલાવવામાં આવી રહી હતી અને આપ સલ્લ.ને વિવિધ રીતે હેરાન-પરેશાન કરવામાં આવી રહ્યા હતા. આપ સલ્લ. ચાલતા તો ઉપરથી કચરો અને ગંદકી ફેંકવામાં આવતી, સિજદામાં આપ સલ્લ. ઉપર હોજરી નાખી દેવામાં આવતી, રસ્તામાં કાંટા બિછાવી દેવામાં આવતા. ઉતબા બિન અબી મુઈતે એક વાર તો રસૂલ સલ્લ. ઉપર થૂંકવાનું કુકર્મ પણ કરી નાખ્યું, જો કે થૂંક આપ સલ્લ. ઉપર પડ્યું નહીં. ઉબઈ બિન ખલફે એક વાર એક સડેલું હાડકું તોડ્યું અને ફૂંક મારીને આપ સલ્લ. ઉપર ઉડાવ્યું.

અબૂલહબ પાછળથી પથ્થર મારીને આપ સલ્લ.ની એડીઓ લોહી-લૂહાણ કરી નાખતો હતો, તો તેની પત્ની ઉમ્મે જમીલ નબી સલ્લ.ના રસ્તામાં રાત્રે દરવાજા ઉપર કાંટા નાખી દેતી હતી. અબૂલહબે તેના પુત્રો ઉતબા અને ઉતૈબા ઉપર બળજબરી કરીને નબી સલ્લ.ની પુત્રીઓ – રુકૈયા અને ઉમ્મે કુલસૂમને તલાક અપાવડાવી દીધી. નબુવ્વત (ઈશદૂતત્વ)થી પહેલાં તેમનાં લગ્નો થયા હતા. જુલ્મ અને અત્યાચારનો મામલો એ હતો કે એક વાર તો આપ સલ્લ.ના ગળામાં ચાદર નાખીને હત્યા કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

એક દિવસ મુહમ્મદ સલ્લ. અલ્લાહના ઘર કા'બામાં નમાઝ પઢી રહ્યા હતા કે મક્કાના સરદારોએ આપ સલ્લ.ને ઘેરી લીધાં અને એકી સાથે તૂટી પડ્યા. ઉતબા બિન અબી મુઈતે આપ સલ્લ.ની ચાદર પકડી લીધી અને એ રીતે ખેંચવાનું શરૂ કર્યું કે આપ સલ્લ.નું ગળુ રૂંધાઈ ગયું. એટલામાં હઝરત અબૂબક્ર રદિ. દોડીને આવ્યા અને કહેવા લાગ્યા કે "શું તમે લોકો એક વ્યક્તિને એટલા માટે કતલ કરી રહ્યા છો કે તે કહે છે કે મારો માલિક અને પાલનહાર અલ્લાહ છે ?"

તેના ઉપર તેમણે આપ સલ્લ.ને તો છોડી દીધાં, પરંતુ હઝરત અબૂબક્ર રદિ.ને ખૂબ જ માર્યા, તેમનું માથું ફાટી ગયું અને દાઢી પકડીને ખેંચતા-

ખેંચતા બહાર લઈ ગયા.

આપ સલ્લ.ના કાકા આપ સલ્લ.ની ખૂબ મદદ કરતા અને પ્રેમ અને સ્નેહથી રાખતા. તેમને પોતાની કોમની દુશ્મની ખટકતી જરૂર હતી, પણ તેઓ એ વાત ઉપર રાજી ન હતા કે પોતાના ભત્રીજા મુહમ્મદ સલ્લ.ની હિમાયતથી હાથ ખેંચી લે. એક વખત કુરૈશનું પ્રતિનિધિ-મંડળ આવ્યું અને અબૂ તાલિબથી કહેવા લાગ્યું –

''હે અબુતાલિબ ! તમે વડીલ છો. અમે તમારૂં ખૂબ જ સન્માન કરીએ છીએ. અમે તમને પહેલાં પણ નિવેદન કર્યું હતું કે તમે તમારા ભત્રીજાને રોકો. પરંતુ તમે આ સંદર્ભમાં કંઈ જ ન કર્યું. ખુદાના સોગંદ ! હવે અમે વધુ ધીરજ રાખીશું નહીં. હવે અમે અમારા પૂર્વજોનું અપમાન, અમારા દેવતાઓની આલોચના અને અમને મૂર્ખ અને અણસમજ ઠરાવવાની કોશિશ વધારે સહન કરી શકીએ તેમ નથી. કાં તો તમે તેમને આ હરકતથી રોકો કે પછી અમે તેનાથી અને તમારાથી સમજી લઈશું, ત્યાં સુધી કે અમારામાંથી એક પક્ષ સમાપ્ત થઈ જાય.''

અબુતાલિબને થોડીક ચિંતા થઈ. તેમણે આપ સલ્લ.ને બોલાવ્યા અને કહ્યું–

''મારા ભત્રીજા ! તમારી કોમના લોકો મારી પાસે આવ્યા હતા. (પ્રતિનિધિ-મંડળની તમામ વિગતો બતાવી અને કહ્યું) જરા, મારા પ્રાણનો પણ ખ્યાલ કરો અને પોતાના પ્રાણનો પણ. મારા ઉપર એટલો બોજ ન નાખો, જેને હું ઉઠાવી ન શકું.''

આપ સલ્લ.એ કહ્યું –

''કાકા, અલ્લાહના સોગંદ ! જો મારા જમણા હાથમાં સૂર્ય અને ડાબા હાથમાં ચંદ્ર મૂકી દેવામાં આવે અને તેઓ એ ઇચ્છે કે હું આ કામને છોડી દઉં, તો પણ હું આ કામ છોડવાનો નથી. ત્યાં સુધી કે અલ્લાહ તઆલા તેને વર્ચસ્વ આપી દે અથવા હું આ માર્ગમાં મૃત્યુ પામું.''

હઝરત મુહમ્મદ સલ્લ.ની આંખોમાં આંસુ આવી ગયા અને આપ સલ્લ. રડી પડ્યા. આપ સલ્લ. ઉઠ્યા અને જવા લાગ્યા. આપ સલ્લ.ને આ રીતે જતાં જોઈને અબૂતાલિબ અવાજ લગાવ્યો અને કહ્યું –

''આવો, મારા ભત્રીજા !!

આપ સલ્લ. સામે આવ્યા તો અબૂતાલિબે કહ્યું -

"જાઓ અને જે તમારૂં દિલ ઇચ્છે તે કરો અને જે રીતે ચાહો પ્રચાર કરો. ખુદાના સોગંદ ! હું તમને ક્યારેય પણ કોઈના હવાલે નહીં કરૂં."

કુરૈશીઓએ એ શરત ઉપર કે આપ સલ્લ. ઈસ્લામ તરફ લોકોને આમંત્રણ આપવાનું છોડી દે તો પોતાના સરદાર બનાવવા, અગણિત ધન-દોલત આપવા અને મનપસંદ સુંદરથી સુંદર યુવતી સાથે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. આપ સલ્લ.એ આ તમામ શરતોને પૂરી દઢતાની સાથે ઠુકરાવી દીધી.

ઈસ્લામના પ્રચાર-પ્રસારથી રોકવાની કુરૈશની બધી જ યુક્તિઓ નિષ્ફળ થઈ રહી હતી. ઈસ્લામના અનુયાયીઓની સંખ્યા લગાતાર વધતી જઈ રહી હતી. આપત્તિઓ અને મુશ્કેલીઓના પહાડ તોડવા છતાં લોકો મુસલમાન બનતા જઈ રહ્યા હતા. વિરોધીઓએ જ્યારે જોયું કે તેમની યુક્તિઓ નિષ્ફળ થઈ રહી છે તો તેમણે એક વાર ફરી બેઠક કરી. તેમાં કુરેશના પચ્ચીસ સરદારોની એક સમિતિ બનાવવામાં આવી. નબી સલ્લ.ના કાકા અબૂ લહબ સમિતિનો અધ્યક્ષ બન્યો. એ નિર્ણય કરવામાં આવ્યો કે ઈસ્લામનો સંપૂર્ણ શક્તિ સાથે સામનો કરવામાં આવે, નબી સલ્લ.ને હજુ વધુ કષ્ટ પહોંચાડવામાં આવે. ઈસ્લામ ધર્મ સ્વીકાર કરવાવાળાઓને વિવિધ પ્રકારની મુશ્કેલીઓ અને પરેશાનીઓમાં નાખવામાં આવે. તેમના ઉપર અત્યાચાર અને અતિરેક કરવામાં આવે. ક્રૂરતા અને નિષ્ઠુરતામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવામાં ન આવે.

સ્પષ્ટ છે કે હઝરત મુહમ્મદ સલ્લ.ને તંગ કરવા સરળ ન હતું, જ્યારે કમજોર અને નિર્બળ મુસલમાનોના સંબંધમાં આ કામ સહેલું હતું. અલ્લાહના રસૂલ સલ્લ. સ્વાભિમાની, પ્રતિષ્ઠિત અને પોતાનામાં અનુપમ વ્યક્તિત્વના માલિક હતા. મિત્ર અને દુશ્મન તમામ આપ સલ્લ.ને આદર અને સન્માનની દૃષ્ટિથી જોતા હતા. બીજી બાજુ અબૂ તાલિબની મદદ અને તેમનું સંરક્ષણ પણ આપ સલ્લ.ને પ્રાપ્ત હતું.

વિરોધીઓએ પોતાનો બધો ગુસ્સો તે મહાનુભાવો ઉપર ઉતારવાનું શરૂ કર્યું, જેમણે ઈસ્લામ અંગીકાર કર્યો હતો અને તેમનું કોઈ હિમાયત કરનાર ન હતું. પ્રત્યેક કબીલો પોતાના દરમ્યાન રહેતા મુસલમાનો ઉપર અત્યાચાર કરવા લાગ્યો. તેમને માર મારવામાં આવતો, કેદ કરી લેવામાં આવતા, ભૂખ્યા-તરસ્યા રાખવામાં આવતા, સૂર્યની ગરમીથી તપી ગયેલી રેત ઉપર સૂવડાવવામાં આવતા, લોખંડના

ગરમ સળિયાથી ડામ આપવામાં આવતા અને વિવિધ પ્રકારની યાતનાઓ આપવામાં આવતી. પરંતુ સાહસિક અને બહાદુર મુસલમાનોએ આ બધું સહન કરીને સત્ય-ધર્મ ઇસ્લામને ન ત્યજ્યો અને નબી સલ્લ.ના સાચા સાથી બની રહ્યા.

હઝરત અબૂબક્ર રદિ.એ એક વખત એક જાહેરસભામાં ઇસ્લામનું શિક્ષણ પ્રસ્તુત કર્યું તો વિરોધીઓ તેમના ઉપર તૂટી પડ્યા અને ખૂબ માર માર્યો. ઉતબા બિન રબીઅ બે ફાટેલાં-તૂટેલાં જૂતાથી તેમના મોઢા ઉપર એ રીતે મારતો રહ્યો કે તે પછી તેમનો ચહેરો ઓળખાય તેવો ન રહ્યો. હઝરત અબૂબક્ર રદિ. બેહોશ થઈ ગયા. દિવસ વીતતાં જ્યારે તેઓ હોશમાં આવ્યા તો તેમણે સૌ પ્રથમ અલ્લાહના રસૂલ સલ્લ.નો હાલ-ચાલ પૂછ્યો. ઉમ્મે જમીલે—જે ઇસ્લામમાં દાખલ થઈ ચૂક્યા હતા, બતાવ્યું, ''આપ સલ્લ.ખેરિયતથી છે.'' હઝરત અબૂબક્ર રદિ.ની આ હાલત જોઈને તેમની માતા તે જ વખતે મુસલમાન થઈ ગયા.

જેઓને અત્યાચારનો ભોગ બનાવવામાં આવ્યા, તેમાં હઝરત બિલાલ દિ. પણ હતા. તેઓ હબશાના રહેવાસી હતા. ઉમૈયાના ગુલામ હતા. ઉમૈયા તેમનું ખાવા-પીવાનું બંધ કરી દેતો, જ્યારે ભૂખ-તરસથી વ્યાકુળ થઈ જતા તો બરાબર બપોરે તે તેમને ગરમીથી તપતી રેત ઉપર સૂવડાવી દેતો અને છાતી ઉપર ખૂબ મોટો પથ્થર મૂકી દેતો, પછી કહેતો,

''કાં તો મુહમ્મદ સલ્લ.નો સંગાથ છોડી દે અને લાત તથા ઉઝ્ઝાને પૂજવાનું શરૂ કરી દે નહિં તો આ જ રીતે તરફડતો રહે.''

હઝરત બિલાલ રદિ. આ તમામ અત્યાચાર સહન કરતા અને કહેતા—

'''અહદ-અહદ'' (અલ્લાહ એક છે, અલ્લાહ એક છે).

જ્યારે વ્હાલા નબી સલ્લ. તેમની પાસેથી પસાર થતાં તો આપ સલ્લ. તેમની નિર્મમ હાલત જોઈને વ્યાકુળ થઈ જતાં. ખૂબ દર્દભર્યા શબ્દોમાં કહેતા –

'બિલાલ, ગભરાવ નહિં, અહદ, અહદ જલ્દીથી જ મુક્તિ અપાવશે.'

ઉમૈયા હઝરત બિલાલ રદિ.ના ગળામાં દોરડું નાખીને છોકરાઓને આપી દેતો હતો. તે બધાં મક્કાના પહાડોમાં ઘુમાવતા ફરતા હતા, ત્યાં સુધી કે ગળા ઉપર દોરડાના નિશાન ઊભરી આવતા. ઉમૈયા પોતે પણ તેમને બાંધીને દંડાથી મારતો

અને કાળઝાળ તડકામાં બેસાડી રાખતો.

એક દિવસ હઝરત બિલાલ રદિ.ને જ્યારે યાતના આપવામાં આવી રહી હતી, ત્યારે જ હઝરત અબુબક્ર રદિ. ત્યાંથી પસાર થયા. તેમણે ઉમૈયાને ધન આપીને હઝરત બિલાલ રદિ.ને મુક્ત કરાવ્યા. તેમણે બીજા અનેક ગરીબ મુસલમાનોને પણ મુક્ત કરાવ્યા, જેઓ મુસલમાન હોવાના ગુનાસર પોતાના નિર્દયી માલિકોના અત્યાચારનો ભોગ બની રહ્યા હતા.

મુસ્અબ બિન ઉમૈર રદિ. મક્કાના સંપન્ન પરિવારમાં ઉછરેલા નવયુવાન હતા. તેમના માતા-પિતા તેમને સારામાં સારા વસ્ત્રો પહેરાવતા. તેઓ ખૂબ કિમતી પગરખાં ઉપયોગમાં લેતા અને સુગંધના ઉપયોગમાં મક્કામાં તેમનાથી વધીને કોઈ ન હતું. તેમણે ઈસ્લામ સ્વીકાર્યો. ઉસ્માન ઈબ્ન તલ્હાએ એક વખત તેમને નમાઝ પઢતા જોઈ લીધા અને તેની ખબર તેણે તેમની માને અને તેમના કબીલાવાળાઓને આપી દીધી. પછી તેમને ઘરથી કાઢી મૂક્યા. તેઓ હબશા ચાલ્યા ગયા. મુસલમાનોની સાથે જ્યારે પરત ફર્યા તો તેમની હાલત તદ્દન બદલાઈ ગઈ હતી. તેમની ચામડી એ રીતે બદલાઈ ગઈ હતી, જેમ સાપ પોતાની કાંચળી બદલે છે.

અમ્માર બિન યાસિર (રદિ.) અને તેમના માતા-પિતાએ ઈસ્લામ અંગીકાર કરી લીધો. તેઓ બની મખઝૂમના ગુલામ હતા. એક વાર અબૂ જહલ અને અન્ય વિરોધીઓ તેમને કાળઝાળ તડકામાં અનેક પ્રકારની તકલીફો આપી રહ્યા હતા કે નબી સલ્લ. ત્યાંથી પસાર થયા. આપ સલ્લ.એ ફરમાવ્યું –

'યાસિર (રદિ.)ના ઘરવાળાઓ ! ધીરજ ધરજો, તમારી મંજિલ જન્નત છે.''

વિરોધીઓએ અત્યાચાર ચાલુ રાખ્યા, ત્યાં સુધી કે યાસિર (રદિ.)નું મૃત્યુ થઈ ગયું. પિતાના મૃત્યુ પછી હઝરત અમ્માર રદિ.ની માતા હઝરત સુમૈયા રદિ.એ પણ શ્વાસ છોડી દીધા. અબૂ જહલે તેમના ગુપ્તાંગમાં બરછી મારી હતી. સુરૈયા રદિ. અલ્લાહના માર્ગમાં શહીદ થનાર પ્રથમ મહિલા હતા. હઝરત અમ્માર રદિ. ઉપર યાતનાઓનો સિલસિલો ચાલુ રહ્યો.

હઝરત ઉસ્માન બિન અફ્ફાને જ્યારે ઈસ્લામ સ્વીકાર્યો તો તેમના કાકાએ તેમને કસીને બાંધી દીધા અને કહ્યું, ''તમે પોતાના પૂર્વજોના ધર્મને છોડીને એક નવો ધર્મ અપનાવી રહ્યા છો. ખુદાના સોગંદ ! હું ત્યાં સુધી તમને છોડીશ નહીં,

જ્યાં સુધી કે તમે આ નવા ધર્મને છોડી ન દો.''

હઝરત ઉસ્માન રદિ.એ કહ્યું – ''હું તેને ક્યારેય પણ નહીં છોડું.'' તેમની દઢતાને જોઈને કાકાએ તેમને મુક્ત કરી દીધા.

હઝરત ખબ્બાબ બિન અરત રદિ.ને યાતનાઓ આપવાની સાથે જ સળગતા અંગારાઓ ઉપર સૂવડાવીને ઉપરથી પથ્થર મૂકી દેવામાં આવતા કે તેઓ ઊભા ન થઈ શકે.

હઝરત લુબેનાને હઝરત ઉમર પોતાના મુસલમાન થતાં પહેલાં એટલા મારતા કે સ્વયં થાકીને બેસી જતાં. હઝરત સઅદ ઈબ્ને ઝૈદ અને તેમની પત્ની, જેઓ હઝરત ઉમર રદિ.ની બહેન હતા, બંનેને હઝરત ઉમર ઈસ્લામ લાવતાં પહેલાં દોરડાથી બાંધી દેતા હતા.

હઝરત ઝુબૈર રદિ. જ્યારે મુસલમાન બન્યા તો તેમના કાકા તેમને ચટાઈમાં લપેટીને તેમના નાકમાં ધુમાડો છોડતાં. એક વાર અબૂ જહલે તેમને એટલા માર્યા કે તેમની આંખોની દૃષ્ટિ ચાલી ગઈ.

# હબશા તરફ હિજરત

મુસલમાનો ઉપર કુરૈશના અત્યાચારો એટલા વધી ગયા કે મક્કાની ધરતી તેમના માટે તંગ થઈ ગઈ. તેમનું ત્યાં રહેવું મુશ્કેલ થઈ ગયું તો રસૂલ સલ્લ.એ પોતાના સાથીઓને કહ્યું –

‘‘અલ્લાહની ધરતી વિશાળ છે. પોતાના માટે કોઈ બીજું સ્થળ શોધી લો. આ રીતે બની શકે છે કે આ અત્યાચારીઓથી તમને મુક્તિ મળી જાય અને તમે આરામથી રહી શકો.’’

સાથીઓએ કહ્યું, ‘‘હે અલ્લાહના રસૂલ, આપ સલ્લ. જ બતાવો કે અમે ક્યાં જઈએ.’’

આપ સલ્લ.એ કહ્યું, ‘‘જો તમે લોકો હબશા ચાલ્યા જાઓ તો સારૂં છે. ત્યાંનો શાસક ન્યાયપ્રિય છે. કોઈની ઉપર જુલ્મ થવા દેતો નથી. લોકો ખૂબ જ સુખ-ચેનથી રહે છે.’’

રમઝાનનો મહિનો હતો અને આપ સલ્લ.ની નબુવ્વત (ઈશદૂતત્વ)નું પાંચમુ વર્ષ હતું. આદેશ મળતાં જ બે-બે, ચાર-ચાર કરીને ઘણા મુસલમાનો હબશા પહોંચી ગયા. કેટલાક એકલા હતા, તો કેટલાક સપરિવાર હતા. હબશા હિજરત કરવાવાળા મુસલમાનોની સંખ્યા ૮૩ દર્શાવવામાં આવે છે.

કુરૈશને જ્યારે આ વાતની ખબર મળી તો તેમણે તેમનો પીછો કર્યો. સમુદ્ર તટે પહોંચ્યા. પરંતુ આપ સલ્લ.ના વફાદાર સાથીઓ નીકળી ગયા હતા. કુરૈશ પરત ફર્યા. તેમણે પોતાના બે વ્યક્તિઓ – અબ્દુલ્લાહ બિન અબી રબીઅ અને અમ્ર બિન આસ બિન વાયલને તેમનો પીછો કરવા મોકલ્યા. તેમણે હબશાના ખ્રિસ્તી સમ્રાટ નજ્જાશી અને તેમના સરદારો, સેનાપતિઓ અને પાદરીઓ માટે ઘણી ભેટ-સોગાદો મોકલી. કુરૈશના આ દૂતોએ સમ્રાટને પોતાના પક્ષે કરવાનો પ્રયાસ કર્યો.

સમ્રાટથી કહ્યું, ‘‘હે સમ્રાટ ! અમારા ત્યાંથી કેટલાક નાસમજ યુવાનો ભાગીને

તમારા ત્યાં આવ્યા છે. તેમણે પોતાનો ધર્મ છોડી દીધો છે. પરંતુ આપનો ધર્મ પણ સ્વીકાર્યો નથી, બલ્કે એક નવો ધર્મ અપનાવી લીધો છે, જેનાથી ન તો અમે પરિચિત છીએ, ન તો આપ. અમને આપની સેવામાં આ સંબંધે તેમના પિતાઓ, કાકાઓ અને પરિવાર અને કબીલાઓના પ્રતિષ્ઠિત લોકોએ મોકલ્યા છે, જેથી આપ તેમને અમારા હવાલે કરી દો.

સમ્રાટના આજુબાજુ બેસેલા પ્રમુખ સરદારો અને પાદરીઓ એકી સ્વરે આમ કહેવા લાગ્યા –

'આ બંને તદન સાચી વાત કહી રહ્યા છે. આપ તેઓને તેમના હવાલે કરી દો.''

નજ્જાશીએ તેમની વાત માનવાથી ઈન્કાર કરી દીધો. તેણે કહ્યું, ''જે લોકોએ આપણા ત્યાં આશ્રય લીધો છે, હું તેમની વાત સાંભળીશ. તેઓ જ્યાં પણ હોય, હાજર કરવામાં આવે.''

મુસલમાનો હાજર થયા તો સમ્રાટે તેમની વાત અને એ પણ કે છેવટે તે કયો ધર્મ છે, જેના વિશે ચર્ચા કરવામાં આવી રહી છે, સાંભળવાની ઈચ્છા દર્શાવી. મુસલમાનો તરફથી અબૂતાલિબના દીકરા હઝરત જાફર રદિ. ઊભા થયા અને કહ્યું (સાર-સંક્ષિપ્તમાં) –

''હે સમ્રાટ ! અમે એક મુદતથી અજ્ઞાન અને પથભ્રષ્ટતાના અંધકારમાં ભટકતા હતા. એક અલ્લાહને ભૂલીને સેંકડો મૂર્તિઓની પૂજા કરતા હતા. મરેલા પશુ ખાતા હતા, વ્યભિચાર, લૂટફાટ, ચોરી અને એક-બીજા પ્રત્યે અત્યાચાર કરવો અમારૂં રાત-દિવસનું કામ હતું, અમારામાંથી દરેક શક્તિશાળી પોતાનાથી કમજોરને ખાઈ જવા ઉપર ગર્વ લેતો હતો.તાત્પર્ય એ કે અમારૂં જીવન પણ બદતર હતું. અલ્લાહે કૃપા કરી કે તેણે અમારી હાલત બદલી નાખી. અમારામાંથી એક એવી વ્યક્તિએ જન્મ લીધો, જેને અલ્લાહે પોતાનો રસૂલ બનાવ્યો, અમે તેમની વંશાવલી જાણીએ છીએ. તે અતિ સજ્જન છે. અમે તેની હાલતથી વાકેફ છીએ. તે સાચો, પ્રમાણિક અને નિષ્કલંક છે. શું મિત્ર કે શું શત્રુ બધા તેના સદ્-ચરિત્ર અને તેની સજ્જનતાનો સ્વીકાર કરે છે. તેમણે અમને ઈસ્લામ તરફ આમંત્રણ આપ્યું અને એ શીખવાડ્યું કે અમે મૂર્તિઓને પૂજવાનુ છોડી દઈએ. માત્ર એક

અલ્લાહનો પોતાનો માલિક અને સ્વામી તરીકે સ્વીકાર કરીએ. સાચું બોલીએ, લૂંટફાટથી રોકાઈ જઈએ, અનાથોનો માલ ન ખાઈએ પાડોસીઓની મદદ કરીએ, વ્યભિચાર અને અન્ય ગંદી વાતોથી બચીએ. નમાઝ પઢીએ, રોઝા રાખીએ, અલ્લાહના માર્ગમાં પોતાનું ધન ખર્ચીએ, દીન દુખિયાઓની સહાયતા કરીએ. અમે તેમની ઉપર ઈમાન લાવ્યા. અનેકેશ્વરવાદ અને મૂર્તિપૂજાને છોડી દીધી. તમામ ખરાબ કામો ત્યજી દીધાં. તેને લઈને અમારી કોમના લોકો અમારા દુશ્મન બની ગયા અને અમને વિવશ કરતા રહ્યા કે અમે પલટીને ફરી તેમના જ ધર્મ ઉપર આવી જઈએ અને આ જ હેતુસર આ લોકો આપથી અમને પરત કરવાની માંગણી કરી રહ્યા છે.''

હઝરત જાફર રદિ.ની વાત સાંભળીને નજ્જાશી બોલ્યો, ''તેના ઉપર જે વાણી અવતિરત થઈ છે, હું તે સાંભળવા માગું છું. શું તમારી પાસે કંઈક છે?'

હઝરત જાફર રદિ.એ સૂરઃ મરયમની કેટલીક આયતો સંભળાવી. નજ્જાશી ખૂબ જ પ્રભાવિત થયો. તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. બોલ્યો – '''ખુદાના સોગંદ ! આ વાણી અને ઇંજીલ બંને એક જ દીપકની બે જ્યોત છે.''

તેણે કુરૈશના પ્રતિનિધિઓને કહ્યું –

''પરત જાઓ, ખુદાના સોગંદ ! હવે તેઓ અહીંથી નહીં જાય.''

કુરૈશના બંને પ્રતિનિધિઓ પોતાના ઉદ્દેશ્યમાં નિષ્ફળ થઈ મક્કા પરત ફર્યા.

# હઝરત હમઝા રદિ. અને
# હઝરત ઉમર રદિ.નો ઇસ્લામ અંગીકાર

ઈસ્લામી શિક્ષણનો પ્રભાવ કુરેશના લોકો ઉપર એટલો પડ્યો કે તેના પ્રતિષ્ઠિત અને સમજદાર લોકો પણ ઈસ્લામ સ્વીકાર કરવા લાગ્યા. હઝરત હમઝા આપ સલ્લ.ના કાકા હતા. એક વખતે કુરૈશના લોકોએ હઝરત મુહમ્મદ સલ્લ ને અપશબ્દો કહ્યા. આપ સલ્લ. ઉપર માટી અને ગંદકી ફેંકી, શારીરિક યાતનાઓ આપી. તેના ઉપર હઝરત હમઝાએ આ બધું કરનાર અબૂ જહલને લોહી-લુહાણ કરી નાખ્યો. પછી આપ સલ્લ. પાસે આવ્યા અને કહ્યું, ''મેં તમારો બદલો લઈ લીધો છે.''

આપ સલ્લ.એ જવાબ આપ્યો, ''ચાચાજાન, મારી ખુશી તો એમાં છે કે આપ મૂર્તિ-પૂજા છોડીને સત્ય-ધર્મ સ્વીકારી લો.''

હઝરત હમઝા રાતભર બેચેન રહ્યા. સવાર પડી તો નબી સલ્લ.ની સેવામાં હાજર થઈ સત્ય-ધર્મ સ્વીકારી લીધો.

આ ઘટનાની પ્રતિક્રિયામાં અબૂ જહલની વેરભાવના ખૂબ વધી ગઈ. તેણે એલાન કરી દીધું કે, ''જે વ્યક્તિ મુહમ્મદ સલ્લ.ને મારીને તેમનું માથું મારી પાસે લાવશે, એકસો લાલ ઊંટ અથવા એક હજાર ઔકીયા ચાંદી ઈનામ આપીશ.'' અબૂ જહલે પોતાના નવયુવાન ભાણિયા ઉમરને ખૂબ ઉશ્કેર્યા. ઉમરે સંકલ્પ કર્યો કે સારૂં, હું આ કામને પૂરું કરીશ. ઉંમરનું વ્યક્તિત્વ ખૂબ પ્રભાવી અને રુઆબવાળું હતું. આપ સલ્લ.ની હાર્દિક ઈચ્છા હતી કે ઉમર ઈમાન લાવે. આ સંબંધે આપ સલ્લ. એ અલ્લાહથી પ્રાર્થના પણ કરી હતી.

ઉમરની બહેન ફાતિમા બિન્તે ખત્તાબ પહેલાંથી જ મુસલમાન થઈ ગઈ હતી. ઉમર તલવાર લઈને અલ્લાહના રસૂલ સલ્લ. અને આપના સાથીઓની શોધમાં નીકળ્યા. તેમને એ માહિતી મળી ગઈ હતી કે આ સમયે બધા સફા પહાડીના નજીક કોઈ ઘરમાં એકઠા થયેલા છે. ઉમરે તે તરફ ચાલવાનું શરૂ કર્યું કે નઈમ બિન અબ્દુલ્લાહ મળ્યા. તેઓ પહેલાંથી જ મુસલમાન બની ગયા હતા,

પણ પોતાના ઈમાનને જાહેર કર્યું ન હતું. તેમણે જોયું કે ઉમર ખૂબ જુસ્સામાં છે. કમર ઉપર તલવાર લટકાવી છે. પૂછ્યું, "ખત્તાબના સુપુત્ર, ક્યાં ચાલ્યા ?"

"તે અધર્મીની પાસે, જે દેવતાઓનો અનાદર કરી રહ્યો છે, જે સમગ્ર સામાજિક વ્યવસ્થાને ખેદાન-મેદાન કરી રહ્યો છે.'' ઉમર (રદિ.)એ જવાબ આપ્યો.

નઈમના દિલમાં એ વાત આવી કે ક્યાંક આપ સલ્લ.ના પ્રાણ સાચે જ જોખમમાં ન આવી જાય, તેથી ઉમર (રદિ.)ની દિશા બદલવી જરૂરી છે. તેમણે કહ્યું, ''ઉમર, તમે કયા ભ્રમમાં પડી ગયા છો. પોતાના ઘરવાળાઓની ખબર લો અને પહેલાં તેમને ઠીક કરો.''

ઉમર (રદિ.)એ કહ્યું, " મારા ઘરમાં કોણ ?"

'તમારા બનેવી સઈદ અને તમારી બહેન ફાતિમા મુસલમાન બની ગયા છે અને મુહમ્મદ સલ્લ.નો ધર્મ સ્વીકારી લીધો છે, પહેલાં તેમનાથી તો પતાવટ કરી લો."

ઉમર (રદિ.) તરત જ પાછા વળ્યા અને પોતાની બહેન અને બનેવીના ઘરે ગયા. તે વખતે હઝરત ખબ્બાબ રદિ. કુર્આનની સૂરઃ તા-હાની કેટલીક આયતો પઢી રહ્યા હતા, જેને ઉમર (રદિ.)એ ઘરમાં દાખલ થતાં સાંભળી લીધી હતી. હઝરત ખબ્બાબ રદિ.ને નબી સલ્લ.એ કુર્આન શીખવાડવાનું કામ સોંપ્યું હતું.

હઝરત સઈદ રદિ.એ હિંમતથી દરવાજો ખોલ્યો. ઉમર અંદર આવ્યા અને પૂછ્યું, ''આ શું ગુસ-પુસ થઈ રહી હતી." તે બંનેએ જવાબ આપ્યો કે શું તમે કંઈ સાંભળી લીધું છે?

તેમણે જવાબ આપ્યો, ''હા, સાંભળ્યું છે અને મને જાણ થઈ ગઈ છે કે તમે મુહમ્મદનો ધર્મ અપનાવી લીધો છે." પછી પોતાના બનેવીને ક્રૂરતાથી મારવા લાગ્યા. ફાતિમા તેમને બચાવવા માટે દોડ્યા તો તેમને પણ એટલા માર્યા કે તેમનું માથું ફાટી ગયું. ફાતિમા રદિ. અને તેમના પતિએ બુલંદ અવાજથી કહ્યું, ''હા, અમે ઈસ્લામ અપનાવી લીધો છે., ઈસ્લામ ઉપર જીવવા-મરવાનો નિર્ધાર કરી લીધો છે. હવે દુનિયાની કોઈ તાકાત અમને ઈસ્લામથી ફેરવી શકતી નથી. હા,

હવે અમે મુસ્લિમ છીએ, ઈસ્લામની મધુરતા અમે પામી લીધી છે. તેના માટે અમે બધું જ સહન કરવા તૈયાર છીએ. તમારા મનમાં જે આવે તે કરી લો.''

આ અવાજે ઉમર (રદિ.)ને અંદરથી હલાવીને મૂકી દીધા. તેમનો ગુસ્સો શાંત થયો તો તેમણે કહ્યું, ''જે તમે બંને પઢી રહ્યા હતા, આપજો, હું પણ જોઉં.''

બહેને તે પત્રક આપ્યું, જેમાં સૂરઃ તા-હા લખેલ હતી. થોડુંક જ વાંચ્યું હશે કે પોકારી ઊઠ્યા, ''શું પવિત્ર વાણી છે !'' ત્યાર પછી હઝરત મુહમ્મદ સલ્લ.ની પાસે પહોંચ્યા અને ઈસ્લામ સ્વીકારી લીધો. તેમના ઈસ્લામ સ્વીકારવાથી મુસલમાનોનો ઉત્સાહ ખૂબ વધી ગયો. મુસલમાનોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ. હઝરત હમઝા રદિ. પહેલાં જ મુસલમાન બની ગયા હતા. કુરૈશને કોઈ અન્યનું ઈસ્લામ સ્વીકારવું એટલું ન ખટક્યું જેટલું હઝરત ઉમર રદિ.નું ઈસ્લામ સ્વીકારવું. કુરૈશના લોકો હઝરત ઉમર ઉપર તૂટી પડ્યા. માર તો ખાધો પણ એકલા જ લડતા રહ્યા. તેમણે કા'બામાં ખુલ્લેઆમ નમાઝની જાહેરાત કરી દીધી. પરિસ્થિતિમાં મોટું પરિવર્તન આવી ગયું.

હઝરત સુહૈબ બિન સિનાની રૂમી રદિ. કહે છે કે હઝરત ઉમર રદિ. મુસલમાન બન્યા તો ઈસ્લામ પડદાની બહાર આવ્યો. હઝરત ઈબ્ને મસ્ઉદ રદિ.નું બયાન છે કે જ્યારથી હઝરત ઉમર રદિ.એ ઈસ્લામ કબૂલ કર્યો, ત્યારથી અમે ખૂબ શક્તિશાળી બની ગયા અને સન્માન સાથે રહેવા લાગ્યા.

—●—

# સામાજિક બહિષ્કાર

ઈસ્લામના વધતા પ્રભાવને જોઈને કુરૈશના સરદારોએ એક વધુ ચાલ ચાલી. નબુવ્વતના સાતમા વર્ષના મુહર્રમના મહિનામાં તમામ કબીલાઓના સરદારોએ એકઠા થઈને એક બેઠક કરી અને બનુહાશિમનો સામાજિક બહિષ્કાર કરવાનો નિર્ણય કર્યો. બનુ હાશિમ આપ સલ્લ.ના પરિવારનું નામ છે. કબીલાઓએ એક લેખિત સંધિ કરી કે બન્ને હાશિમનો સામાજિક બહિષ્કાર કરવામાં આવે. ન તો તેમનાથી રિશ્તેદારી રાખવામાં આવે અને ન તો લગ્ન-વિવાહનો સંબંધ, ન લેવડ-દેવડ, ન તો મળવાનું અને ન તો ખાવા-પીવાનો કોઈ સામાન તેમના સુધી પહોંચવા દેવામાં આવે, ત્યા સુધી કે બનૂ હાશિમ હઝરત મુહમ્મદ સલ્લ.ને અમને સોંપી દે કે અમે તેમને કતલ કરી નાખીએ. આ લેખિત દસ્તાવેજ ખાન-એ કાબામાં લટકાવી દેવામાં આવ્યો.

અબૂ લહબ સિવાય, બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબના બધા લોકો, ચાહે તેઓ મુસલમાન હોય કે તેનો ઈન્કાર કરનાર, સમેટાઈને એક ખીણમાં નજરકેદ થઈ ગયા. આ ખીણ ‘શેબે-અબી તાલિબ’ના નામથી પ્રસિદ્ધ થઈ ગઈ.

ખીણમાં નબી સલ્લ. અને આપ સલ્લ.ના સાથીઓ ત્રણ વર્ષ સુધી કેદમાં રહ્યા. ખૂબ તંગી અને મુશ્કેલીઓનો સામનો કર્યો, ત્યાં સુધી કે વૃક્ષોના પાંદડાઓ ખાઈને જીવવાની નોબત આવી. પરિસ્થિતિ એટલી દયનીય થઈ ગઈ કે ચામડા પાણીમાં પલાળીને ચૂસવા પડ્યા. ભૂખ-તરસની એ દુર્દશા હતી કે ભૂખથી તડપતા બાળકો અને મહિલાઓના અવાજો ખીણની બહાર સુધી સંભળાતા, મક્કામાં જે પણ ખાદ્ય-સામગ્રી વેચાવા આવતી તો વિરોધીઓ તરત જ ખરીદી લેતા. જે સામાન બચી જતો, તેની કિંમત એટલી વધારી દેતા કે ખીણના લોકો ખરીદી શકતા નહીં. ક્યારેક-ક્યારેક બહારથી ખાવા-પીવાનો સામાન પહોંચી જતો હતો. હઝરત ઉમર રદિ.ના પુત્ર હિશામ પ્રાયઃ ઊંટ ઉપર ખૂબ ખોરાક-કપડાં લાદીને રાત્રિના અંધકારમાં છૂપાઈને મુસલમાનો સુધી પહોંચાડી દેતા હતા.

છેવટે બહિષ્કારનો આ કાળ સમાપ્ત થયો. કુરેશની એક-બે વ્યક્તિઓ બનુ

હાશિમ ઉપર કરવામાં આવતા અત્યાચાર અને જુલ્મના વિરુદ્ધ ઊભા થયા, જુહૈર બિન અબી ઉમૈયાના પ્રયત્નોથી બહિષ્કાર સમાપ્ત થયો. તેનાથી છુટકારો મળ્યો જ હતો કે આપ સલ્લ.ના કાકા અબૂ તાલિબનું દેહાન્ત થઈ ગયું અને કેટલાક મહિના પછી આપ સલ્લ.ની પત્ની હઝરત ખદીજા રદિ. પણ પરલોક સિધાવી ગયા. આ બંનેના મૃત્યુ નબુવ્વતના દસમા વર્ષમાં થયા. તેમના દેહાન્તથી આપ સલ્લ.ને મોટો ધક્કો લાગ્યો. તેમની મોજૂદગીમાં કુરૈશને આપ સલ્લ. ઉપર હાથ ઉઠાવવાની હિંમત ન'હોતી થતી. તેઓ કંઈક અંશે ડરતા રહેતા હતા. તેમના દેહાન્ત પછી શત્રુઓનો વિરોધ ખૂબ વધી ગયો અને આપ સલ્લ.ની જાન પણ જોખમમાં આવી ગઈ. અબૂ તાલિબના દુનિયાથી રૂખસદ થયા પછી કુરૈશે આપ સલ્લ.ને એવી તકલીફો પહોંચાડી, જેની હિંમત અબૂ તાલિબના જીવનકાળમાં ન'હોતી થતી. આપ સલ્લ. અત્યંત દુઃખની સાથે કહેતા –

'"ખુદાના સોગંદ ! અબૂતાલિબના જીવનમાં કુરૈશે મને આ રીતે ક્યારેય પણ ન સતાવ્યો."

—•—

# હઝરત મુહમ્મદ સલ્લ.ના લગ્ન

હઝરત મુહમ્મદ સલ્લ.એ પોતાના સમગ્ર જીવનમાં ૧૨ લગ્નો કર્યા. તેમાં હઝરત ખદીજા રદિ. પ્રથમ પત્ની હતા, જેમનાથી પચ્ચીસ વર્ષની ઉંમરમાં આપ સલ્લ.ના લગ્ન થયા. તે સમયે હઝરત ખદીજા રદિ.ની ઉંમર ચાલીસ વર્ષ હતી. હઝરત ખદીજાનું મૃત્યુ નબુવ્વત (ઈશદૂતત્વ)ના દસમા વર્ષે થયું. તે વખતે હઝરત મુહમ્મદ સલ્લ.ની વય પચાસ વર્ષની હતી. આ મુદ્દતમાં આપ સલ્લ.એ કોઈ બીજા લગ્ન ન કર્યા. હઝરત ખદીજા રદ.ના મૃત્યુ પછી હઝરત સૌદા બિન્તે જમઆ રદ.થી લગ્ન કર્યા, જેમની ઉંમર તે વખતે પચાસ વર્ષ હતી. તે જ વખતે આપ સલ્લ.એ હઝરત આઈશા દિ.થી પણ લગ્ન કર્યા. આપ સલ્લ.ની પત્નીઓમાં હઝરત આઈશા રદિ.વયમાં સૌથી નાના હતા. પછી જુદા-જુદા કારણોસર આપ સલ્લ.એ હઝરત હફસા બિન્તે ઉમર રદિ., હઝરત ઝૈનબ બિન્તે ખુઝૈમા રદિ, હઝરત ઉમ્મે સલમા રદિ., હઝરત ઝૈનબ બિન્તે જહશ રદિ., હઝરત જુવૈરિય બિન્તે હારિસ રદિ., હઝરત ઉમ્મે હબીબા રદિ., હઝરત સફીય્યહ બિન્તે હઈ રદિ. અને હઝરત મૈમૂના બિન્તે હારિસ રદિ.થી લગ્નો કર્યા.

આ તમામ મહિલાઓ આરબોના પ્રસિદ્ધ, પ્રતિષ્ઠિત અને શક્તિશાળી કબીલાઓથી સંબંધિત હતી. તેમના લગ્નથી ઈસ્લામના પ્રચાર-પ્રસાર અને પ્રભાવમાં વધારો થયો અને આ કબીલાઓથી સંબંધો પણ મજબૂત થયા.

હઝરત મુહમ્મદ સલ્લ.એ જે કારણોસર અનેક લગ્નો કર્યા, તેમાંથી કેટલાકનો ઉલ્લેખ અહીં કરીશું.

અરબસ્તાનની સામાજિક વ્યવસ્થામાં જબરદસ્ત કબાઈલી પક્ષપાત જોવા મળતો હતો અને દરેક વ્યક્તિ પોતાના કબીલાના સિદ્ધાંતોમાં બંધાયેલો હતો તેમજ બીજા કબીલાઓ વિશે ખૂબ ઓછું વિચારતો હતો. શક્તિશાળી કબીલો કમજોર કબીલાને દબાવીને રાખતો હતો અને તેને તુચ્છ સમજતો હતો. આવી પરિસ્થિતિમાં કોઈ એવી વ્યક્તિ સુધારણાનું કોઈ કાર્ય કરી શકતી ન હતી, જેનો સંબંધ કોઈ શક્તિશાળી કબીલાથી ન હોય. પછી વ્યાપક સુધારણા માટે વિભિન્ન

શક્તિશાળી કબીલાઓનું સમર્થન અનિવાર્ય હતું. આ જ રાજનૈતિક આવશ્યકતા હઝરત મુહમ્મદ સલ્લ.ના અનેક લગ્નોનું કારણ બની. ઉદાહરણાર્થ, હઝરત જુવૈરિયા રદિ.ને લઈ લો, તેઓ બનુ મુસ્તલિક કબીલાથી સંબંધ રાખતા હતા. સમગ્ર કબીલો અત્યંત શક્તિશાળી હતો તથા ધાડ અને લૂંટફાટ માટે અત્યંત કુખ્યાત હતો. સ્વયં હઝરત જુવૈરિયા રદિ.ના પિતા પણ ડાકુ હતા. ઈસ્લામી હકૂમતથી આ કબીલાની પ્રારંભથી જ જબરદસ્ત દુશ્મનાવટ હતી અને કોઈ કાનૂનને માનવા તે તૈયાર ન હતો. અંતે તેમને લશ્કરી તાકાતથી જેર કરવામાં આવ્યા. પરંતુ જયારે હઝરત જુબૈરિયા રદિ.થી નબી સલ્લ.ના લગ્ન થઈ ગયા તો સમગ્ર કબીલો દરેક પ્રકારની લૂંટફાટ અને કાનૂનના ઉલ્લંઘનને છોડીને ઈસ્લામી હકૂમતનો હિમાયતી થઈ ગયો, કેમ કે તે સમજતો હતો કે હુકૂમતના પ્રમુખ તેમના સંબંધી છે.

આ જ રીતે હઝરત મૈમૂના રદિ.ને લઈ લો. તેઓ નજદના રહેવાસી હતા અને તે વિસ્તાર રાજનૈતિક મહત્ત્વ ધરાવતો હતો, કેમ કે વેપારનો એક માત્ર માર્ગ આ જ વિસ્તારમાં થઈને નીકળતો હતો. અહીંના લોકો ઈસ્લામના કટ્ટર વિરોધી હતા અને એક વખતે ઈસ્લામના સિત્તેર અનુયાયીઓને શહીદ કરી નાખ્યા હતા. હઝરત મૈમૂના રદિ.ના નબી સલ્લ. સાથે લગ્ન થઈ ગયા પછી ત્યાંનુ સમગ્ર વાતાવરણ બદલાઈ ગયું અને આખો કબીલો ઈસ્લામનો અનુયાયી બની ગયો.

પછી ઉમ્મે હબીબા રદિ.ને લો. તેઓ કુરૈશ કબીલાના સૌથી મોટા સરદાર અબૂ સુફિયાનના પુત્રી હતા. અબૂ સુફિયાન ઈસ્લામ અને મુહમ્મદ સલ્લ.નો કટ્ટર દુશ્મન હતો, પરંતુ આ લગ્ન બાદ અબૂ સુફિયાન પછી ક્યારેય મુહમ્મદ સલ્લ.ના મુકાબલામાં ન આવ્યો.

હઝરત મુહમ્મદ સલ્લ.ના બહુ-વિવાહનું બીજું મોટું અને મહત્ત્વપૂર્ણ કારણ ઈસ્લામને મહિલાઓમાં પ્રસારવાનું હતું, તે પરદાના ઈસ્લામી સિદ્ધાંતની અંદર રહીને લગ્ન વિના સંભવ ન હતું. આ કારણસર હઝરત મુહમ્મદ સલ્લ.એ અનેક લગ્નો કર્યા અને તેમને ઈસ્લામી શિક્ષણથી સુમાહિતગાર કર્યા. તેમને ઈસ્લામી શિક્ષણ-પ્રશિક્ષણ આપવામાં આવ્યું. હઝરત મુહમ્મદ સલ્લ. પછી આ મહિલાઓ જ્યાં સુધી જીવિત રહી, ઈસ્લામી શિક્ષણનો મહત્ત્વપૂર્ણ સ્રોત રહી અને ઈસ્લામી પ્રચાર-પ્રસારનું કાર્ય પણ અસરકારક રીતે અંજામ આપતી રહી. ઉદાહરણ-સ્વરૂપ, હઝરત આઇશા રદિ. મહિલાઓમાં ઈસ્લામી શિક્ષણનો સૌથી મોટો સ્રોત

માનવામાં આવે છે. તેમણે સ્ત્રીઓને ઇસ્લામી શિક્ષણ-પ્રશિક્ષણ આપવા અને તેમની સમસ્યાઓના સમાધાનમાં ખૂબ મહત્ત્વપૂર્ણ તેમજ અસરકારક ભૂમિકા નિભાવી. ઇસ્લામથી પહેલાં આરબોમાં ખાસ કરીને અને બીજા દેશોમાં સામાન્યપણે બહુ-વિવાહનું પ્રચલન હતું. ચાહે કોઈ કબીલાનો સરદાર હોય કે સાધારણ વ્યક્તિ, પોતાનો વંશ વધારવા અને કબીલાઓને શક્તિશાળી બનાવવા અનેક લગ્નો કરતા હતા તથા જે કબીલાની જન-શક્તિ અધિક હોય, તે તેટલો જ શક્તિશાળી માનવામાં આવતો હતો.

ઇસ્લામે બહુ-વિવાહને માન્યતા તો આપી, પરંતુ તેની સંખ્યા ઘટાડીને ચાર સુધી મર્યાદિત કરી દીધી અને તેમાં એ શરત લગાવી દીધી કે પ્રત્યેક પત્ની સાથે ન્યાય અને સમાનતાનો વ્યવહાર કરવામાં આવે. જો એવું ન થઈ શકે તો એક વ્યક્તિ એકથી વધુ લગ્ન ન કરે અને એક જ પત્નીની સાથે જીવન વ્યતીત કરે.

ઇસ્લામનો આ સિદ્ધાંત આજે પણ મનુષ્યોની સ્વાભાવિક જરૂરતોને પૂરી કરી રહ્યો છે.

—●—

# તાઈફ શહેરનો પ્રવાસ

મક્કામાં ઈસ્લામના પ્રચાર-પ્રસારમાં મોટા અવરોધો ઊભા કરવાના પ્રયત્નોના વચ્ચે આપ સલ્લ.એ મક્કાની બહાર ઈસ્લામી સંદેશ પહોંચાડવાનો વિચાર કર્યો. આ યોજના અંતર્ગત આપ સલ્લ.એ તાઈફનો પ્રવાસ કર્યો, દસ નબવીના શવ્વાલ મહિનામાં આપ સલ્લ. તાઈફ ગયા. તાઈફ મક્કાથી લગભગ ૬૦ માઈલ દૂર છે. આપ સલ્લ.એ આ પ્રવાસ પગપાળા જ કર્યો હતો. આપ સલ્લ.ની સાથે હઝરત સૈદ બિન હારિસ રદિ. હતા. રસ્તામાં જે પણ કબીલો મળતો, આપ સલ્લ. તેને ઈસ્લામનું આમંત્રણ આપતા. પરંતુ કોઈએ પણ આ આમંત્રણ સ્વીકાર્યું નહીં.

તાઈફના લોકો સુખી હતા. તેમની પાસે મોટા-મોટા બગીચાઓ અને ખેતરો હતા, જેના કારણે તેઓમાં ઘમંડ અને અહંકાર પેદા થઈ ગયા હતા. તાઈફ એક પ્રસિદ્ધ મૂર્તિ 'લાત'ની પૂજાનું કેન્દ્ર હતું. અહીં લોકો તીર્થયાત્રા માટે આવતા હતા. ધનવાન લોકો ગરમીઓની ઋતુ અહીં જ પસાર કરતા.

આપ સલ્લ. તાઈફ પહોંચીને સૌથી પહેલાં કબીલા સકીફના ત્રણ સરદારોથી મળવા ગયા. આ ત્રણેય પરસ્પર ભાઈ હતા. તેમના નામ હતા — અબ્દ યાલૈલ, મસ્ઊદ અને હબીબ. આપ સલ્લ.એ તેમની પાસે બેસીને તેમને ઈસ્લામનું આમંત્રણ આપ્યું. બધાએ આપ સલ્લ.ના સંદેશને ઠુકરાવી દીધો અને અત્યંત નિર્લજ્જતાથી આપ સલ્લ.થી મોઢું ફેરવી લીધું. કુરૈશની જેમ તેઓ પણ ઈસ્લામને પોતાના માટે ખતરો સમજતા હતા.

આપ સલ્લ. તાઈફમાં દસ દિવસ રહ્યા. તાઈફવાસીઓના સરદારોની પાસે વાંરવાર ગયા અને પ્રત્યેકથી વાત કરી. પણ તે સૌનો એક જ જવાબ હતો —

''તમે અમારા શહેરમાંથી નીકળી જાઓ.''

તેમણે પોતાના લંપટ લોકો અને ગુલામોને ઉશ્કેરીને પજવવા માટે આપ સલ્લ.ની પાછળ લગાવી દીધા. જયારે આપ સલ્લ. પરત ફરી રહ્યા હતા તો આ લંપટો ગાળો બોલતા, તાળીઓ વગાડતા અને શોર-બકોર કરતા આપ સલ્લ.ની

પાછળ લાગી ગયા તથા જોત-જોતામાં એટલું મોટું ટોળું એકઠું થઈ ગયું કે આપ સલ્લ.ના રસ્તામાં બંને બાજુ કતાર લાગી ગઈ. પછી અપશબ્દોની સાથે પથ્થરો પણ ફેંકવાના શરૂ થઈ ગયા, જેનાથી આપ સલ્લ.ના પગમાં એટલા ઘા થઈ ગયા કે બંને પગરખા લોહીથી ભરાઈ ગયા. જ્યારે આપ સલ્લ. ઘાની પીડાથી ઢીલા થઈ જતા, પથ્થર ખાઈ ખાઈને અધમુઆ થઈ જતાં તો બેસી પડતા. અત્યાચારીઓને પછી પણ દયા ન આવતી. તેઓ આપ સલ્લ.ને હાથ પકડી ઊભા કરી દેતા. જ્યારે આપ સલ્લ. ચાલવા લાગતા તો ફરી પથ્થરોની વર્ષા શરૂ કરી દેતા. હઝરત ઝૈદ બિન હારિસ રદિ. ઢાલ બનીને તે પથ્થરોને રોકી રહ્યા હતા, જેનાથી તેમના માથા ઉપર ઘણે ઠેકાણે જખ્મ થયા હતા. લંપટોએ આ ક્રમ ચાલુ રાખ્યો, ત્યાં સુધી કે ઉત્બા અને શૈબા બિન રબીઆના બગીચામાં આશ્રય લેવા માટે આપને વિવશ કરી દીધા. આ બગીચો તાઇફથી ત્રણ માઈલ દૂર હતો.

ત્યાંથી ઝૈદ બિન હારિસ રદિ.એ આપ સલ્લ.ને કર્નુલ્સઅલબ નામક સ્થળે પહોંચાડ્યા. ત્યાં લોહી સાફ કર્યું. આપ સલ્લ.એ ત્યાં કેટલોક સમય આરામ પણ કર્યો. અહીં ઝૈદ બિન હારિસા રદિ.એ નિવેદન કર્યું કે તાઇફવાળાઓ માટે બદ્-દુઆ કરો, અર્થાત્ તેમને શ્રાપ આપો તો વ્હાલા નબી સલ્લ.એ નકારીને કહ્યું –

"જો આ લોકો અલ્લાહ ઉપર ઈમાન નથી લાવતા તો આશા છે કે તેમના વંશજો માત્ર એક અલ્લાહની બંદગી કરવાવાળા હશે."

કેટલા મહાન હતા આપ સલ્લ. !

પછી આપ સલ્લ. નખલા માટે રવાના થયા. અહીં એક પ્રસંગે અલ્લાહે પહાડોના ફરિશ્તાને આપ સલ્લ.ની પાસે મોકલ્યો. તેમની સાથે જિબ્રઈલ અલૈ. પણ હતા, તેમણે કહ્યું – "જો તમે ઇશારો કરો તો પહાડોનો ઇન્ચાર્જ, આ ફરિશ્તો આ અને પેલી બાજુના પહાડોને મેળવી દે અને મક્કા અને તાઇફ બંનેને પીસી નાખે." આપ સલ્લ.એ મનાઈ કરી દીધી.

આપ સલ્લ. તાઇફથી મક્કા આવી ગયા. સત્ય-સંદેશને દરેક વ્યક્તિ સુધી પહોંચાડવામાં પુનઃ વ્યસ્ત થઈ ગયા. મક્કાના લોકોને અને કબીલાઓને ફરીથી ઈસ્લામનું આમંત્રણ આપવાનું શરૂ કર્યું. નબુવ્વતનું દસમું વર્ષ ચાલી રહ્યું હતું. હજ્જની મોસમ નિકટ હતી. તેથી દૂર અને નજીક, દરેક જગ્યાએથી પગપાળા

અને સવારીઓ ઉપર લોકોનું આગમન શરૂ થઈ ગયું હતું. અલ્લાહના રસૂલ સલ્લ.એ આ અવસરને ઉચિત સમજીને એક-એક કબીલાની પાસે જઈ તેને ઈસ્લામનું આમંત્રણ આપ્યું. કેટલાકે સારો પ્રતિભાવ આપ્યો અને હજ્જના થોડાક જ સમય પછી ઘણા લોકોએ ઈસ્લામ સ્વીકારી લીધો.

આપ સલ્લ.એ હજ્જ વખતે જ ઉકબા નામક એક સ્થળે મદીનાના ખઝરજ કબીલાના લોકોને ઈસ્લામનું આમંત્રણ આપ્યું. મદીનામાં બે મુખ્ય કબીલા હતા — ખઝરજ અને ઔસ. ત્યાં યહૂદી લોકો પણ વસતા હતા, જેઓ પોતાની સભાઓમાં અવારનવાર એક પયગંબરના આગમનની ચર્ચા કરતા હતા. તેઓ કહેતા કે દુનિયામાં એક વધુ પયગંબર આવનાર છે. દુનિયામાં જે તેનો સાથ આપશે, તે જ સફળ થશે. આ બધી વાતો ઔસ અને ખઝરજવાળાઓએ પણ સાંભળી હતી. જ્યારે આપ સલ્લ.એ ખઝરજના લોકો સમક્ષ ઈસ્લામનું શિક્ષણ પ્રસ્તુત કર્યું અને તેઓએ વિચાર્યું કે હોય ના હોય, આ એ જ નબી છે, જેના વિશે યહૂદી વિદ્વાનો કહેતા રહ્યા છે. આ લોકોએ ઈસ્લામ સ્વીકારી લીધો. તેમની સંખ્યા છ હતી.

આ લોકો મદીના પહોંચ્યા અને પોતાના લોકોને ઈસ્લામ અને આપ સલ્લ. વિશે જાણકારી આપી. તેમને ઈસ્લામ તરફ આમંત્રણ આપ્યું. આ રીતે તેમની કોમ અને જાતિમાં ઈસ્લામથી લોકો પરિચિત થવા લાગ્યા અને પ્રત્યેક ઘરમાં આપ સલ્લ.ની ચર્ચા થવા લાગી.

તે પછીના વર્ષે હજ્જના સમયે મદીનાના બાર માણસો આપ સલ્લ.ની સેવામાં ઉપસ્થિત થયા અને ઈસ્લામ કાજે બધું જ સમર્પિત કરી દેવાની પ્રતિજ્ઞા કરી. તે લોકોએ આ ઈચ્છા પ્રગટ કરી કે ઈસ્લામના શિક્ષણ માટે તેમની સાથે કોઈને મોકલવામાં આવે. આપ સલ્લ.એ તેમની સાથે હઝરત મુસ્અબ બિન ઉમૈર રદિ.ને મદીના મોકલ્યા.

હઝરત મુસ્અબ બિન ઉમૈર રદિ. મદીનામાં ઘરે-ઘરે જઈ ઈસ્લામનો સંદેશ પહોંચાડતા અને લોકોને કુર્આન પઢી-પઢીને સંભળાવતા. આ રીતે દરરોજ એક-બે લોકો ઈસ્લામ સ્વીકારવા લાગ્યા, ત્યાં સુધી કે ઔસ કબીલાના સરદાર સઅદ બિન મુઆઝે પણ ઈસ્લામ કબૂલ કરી લીધો. તેમના મુસલમાન બની જવાથી સમગ્ર કબીલા માટે સત્ય-ધર્મ અપનાવવાનો માર્ગ મોકળો થઈ ગયો.

તે પછીના વર્ષે હજના પ્રસંગે મદીનાથી ૭૨ માણસો આવ્યા અને છૂપાઈને ઈસ્લામ સ્વીકારી લીધો અને ઉકબા નામના સ્થળે પ્રતિજ્ઞા કરી કે તેઓ કોઈ પણ સંજોગોમાં આપ સલ્લ.નો સાથ આપશે. આપ સલ્લ. એ જે વાતોનું તેમનાથી વચન લીધું, તે આ પ્રમાણે છે –

૧. એક અલ્લાહ સિવાય કોઈની બંદગી નહીં કરીએ,

૨. ચોરી નહીં કરીએ.

૩. વ્યભિચાર નહીં કરીએ.

૪. પોતાની સંતાનને કતલ નહીં કરીએ.

૫. કોઈની ઉપર આરોપ નહીં મૂકીએ, ન તો કોઈની બૂરાઈ કરીશું, અને

૬. અલ્લાહના રસૂલ સલ્લ. તેમને જે સારી વાતોનો આદેશ આપશે, તેનાથી તેઓ મોઢું નહીં ફેરવે.

મદીનામાં ઈસ્લામ ફેલાતો રહ્યો અને મુસલમાનોની સંખ્યા સારી-એવી થઈ ગઈ.

# હિજરત

કુરૈશના લોકોને ઈસ્લામના પ્રચાર-પ્રસારની જાણકારી મળતી રહી અને તેઓ વિરોધમાં પોતાના અત્યાચારો પણ કરતા રહ્યા. જ્યારે કુરૈશને એ ખબર મળી કે મદીનામાં અલ્લાહના રસૂલ સલ્લ.ના એટલા બધા સહાયકો અને સમર્થકો થઈ ગયા છે કે ત્યાં તેમનું કોઈ જોર ચાલશે નહીં, તો તેમણે મક્કામાં રહેતા મુસલમાનોને વધુ યાતનાઓ આપવાનું શરૂ કર્યું.

આપ સલ્લ.એ મક્કામાં પોતાના સાથીઓને મદીના તરફ હિજરત કરવા અને મદીનાના મુસલમાનોથી ભળી જવાની આજ્ઞા આપી. આપ સલ્લ.એ કહ્યું – ''અલ્લાહે તમારા માટે કેટલાક ભાઈઓ અને ઘરબાર ઉપલબ્ધ કરી દીધા છે, જ્યાં તમે શાંતિથી રહી શકો છો.''

આ સાંભળીને લોકો જૂથ બનીને હિજરત (સ્થળાંતર) કરવા લાગ્યા. વિરોધીઓએ અનેક અડચણો ઊભી કરી, પરંતુ તેમ છતાં મુસલમાનો હિજરત કરતા રહ્યા, ત્યાં સુધી કે ઉકબાની પ્રતિજ્ઞાના માત્ર બે મહિના અને કેટલાક દિવસો પછી મક્કામાં અલ્લાહના રસૂલ સલ્લ. હઝરત અબૂબક્ર રદિ. અને હઝરત અલી રદિ. સિવાય કોઈ પણ મુસલમાન સ્વેચ્છાએ ત્યાં રહ્યો નહીં. અલબત્ત, કેટલાક એવા મુસલમાનો રહી ગયા હતા, જેમને વિરોધીઓએ બળજબરીપૂર્વક રોકી રાખ્યા હતા. હઝરત અબૂબક્ર રદિ.અને હઝરત અલી રદિ. આપ સલ્લ.ના આદેશ અનુસાર રોકાયા હતા. આપ સલ્લ. પણ પોતાનો સામાન તૈયાર કરીને હિજરત માટે અલ્લાહની આજ્ઞાની પ્રતીક્ષા કરી રહ્યા હતા. હઝરત અબુબક્ર રદિ.નો સામાન પણ બંધાઈ ગયો હતો અને તેમણે બે ઊંટણીઓ તૈયાર કરી રાખી હતી.

નબી સલ્લ.ને હિજરતનો આદેશ પણ આવી ગયો. આપ સલ્લ.એ મદીના જવાનો ઈરાદો કરી લીધો. સત્ય-વિરોધીઓ બેબાકળા થઈ ગયા. તેમને ઈસ્લામના આ પ્રસારમાં મોટા જોખમનો આભાસ થયો. કુરૈશના સરદારો 'દારૂન્-નદ્વા' નામના જાહેર ખંડમાં એકઠા થયા અને ઈસ્લામને પરાસ્ત કરવાની યુક્તિઓ ઉપર વિચાર કર્યો. મુહમ્મદ સલ્લ. ઉપર શું કાર્યવાહી કરવામાં આવે, તેના ઉપર વિભિન્ન પ્રસ્તાવો

રજૂ કરવામાં આવ્યા. તેના ઉપર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો. પરંતુ કોઈ પ્રસ્તાવ તેમના માટે સંતોષજનક લાગતો ન હતો. તેમની વાતોમાં ગભરાટ અને નિરાશા સ્પષ્ટ દેખાઈ આવતી હતી. તેટલામાં અબૂ જહલ ઊભો થયો અને બોલ્યો, ''એક રીત છે, જે હજુ સુધી કોઈએ નથી વિચારી.'' સૌએ ખૂબ બેચેનીથી પૂછ્યું, ''અરે, તે શું છે?''

તે બોલ્યો, ''મારા મત પ્રમાણે પ્રત્યેક કબીલાનો એક-એક પહેલવાન અને બહાદુર યુવાન પસંદ કરવામાં આવે. પછી દરેકના હાથમાં તેજ તલવાર આપવામાં આવે અને આ બધા એકી સાથે મુહમ્મદ (સલ્લ.) ઉપર તૂટી પડે. આ રીતે તેનું કામ તમામ થઈ જશે. આ રીતે કતલ કરવાથી એ થશે કે ખૂનની જવાબદારી ઘણા કબીલાઓમાં વહેંચાઈ જશે અને સ્પષ્ટ છે કે હાશિમ પરિવારવાળા તમામ કબીલાઓનો મુકાબલો તો કરી નહીં શકે. મજબૂરીથી તેમને ખૂંબહા (હત્યાનો આર્થિક દંડ)ના રૂપમાં એકસો ઊંટ લેવા તૈયાર થવું પડશે.''

આ અભિપ્રાય બધાને પસંદ પડ્યો. સૌ ખુશીથી ઉછળી પડ્યા. આ ષડયંત્ર ઉપર અમલ કરવાની અંધારી રાત્રી પણ આવી ગઈ. વિરોધીઓ ઘાત લગાવીને આપ સલ્લ.ના દરવાજા ઉપર બેસી ગયા કે આપ સલ્લ. ઊંઘી જાય તો તે લોકો આપ સલ્લ. ઉપર તૂટી પડે. કાવત્રાને પાર પાડવા અડધી રાતનો સમય નક્કી કરવામાં આવ્યો હતો. એ સાચું છે કે અલ્લાહ જેને બચાવવા ઇચ્છે, કોઈ તેનો વાળ પણ વાંકો કરી શકતો નથી. આપ સલ્લ. તો અલ્લાહના નબી હતા. તેથી અલ્લાહની મદદ આવી પહોંચી.

આ દરમ્યાન અલ્લાહના રસૂલ સલ્લ.એ હઝરત અલી રદિ.થી કહ્યું – ''તમે મારા બિસ્તર ઉપર મારી આ હઝરમી ચાદર ઓઢીને સૂઈ જાઓ. તમને તેમના હાથથી કોઈ નુકસાન પહોંચશે નહીં.''

આપ સલ્લ. આ જ ચાદર ઓઢીને સૂઈ જતા હતા. આપ સલ્લ.એ કહ્યું –

''હું આજે રાત્રે મદીના માટે હિજરત કરીશ. મારા પાસે ઘણા લોકોની અમાનતો જમા છે. તે અમાનતો તમે સવારે સંબંધિત લોકોને પરત કરી દેજો .''

જ્યારે રાત આગળ વધી ગઈ તો આપ સલ્લ. ચૂપકીદીથી નીકળ્યા. ઘેરો કરનારાઓને ખબર પણ ન પડી. તેના પછી આપ સલ્લ. હઝરત અબૂબક્ર રદિ.ના ઘરે ગયા. પછી તેમના મકાનની બારીમાંથી નીકળીને બંને મહાનુભાવો યમનની

દિશામાં આગળ વધ્યા . મક્કા છોડતાં આપ સલ્લ.એ પોતાની હાર્દિક ભાવનાઓને આ શબ્દોમાં વ્યકત કરી –

''અલ્લાહના સોગંદ ! તું અલ્લાહની સૌથી શ્રેષ્ઠ અને પ્રિય ધરતી છે, જો અહીંથી મને કાઢવામાં ન આવ્યો હોત તો હું કદી ન નીકળતો.''

આપ સલ્લ. અને હઝરત અબૂ બક્ર રદિ. કેટલાક માઈલ દૂર 'સૌર' નામે ગુફામાં જઈ પહોંચ્યા. ત્યાં ત્રણ દિવસ સુધી છૂપાઈ રહ્યા. ચોથા દિવસે મદીના માટે રવાના થયા. બીજી બાજુ કુરૈશને એકવાર ફરીથી નિષ્ફળતા સાંપડી. કહેવા લાગ્યા, ''શું અમે આખી રાત અલી (રદિ.) માટે બેસી રહ્યા ?'' શું આપણે અલી(રદિ.)ને મુહમ્મદ સમજી લીધા હતા ? અલી (રદિ.) આજે મુહમ્મદ સલ્લ.ની પથારી ઉપર કેમ સૂઈ ગયા ? અને મુહમ્મદ સલ્લ. ક્યાં છે ?'' તેમની પ્રત્યેક વ્યક્તિ આ પ્રશ્ન એક-બીજાથી પૂછી રહી હતી. પણ જવાબ આપનાર કોઈ ન હતું. વિરોધીઓ હેરાન-પરેશાન હતા. દુઃખ અને ગુસ્સાથી બેહાલ થઈ રહ્યા હતા. જ્યાં તેઓ એકઠા થતા અને જે સભામાં બેસતા, તેના જ રોદણા રોતા હતા. વ્હાલા નબી સલ્લ. તેમના હાથમાંથી નીકળી ગયા, તેના ઉપર તેઓ હાથ ઘસતા રહી ગયા. કુરૈશે આકસ્મિક બેઠક કરીને એ નક્કી કર્યું કે મુહમ્મદ સલ્લ. અને અબૂબક્ર રદિ. ને પકડવાનો દરેક સંભવ ઉપાય કરવામાં આવે. મક્કાથી નીકળતા તમામ રસ્તાઓ ઉપર સશસ્ત્ર પહેરો બેસાડી દેવામાં આવ્યો અને સાર્વજનિક ઘોષણા કરી દેવામાં આવી કે જે વ્યક્તિ બંને અથવા તેમનામાંથી કોઈ એકને જીવંત કે મૃત હાજર કરશે, તેને દરેકના બદલામાં એકસો ઊંટોનું ઇનામ આપવામાં આવશે.

આ ઘોષણાના કારણે સવારીવાળા, પગપાળા અને પદ-ચિહ્નોના માહેર ખૂબ મહેનતથી શોધખોળમાં લાગી ગયા, ત્યાં સુધી કે સૌર ગુફાના મુખ સુધી પહોંચી ગયા. અલ્લાહની મદદ આવી. હઝરત અબૂબક્ર રદિ.એ કહ્યું, ''હે અલ્લાહના રસૂલ ! જો આ લોકોમાંથી કોઈ એક પણ પોતાની નજર નીચી કરી દે તો આપણને જોઈ લેશે.''

આપ સલ્લ.એ કહ્યું, ''અબૂબક્ર, ખામોશ રહો ડરવાની જરૂર નથી, આપણે બે છીએ અને ત્રીજો અલ્લાહ છે.

વાસ્તવમાં આ એક ચમત્કાર હતો. આપ સલ્લ. અને શોધખોળ માટે નીકળેલા વચ્ચે માત્ર કેટલાક ડગલાઓનું અંતર હતું કે શોધખોળ કરનારાઓ પરત ફરી ગયા.

–●–

# મદીના આગમન

અલ્લાહના રસૂલ સલ્લ.ની મક્કાથી રવાનગીની ખબર મદીના પહોંચી ગઈ હતી. સૌ ખુશીથી છલોછલ હતા. લોકો દરરોજ સવારે ઘરોથી નીકળી દૂર સુધી જતા અને ઘણી વાર સુધી રસ્તો જોતાં. તડકો વધી જતો તો પરત ફરી જતા. એક દિવસ રાહ જોઈને પરત થઈ ગયા હતા કે એક ઊંચા ટીલા ઉપરથી અવાજ આવ્યો, ''લોકો, જેનો ઇંતેજાર હતો, તે આવી ગયા.' રબી-ઉલ અવ્વલની આઠમી તારીખ, તદનુસાર ૨૦સપ્ટેમ્બર ઈ.સ. ૬૧૨નો દિવસ હતો. દૂરથી આપ સલ્લ.ને આવતાં જોઈને સમગ્ર નગર 'અલ્લાહુ અકબર'ના નારાઓથી ગૂંજી ઉઠ્યું અને ખુશીથી લોકોના ચહેરા ખીલી ઊઠ્યા હતા. મદીનાથી ત્રણ માઈલ દૂર કુબા નામે એક સ્થળ છે, જ્યાં મુસલમાનોના ઘણા ઉચ્ચ કુટુંબો આબાદ હતા. વહાલા નબી સલ્લ. તેમના મહેમાન બન્યા અને ચૌદ દિવસ ત્યાં જ રોકાયા. સરદાર કુસલૂમ બિન હિદમને અતિથિ-સત્કારનો શ્રેય પ્રાપ્ત થયો.આપ સલ્લ.એ ત્યાં રોકાણ દરમ્યાન પોતાના શુભ હસ્તે એક મસ્જિદનો પાયો નાખ્યો અને બીજા સાથીઓ સાથે મળીને જાતે આ મસ્જિદની દીવાલો ઊભી કરી. માટી-પથ્થર ઉઠાવવાના કામમાં જાતે પણ ભાગ લીધો. અહીં જ આપ સલ્લ.એ પ્રથમ જુમ્આની નમાઝ પઢી અને ખૂબ પ્રભાવી ખુત્બો (ભાષણ) આપ્યો. કુબામાં જ હઝરત અલી રદિ. મક્કાથી આવીને આપ સલ્લ.થી મળ્યા અને બતાવ્યું કે આપ સલ્લ.ના આદેશાનુસાર અમાનતો સંબંધિત લોકો સુધી પહોંચાડી દીધી છે.

કુબામાં ૧૪ દિવસ રોકાઈને જુમ્આની નમાઝ પછી આપ સલ્લ. મદીના તશરીફ લઈ ગયા. તે જ દિવસે આ નગરનું નામ યસરિબના બદલે 'મદીનતુર્રસૂલ (રસૂલનું નગર) પડી ગયું. તેને સંક્ષિપ્તમાં મદીના કહેવામાં આવે છે.

આ એક ઐતિહાસિક દિવસ હતો. કુબાથી મદીના સુધી બે પંક્તિઓમાં અન્સાર' આપ સલ્લ.ના સ્વાગત માટે ઊભા હતા. દરેક બાજુ અલ્લાહની મહાનતા અને પ્રશંસાના આવજો બુલંદ થઈ રહ્યા હતા. અન્સારની બાળકીઓ દફ વગાડીને ખુશીના ગીતો ગાઈ રહી હતી. પ્રત્યેક અન્સારની આ જ ઇચ્છા

હતી કે અલ્લાહના રસૂલ સલ્લ. તેમના ત્યાં રોકાણ કરે. આપ સલ્લ. અન્સારના જે મહોલ્લામાંથી પસાર થતાં, લોકો આપ સલ્લ.ની ઊંટણીની નાથ પકડી લેતા. આપ સલ્લ. ફરમાવતા, ''ઊંટણીને છોડી દો. તે અલ્લાહની તરફથી નિયુક્ત છે.''

ઊંટણી પોતાની રીતે હઝરત અબૂ અયૂબ અન્સારીના ઘરની સામે બેસી ગઈ. અતિથિ-સત્કારનો શ્રેય તેમને જ પ્રાપ્ત થયો. અબૂ અય્યુબ અન્સારી રદિ.એ તરત જ આપ સલ્લ.નો સામાન ઉઠાવ્યો અને આપ સલ્લ.ને પોતાના ઘરમાં લઈ ગયા. તેમણે આપ સલ્લ.ની સરભરામાં કોઈ કમી ન રાખી. કેટલાક દિવસો પછી આપ સલ્લ.ના બાળકો પણ મદીના આવી ગયા. અલબત્ત, આપ સલ્લ.ની એક સુપુત્રી હઝરત ઝૈનબ રદિ.ને તેમના પતિ અબુલઆસે મક્કાથી આવવા ન દીધાં. તેઓ ઘણા સમય પછી મદીના આવ્યા.

—●—

૧. અન્સાર અર્થાત્ મદદ કરવાવાળા – અન્સાર બહુવચન છે, અન્સારીનું. મદીનાના મુસલમાનોએ મક્કાથી આવનારા મુસલમાનોને ભરપૂર મદદ કરી, તેથી મદીનાવાસી મુસલમાનોને અન્સાર કહેવામાં આવ્યા.

# મસ્જિદે નબવીનું નિર્માણ

હઝરત અબૂ અય્યૂબ અન્સારી રદિ.ના ઘરમાં રહેતાં આપ સલ્લ.એ મસ્જિદ નબવીનું નિર્માણ-કાર્ય શરૂ કર્યું. નિર્માણ-કાર્યમાં જાતે ભાગ લીધો. આપ સલ્લ. તે માટે ઈંટ અને પથ્થરો ઊંચકી લાવતા હતા. આ અવસરે આપ સલ્લ. ફરમાવતા, ''હે અલ્લાહ, અસલ બદલો તો આખિરત (પરલોક)નો બદલો છે. બસ, અન્સાર અને મુહાજિરીન[1] ઉપર દયા કરે.''

આપ સલ્લ.એ મસ્જિદના પડખામાં કાચી ઈંટો અને માટીથી કેટલાક ઓરડાઓ (હુજરાઓ)નું નિર્માણ કર્યું, જેની છત ખજૂરના પાંદડાઓની બનેલી હતી. આપ સલ્લ. અબૂ અયૂબ અન્સારી રદિ.ના ઘરે સાત મહિના રોકાણ કરીને હુજરામાં રહેવા ચાલ્યા ગયા. આપ સલ્લ.ના પાડોસમાં ખાધે પીધે સુખી અન્સાર રહેતા હતા. તેઓ આપ સલ્લ.ની સેવામાં દૂધ મોકલતા રહેતા હતા. બસ, તેની ઉપર જ આપ સલ્લ.નો ગુજારો થઈ જતો હતો.

મદીનામાં ઔસ અને ખઝરજ નામે પ્રસિદ્ધ કબીલાઓ હતા, જેના તમામ લોકોએ ઈસ્લામ અંગીકાર કરી લીધો હતો. આપ સલ્લ.એ તેમના અને મુહાજિરો દરમ્યાન ભાઈચારો સ્થાપિત કરી દીધો હતો. એક પ્રસંગે આપ સલ્લ.એ અન્સાર અને મુહાજિરોને એકઠા કર્યા. અન્સારને સંબોધિત કરતાં કહ્યું –

''આ મુહાજિરો તમારા ભાઈ છે.'' ત્યાર પછી આપ સલ્લ. એક અન્સારીને બોલાવતા, પછી એક મુહાજિરને બોલાવતા અને કહેતા –

'આ અને તમે ભાઈ-ભાઈ છો.''

હવે સાચે જ તેઓ ભાઈ-ભાઈ હતા. અન્સાર મુહાજિરોની સાથે એ પ્રકારની સહાનુભૂતિ અને ભાઈચારો રાખતા કે એક-બીજાથી આગળ વધવાનો પ્રયત્ન કરતા, ત્યાં સુધી કે ચિઠ્ઠી નાખવાની નોબત આવી જતી. તેમણે માલ અને સંપત્તિમાં

૧. 'મુહાજિરીન' બહુવચન છે 'મુહાજિર'નું એટલે કે હિજરત કરનાર મક્કા છોડીને મદીના જવાવાળા મુસલમાનોને મુહાજિરીન કહેવામાં આવતા હતા.

તેમનો હિસ્સો નિર્ધારિત કર્યો અને દરેક પ્રકારના આરામની વ્યવસ્થા કરી. તેઓ તેમને પોતાના ઉપર પસંદગી આપતા હતા. એક અન્સારી પોતાના મુહાજિર ભાઈથી કહેતો, જુઓ, મારો અડધો માલ જેટલો થતો હોય, તમે લઈ લો. મારી બે પત્નીઓ છે, તેમાંથી તમને જે પસંદ આવે તે બતાવો, હું તેને તલાક આપીને તમારાં નિકાહમા આપી દઉં.' મુહાજિર જવાબ આપતા, '"અલ્લાહ તમારા ઘર અને માલ-અસ્બાબમાં બરકત આપે. તમે મને બસ, બજારનો રસ્તો બતાવી દો."' મુહાજિર તો હાથ-પગ ચલાવવાથી ટેવાયેલા હતા જ. તક મળતાં જ વેપારમાં લાગી ગયા. કોઈ વેપારમાં લાગી ગયો, તો કોઈ અન્સારની જમીનમાં ખેતી કરવા લાગી ગયો. અલ્લાહે બરકત આપી. તેઓ થોડી વારમાં જ પોતાના પગ ઉપર ઊભા થઈ ગયા અને પોતાના ઘર વસાવી લીધા. મુહાજિરો અને અન્સાર વચ્ચે ભાઈચારાનો એવો સંબંધ બન્યો કે તે સગા-વહાલાઓ કરતાં પણ વધુ મજબૂત હતો.

કેટલાક મુસલમાનો એવા પણ હતા, જેઓ ખૂબ ગરીબ હતા. તેમના રહેવાનું કોઈ ઠેકાણું ન હતું. કોઈ કારોબાર માટે લાયક પણ ન હતા. તેમની પરિસ્થિતિ એ હતી કે ઘણા દિવસો સુધી ઉપવાસ કરવા પડતા. નબી સલ્લ. તેમનું ખૂબ ધ્યાન રાખતા હતા. બૈતુલમાલ (નાણાભંડોળ)થી પૈસા પણ આપતા. મસ્જિદે નબવીની પાસે એક ઓટલો હતો, તેના ઉપર જ આ લોકો સૂઈ રહેતા. આ લોકો અસ્હાબે-સુફ્ફા (ઓટલાવાળા) કહેવાયા. હઝરત અબૂ હુરૈરહ રદિ. તેઓમાંથી જ હતા.

—•—

# યુદ્ધની પરવાનગી

મક્કામાં મુસલમાનો ઉપર કુરૈશીઓ તરફથી જુલ્મ અને અત્યાચાર થતા રહ્યા અને તેઓ તે બધું સહન કરતા રહ્યા. જ્યારે તેની પરાકાષ્ઠા આવી ગઈ અને મક્કામાં રહેવાની તમામ સંભાવનાઓ સમાપ્ત થઈ ગઈ તો અલ્લાહે મુસલમાનોને મદીના ચાલ્યા જવાની આજ્ઞા આપી. મદીનામાં મુસલમાનોની સ્થિતિ મજબૂત જોઈને વિરોધીઓના હૃદય બળવા લાગ્યા. તેમણે મુસલમાનોનું જોર તોડવાનો નિર્ણય કર્યો. તેઓ મદીના ઉપર હુમલો કરવાની યોજના બનાવવા લાગ્યા. જ્યારે હઝરત સઅદ બિન મઆઝ દિ. ઉમરા માટે મક્કા ગયા તો તેમના દ્વારા કુરૈશે મુસલમાનોને કહેવડાવ્યું કે તમે અભિમાન ન કરો કે તમે મક્કાથી પૂરી રીતે બચીને નીકળી ગયા. અમે યસરિબ (મદીના) પહોંચીને તમારો નાશ કરીશું. આ ફક્ત ધમકી ન હતી. કુરૈશે હજ્જ અને ઉમરા માટે મુસલમાનો ઉપર પ્રતિબંધ લગાવી દીધો હતો. મુસલમાનોની જમીનો અને સંપત્તિ પહેલાંથી જ પડાવી લેવામા આવી હતી. વ્હાલા નબી સલ્લ.ને કુરૈશની ગંદી ચાલો અને ખરાબ ઇરાદાઓનો ભાસ આવી ગયો હતો. વ્હાલા નબી સલ્લ. કાં તો જાગીને રાત ગુજારતા અથવા સહાબા રદિ.ના પહેરામાં સૂઈ જતા હતા.

અલ્લાહે આ વિકટ પરિસ્થિતિઓમાં યુદ્ધની પરવાનગી આપી. કહેવામાં આવ્યું –

'"અને તમે અલ્લાહના માર્ગમાં એ લોકો સાથે લડો, જેઓ તમારી સાથે લડે છે, પરંતુ અતિરેક ન કરો, કારણ કે અલ્લાહ અતિરેક કરનારાઓને પસંદ કરતો નથી. એમની સાથે લડો, જ્યાં પણ તમારે એમનો સામનો કરવાનો આવે, અને એમને કાઢી મૂકો, જ્યાંથી તેમણે તમને કાઢી મૂક્યા છે, કારણ કે કતલ જો કે ખરાબ છે, પણ ફિત્નો (સમાજમાં બગાડ અને ઉપદ્રવ ઊભો કરવો) તેનાથી વધુ ખરાબ છે અને મસ્જિદે હરામની પાસે, જ્યાં સુધી તેઓ તમારી સાથે ન લડે, તમે પણ ન લડો, પરંતુ જ્યારે તેઓ પણ લડે, તો તમે પણ વિના સંકોચે તેમને મારો, કારણ કે આવા અધર્મીઓની આ જ સજા છે. પછી જો તેઓ અટકી જાય તો જાણી

લો કે અલ્લાહ ક્ષમાશીલ અને કૃપાળુ છે. તમે તેમની સાથે લડતા રહો. ત્યાં સુધી કે ફિત્નો બાકી ન રહે અને ધર્મ અને આજ્ઞાપાલન અલ્લાહ માટે થઈ જાય. પછી જો તેઓ અટકી જાય તો સમજી લો કે અત્યાચારીઓ સિવાય અન્ય કોઈની વિરુદ્ધ દુશ્મનાવટ રાખવી યોગ્ય નથી.'' (કુર્આન, ૨: ૧૯૦-૧૯૩)

—●—

# પ્રથમ નિર્ણાયક યુદ્ધ

અલ્લાહના પયગંબર સલ્લ.ને એ માહિતી મળી કે અબૂ સુફયાન સીરિયાથી કુરૈશીઓના એક મોટા વેપારી કાફલાને લઈને મક્કા આવી રહ્યો છે, તો આપ સલ્લ.એ પોતાના સાથીઓને આગળ વધીને તેનો સામનો કરવાનો આદેશ આપ્યો. પરંતુ કોઈ વિશેષ તૈયારી સાથે નહિ, કેમ કે આ એક વેપારી કાફલો હતો, સૈન્યની કોઈ ટુકડી નહીં. બીજી તરફ અબૂ સુફયાને મક્કામાં પોતાના લોકોથી આગ્રહ કર્યો કે તેઓ મુસલમાનોને આગળ વધતા રોકે. હઝરત સઅદ બિન મઆઝ રદિ. ઉમરા દરમ્યાન કુરૈશના લોકોને ભારપૂર્વક કહીને આવ્યા હતા—

''સાંભળો, ખુદાના સોગંદ ! જો તમે અમને કા'બાથી રોક્યા તો અમે તમને એ બાબતથી રોકી દઈશું, જે તમારા ઉપર તેનાથી પણ વધુ ભારે પડશે.'' અર્થાત્ મદીનાની નજીકથી પસાર થતો વેપારી માર્ગ.

કુરૈશ ૯૫૦ માણસો સાથે નીકળ્યા. સાથે ૧૦૦ ઘોડા અને ૭૦૦ ઊંટ પણ હતા. પગપાળા લશ્કર લોખંડના હથિયારોથી સુસજ્જ હતું. તે ઉપરાંત, એકસો બખતર હતા. સાથે સ્ત્રીઓ પણ હતી, જે વ્હાલા નબી સલ્લ. પ્રત્યે અશિષ્ટ અને ગંદા ગીતો ગાતી અને સૈનિકોને પ્રોત્સાહન આપતી. બીજી તરફ આપ સલ્લ.ની સાથે ૩૧૩ મુસલમાનો હતા. સમગ્ર સૈન્યમાં માત્ર બે જ ઘોડા હતા – એક ઝુબૈર બિન અવ્વામ રદિ.નો અને બીજો મિકદાદ બિન અસ્વદ રદિ.નો. સિત્તેર ઊંટ હતા, જેના ઉપર લોકો વારાફરતે સવાર થતાં હતા. સેનાપતિ અને સામાન્ય સૈનિકમાં કોઈ ભેદ ન'હોતો. એક ઊંટ ઉપર હઝરત અલી રદિ., હઝરત મરસદ રદિ. અને નબી સલ્લ. ત્રણે વારાફરતે સવારી કરતા હતા. જિહાદ (પવિત્ર યુદ્ધ)નો ઝંડો મુસ્અબ ઇબ્ને ઉમૈર રદિ.ને, મુહાજિરીનનો ઝંડો હઝરત અલી રદિ.ને અને અન્સારનો ઝંડો હઝરત સઅદ બિન મઆઝ રદિ.ને આપવામાં આવ્યો.

જ્યારે અબૂ સુફયાનને એ સૂચના મળી કે ઇસ્લામી સેના કૂચ કરી ચૂકી છે, તો તે નીચે સમુદ્રતટ તરફ ચાલ્યો ગયો. એ ખાત્રી કરી લઈને કે હવે તેને કોઈ જોખમ નથી અને કાફલો સુરક્ષિત છે, તો તેણે કુરૈશને સંદેશો મોકલ્યો કે તમે લોકો પરત

ફરી જાઓ, કેમ કે તમે કાફલાની સુરક્ષા માટે આવ્યા હતા. હવે આ હેતુ પૂરો થઈ ગયો છે. તે લોકોએ પરત ફરવાનો ઈરાદો કરી લીધો. પરંતુ અબૂ જહલના હઠાગ્રહે તેઓને પરત ફરવાથી રોકી લીધા. તે એ માટે તૈયાર ન હતો કે યુદ્ધ કર્યા વગર પરત ફરી જવામાં આવે. કુરૈશના સૈન્યે બદ્ર પહોંચીને ખીણની એક તરફ પડાવ નાખી દીધો અને મુસલમાનોએ બીજી તરફ . આ અવસર ઉપર આપ સલ્લ.નું અસાધારણ અને અદ્વિતીય લશ્કરી નેતૃત્વ પોતાની પરાકાષ્ઠા ઉપર હતું. અલ્લાહના રસૂલ સલ્લ. વ્યૂહ-રચના કર્યા પછી પોતાના તંબુમાં પાછા ફર્યા અને અલ્લાહથી આજીજીપૂર્વક પ્રાર્થના કરી –

‘‘હે અલ્લાહ ! જો આજે તે આ મુઠ્ઠીભર લોકોનો નાશ થવા દીધો, તો પછી આ ધરતી ઉપર તારી બંદગી કરવાવાળું કોઈ નહીં હોય. કે અલ્લાહ ! તે મને જે ચીજનું વચન આપ્યું છે, તેને પૂરૂં કર. હે અલ્લાહ ! તારી મદદની જરૂરત છે.’’

આપ સલ્લ. સારી રીતે જાણતા હતા કે મુસલમાનો સંખ્યાની દૃષ્ટિએ ઓછા અને કમજોર છે. વિરોધીઓનું પલ્લું ભારે હતું. બંનેની સંખ્યા અને શક્તિની કોઈ સરખામણી થઈ શકે તેમ ન હતી. અલ્લાહની મદદ આવી પહોંચી અને સત્યનો વિજય થયો. આ યુદ્ધથી જાણે કુરૈશની કમર જ તૂટી ગઈ. તેમના સિત્તેર વ્યક્તિઓ માર્યા ગયા અને આશરે તેટલા જ કૈદ થયા.

તે જમાનામાં યુદ્ધોમાં પકડી લેવામાં આવેલ લોકોની સાથે ઘણો ખરાબ અને અસભ્ય વ્યવહાર કરવામાં આવતો હતો. કષ્ટ પહોંચાડવામાં આવતા હતા અને તેમને વિવિધ રીતે અપમાનિત કરવામાં આવતા હતા. અલ્લાહના રસૂલ સલ્લ.એ આ ખરાબ ચલણને પણ સમાપ્ત કરી નાખ્યું. કેદીઓને સન્માન આપવામાં આવ્યું. તેમને મદીનાના ઘણા ઘરોમાં રાખવામાં આવ્યા. આપ સલ્લ.એ પોતાના સાથીઓને નિર્દેશ કર્યો કે કેદીઓને સારૂં ખવડાવે અને સારૂં પહેરાવે. આ આદેશના પાલનમાં આપ સલ્લ.ના કેટલાક સાથીઓએ પોતે ખજૂરો ઉપર ગુજારો કર્યો અને કેદીઓને સારૂં ખવડાવ્યું. જે કેદીઓ પાસે કપડાં ન હતા, તેમને કપડાં આપ્યા. પછી કેદીઓને કંઈક આપ-લે કરીને છોડી દેવામાં આવ્યા. આપ સલ્લ.એ મુક્તિ માટે એ વાતનો પણ પ્રબંધ કર્યો કે જે કેદીઓ મુસલમાનોના બાળકોને લખવા-વાંચવાનું શીખવાડે અને સાક્ષર બનાવે, તેઓને છોડી મૂકવામાં આવશે. તેનાથી ઈસ્લામની દૃષ્ટિએ શિક્ષણનું મહત્ત્વ સારી રીતે સ્પષ્ટ થઈ જાય છે.

આપ સલ્લ.નો માનવતા ઉપર એટલો મોટો ઉપકાર છે, જેને કદી ભુલાવી શકાશે નહીં. આપ સલ્લ.એ જે ઉચ્ચ આદર્શો અને નિયમો બનાવ્યા, તેનું પાલન કરીને પણ બતાવી દીધું. આપ(સલ્લ.)એ યુદ્ધ દરમ્યાન મહિલાઓ, બાળકો, વૃદ્ધો, અપંગો, લડાઈથી સંબંધ ન રાખનારા લોકો, ઉપાસનાગૃહોના સન્યાસીઓ, સંસારત્યાગીઓ, પૂજારીઓની હત્યા અને તેમને યાતના આપવાની મનાઈ કરી દીધી હતી. તે જ રીતે અનાવશ્યક રીતે હર્યા-ભર્યા વૃક્ષોને કાપવા અને પાકને નષ્ટ કરવાની પણ મનાઈ કરી. આપ સલ્લ.એ એ પણ હુકમ આપ્યો કે જો કોઈના મોઢેથી લડાઈની વચ્ચે પણ ઈસ્લામનો કલમો (ઈસ્લામનું મૂળ સૂત્ર-વાક્ય) સાંભળવા મળે તો તેને પણ કતલ ન કરવામાં આવે અને પછીથી તેના વિશે તપાસ કરી લેવામાં આવે. આપ સલ્લ.એ એ પણ શિક્ષણ આપ્યું કે જો શત્રુના કોઈ માણસ કે જૂથને મુસલમાનો તરફથી તેની કોઈ મામૂલી વ્યક્તિ પણ શરણ આપે, તો તે શરણ સમગ્ર સેના તરફથી સમજવામાં આવે. નબી સલ્લ.એ તેનો પણ આદેશ આપ્યો કે દુશ્મનના માર્યા ગયેલા લોકોની લાશોનો અનાદર ન કરવામાં આવે. તેમના નાક-કાન કાપીને ચહેરાને બગાડવામાં ન આવે.

બદ્રના યુદ્ધથી વિરોધીઓની હિંમત ઓછી થઈ ગઈ. તેઓ ખરાબ રીતે ભયભીત થઈ ગયા. તેઓને સ્પષ્ટ ખ્યાલ આવી ગયો કે હવે ત્રાજવાનું કયું પલ્લું ભારે થઈ રહ્યું છે. પરાજયથી તેમની આબરૂ અને પ્રતિષ્ઠાને લાંછન લાગ્યું. કુરૈશીઓ ઘણા દુઃખી હતા. ઈસ્લામના કેટલાક કટ્ટર દુશ્મનોએ તે દરમ્યાન ઈસ્લામ અંગીકાર કરી લીધો. મદીનાના યહૂદીઓ મુસલમાનોથી પ્રભાવિત થવા લાગ્યા. મક્કાના વિરોધીઓ અને મદીનાના યહૂદીઓ બંને મુસલમાનો પ્રત્યે ઈર્ષ્યા અને દ્વેષથી બળી રહ્યા હતા. બનૂ કૈનકાઅબ, પહેલા યહૂદી હતા, જેમણે રસૂલ સલ્લ. સાથેની સંધિને તોડી નાખી, આપ સલ્લ.થી લડાઈ કરી અને મુસલમાનોને તકલીફો આપી. મદીનામાં કેટલાક લોકો તેમને પ્રોત્સાહત આપનારા પણ હતા. તેઓ માત્ર દેખાવ ખાતર મુસલમાન બની ગયા હતા. આ બધા અબ્દુલ્લાહ બિન ઉબઈ અને તેના સાથીઓ હતા. આ બધા ઉપરાંત એક ચોથું જૂથ પણ હતું, જે મદીનાની ચોતરફ આબાદ હતું. તે મુસલમાનોનું દુશ્મન બની ગયું હતું. તેને સત્ય અને અસત્યથી કંઈ સંબંધ ન હતો. આ લૂંટારાઓ અને ડાકુઓનું જૂથ હતું. તેને ડર હતો કે જો મદીનામાં મુસલમાનોનું શક્તિશાળી શાસન સ્થાપિત થઈ ગયું તો તેમની લૂંટફાટ અને કુ-કર્મો ઉપર પ્રતિબંધ લાગી જશે. આમ, મુસલમાનો ચારે તરફથી ખતરાઓથી ઘેરાઈ ગયા હતા.

# અન્ય યુદ્ધો

બદ્રના યુદ્ધમાં પરાજય પછી પણ કુરૈશીઓ શાંત ન થયા અને જોરદાર યુદ્ધની ધમકી આપવાની શરૂ કરી દીધી. તેમની યોજના હતી કે મદીના ઉપર ચઢાઈ કરીને જબરદસ્ત હુમલો કરી દેવામાં આવે. યુદ્ધની તૈયારી પણ શરૂ કરી દીધી. અબૂ સૂફયાને પોતાના તે કાફલાનો સમગ્ર માલ-સામાન, જે બદ્રના યુદ્ધનું કારણ બન્યું હતું, યુદ્ધની તૈયારી માટે વેચી નાખ્યો. આ માલ એક હજાર ઊંટો અને પચાસ હજાર દીનાર હતો. સેનાની તૈયારી દિવસ-રાત ચાલુ હતી. સૈનિકોની ભરતી કરવામાં આવી રહી હતી. હથિયારો અને સામાન એકઠા થઈ રહ્યા હતા. કુરૈશીઓએ તે માટે કંઈ કેટલાય કબીલાઓથી સમજૂતીઓ કરી હતી અને કેટલાય કબીલાઓને પ્રોત્સાહિત કર્યા હતા. જોત-જોતામાં એક મોટું સૈન્ય તૈયાર થઈ ગયું. હથિયારો અને સામાનનો ઢગલો થઈ ગયો. વર્ષ પૂરું થતા ત્રણ હજારનું સૈન્ય તૈયાર થઈ ગયું, જેમાં મહિલાઓ પણ હતી. કુરૈશીઓએ અબૂ સૂફયાનને મુખ્ય સેનાપતિ અને ખાલિદ બિન વલીદને સેનાપતિ નિયુક્ત કર્યા. ઈકરિમા બિન અબૂ જહલને આ બંનેનો સહયોગી બનાવવામાં આવ્યો. વ્હાલા નબી સલ્લ.ના કાકા હઝરત અબ્બાસ રદિ. ઈસ્લામ સ્વીકારીને મક્કામાં જ રોકાઈ ગયા હતા. તેમણે એક તેજ રફતાર વ્યક્તિને એ સંદેશ લઈને આપ સલ્લ.ની સેવામાં મોકલ્યો કે 'કુરૈશીઓ યુદ્ધ માટે મદીના આવી રહ્યા છે. તેઓ ખૂબ મોટી સેનાની સાથે છે.' માત્ર ત્રણ દિવસમાં આ સંદેશો નબી સલ્લ. સુધી પહોંચી ગયો. તે વખતે આપ સલ્લ. મસ્જિદે-કુબામાં હતા. આપ સલ્લ. તરત જ મદીના તશરીફ લઈ ગયા. આટલી મોટી સેના તેમજ હથિયાર અને લશ્કરી સામાન, તે પણ આટલી થોડી મુદતમાં, કુરૈશીઓની આ તૈયારીથી આપ સલ્લ. ચકિત જરૂર હતા. આપ સલ્લ.નો મત હતો કે મુસલમાનો મદીનામાં જ રહે. જો તેઓ સ્વયં હુમલો કરે તો તેમનો સામનો કરે. અબ્દુલ્લાહ બિન ઉબઈનો પણ તે જ મત હતો. પરંતુ કેટલાક મુસલમાનો, જેઓ બદ્રના યુદ્ધમાં સામેલ થઈ શક્યા ન હતા, કહેવા લાગ્યા –

''હે અલ્લાહના રસૂલ સલ્લ. ! આપ બહાર નીકળીને દુશ્મનોનો સામનો કરો. ક્યાંક તેઓ એવું ન વિચારે કે આપણે કાયરતા અને કમજોરીના કારણે બહાર નથી નીકળતા.''

તેમની આ વાત સાંભળીને આપ સલ્લ. ઘરની અંદર ગયા અને બખ્તર ધારણ કરીને બહાર આવ્યા. તે જોઈ તે લોકોને ખૂબ પસ્તાવો થયો અને કહેવા લાગ્યા –

''હે અલ્લાહના રસૂલ સલ્લ. ! અમે આપને આપની ઈચ્છા વિરુદ્ધ આ કામ ઉપર તૈયાર કર્યા છે. અમારે આવું ન'હોતું કરવું જોઈએ. જો આપ સલ્લ. ઈચ્છો તો અહીં જ રહો અને અહીં રહીને જ મુકાબલો કરો.''

તેના ઉપર આપ સલ્લ.એ કહ્યું –

"નબીની એ શાન નથી કે હથિયાર ઉઠાવી લીધા પછી યુદ્ધ પહેલાં હથિયાર મૂકી દે."

આપ સલ્લ.એ ૬ શવ્વાલ સને ૩ હિજરી, શુક્રવારના રોજ નમાઝ પછી એક હજાર લડવૈયાઓ સાથે મદીનાથી કૂચ કરી. હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ રદિ.ને પોતાની પાછળ નાયબ બનાવ્યા. જ્યારે સેના મદીના અને ઉહદ પહાડની વચ્ચે શૌત નામના સ્થળે પહોંચી, તો અબ્દુલ્લાહ બિન ઉબઈ પોતાના ૩૦૦ સાથીઓને લઈને ઈસ્લામી સેનાથી અલગ થઈ ગયો. તેણે એ કારણ બતાવ્યું કે અમારા મતને સ્વીકારવામાં આવ્યો નથી, તેથી અમે પોતાને બરબાદીમાં નાખવા માટે તૈયાર નથી. હવે માત્ર ૭૦૦ લડવૈયાઓ રહી ગયા.

વ્હાલા નબી સલ્લ.એ મદીનાથી ત્રણ કિલોમીટર દૂર સ્થિત ઉહદ પહાડના પાલવમાં પોતાનો પડાવ નાખ્યો. આપ સલ્લ. અને આપની સેનાએ એ રીતે પોતાની પોઝીશન લીધી કે ઉહદ તેમની પીઠની તરફ રહેતો હતો. આપ સલ્લ.એ સૂચના આપી કે જ્યાં સુધી હું આદેશ ન આપું, યુદ્ધ શરૂ કરવામાં ન આવે. આપ સલ્લ.એ ઉહદની પાછળ બે પહાડો વચ્ચેના માર્ગની દેખરેખ માટે ૫૦ તીરંદાજોને નિયુક્ત કર્યા, જેનું નેતૃત્વ અબ્દુલ્લાહ બિન ઝુબૈર રદિ.ને સોંપ્યું. આપ સલ્લ.એ એ સ્પષ્ટ નિર્દેશ આપ્યો કે તેઓ તીરંદાજો દ્વારા શત્રુના ઘોડેસવારોના હુમલાને રોકે અને તેનું ધ્યાન રાખે કે તેઓ અમારા પાછળથી ન આવી જાય. આપ સલ્લ.એ એ પણ આદેશ આપ્યો કે તેઓ પોતાની પોઝીશન કોઈ પણ હાલતમાં ન છોડે. આપ સલ્લ.એ એ પણ કહ્યું કે જો તમે જુઓ કે અમારૂં માંસ પક્ષીઓ ખાઈ રહ્યા છે, તો પણ તમે પોતાની જગ્યાએથી ન હટજો .

તે તરફ કુરેશના ત્રણ હજાર સૈનિકોમાં ૭૦૦ બખ્તરધારી હતા, ૨૦૦ ઘોડા

અને ૩૦૦૦ ઊંટ હતા. તેઓ દરેક પ્રકારે શક્તિશાળી હતા. યુદ્ધ શરૂ થયું. ઉહદ પહાડની ધરતી ઇસ્લામના સૌથી કિમતી લોહીથી રંગાઈ ગઈ. તીરંદાજોએ પોતાનું સ્થાન છોડી દેવાને કારણે, જો કે આ યુદ્ધમાં મુસલમાનોની હાર થઈ અને આપ સલ્લ.ના ઘણા મહત્ત્વપૂર્ણ સાથીઓ શહીદ થયા, પરંતુ આ તે અર્થમાં ઐતિહાસિક વિજય છે કે સત્ય-ધર્મ ઇસ્લામ ઉપર અડગ રહેવા અને નબી સલ્લ. પ્રત્યે પ્રેમ-નિષ્ઠા અને વફાદારીનો સૌ પ્રથમ નમૂનો અહીંથી પ્રાપ્ત થયો. અહીં જ ઇસ્લામ કાજે વીરતા અને શૌર્યનું અનુપમ અને વ્યવહારિક પ્રદર્શન થયું. હઝરત મુહમ્મદ સલ્લ.ના નેતૃત્વમાં ૭૦૦ મુજાહિદોએ ધર્મ અને ઈમાન (આસ્થા) માટે પોતાના પ્રાણોની બાજી લગાવી દીધી હતી, આવી કોઈ બીજી ઘટના માનવ ઇતિહાસમાં નથી મળતી. ઉહદની સમસ્ત ધરતી પયગંબરીના પ્રકાશના પતંગિયાઓની રાખ છે. અહીં પણ વ્હાલા નબી સલ્લ.ના વ્યક્તિત્વ અને તેમની શિક્ષાનું સૌંદર્ય ચમકે છે. સંભવતઃ આ જ કારણથી હઝરત અનસ ઇબ્ને નઝ્ર રદિ.એ કહ્યું હતું, '"મને ઉદહ પર્વતની તરફથી જન્નત (સ્વર્ગ)ની સુગંધ આવી રહી છે."

હઝરત અનસ રદિ. પણ અહીં જ શહીદ થયા હતા. તેમના શરીર ઉપર ૮૦થી વધુ ઘા હતા. હઝરત હમઝા રદિ.એ આ લડાઈમાં અત્યંત વીરતા અને બહાદુરીનું પ્રદર્શન કરતાં શત્રુ-સેનાના કેટલાય નાયકોને ધૂળ ચાટતા કરી દીધા અને પોતાનું નામ પણ શહીદોની સૂચિમાં નોંધાવ્યું હતું. તેમના શરીરના ટૂકડે-ટૂકડા કરી દેવામાં આવ્યા હતા. હઝરત મુસ્અબ ઇબ્ને ઉમર રદિ. પણ અલ્લાહના રસૂલ સલ્લ.ની રક્ષા કરતા શહીદ થયા.

ઉહદ પર્વતના પાલવમાં હઝરત અબૂદુજાના રદિ.એ શત્રુના હુમલાથી આપ સલ્લ.ને બચાવવા પોતાની પીઠને ઢાલ બનાવી દીધી હતી. તીર તેમની પીઠને વારંવાર વીંધી રહ્યા હતા, પણ તેઓ સ્હેજ પણ હલ્યા નહીં, ત્યાં સુધી કે શહીદ થઈ ગયા. હઝરત તલ્હા રદિ.એ આ યુદ્ધમાં અલ્લાહના રસૂલ સલ્લ. ઉપર ચલાવવામાં આવેલ તીરોને પોતાના હાથોથી રોક્યા હતા.

શત્રુ-સેનાએ ખૂબ પાશવતા દેખાડી, પણ સદ્-ક્રાંતિના ધ્વજવાહકોના સંકલ્પો અને હિંમત ઉપર કોઈ પ્રભાવ ન પડ્યો. તેમના હૃદયો વધુ મજબૂત થયા. હઝરત ઝિયાદ બિન સકન રદિ.ના તરફડતા શરીરને જ્યારે આપ સલ્લ.ના કહેવાથી આપની પાસે લાવવામાં આવ્યું, તો તેમણે પોતાના ગાલ આપના શુભ ચરણોથી

લગાવી દીધાં. તે જ દરમ્યાન શત્રુ-સેનાના ઉત્બા બિન અબી વક્કાસને તક મળી ગઈ. તેણે એક પથ્થરથી આપ સલ્લ. ઉપર વાર કર્યો, જેનાથી આપ સલ્લ.નો નીચેનો દાંત શહીદ થઈ ગયો અને નીચલો હોઠ ખરાબ રીતે ઝખ્મી થયો. અબ્દુલ્લાહ બિન કમિઆએ એક એવો સખત વાર કર્યો કે મુબારક ગાલો ઉપર ચોટ વાગી અને પોતાના બખ્તરની બે કડીઓ ગાલોમાં ઘૂસી ગઈ. માથા ઉપર વાગ્યું. ઝખ્મી હોઠથી લોહી વહી રહ્યું હતું. લોહી વહીને મુબારક ચહેરા ઉપર આવી ગયું. આપ સલ્લ. તેને લૂછતાં જતા અને કહેતા –

''તે કોમ કેવી રીતે સફળ થઈ શકે છે, જેણે પોતાના નબીના ચહેરાને લોહીથી તરબતર કરી દીધો, જે તેમને તેમના પાલનહાર તરફ બોલાવે છે.''

આ યુદ્ધમાં નબી સલ્લ.ની શહાદતની અફવા ફેલાઈ, જેનાથી ઘણા સહાબાની હિંમત તૂટી ગઈ. આ યુદ્ધમાં ૭૦ મુસલમાનો શહીદ થયા, જેમાં મોટા-મોટા બહાદૂર સહાબા હતા. આ મુસલમાનો માટે અત્યંત કઠિન દિવસ હતો. લડાઈ રોકાઈ તો તેમના શરીર ઝખ્મોથી ભરેલા હતા, પરંતુ તેમનો જુસ્સો બુલંદ હતો. બીજી તરફ દુશ્મન, યહૂદીઓ અને મુનાફિકો (દંભીઓ) ઘણા ખુશ હતા. નબી સલ્લ.એ વિચાર્યું કે ક્યાંક દુશ્મન એમ ન સમજી લે કે તેઓ ઢીલા પડી ગયા છે અને તેઓ પલટીને ફરી આપણા ઉપર હુમલો કરી દે. આપ સલ્લ.એ પોતાના સાથીઓથી કહ્યું –

''કોણ દુશ્મનનો પીછો કરશે ?''

મુસલમાનો ખૂબ થાકી ગયા હતા, તેથી આપ સલ્લ.એ હમરા-ઉલ અસદ સુધી અબૂ સુફ્યાનનો પીછો કર્યો, જે મદીનાથી આઠ માઈલ દૂર છે. આપ સલ્લ. શનિવાર ૭ શવ્વાલ, સને ૩ હિજરીની સાંજે મદીના પાછા આવ્યા.

મદીનાના યહૂદીઓ નબી સલ્લ. સાથે સંધિઓ તોડી ચૂક્યા હતા. યહૂદીઓના નેતાઓ અને વિદ્વાનો ઇસ્લામની વધતી જતી તાકાતને જોઈને અસંતુષ્ટ રહેતા હતા. મુસલમાનોથી તેમનું ઘર્ષણ પણ થઈ ચૂક્યું હતું. તેમણે મક્કાના કુરૈશીઓથી મળીને જબરદસ્ત ચઢાઈ કરવાની યોજના બનાવી. ફળસ્વરૂપે એક લશ્કરી સંધિ થઈ, જેમાં કુરૈશ, યહૂદીઓ અને ગતફાન કબીલો સામેલ હતો. કેટલીક શરતો પણ નક્કી કરવામાં આવી, જેમાં એક એ હતી કે આ સંયુક્ત સેનામાં ગતફાનના છ હજાર સૈનિકો હશે. તેના બદલામાં યહૂદીઓ ગતફાનને ખૈબરના બગીચાઓનો પાક આખું વર્ષ આપ્યા કરશે. કુરૈશીઓના ચાર હજાર સૈનિકો તેમાં સામેલ થયા. દસ હજાર

વ્યક્તિઓની સેનાનો સેનાપતિ અબૂસુફ્યાનને બનાવવામાં આવ્યો. વ્હાલા નબી સલ્લ.ને આ માહિતી મળી ગઈ હતી. વિચાર-વિમર્શ થયો અને મદીનામાં રહીને સુરક્ષાત્મક લડાઈને પ્રાથમિકતા આપવામાં આવી. હઝરત મુહમ્મદ સલ્લ.ની સાથે ત્રણ હજાર સૈનિકો હતા.

આ પ્રસંગે હઝરત સલમાન ફારસી રદિ.એ મદીનાના ઉત્તર દિશાના ખુલ્લા ભાગ તરફ ખાઈ ખોદવાનું સૂચન કર્યું. તેમના સૂચનને સ્વીકારી લેવામાં આવ્યું અને ખાઈ ખોદવાનું કામ શરૂ થઈ ગયું. આપ સલ્લ. પણ આ કામમાં સામેલ થયા. હઝરત અબૂ તલ્હા રદિ. કહે છે મેં અલ્લાહના રસૂલ સલ્લ.થી ભૂખની ફરિયાદ કરી અને પોતાનું પેટ ખોલીને બતાવ્યું, જેના ઉપર એક પથ્થર બાંધવામાં આવ્યો હતો. આ જોઈને અલ્લાહના રસૂલ સલ્લ.એ પોતાના પેટ ઉપરથી કપડું હટાવ્યું અને અમે જોયું કે તેના ઉપર બે પથ્થર બાંધેલા છે.'' અરબસ્તાનમાં લોકો ભૂખની હાલતમાં પોતાને સીધા-ટટ્ટાર રાખવા માટે પેટ ઉપર પથ્થર બાંધી લેતા હતા. ઘણી મુશ્કેલીઓ પછી ખાઈ ખોદાઈ ગઈ. આ ઈરાની યુદ્ધ-નીતિ હતી. તેનાથી આરબો પરિચિત ન હતા. તેના કારણે દુશ્મનનું સૈન્ય જ્યારે ખાઈની નિકટ પહોંચ્યું, તો ક્રોધથી ચક્કર કાપવા લાગ્યું. મદીના ઉપર હુમલો માત્ર ઉત્તર દિશાથી જ સંભવ હતો, જે તરફ ખાઈ ખોદવામાં આવી હતી. શહેરના શેષ ત્રણ ભાગ પર્વતો, પહાડો અને ખજૂરના બગીચાઓથી ઘેરાયેલા હતા. છેવટે કુરૈશીઓએ શહેરના બનુ કુરૈઝા કબીલાના યહૂદીઓને તે માટે તૈયાર કરવાનું ઇચ્છ્યું કે તેઓ મુસલમાનો ઉપર પાછળથી હુમલો કરી દે. યહૂદીઓ સંમત થઈ ગયા, પરંતુ તેમનું પણ કંઈ ન ચાલ્યું અને તેમનું ષડ્યંત્ર નિષ્ફળ થઈ ગયું. દુશ્મનનું સૈન્ય લગભગ એક મહિનાથી મદીનાને ઘેરીને ઊભું હતું. તેના ખાઈ પાર કરવાના તમામ પ્રયત્નો નાકામ થઈ ગયા. ખાદ્યસામગ્રીની સમસ્યા પણ જટિલ બની ગઈ, તેમની ખાદ્યસામગ્રીના એક જથ્થા ઉપર રસ્તામાં જ એક મુસલમાન સૈનિક ટુકડીએ કબજો કરી લીધો. મોસમ પણ અનુકૂળ ન હતી. ઠંડી અસહ્ય હતી. એક રાત્રે સખત આંધી આવી. દુશ્મનોના તંબુ ઉખડી ગયા. ખાવાની હાંડીઓ વિખેરાઈ ગઈ. પશુઓ ભાગવા માંડ્યા. શત્રુઓએ ગભરાઈને ભાગવાનું શરૂ કરી દીધું, ત્યાં સુધી કે સવાર પડતા મેદાન ખાલી થઈ ગયું. હઝરત મુહમ્મદ સલ્લ.ના કાળમાં અન્ય કેટલાક છૂટાં-છવાયા યુદ્ધો અને લડાઈઓ થઈ, જેમાં કેટલાકમાં આપ સલ્લ. પોતે પણ સામેલ થયા.

—●—

# હુદૈબિયાની સંધિ

કા'બા ઈસ્લામનું મૂળ કેન્દ્ર હતું, પરંતુ મુસલમાનોને આ કેન્દ્રથી નીકળ્યે છ વર્ષ થઈ ગયા હતા. તેથી મુસલમાનોની હાર્દિક ઈચ્છા થઈ કે કા'બાનો તવાફ (પરિક્રમા) કરે. વ્હાલા નબી સલ્લ.એ આ મુજબનું એક સ્વપ્ન પણ જોયું અને ઉમરા કરવાની જાહેરાત કરી દીધી. આપ સલ્લ.ના સાથીઓ પણ તે માટે તૈયાર થઈ ગયા. પ્રથમ ઝિલ્કદ, સને ૬ હિજરીને સોમવારના દિવસે નબી સલ્લ.એ પોતાની કસવા નામની ઊંટણી ઉપર સવાર થઈને મક્કા માટે પ્રસ્થાન કર્યું. આપ સલ્લ.ની સાથે આપ સલ્લ.ની પત્નિ ઉમ્મે સલમા રદિ. હતી અને ચૌદસો-પંદરસો સાથીઓ હતા. મ્યાનમાં તલવાર સિવાય અન્ય કોઈ હથિયાર સાથે લીધું ન હતું. ઝુલ-હુલૈફા પહોંચીને કુરબાનીના પશુઓને નિશાનીઓ કરવામાં આવી. તે વખતે એ વાતનું એલાન થઈ ગયું કે મુસલમાનોનો ઈરાદો માત્ર ખાન-એ-કા'બાના દર્શન છે, લડાઈ કે હુમલાની કોઈ સંભાવના નથી. રસ્તામાં બશીર ઈબ્ને સૂફયાને નબી સલ્લ.ને જાણ કરી કે કુરૈશીઓનો ફેંસલો છે કે મુહમ્મદ સલ્લ. મક્કામાં પ્રવેશ નથી કરી શકતા અને એ કે તેઓ મુકાબલા માટે તૈયાર છે.

આ માહિતી છતાં આપ સલ્લ. આગળ વધતા ગયા અને હુદૈબિયા નામના સ્થળે પહોંચીને પડાવ કર્યો. મક્કાની નજીક હુદૈબિયા નામનો કૂવો હતો અને આ જ નામનું ગામ પણ હતું. વ્હાલા નબી સલ્લ.એ ખિરાશ બિન ઉમૈયા ખુઝાઈને મક્કાવાસીઓથી વાતચીત કરવા મોકલ્યા. મક્કાવાસીઓએ તેમના ઊંટને ઝબે કરી દીધું અને પછી તેઓ ફિરાશને કતલ કરવા માગતા હતા, પણ કોઈ રીતે બચાવ થઈ ગયો. પછી આપ સલ્લ.એ હઝરત ઉસ્માન રદિ.ને મોકલ્યા. પરંતુ કુરૈશીઓ કોઈ પણ પ્રકારે મુસલમાનોને કા'બાના તવાફ અને દર્શનની પરવાનગી આપવા તૈયાર ન થયા. તેની સામે સુહૈલ બિન અમ્રને પોતાનો પ્રતિનિધિ બનાવીને આપ સલ્લ. પાસે મોકલ્યો. બંને પક્ષો વચ્ચે વાતચીત પછી સમજૂતીની શરતો નક્કી થઈ. આ એક ઐતિહાસિક સંધિ હતી, જેમાં હઝરત મુહમ્મદ સલ્લ. સામેલ હતા. આ સમજૂતીની મુખ્ય વાતો આ પ્રમાણે હતી :

૧. દસ વર્ષ સુધી બંને પક્ષોમાં યુદ્ધ-બંધી રહેશે . કોઈ કોઈના ઉપર હાથ નહીં ઉઠાવે.

૨. મુસલમાન આ વર્ષે પાછા ફરી જાય અને આવતા વર્ષે કા'બાના દર્શન માટે આવે. ત્રણ દિવસ મક્કામાં રોકાણ કરશે અને તલવારો મ્યાનમાં રાખશે.

૩. કુરૈશનો જે માણસ પોતાના વાલીની મંજૂરી વિના અર્થાત્ ભાગીને મુહમ્મદ (સલ્લ.) પાસે જશે, મુહમ્મદ (સલ્લ.) તેને પાછો મોકલી દેશે, પરંતુ મુહમ્મદના સાથીઓમાંથી જે માણસ ભાગીને સુરક્ષા માટે કુરૈશની પાસે જશે તેને કુરૈશ પાછો નહીં મોકલે.

૪. મુહમ્મદ (સલ્લ.)ના સાથીઓમાંથી જે વ્યક્તિ હજ્જ અથવા ઉમરા માટે મક્કા આવે, તેને જાન-માલની સુરક્ષા મળશે અને કુરૈશનો જે માણસ ઈજિપ્ત કે સીરિયા જતાં મદીનાથી પસાર થશે તેને પણ જાન-માલની સુરક્ષા મળશે.

૫. આરબ કબીલાઓને એ અધિકાર પ્રાપ્ત હશે કે તેઓ મુસલમાનો અથવા કુરૈશમાંથી જેની સાથે ઇચ્છે, સંધિ કરી લે.

આમાંથી કેટલીક શરતો સ્પષ્ટ રીતે મુસલમાનોના વિરુદ્ધ હતી અને તેનાથી ચોખ્ખું એવું પ્રતીત થતું હતું કે મુસલમાનોએ દબાઈને સમજૂતી કરી છે. હજુ આ સમજૂતી પૂરી પણ થઈ ન'હોતી કે સુહૈલના પુત્ર અબૂ જન્દલ રદિ. કેદથી ભાગીને સાંકળોમાં બંધાયેલા આવ્યા. તેઓ મુસલમાન બની ગયા હતા. તેમણે આપ સલ્લ.થી નિવેદન કર્યું, ''હે અલ્લાહના રસૂલ ! આપ મને દુશ્મનોના પંજામાંથી છોડાવીને પોતાની સાથે લઈ ચાલો.'' સુહૈલે અબૂ જન્દલ રદિ.ને જોતાં જ માંગણી કરી કે સંધિની શરતો અનુસાર તેને પરત કરી દો. મુહમ્મદ સલ્લ.એ ફરમાવ્યું, ''હજુ તો લખાણ પૂરૂં નથી થયું. તેને મારા ખાતર પરવાનગી આપી દો.'સુહૈલે કહ્યું, '' તો પછી સંધિની વાત પૂરી નથી થઈ શકતી.'' તે જોતાં નવયુવાનને આપ સલ્લ.એ પરત સોંપી દીધો અને ખાત્રી આપી કે અલ્લાહ તમારી મુક્તિ માટે કંઈ કરશે. અબૂ જન્દલ રદિ.ની પરત સોંપણીથી મુસલમાનોમાં સખત પ્રતિક્રિયા થઈ. હઝરત ઉમર રદિ.એ તો આપ સલ્લ.થી ત્યાં સુધી કહી દીધું કે, ''જ્યારે કે આપ અલ્લાહના સાચા નબી છો, તો આપણે આવું અપમાન કેમ સહન કરીએ?''

હઝરત મુહમ્મદ સલ્લ.એ શાંતિથી જવાબ આપ્યો, ''હું અલ્લાહનો સાચો

પયગંબર છું. તેના આદેશના વિરુદ્ધ કંઈ કરી શકતો નથી. અલ્લાહ મારી મદદ કરશે.'' સંધિ પછી આપ સલ્લ.એ હુકમ આપ્યો કે, ''મુસલમાનો પોતાન કુરબાની અહીં જ કરે અને માથા મુંડાવી નાખે.''હુકમનું પાલન કરવામાં આવ્યું. બે અઠવાડિયા પસાર થયા પછી હુદૈબિયાથી નબી સલ્લ. અને આપના સાથીઓ પાછા આવી ગયા. રસ્તામાં કુર્આનનો એક ભાગ સૂરઃ ફતહનું અવતરણ થયું, જેમાં સંધિને 'સ્પષ્ટ વિજય' કહેવામાં આવી. આપ સલ્લ.એ સાથીઓને એકઠા કરીને કહ્યું કે, ''આ સ્પષ્ટ વિજય છે.'' (તો આશ્ચર્યથી ઘણા લોકોએ પૂછ્યું, '''હે અલ્લાહના રસૂલ સલ્લ. ! શું આ વિજય છે?'' આપ સલ્લ.એ કહ્યું, ''સોગંદ છે તે અલ્લાહના, જેના કબજામાં મારા પ્રાણ છે ! નિઃશંક આ શાનદાર વિજય છે.'' ત્યારપછીની ઘટનાઓથી એ સિદ્ધ થઈ ગયું કે આ સમજૂતી મુસલમાનોના પક્ષમાં હતી. હઝરત ઉમર રદિ.ને નબી સલ્લ.થી અશિષ્ટ રીતે વાત કરવાનો હંમેશા પસ્તાવો રહ્યો અને તેઓ રોઝા (ઉપવાસ) રાખી-રાખીને તેનું પ્રાયશ્ચિત કરતા રહ્યા.

હુદૈબિયાની સંધિએ લોકોના દિલોને જીતી લીધાં. કુરૈશના સેનાપતિ ખાલિદ બિન વલીદ રદિ. આ સમજૂતી પછી મુસલમાન થયા અને અલ્લાહે તેમને 'સૈફુલ્લાહ' (અલ્લાહની તલવાર)નો ઇલકાબ આપ્યો. એક અન્ય સેનાપતિ અમ્ર બિન આસ રદિ. પણ આ જ કાળમાં મુસલમાન થયા અને મદીના આવી ગયા.

—•—

# સમગ્ર દુનિયાને ઇસ્લામનો સંદેશ

હુદૈબિયાની સંધિ પછી પરિસ્થિતિઓમાં સહજરૂપે સ્થિરતા આવી અને ઈસ્લામના વ્યાપક પ્રચાર-પ્રસારના માર્ગો ખૂલી ગયા. પ્રથમ મુહર્રમ ૭ હિજરી, ગુરૂવારના રોજ નબી સલ્લ.એ મસ્જિદમાં સાથીઓને સંબોધન કરતાં કહ્યું –

''હે લોકો ! અલ્લાહ તઆલાએ મને સમગ્ર દુનિયા માટે રહમત (કૃપા)નો પયગંબર બનાવીને મોકલ્યો છે, (મારો સંદેશ સમગ્ર દુનિયા માટે છે અને આ સૌના માટે કૃપા છે) જુઓ, ઈસા અ.સ.ના સાથીઓની જેમ મતભેદ ન કરતા. જાઓ, મારા તરફથી સૌને સત્ય-સંદેશ પહોંચાડી દો.''

આ વાસ્તવમાં ઈસ્લામના આંતરરાષ્ટ્રીય આહ્વાનનો પ્રારંભ હતો. આપ સલ્લ.એ આ જ ભાવના સાથે અરબસ્તાન અને અરબસ્તાન બહારના સમ્રાટો, સરદારો અને અમીરોના નામે પત્રો લખ્યા, જેમાં ઈસ્લામનો સંદેશ સ્પષ્ટ રૂપે પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. નબી સલ્લ.ના પત્રો લઈ જવા માટે એવા લોકોને પસંદ કરવામાં આવ્યા, જેઓ સમ્રાટો, સરદારો અને અમીરોની હેસિયત અને તેમના પદની ગરિમાના અનુકૂળ વાત કરી શકે તથા ત્યાંની ભાષા અને તે દેશની પરિસ્થિતિઓથી સારી રીતે વાકેફ હોય.

અહીં નમૂના રૂપે આપવામાં આવેલ પત્રોથી એ અનુમાન લગાવી શકાશે કે અરબસ્તાનથી બહાર ઈસ્લામના પ્રચાર માટે કયા પ્રકારની કોશિશો કરવામાં આવી અને તેની શું પ્રતિક્રિયા થઈ?

### ૧. રોમના સમ્રાટ કૈસરના નામે પત્રઃ

રોમના સમ્રાટ કૈસરના નામે જે પત્ર મોકલવામાં આવ્યો તે આ હતો – ''શરૂ અલ્લાહના નામથી, જે રહમાન અને રહીમ છે. (અત્યંત કૃપાળુ અને દયાળુ છે.)

મુહમ્મદ તરફથી, જે અલ્લાહનો બંદો અને તેનો રસૂલ છે.

હરકલના નામે, જે રોમનો સમ્રાટ છે. જે કોઈ સન્માર્ગ ઉપર ચાલે તેના ઉપર હજાર વખત શાંતિ.''

(ત્યારપછી ઈસ્લામનો સંદેશ આ છે.)

અલ્લાહની બંદગી અને આજ્ઞાપાલન કરો, શાંતિ મળશે. અલ્લાહ તમને બમણો બદલો આપશે, પરંતુ જો તમે તેના આજ્ઞાપાલનથી વિમુખ થયા તો તમારા રાજ્યના લોકોના ગુનાઓ પણ તમારા માથે હશે.

હે ઈશ-ગ્રંથ રાખવાનો દાવો કરનારાઓ ! આવો, એક એવી વાત તરફ, જે અમારા અને તમારા દરમ્યાન એક સમાન છે – એ કે આપણે અલ્લાહ સિવાય કોઈની ઉપાસના ન કરીએ, તેની સાથે કોઈને ભાગીદાર ન બનાવીએ અને આપણામાંથી કોઈ પણ અલ્લાહ સિવાય કોઈને પોતાનો પાલનહાર ન બનાવે, પરંતુ જો તમે તેને માનવાથી ઈક્રાર કરો છો તો (અમે સ્પષ્ટ રીતે કહી દઈએ છીએ કે) તમે સાક્ષી રહો કે અમે તો અલાહની જ બંદગી અને આજ્ઞાપાલન કરવાવાળા છીએ.''

આ પત્ર હઝરત દહ્યા કલવી લઈને ગયા હતા. તેમણે બસરામાં હારિસ ગસ્સાનીને જઈને આપ્યો, જે તે સમયે રોમના સમ્રાટ કૈસર તરફથી સીરિયામાં શાસન કરી રહ્યો હતો. તેણે કૈસરને પત્ર મોકલી દીધો. કૈસરને પત્ર મળ્યો તો તેણે આદેશ આપ્યો કે અરબસ્તાનનો કોઈ માણસ હોય તો તેને હાજર કરવામાં આવે. તે વખતે ઈસ્લામ અને મુસલમાનોના સૌથી મોટા શત્રુ અબૂ સુફ્યાન વેપાર માટે તે વિસ્તારમાં ગયા હતા. તેઓને દરબારમાં હાજર કરવામાં આવ્યા. તેમનાથી જે વાતચીત થઈ, તે ખૂબ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. તેનાથી એ અનુમાન લગાવી શકાય છે કે ઈસ્લામી સંદેશ પહોંચ્યા પછી બહારના લોકો ઉપર કયા પ્રકારની પ્રતિક્રિયાઓ ઊભી થઈ. વાતચીત આ મુજબ હતી :

કૈસર : નબી હોવાનો દાવો કરનારનો વંશ કેવો છે ?

અબૂ સુફ્યાન : તેનો સંબંધ પ્રતિષ્ઠિત વંશથી છે.

કૈસર : આ વંશમાં કોઈ અન્ય વ્યક્તિએ પણ નબી હોવાનો દાવો કર્યો હતો?

અબૂ સુફયાન : ના.

કૈસર : શું આ વંશમાં પણ કોઈ સમ્રાટ થયો?

અબૂ સુફ્યાન : ક્યારેય પણ નહીં.

કૈસર : જે લોકોએ આ ધર્મ સ્વીકાર કર્યો, તેઓ નિર્ધન છે કે ધનવાન?

અબૂ સુફ્યાન : નિર્ધન છે.

કૈસર : તેના અનુયાયીઓ વધી રહ્યા છે કે ઘટતા જઈ રહ્યા છે?

અબૂ સુફસાન : સતત વધી રહ્યા છે.

કૈસર : શું તમે લોકોએ તેને કદી જૂઠ બોલતાં જોયા છે ?

અબૂ સુફ્યાન : ક્યારેય પણ નહીં.

કૈસર : શું તે પોતાના વાયદા અને આપેલ વચનનો ક્યારેય ભંગ કરે છે?

અબૂ સુફ્યાનઃ હજુ સુધી તેણે એવી કોઈ વાત કરી નથી. હવે એક નવી સમજૂતી (હુદૈબિયાની સંધિ) થઈ છે, તેમાં જોવાનું રહે છે કે તે પોતાના વચન ઉપર અડગ રહે છે કે ભંગ કરી નાખે છે.

કૈસર : શું તમે ક્યારેય તેના સાથે યુદ્ધ કર્યું છે ?

અબૂ સુફ્યાનઃ હા, કર્યું છે.

કૈસર : યુદ્ધનું શું પરિણામ આવ્યું?

અબૂ સુફ્યાન : ક્યારેક અમે જીત્યા અને કયારેક તેઓ વિજયી રહ્યા.

કૈસર : તે શું શીખવે છે?

અબૂ સુફ્યાન : તે કહે છે કે માત્ર એક અલ્લાહની બંદગી કરો, કોઈ અન્યને કોઈ પણ પ્રકારે ભાગીદાર ન બનાવો, ચરિત્રવાન બનો, સાચું બોલો, પરસ્પર એક-બીજાની સાથે હમદર્દી અને પ્રેમનો વ્યવહાર કરો.

આ વાતચીત પછી કૈસરે કહ્યું –

"પયગંબર હંમેશા સારા વંશમાં જ પેદા થાય છે. જો કોઈ બીજો તેના વંશમાંથી નબી હોવાનો દાવો કરે છે તો બની શકે છે કે તેનો દાવો પણ વંશનો પ્રભાવ સમજવામાં આવતો અને જો તેના વંશમાં કોઈ સમ્રાટ હોત તો તેના માટે એવું સમજવામાં આવતું કે સંભવતઃ રાજા બનવાના લોભમાં એવું કરી રહ્યો છે અને હવે અનુભવ થઈ ગયો છે કે તે કદી પણ જૂઠ નથી બોલ્યો તો તે કેવી રીતે કહી શકાય કે તેણે ઈશ્વરના મામલામાં આટલું મોટું જૂઠ ઘડી લીધું હોય કે ઈશ્વરે તેને પોતાનો પયગંબર બનાવીને મોકલ્યો છે અને એ પણ સત્ય છે કે પયગંબરોના

શરૂઆતના અનુયાયીઓ હંમેશાં ગરીબ લોકો હોય છે અને સાચો ધર્મ હંમેશાં વધતો જ રહે છે અને એ પણ સાચું છે કે પયગંબર ક્યારેય પણ કોઈથી છળ-કપટ નથી કરતા. પછી તમે એ કહો છો કે નમાઝ પઢવાનો, ચરિત્રવાન બનવાનો અને સંયમ અપનાવવાનો આદેશ આપે છે. જો આ બધું જ સાચું છે તો મને વિશ્વાસ છે કે કોઈ ને કોઈ દિવસે તેનો અધિકાર મારા રાજ્ય ઉપર પણ થઈ શકે છે. મને એ તો ખબર હતી કે એક પયગંબર આવનાર છે, પરંતુ એ ખબર ન'હોતી કે તે અરબસ્તાનમાં જન્મ લેશે. હું જો ત્યાં જઈ શકતો તો સ્વયં તેના ચરણ ચૂમી લેતો.''

કૈસરના આ વિચારોને સાંભળીને તેના દરબારના પાદરીઓ અને ઈસાઈ વિદ્વાનો ખૂબ નારાજ થયા અને તેવો ભય પેદા થઈ ગયો કે ક્યાંક કૈસરના વિરુદ્ધ બળવો ન થઈ જાય. આ ભયથી સત્યની તે કિરણ, જે કૈસરના અંતરાત્મામાં ફૂટી રહી હતી, દબાઈને રહી ગઈ. સાચું છે કે સત્યને અપનાવવામાં ધન અને સત્તા મોટો અવરોધ બને છે.

## ૨. ઈરાનના સમ્રાટ કિસરાના નામે પત્રઃ

ઈરાનના સમ્રાટ ખુસરૂ પરવેઝના નામે આ મુજબ પત્ર લખ્યો છે –

''શરૂ અલ્લાહના નામથી, જે રહમાન અને રહીમ છે. મુહમ્મદ તરફથી, જે અલ્લાહનો બંદો અને તેનો રસૂલ છે. કિસરાના નામે, જે ઈરાનનો સમ્રાટ છે.

તેના ઉપર હજાર વખત શાંતિ, જે સન્માર્ગ ઉપર ચાલે અને અલ્લાહ અને તેના રસૂલ ઉપર ઈમાન લાવે અને એ સાક્ષી આપે કે અલ્લાહના સિવાય કોઈ અન્ય ઈશ્વર નથી અને આ કે હું તમામ મનુષ્યો માટે તેની જ તરફથી મોકલવામાં આવેલ પયગંબર છું; જેથી પ્રત્યેક પ્રાણીને હું (તેની અવજ્ઞાના) ભયાનક પરિણામથી ચેતવું. તમે પણ અલ્લાહની બંદગી અને આજ્ઞાપાલન કરો, તમે શાંતિથી રહેશો, અન્યથા અગ્નિને પૂજવાવાળા તમામ લોકોના ગુનાહો તમારા શિરે હશે.''

ખુસરૂ પરવેઝ પત્ર વાંચતા જ નારાજ થઈ ગયો અને તેને ફાડીને ફેંકી દીધો તથા બોલ્યો, ''મારો દાસ થઈને મને આવું લખે છે.'' અને યમનના પોતાના ગવર્નરને આદેશ કર્યો કે આ પયગંબરીનો દાવો કરનારને પકડીને અમારા સામે

હાજર કરવામાં આવે.

### ૩. નજ્જાશી અને અઝીઝના નામે પત્રઃ

લગભગ આ જ હેતુસરના પત્રો હબશાના શાસક નજ્જાશી અને મિસર (ઇજિપ્ત)ના સમ્રાટ અઝીઝના નામે મોકલવામાં આવ્યા. નજ્જાશીએ ઉત્તરમાં લખ્યું કે – ''હું સાક્ષી આપું છું કે આપ અલ્લાહના પયગંબર છો.'

ઇજિપ્તના સમ્રાટે, જો કે પત્ર વાંચીને ઇસ્લામ તો અંગીકાર ન કર્યો, પણ તેણે પત્ર લઈને જનારનું આદર-સન્માન કર્યું અને તેને ભેટ-સોગાદ આપીને પરત રવાના કર્યો.

આ પત્રો ઉપરાંત, આરબ દ્વીપકલ્પના નાના-મોટા રાજાઓ અને મહારાજાઓને પણ પત્રો મોકલવામાં આવ્યા હતા, જેની સારી અસર ઊભી થઈ.

# મક્કા-વિજય

અલ્લાહે મક્કા ઉપર મુસલમાનોના વિજય માટે વિશેષ કારણો ઉત્પન્ન કરી દીધાં. સ્વયં કુરૈશ જ તેનું કારણ બન્યા. એક એવી ઘટના બની હતી, જેણે મક્કા-વિજયનો માર્ગ મોકળો કરી દીધો. હુદૈબિયા-સંધિ અનુસાર જે વ્યક્તિ અલ્લાહના રસૂલ સલ્લ.ના સંરક્ષણમાં આવવા ઇચ્છે, તે એવું કરી શકતી ન હતી. જે વ્યક્તિ કુરેશની સુરક્ષામાં રહેવા ઇચ્છે, તે એવું કરી શકતી હતી. આમ, બનૂબક્ર કબીલાના લોકો કુરૈશની સુરક્ષામાં રહ્યા અને ખુઝાઆ કબીલાના લોકોએ નબી સલ્લ.ના સંરક્ષણમાં રહેવાનું પસંદ કર્યું. બંને કબીલાઓમાં જૂની દુશ્મની ચાલી આવતી હતી. એક પ્રસંગે બંનેમાં લડાઈ થઈ, જેમાં કુરૈશે બનૂબક્રની હથિયારોથી મદદ કરી. બનૂબક્ર ખુઝાઆ કબીલાના લોકોનો પીછો કરતાં કા'બા સુધી પહોંચી ગયા અને કા'બામાં તેમની કત્લેઆમ કરી. પરિસ્થિતિથી લાચાર થઈને અમ્ર બિન સાલિમ બિન ખુઝાઈ મદીના આવીને અલ્લાહના રસૂલ સલ્લ.થી મળ્યા અને આપ સલ્લ.ને આ ઘટનાની માહિતી આપી. આપ સલ્લ.થી સહાયતા માંગી. આ સાંભળીને અલ્લાહના રસૂલ સલ્લ.એ કહ્યું –

''અમ્ર બિન સાલિમ! તમારી સહાયતા જરૂર કરવામાં આવશે.'' વ્હાલા નબી સલ્લ. એ એક માણસને મક્કા મોકલ્યો અને નિર્દેશ આપ્યો કે કુરૈશની સામે ત્રણ વાતો મૂકે –

(૧) ખુઝાઆના જે લોકો માર્યા ગયા છે, તેમનો ખૂંબહા (આર્થિક ક્ષતિપૂર્તિ, Blood Money) અદા કરવામાં આવે.

(૨) બનૂબક્રની મદદ કરવામાં ન આવે.

(૩) હુદૈબિયા-સંધિને ભંગ કરવાની જાહેરાત કરવામાં આવે.

આ શરતોને કુરૈશ સમક્ષ મૂકવામાં આવી. તેમના સરદારોએ કહ્યું, ''અમને માત્ર ત્રીજી શરત મંજૂર છે.'' હુદૈબિયા-સંધિ સમાપ્ત થઈ ગઈ. જયારે મક્કાવાળાઓને પોતાની ભૂલ સમજાઈ તો તેમણે અબૂ સુફિયાનને મદીના મોકલ્યો અને તેઓ પોતાની દીકરી ઉમ્મુલ મુઅમેનીન હઝરત ઉમ્મે હબીબા રદિ.ના ઘરે

ગયા અને અલ્લાહના રસૂલ સલ્લ.ની પથારી ઉપર બેસવા ગયા, તો તેમણે તે ઉઠાવી લીધી અને કહ્યું કે આ અલ્લાહના રસૂલ સલ્લ.ની પથારી છે. હું એ પસંદ કરતી નથી કે તમે તેના ઉપર બેસો.

અબૂ સુફિયાને કહ્યું, '''ખુદાના સોગંદ ! અમારાથી અલગ થઈને તું તો તદન બદલાઈ ગઈ છે.''

પછી તે અલ્લાહના રસૂલ સલ્લ.ની પાસે ગયો અને આપ સલ્લ.થી વાતચીત કરવાની ઇચ્છા દર્શાવી. પરંતુ આપ સલ્લ.એ કોઈ જવાબ ન આપ્યો. પછી તે અબૂબક્ર રદિ. પાસે ગયો અને નિવેદન કર્યું કે તેઓ તેમની તરફથી આપ સલ્લ. સાથે વાત કરે. તેમણે ઇન્કાર કરી દીધો. છેવટે તે મસ્જિદમાં ગયો અને ત્યાં ઊભા થઈને જાહેરાત કરી કે –

''લોકો ! મેં હુદૈબિયા-સંધિને પુનઃજીવિત કરી દીધી.''

ત્યારપછી ઊંટ ઉપર સવાર થઈને મક્કા ચાલ્યો ગયો.

હઝરત મુહમ્મદ સલ્લ.એ પોતાના સાથીઓને લશ્કરી તૈયારીઓ કરવાનો આદેશ આપ્યો, પણ એ ન બતાવ્યું કે ક્યાં જવાનું છે. દસ રમઝાનના દિવસે નબી સલ્લ.એ દસ હજાર સૈનિકોની સાથે મક્કા માટે કૂચ કરી અને મક્કા શહેરથી કેટલાક અંતરે રાત્રે પડાવ નાખ્યો. મકકાવાસીઓને કંઈ જ ખબર ન હતી. પછી નબી સલ્લ. ઝુહફા પહોંચ્યા તો આપ સલ્લ.ના કાકા હઝરત અબ્બાસ રદિ. ઇસ્લામ સ્વીકારવાની સાથે પોતાના પરિવાર સહિત આવી મળી ગયા. આપ સલ્લ.થી કેટલીક વાતો થઈ. આપ સલ્લ.એ આપનું સફેદ ખચ્ચર હઝરત અબ્બાસ રદિને આપી દીધું અને કહ્યું કે ''અબૂ સુફિયાનને લેતા આવો.'' પછી મર્રુઝ્ઝહરાન પહોંચીને રાત્રે કેમ્પ લગાવવામાં આવ્યો, તો આપ સલ્લ.એ લશ્કરી રણનીતિ અનુસાર આદેશ આપ્યો કે તમામ સૈનિકો પોતાના માટે અલગ-અલગ આગ રોશન કરે, અબૂ સુફિયાન અને બીજા લોકો મક્કાની દેખભાળ માટે નીકળ્યા તો દસ હજાર ચૂલાઓને સળગતા જોઈને હેરાન થઈ ગયા.

અબૂ સુફિયાનને આપ સલ્લ.ની પાસે લાવવામાં આવ્યો.

હઝરત અબ્બાસ રદિ.એ કહ્યું, ''હું અબૂ સુફિયાનને મારા શરણમાં લઈને આવ્યો છું.''

ઈસ્લામના શિક્ષણથી પ્રભાવિત થઈને આગલી સવારે અબૂ સુફિયાને આપ સલ્લ. સમક્ષ ઈસ્લામ અંગીકાર કરી લીધો.

મક્કા હવે બિલકુલ સામે જ હતું. આપ સલ્લ.એ સેનાને અનેક વિભાગોમાં વહેંચી દીધી. દરેક વિભાગનો અલગ-અલગ કમાંડર બનાવ્યો. સૌને આદેશ આપ્યો કે શહેરમાં જુદા-જુદા માર્ગોથી પ્રવેશ કરે અને ત્યાં સુધી કોઈ પહેલ ન કરે, કોઈની ઉપર હાથ ન ઉઠાવે, જ્યાં સુધી બીજી તરફથી કોઈ પ્રતિરોધ ન કરે.

આપ સલ્લ.એ જોયું કે હઝરત અબૂ સુફિયાન રદિ.નું માથુ નમેલું હતું. ચહેરા ઉપર ઉદાસી છવાયેલી હતી. આપ સલ્લ.એ ફરમાવ્યું, "શું વાત છે અબૂ હંઝલા (અબૂ સુફિયાન) અમારી સાથે વિચાર-વિમર્શમાં ભાગ લેતા નથી?"

અબૂ સુફિયાન રદિ.એ કહ્યું, '"અલ્લાહના રસૂલ સલ્લ. ! હવે કુરૈશ ઉપર આપનું વર્ચસ્વ છે. આપ સલ્લ.ની સેનામાં કેટલાક એવા પણ છે કે જેઓ બદલાની ભાવનાથી પ્રેરિત છે. આપ સલ્લ.થી અનુરોધ છે કે નમ્રતાથી કામ લો. દુશ્મનોને હસવાની તક આપવામાં ન આવે."

વ્હાલા રસૂલ સલ્લ.એ કહ્યું, ''ના-ના, અબૂ સુફિયાન, તમે વિશ્વાસ રાખો. મક્કામાં તો મુસલમાનોના ભાઈબંધુઓ પણ છે. મુહાજિરોના પિતાઓ અને કાકાઓ પણ છે. અહીં જ પ્રતિષ્ઠિત ઘર કા'બા પણ તો છે. અબૂ સુફિયાન, પોતાની કોમમાં જાવ અને તેમનાથી કહો કે મુહમ્મદ સલ્લ. એક સજ્જન ભાઈની જેમ દાખલ થશે. આજે ન કોઈ વિજેતા છે, ન તો પરાજિત. ન કોઈ વર્ચસ્વશાળી છે અને ન તો પરાધીન. આજે તો પ્રેમ અને એકતાનો દિવસ છે, આજે તો શાંતિ, ચેન અને સુકૂનનો દિવસ છે. અબૂ સુફિયાનના ઘરમાં જે દાખલ થઈ જાય તેને શરણ છે, જે પોતાના મકાનનો દરવાજો બંધ કરી દે તેને શરણ છે, જે કા'બામાં દાખલ થઈ જાય તેને શરણ છે.''

અબૂ સુફિયાન રદિ.એ મક્કાવાળાઓને જ્યારે આ વાત બતાવી તો તેઓ ખૂબ ખુશ થયા. વિરોધીઓએ હથિયાર હેઠાં મૂકી દીધાં. મકાનોના દરવાજાઓ બંધ કરી દીધા અને બારીઓમાંથી ઝાંખવા લાગ્યા. અલ્લાહના રસૂલ સલ્લ. જ્યારે ૨૦ રમઝાનના દિવસે મક્કામાં વિજેતાના રૂપે દાખલ થયા તો, ન કોઈ નારાબાજી થઈ, ન કોઈ તોફાન-મસ્તી. નબી સલ્લ.ની હાલત એ હતી કે સવારી ઉપર માથું ઝુકાવીને બેસ્યા હતા. અલ્લાહ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવી રહ્યા હતા. ગર્વ અને ઘમંડનું

નામો-નિશાન ન હતું. વિજય-દિને એક વ્યક્તિ આપ સલ્લ.થી વાત કરતાં કાંપતો હતો તો આપ સલ્લ.એ કહ્યું –

‘‘ગભરાવ નહીં, હું કોઈ બાદશાહ નથી. હું તો કુરૈશની એક એવી સ્ત્રીનો પુત્ર છું, જે માંસના સૂકા ટુકડા ખાતી રહેતી હતી.’’

વ્હાલા રસૂલ સલ્લ.નો ઝંડો જૈહુન નામના સ્થળે સ્થાપિત થઈ ગયો અને ત્યાં જ રોકાણની જગ્યા નક્કી કરવામાં આવી. તે ઐતિહાસિક સ્થળે આપ સલ્લ. તશરીફ લઈ ગયા, જ્યાં કબીલાની સાથે નજરકેદનો સમય વીત્યો હતો. પછી મસ્જિદે-હરામ (કા’બા) પહોંચ્યા. ઈસ્લામ પૂર્વે મક્કાની શેરીઓમાં શોષિત જીવન વ્યતીત કરવા માટે મજબૂર કરી દેવામાં આવનાર હઝરત બિલાલ રદિ.એ કા’બાની ઊંચાઈ ઉપરથી અઝાન (અલ્લાહની મહાનતાની પોકાર) પોકારી. આપ સલ્લ.એ તવાફ (કા’બાની પરિક્રમા) કર્યો. તે સમયે કા’બામાં ૩૬૦ મૂર્તિઓ હતી. આપ સલ્લ.ના હાથમાં કમાન હતી. તેની અણી મૂર્તિઓ ઉપર મારતા જતા અને કહેતા જતા, ‘‘સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું. અસત્ય તો નાશ પામવાનું જ હતું.’’ આપ સલ્લ.એ અલ્લાહના ઘરને મૂર્તિઓથી તદ્દન પાક-સાફ કરી નાખ્યું. પછી આપ સલ્લ.એ નમાઝ પઢી.

# જાહેર માફીની ઘોષણા

જયારે હઝરત મુહમ્મદ સલ્લ. કા’બાથી બહાર નીકળ્યા તો જોયું કે કુરૈશ કા’બાના આંગણામાં હરોળબદ્ધ ઊભા હતા. તેઓ આપ સલ્લ.ની પ્રતીક્ષા કરી રહ્યા હતા અને પોતાના નસીબનો ફેંસલો સાંભળવા ડર અને સંકોચ સાથે ઊભા હતા. તેમણે મુસલમાનોને ખૂબ સતાવ્યા હતા અને તેમના ઉપર અનેક પ્રકારના અત્યાચાર કર્યા હતા, તેને લીધે તેઓ ઘણાં આશંકિત હતા. નબી સલ્લ. એ તેમને સંબોધિત કરતાં કહ્યું –

‘‘અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય નથી, તે એક છે, તેનો કોઈ ભાગીદાર નથી. તેણે પોતાનું વચન સાચું કરી દેખાડ્યું. તેણે પોતાના બંદાઓની મદદ કરી અને એકલાએ જ તમામ લશ્કરોને પરાજિત કરી દીધાં. સાંભળો ! અભિમાન અને ઘમંડની તમામ ચીજો, ખૂનના બધા દાવાઓ, માલની તમામ માગણીઓ મારા આ કદમોની નીચે છે. હા, કેવળ કા’બાની દેખરેખ અને હાજીઓને પાણી પીવડાવવું તેનાથી અલિપ્ત છે.

હે કુરૈશના લોકો ! હવે અજ્ઞાનતા, અભિમાન અને બાપ-દાદાના ગર્વને અલ્લાહે મિટાવી દીધાં. તમામ મનુષ્યો આદમની સંતાન છે અને આદમ માટીથી બનાવવામાં આવ્યા હતા.’’ પછી આપ સલ્લ.એ કુર્આનની આ આયતો પઢી –

‘‘લોકો, અમે તમને એક પુરુષ અને એક સ્ત્રીથી પેદા કર્યા અને તમારા ઘણા કબીલાઓ અને પરિવારો બનાવ્યા, જેથી તમે એક-બીજાને ઓળખી શકો. અલ્લાહની નજરમાં તમારામાં સૌથી વધુ સન્માનનીય તે છે, જે તમારામાં સૌથી વધુ સંયમી અને અલ્લાહથી ડરવાવાળો છે. નિઃસંદેહ, અલ્લાહ સર્વજ્ઞાની અને સુમાહિતગાર છે.’’ (કુર્આન, ૪૯ : ૧૩)

પછી આપ સલ્લ.એ એલાન કર્યું, ‘‘‘અલ્લાહ અને તેના રસૂલે દારૂને ખરીદવું અને વેચવું નિષિદ્ધ કરી દીધું છે.’ ત્યાર પછી આપ સલ્લ.એ પૂછ્યું, ‘‘કુરૈશના લોકો ! જાણો છો, હું તમારી સાથે શું કરવાનો છું ?’’ સૌ એકી સાથે પોકારી ઊઠ્યા, ‘‘સારો વ્યવહાર, આપ સજ્જન ભાઈ છો અને સારા ભાઈના પુત્ર છો.’’

આપ સલ્લ.એ કહ્યું, ''આજે તમારી કોઈ પકડ નથી, જાવ, તમે સૌ મુક્ત છો.''

આપ સલ્લ. અત્યંત નમ્ર, પ્રેમ કરનાર, દયાવાન અને કરુણામય હતા. આપ સલ્લ.ને અલ્લાહે 'રહમતુલલિલ્ આલમીન' (સમગ્ર સંસાર માટે દયાળુ અને કૃપાળુ) બનાવીને મોકલ્યા હતા. વાસ્તવમાં સંસારમાં કોઈ એવી વ્યક્તિ નહીં થઈ હોય, જેણે એક-બે નહિં, વારંવાર પોતાના તમામ શત્રુઓ અને વિરોધીઓને માફ કરી દીધા અને આ પ્રકારે માનવતાનો ઉચ્ચત્તમ આદર્શ પ્રસ્તુત કર્યો.

—●—

# અંતિમ હજ્જ પ્રસંગે ઉદ્‌બોધન

મક્કા અને હુનૈનના વિજય પછી અલ્લાહના રસૂલ સલ્લ. મદીના આવી ગયા. અહીં વિભિન્ન સ્થળોએથી પ્રતિનિધિ મંડળો આવ્યા. તેમાંથી મોટાભાગનાઓ એ ઈસ્લામ સ્વીકારી લીધો અને કેટલાકે શત્રુતા પણ બતાવી. નબુવ્વતના જૂઠા દાવેદારો પણ ઊઠ્યા. આપ સલ્લ.એ અલ્લાહ ઉપર ભરોસો કરીને ધૈર્ય અને સમજ-બૂઝથી તેમનો સામનો કર્યો.

હિજરતના દસમા વર્ષે આપ સલ્લ. હજ્જના ઈરાદાથી મક્કા રવાના થયા હતા. આપ સલ્લ.ની સાથે એક લાખથી વધુ લોકોનો કાફલો હતો. આ હજ્જને 'હજ્જતુલ-વિદાઅ', 'હજ્જતુલ-બલાગ' અને 'હજ્જતુલ-તમામ'ના નામોથી યાદ કરવામાં આવે છે. તે પછી આપ સલ્લ.ને મક્કા, કા'બા અને અરફાતના દર્શનની તક ન મળી શકી. હજ્જના પ્રસંગે આપ સલ્લ.એ ઐતિહાસિક ઉદબોધન આપ્યું, જેમાં સમગ્ર માનવતાની સફળતા અને કલ્યાણનું શિક્ષણ નિહિત છે. બીજા શબ્દોમાં, આ ઈસ્લામી આચાર-વિચારની મહત્ત્વપૂર્ણ ઘોષણા છે. હઝરત મુહમ્મદ સલ્લ.એ આ પ્રસંગે બે ઉદ્‌બોધનો કર્યા, જેના મહત્ત્વપૂર્ણ અંશો અહીં પ્રસ્તુત કરવામાં આવે છે –

ઉદ્‌બોધનના પ્રારંભમાં આપ સલ્લ.એ કહ્યું –

'પ્રિય ભાઈઓ ! હું જે કંઈ કહું, ધ્યાનથી સાંભળો, કેમ કે બની શકે કે આ વર્ષ પછી હું તમારાથી અહીં ન મળી શકું.'

''હે મનુષ્યો ! તમારો પ્રભુ પણ એક છે અને તમારો પિતા પણ એક છે.'

''અલ્લાહનો ગ્રંથ અને તેના પયગંબરની સુન્નત (કથન અને કર્મ)ને દૃઢતાથી પકડી રાખજો . લોકોના જાન-માલ અને ઈજ્જતનો ખ્યાલ રાખજો..... કોઈની અમાનત રાખો તો તેમાં અપ્રમાણિકતા ન આચરજો, ખૂના-મરકી અને વ્યાજના નજીક ન ફરકજો.''

આપ સલ્લ.એ કહ્યું –

''કોઈ આરબને બિનઆરબ ઉપર કોઈ પ્રાથમિકતા નથી, ન તો કોઈ

બિનઆરબને આરબ ઉપર, ન ગોરાને કાળા ઉપર, ન કાળાને ગોરા ઉપર, શ્રેષ્ઠતા જો કોઈને પ્રાપ્ત છે તો તે માત્ર તકવા (ઈશભય) અને પરહેઝગારી (સંયમ)થી છે.'' અર્થાત્ રંગ, જાતિ, વંશ, દેશ, પ્રદેશ કોઈ શ્રેષ્ઠતાનો આધાર નથી. માન-પ્રતિષ્ઠાનો આધાર જો કંઈ છે તો તે ઈમાન અને ચરિત્ર છે.

આપ સલ્લ.એ પોતાના ઉદ્બોધનમાં સમાનતા અને બરાબરી ઉપર ખૂબ ભાર મૂક્યો. ઊંચ-નીચ અને જાત-પાતની સાંકળોના ટુકડે-ટુકડા કરી નાખ્યા. આપ સલ્લ.એ કહ્યું –

''હા, તમારા ગુલામ, તમારા ગુલામ, જે કંઈ પોતે ખાઓ, તે જ તેમને પણ ખવડાવો અને જે કંઈ પોતે પહેરો, તે જ તેમને પણ પહેરાવો.'' ''અજ્ઞાનતાના તમામ વિધાનો અને નિયમો મારા પગના નીચે છે.''

અર્થાત્ તેને ખતમ કરી નાખવામાં આવ્યા.

''ઇસ્લામથી પહેલાંના તમામ ખૂન ખતમ કરી નાખવામાં આવ્યા (હવે કોઈને કોઈથી જૂના ખૂનના બદલા લેવાનો અધિકાર નથી) અને સૌથી પ્રથમ હું મારા પરિવારના ખૂન – રબીઆ ઇબ્ને હારિસના ખૂન ને ખતમ કરૂં છું.''

'''અજ્ઞાનતાકાળના બધા વ્યાજ ખતમ કરી નાખવામાં આવે છે અને સૌ પ્રથમ હું મારા પરિવારમાંથી અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબનું વ્યાજ ખતમ કરૂં છું.''

''સ્ત્રીઓના મામલામાં અલ્લાહથી ડરો. તમારો સ્ત્રીઓ ઉપર અને સ્ત્રીઓનો તમારા ઉપર અધિકાર છે.''

''સ્ત્રીઓના મામલામાં હું તમને વસિયત કરૂં છું કે તેમના સાથે ભલાઈનું વલણ અપનાવો.'

આપ સલ્લ.એ મુસલમાનોને તાકીદ કરી –

''લોકો ! યાદ રાખો, મારા પછી કોઈ નબી નથી અને તમારા પછી કોઈ ઉમ્મત (સમુદાય) નથી. તેથી પોતાના રબ (માલિક અને પાલનહાર)ની બંદગી કરજો, પ્રતિદિન પાંચ વખતની નમાઝ પઢજો, રમઝાનના રોઝા રાખજો, રાજી ખુશીથી પોતાના માલની ઝકાત આપજો, પોતાના પાલનહારના ઘરની હજ્જ

કરજો અને પોતાના શાસકોનું આજ્ઞાપાલન કરજો. આવું કરશો તો પોતાના રબની જન્નતમાં દાખલ થશો.''

આપ સલ્લ.એ કહ્યું –

''હે લોકો ! શું મેં અલ્લાહનો સંદેશ તમારા સુધી પહોંચાડી દીધો ?'' લોકોની ભારે ભીડ એકી સાથે પોકારી ઊઠી –

''હા, હે અલ્લાહના રસૂલ !''

નબી સલ્લ.એ આ વાત ત્રણ વાર કહી – ''હે અલ્લાહ, તુ સાક્ષી રહેજે.''

જ્યારે આપ સલ્લ. ઉદ્બોધન પૂરૂં કરી ચૂક્યા તો અલ્લાહે આ આયત અવતરિત કરી –

''આજે મેં તમારા માટે તમારા દીન (ધર્મ)ને સંપૂર્ણ કરી દીધો અને તમારા ઉપર પોતાની નેઅમત (કૃપા) સંપૂર્ણ કરી દીધી અને તમારા માટે ઇસ્લામને ધર્મની હેસિયતે પસંદ કર્યો.'' (કુર્આન, ૫ : ૩)

આ આયતનો સ્પષ્ટ સંકેત એ હતો કે હઝરત મુહમ્મદ સલ્લ.ને જે

ઉદ્દેશ્ય સાથે દુનિયામાં મોકલવામાં આવ્યા હતા, તે પૂરો થઈ ગયો અને જે આદેશ નિર્દેશ અલ્લાહ તરફથી આવવાના હતા, તે આવી ગયા.

# દુનિયાથી પ્રસ્થાન

હજ્જતુલ-વિદાઅને હજુ ત્રણ મહિના વીત્યા હતા કે અલ્લાહના રસૂલ સલ્લ. બીમાર પડ્યા. તાવ એટલો તીવ્ર ચડ્યો કે આંખોથી ઊંઘ ઊડી ગઈ. નબળાઈ ખૂબ વધારે હતી. જ્યાં સુધી શક્તિ રહી, આપ સલ્લ. મસ્જિદ-નબવીમાં આવતા હતા અને નમાઝ પઢાવતા હતા. સૌથી અંતિમ નમાઝ, જે આપ સલ્લ.એ પઢાવી તે મગરિબ (સૂર્યાસ્ત-સમય)ની નમાઝ હતી. માથામાં દર્દ હતું. ઇશાના સમય સુધી અશક્તિ ખૂબ વધી ગઈ અને આપ સલ્લ. મસ્જિદ ન જઈ શક્યા. પછી ઘણા દિવસો સુધી આપ સલ્લ.ના આદેશ મુજબ હઝરત અબૂબક્ર રદિ. નમાઝ પઢાવતા રહ્યા. દેહાંતના પાંચ દિવસ પહેલાં આપ સલ્લ.ની તબિયત કંઈક સારી થઈ તો આપ સલ્લ.એ પોતાના શરીર ઉપર સાત મશક પાણી નંખાવ્યું. ન્હાવાથી તબિયત કંઈક અંશે હળવી થઈ તો સહારો લઈને મસ્જિદ તશરીફ લાવ્યા અને ત્યાં પોતાના સાથીઓને સંબોધન કર્યું –

"તમારાથી પહેલાં એવા લોકો ગુજર્યા છે, જેમણે નબીઓ અને બુઝુર્ગોની કબરોને સિજદાગાહ (પૂજા-સ્થળ અને પૂજ્ય) બનાવી લીધી હતી. તમે એવું ન કરતા. તમે મારી કબ્રને મારા પછી સિજદાગાહ ન બનાવજો."

આપ સલ્લ.એ એ પણ કહ્યું –

"ખુદાએ પોતાના બંદાને એ અધિકાર આપ્યો છે કે તે ચાહે તો દુનિયાની ચીજોને સ્વીકારી લે, અને ચાહે તો તે સ્વીકારે જે તેના દરબારમાં છે, તો બંદાએ તે જ પસંદ કરી લીધું, જે અલ્લાહના દરબારમાં છે."

આ સંકેતને હઝરત અબુબક્ર રદિ. સમજી ગયા અને વિલાપ કરી કરીને રડવા લાગ્યા. આપ સલ્લ. તે વખતે, જ્યારે કે સમગ્ર અરબદ્વીપ આપ સલ્લ.ના આધીન હતું, અત્યંત સાદગીનું જીવન વ્યતીત કરતા હતા. આપ સલ્લ.ની પાસે સંપત્તિના રૂપમાં સાત દીનાર હતા, જે સદ્કો (દાન) કરી દીધા હતા. એક સફેદ રંગનું ખચ્ચર હતું. એક ટુકડો જમીન હતી, જેને આપ સલ્લ.એ સદકો કરી દીધી હતી. રાત્રે દીપક સળગાવવા માટે તેલ ન હતું, તો આપ સલ્લ.ની પત્ની હઝરત આઇશા રદિ.એ પાડોસી પાસેથી તેલ ઉધાર લીધું હતું. હઝરત આઇશા રદિ.

ફરમાવે છે કે અલ્લાહના રસૂલ સલ્લ.નો દેહાંત એ હાલતમાં થયો કે મારા ઘરમાં કોઈ એવી વસ્તુ ન હતી, જેને કોઈ સજીવ ખાઈ શકે . થોડા જવ મારી કબાટ રાખેલા હતા. મેં તેમાંથી જ થોડુંક ખાઈ લીધું. તે ઘણા દિવસો સુધી ચાલ્યા. મેં તેને તોલ્યા, બસ તે પછી તે જવ પણ ખતમ થઈ ગયા.

આપ સલ્લ.ના દેહાન્ત વખતે આપનું જુનુ બખ્તર એક યહૂદીની પાસે ત્રણ સાઅ (તોલવાનું માપદંડ) જવ ઉપર ગીરવે રાખેલ હતું. આપ સલ્લ.ની પાસે કોઈ એવી વસ્તુ ન હતી કે તેને આપીને બખ્તર છોડાવી શકે.

આપ સલ્લ.નો રોગ ક્યારેક વધી જતો, ક્યારેક ઓછો થઈ જતો. જે દિવસે દેહાવસાન થયું, તે દિવસે બેચેની ખૂબ ઓછી હતી, પરંતુ જેમ-જેમ દિવસ ચઢતો ગયો, આપ સલ્લ. ઉપર બેહોશી છવાતી ગઈ. ૧૨ રબી-ઉલ અવ્વલ, હિજરી સન ૧૧, સોમવારના દિવસે બરાબર બપોરથી થોડાક પહેલાં આપ સલ્લ.નો દેહાંત થઈ ગયો. તે વખતે આપ સલ્લ.ની ઉંમર ૬૩ વર્ષ ૪ દિવસ હતી. મૃત્યુથી પહેલાં જીભ ઉપરથી આ શબ્દો વારંવાર નીકળતા રહ્યા -

'તે લોકોની સાથે, જેના ઉપર અલ્લાહે કૃપા કરી, અલ્લાહ તો સૌથી મોટો સાથી છે.''

આમ કહેતાં-કહેતાં આપ સલ્લ.નો શ્વાસ ઉખડવા લાગ્યો અને આપ સલ્લ. કયામત સુધી આ દુનિયાથી કૂચ કરી ગયા.

# હઝરત મુહમ્મદ સલ્લ.ની કેટલીક કલ્યાણકારી શિક્ષાઓ

ઈસ્લામની દૃષ્ટિમાં વ્યક્તિ, કુટુંબ અને સમાજ ઉપર બીજાઓના જે અધિકારો હોય છે, તે બે પ્રકારના હોય છે – એક, ઈશ્વરના અધિકાર, બીજા, મનુષ્યો (અને અન્ય જીવધારીઓના અધિકાર. હઝરત મુહમ્મદ સલ્લ.એ બંનેમાં સમતોલનનું સ્થાપિત કર્યું, પોતાના સાથીઓને આ સમતોલનનું શિક્ષણ પણ આપ્યું અને તેના માટે વ્યવહારિક સ્તરે તેમને તૈયાર પણ કર્યા. મહદ્અંશે એવું થયું છે કે માનવ-અધિકારોની પૂર્તિ ઉપર જન્નત (સ્વર્ગ)ની શુભ સૂચના આપી અને તેના હનન માટે, ચાહે હનન કરનાર ગમે તેટલો ઈશ-ઉપાસના કરવાવાળો હોય, જહન્નમની ભીષણ સજાઓથી સચેત અને ખબરદાર કર્યા. આ અધિકારોમાં બિનમુસ્લિમોના, સ્ત્રીઓના, અનાથોના, કોઈ કષ્ટ કે સંકટમાં સપડાઈ ગયેલ મુસાફરોના, પાડોસીઓના, બીમારોના, ગરીબોના, માતા-પિતાના સંતાન ઉપર, સગાં-સંબંધીઓના, શાસક અને પ્રજાના, દાસ અને નોકરોના, પતિના, પત્નીના વગેરે – સામેલ છે. ત્યાં સુધી કે પશુ-પક્ષીઓ અને કીડા-મકોડાઓ સુદ્ધાંના અધિકાર સામેલ છે. અહીં માત્ર કેટલાકનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવી રહ્યો છે.

**માનવીય સમાનતા :**

આપ સલ્લ.ની એક મહત્ત્વપૂર્ણ તાલીમ માનવજાતિ દરમ્યાન સમાનતા છે. આપ સલ્લ.નું શિક્ષણ છે કે મનુષ્ય માત્ર કોઈ વિશેષ રંગ, વંશ, જાતિ, પ્રદેશમાં જન્મ લેવાથી ન તો ઉચ્ચ, શ્રેષ્ઠ અને સજ્જન કહેવડાવવાને લાયક છે અને ન જ આ નિમ્નતા, અપમાન અને તુચ્છતાનું માપદંડ છે; બલ્કે તમામ મનુષ્યો, ચાહે કોઈ રંગ કે વંશથી હોય, પરસ્પર ભાઈ-ભાઈ છે. હઝરત મુહમ્મદ સલ્લ.એ ફરમાવ્યું–

'તમે સૌ આદમની સંતાન છો અને આદમ માટીથી બન્યા હતા.''

એક અન્ય અવસરે વધુ વ્યાખ્યા કરતાં ફરમાવ્યું –

''હે લોકો ! જાણી લો કે તમારો રબ (માલિક અને પાલનહાર) એક છે, તમારો પિતા એક છે. કોઈ આરબને બિનઆરબ ઉપર શ્રેષ્ઠતા પ્રાપ્ત નથી અને ન કોઈ બિનઆરબને કોઈ આરબ ઉપર, ન ગોરાને કાળા ઉપર અને ન કાળાને ગોરા

ઉપર શ્રેષ્ઠતા પ્રાપ્ત છે. શ્રેષ્ઠતા જો પ્રાપ્ત છે તો માત્ર તકવા (ઈશભય) અને પરહેઝગારી (સંયમ)થી છે.'' (મુસ્તદે અહમદ)

આપ સલ્લ. આ સમાનતાના વ્યવહારિક આદર્શ હતા. જો કે આપ સલ્લ.નું પાલન-પોષણ એક એવા સમાજમાં થયું હતું, જ્યાં જાતીય શ્રેષ્ઠતાનું ચલણ હતું, પરંતુ આપ સલ્લ.ના અનુપમ વ્યક્તિત્વમાં તેનો પડછાયો સુદ્ધાં ન હતો. આપ સલ્લ.ની દૃષ્ટિમાં નાના, મોટા, અમીર અને ગરીબ સૌ સમાન હતા. આપ સલ્લ. પણ સ્વયં પોતાના માટે કોઈ વિશિષ્ટતા પસંદ કરતા ન હતા. સૌની સાથે હળી-મળીને રહેતા હતા, ત્યાં સુધી કે જે લોકો આપ સલ્લ.ને ઓળખતા ન હતા, તેમને પૂછવું પડતું કે પયગંબર મુહમ્મદ સલ્લ. કોણ છે ?

વ્હાલા નબી સલ્લ. સહાબા (સાથીઓ)ની સાથે હળી-મળીને કામ પણ કરતા રહેતા હતા. મસ્જિદે નબવીના નિર્માણમાં આપ સલ્લ.એ મજૂરની જેમ કામ કર્યું. ખન્દકના ખોદકામમાં પણ આપ સલ્લ. સામેલ થયા. એક યુદ્ધમાં સહાબાએ સ્વયં ભોજન બનાવ્યું અને કામ વહેંચી લીધું. આપ સલ્લ.એ પોતાના ભાગે એ કામ લીધું કે આપ જંગલમાંથી લાકડાં કાપીને લાવતા. સહાબા રદિ.એ કહ્યું કે અમે સેવા માટે હાજર છીએ તો આપ સલ્લ.એ મનાઈ કરી દીધી અને કહ્યું – ''હું તમારાથી શ્રેષ્ઠ રહેવા નથી માગતો.''

એક વાર સવારીઓ ઓછી હતી, તો એક ઊંટ ઉપર ત્રણ સહાબા રદિ. વારા ફરતે સફર કરી રહ્યા હતા. આપ સલ્લ. પણ આ પ્રકારે સફર કરી રહ્યા હતા. આપ સલ્લ.ના સાથીઓએ ઘણી વાર નિવેદન કર્યું કે અમે પગપાળા ચાલીશું, આપ સવાર રહો, પણ આપ સલ્લ.એ કહ્યું – ''ન તમે મારાથી અધિક પગપાળા ચાલી શકો છો અને ન હું તમારાથી ઓછા સવાબ (પુણ્ય)નો જરૂરતમંદ છું.''

એક વાર પ્રતિષ્ઠિત કબીલા બનુ મખઝૂમની એક મહિલા ચોરીમાં પકડાઈ ગઈ. લોકોએ આપ સલ્લ.ના પ્રિય ઉસામા ઈબ્ને ઝૈદ રદિ. દ્વારા ભલામણ કરાવી કે તેને છોડી દેવામાં આવે. આપ સલ્લ.એ કહ્યું -

''ઉસામા, તમે અલ્લાહના કાનૂન સંબંધે ભલામણ કરો છો ?''

આપ સલ્લ.એ લોકોને સંબોધિત કરતાં કહ્યું કે તમારાથી પહેલાંની ઉમ્મતો (સમુદાયો) એટલા માટે બરબાદ થઈ ગઈ કે જ્યારે તેમનામાં કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિ કોઈ ગુનો કરતી તો તેને માફ કરી દેતા અને સાધારણ વ્યક્તિ ગુનો કરતી તો તેને સજા

આપતા. અલ્લાહના સોગંદ ! જો મુહમ્મદની દીકરી ફાતિમા પણ ચોરી કરતી તો તેને પણ તેના ગુનાની સજા અવશ્ય આપવામાં આવતી.''

**ગુલામીનો અંત :**

ગુલામીના અમાનવીય રિવાજને આગળ જતા ધીમે-ધીમે સમાપ્ત કરી દેવામાં આવ્યો. અલ્લાહના રસૂલ સલ્લ.ના આંદોલને ગુલામોની સ્વતંત્રતા અને તેમના સાથે ઉત્તમ વ્યવહારને એક અભિન્ન અંગ બનાવી લીધું. આપ સલ્લ.એ કહ્યું -

''જેને ખુદાએ તમારા આધીન કરી દીધા, તેને તે જ ખવડાવો, જે તમે ખાઓ છો અને તે જ વસ્ત્ર પહેરાવો, જે તમે સ્વયં પહેરો છો અને તેમને એટલું કામ ન આપી દો, જે તેમના માટે ભારે થઈ જાય અને જો ભારે કામ આપો તો તેના કામને પૂરું કરવામાં જાતે પણ સાથે મળીને તેની સહાયતા કરો.'' (બુખારી)

આપ સલ્લ.ના આ આદેશ ઉપર જ્યારે સહાબા રદ.એ અમલ કરવાનું શરૂ કર્યું તો એ ભેદ કરવું કઠિન થઈ ગયું કે માલિક કોણ છે અને દાસ કોણ ? (બુખારી) આમ, ગુલામી વાસ્તવમાં સમાપ્ત થઈ ગઈ. આ સુધારણાની પાછળ પણ કોઈ સરકારી કે રાજનૈતિક શક્તિ કે પૉલિસ કે ફૌજ કે કાનૂન ન હતા. આ બધો ચમત્કાર હતો, અલ્લાહના રસૂલ સલ્લ.ના મહાન વ્યક્તિત્વનો ! રંગ અને વંશનો ભેદ એ રીતે સમાપ્ત થઈ ગયો કે તે જ આરબો, જે કાળા લોકોથી ઘૃણા કરતા હતા, તે જ આરબોમાં એક હબ્સી ગુલામ હઝરત બિલાલ રદિ. મસ્જિદે નબવીના મુઅઝ્ઝિન (અઝાન આપનાર)ની હેસિયતથી પ્રતિત થયા અને તેમને દુનિયામાં ઉચ્ચ સ્થાન પ્રદાન કરવામાં આવ્યું. ઇકબાલના શબ્દોમાં –

એક હી સફ મેં ખડે હો ગયે મહમૂદો-અયાઝ (૧)

ન કોઈ બંદા રહા ઔર ન કોઈ બંદાનવાઝ.

બંદાઓ, સાહિબો, મુહતાજો, ગની એક હુએ,

તેરી સરકાર મેં પહુંચે તો સભી એક હુએ.

ગુલામો પ્રત્યે નબી સલ્લ.ના દયાભાવ અને વ્યવહારે સહાબા રદિ.ને ખૂબ પ્રભાવિત કર્યા, હઝરત ઉસ્માન રદિ.એ, જે ખૂબ ધનવાન, દાનવીર અને વ્હાલા નબીના જમાઈ અને તૃતીય ખલીફા હતા, એક વાર ક્રોધમાં પોતાના ગુલામનો કાન

૧. મહમૂદ – શાસક અને અયાઝ તેનો સેવક, ગુલામ.

મરડી નાખ્યો તો તે જ સમયે તેમને લાગ્યું કે આ તો સારૂં નથી થયું. ગુલામને કહ્યું, '"તમે પણ મારો કાન મરડી નાખો." ગુલામે કાન ઉપર હાથ મૂકી દીધો. તેઓ બોલ્યા, '"ના, તે જ રીતે સખ્તાઈથી મરડો, જેવી રીતે મેં મરડ્યો હતો. આખિરત (પરલોક)માં અલ્લાહ તેના વિશે પૂછે, તેનાથી સારૂં છે કે આજે જ તેનો બદલો લઈ લેવામાં આવે.

**સ્ત્રીઓનું માન-સન્માન :**

હઝરત મુહમ્મદ સલ્લ.ના આગમન પૂર્વે સ્ત્રીઓની ઘણી દુર્દશા હતી. તેમને કોઈ અધિકાર પ્રાપ્ત ન હતો. વારસામાં કોઈ હિસ્સો ન હતો. બળાત્કાર અને દુરાચાર સામાન્ય હતા. નિર્લજ્જતા અને બેશરમીનું ચલણ હતું. નિકાહ લગ્નોની કોઈ સીમા ન હતી. પુરુષ જેટલી ચાહે શાદીઓ કરી લેતો, ત્યાં સુધી કે સાવકી માતા ઉપર પણ અધિકાર જમાવીને તેને પત્ની બનાવી લેવામાં આવતી. પુત્રીની હત્યાનો રિવાજ પ્રચલિત હતો. બાળકી જન્મતી તો તેને જીવતી દાટી દેવામાં આવતી હતી. સ્ત્રીઓ સાથે કોઈ શિષ્ટ વ્યવહાર કરવામાં આવતો ન હતો અને દરેક પ્રકારે શોષણ કરવામાં આવતું હતું તેમજ તેને ભોગ-વિલાસની વસ્તુ સમજવામાં આવતી હતી.

માનવતાના ઉપકારક હઝરત મુહમ્મદ સલ્લ.એ આ ગંદી માનસિકતાને સંપૂર્ણપણે બદલી નાખી અને સ્ત્રીઓને તેમના સ્વભાવિક અધિકાર આપ્યા તથા સમાજમાં આદર-સન્માન પ્રદાન કર્યું. કુર્આનમાં ઉલ્લેખ છે –

"તેમની સાથે ભલી રીતે જીવન વિતાવો. જો તેઓ તમને પસંદ ન હોય તો બની શકે છે કે એક વસ્તુ તમને પસંદ ન હોય, પરંતુ અલ્લાહે તેમાં ઘણી જ ભલાઈઓ મૂકી દીધી હોય." (કુર્આન, ૪: ૧૯)

હઝરત અબૂ હુરૈરહ રદિ.નું બયાન છે કે રસૂલુલ્લાહ સલ્લ.એ કહ્યું –

'મો'મિનોમાં ઈમાનની દ્રષ્ટિએ સૌથી પૂર્ણ તે છે, જે તમારામાં નૈતિકતાની દૃષ્ટિએ સૌથી સારો હોય, અને તમારામાં સૌથી સારો તે છે, જે પોતાની સ્ત્રીઓ પ્રત્યે સારો હોય."

અલ્લાહના રસૂલ સલ્લ.એ મહિલાઓ અને પુરુષોને ન્યાયપૂર્વક અધિકારો આપ્યા, બંનેને માલ અને સંપત્તિમાં અધિકારો પ્રદાન કર્યા. બંનેને પોત-પોતાની સંપત્તિ ખરીદવા-વેચવા અને તેની વ્યવસ્થા કરવાની આઝાદી આપી. તેઓ ચાહે તેને ગીરો મૂકે, પટ્ટા ઉપર આપે, કોઈને વેચી દે અથવા તેને પોતાની જરૂરતો પૂરી

કરવામાં ઉપયોગ કરે. સ્ત્રીઓને પુરુષ-સમાન અધિકારો પ્રાપ્ત છે. કુઆનમાં છે કે –

''પુરુષો માટે એ માલમાં હિસ્સો છે, જે મા-બાપ અને નજીકના સગાઓએ પાછળ મૂક્યો હોય અને સ્ત્રીઓ માટે પણ એ માલમાં હિસ્સો છે, જે મા-બાપ અને નજીકના સગાઓએ પાછળ મૂક્યો હોય.'' (કુર્આન, ૪: ૭)

જે કંઈ પુરુષોએ કમાવ્યું છે, તે મુજબ તેમનો હિસ્સો છે અને જે કંઈ સ્ત્રીઓએ કમાવ્યું છે, તે મુજબ તેમનો હિસ્સો.' (કુર્આન, ૪ઃ૩૨)

એક હદીસમાં હઝરત મુહમ્મદ સલ્લ.એ સ્ત્રીઓ અંગે શિખામણ આપી છે કે

'જે તમે ખાવ તે તેમને પણ ખવડાવો, જે કંઈ તમે પહેરો તે તેમને પણ પહેરાવો, તેમને મારો નહીં અને અપશબ્દો ન કહો.'' (અબૂ દાઉદ)

વ્હાલા નબી સલ્લ.એ દીકરીઓના પાલન-પોષણની પ્રેરણા આપી. તેમની હત્યા ઉપર પ્રતિબંધ લગાવ્યો. વર્તમાન યુગમાં પણ મુસ્લિમ સમાજ ભ્રૂણ હત્યા જેવી બૂરાઈઓથી મુક્ત છે. આ ઇસ્લામના શિક્ષણનો જ પ્રભાવ છે, જ્યારે બીજા સમાજોમાં આ પ્રકારની ઘટનાઓ આજે પણ જોવા મળે છે. હવે તો બિનમુસ્લિમ સમાજમાં નારી ભ્રૂણ-હત્યાનો જાણે રિવાજ જ બની ગયો છે. ઇસ્લામ પુત્રીઓ ઉપર પુત્રોને પ્રાથમિકતા આપતો નથી. અલ્લાહના રસૂલ સલ્લ.એ કહ્યું–

''જે વ્યક્તિને પુત્રી હોય, તે ન તો તેને જીવતી દાટે, ન તેની સાથે ઉપેક્ષાનો વ્યવહાર કરે, ન તેના ઉપર પોતાના પુત્રને જ પ્રાથમિકતા આપે, તો અલ્લાહ તેને જન્નતમાં દાખલ કરશે.' (અબૂ દાઉદ)

અલ્લાહના રસૂલ સલ્લ.એ પુત્રીઓના ભરણ-પોષણ, શિક્ષણ-પ્રશિક્ષણ, શાદી-વિવાહ અને તેમની સાથે સમતાના વ્યવહાર ઉપર જહન્નમ (નર્ક)થી મુક્તિ મેળવવા અને જન્નત (સ્વર્ગ) મળવાની ખુશખબર સંભળાવી છે.

'જેણે ત્રણ પુત્રીઓનું પાલન-પોષણ કર્યું, તેમના શિક્ષણ-પ્રશિક્ષણનો પ્રબંધ કર્યો અને તેમના લગ્ન કર્યા તથા તેમની સાથે પછી સદવ્યવહાર કર્યો તો તેના માટે જન્નત છે.'' (અબૂ દાઉદ)

એક હદીસમાં છે કે –

'''તમારામાંથી જેની ત્રણ પુત્રીઓ અથવા ત્રણ બહેનો હોય અને તે તેમની

સાથે સારો વ્યવહાર કરે તો તે જન્નતમાં અવશ્યપણે દાખલ થશે.'' (તિર્મિઝી)

હઝરત અબૂ હુરૈરહ રદિ. બયાન કરે કે રસૂલુલ્લાહ સલ્લ.એ કહ્યું –

''જેને ત્રણ પુત્રીઓ હોય અને તે તેના સંદર્ભની તકલીફો અને આર્થિક મુશ્કેલીઓ ઉપર ધીરજ ધરે તો તેની સાથે તેની હમદર્દીના કારણે અલ્લાહ તેને જન્નતમાં દાખલ કરશે.''

કહેવામાં આવે છે કે આ બાબતે કોઈ વ્યક્તિએ પૂછ્યું કે કોઈની બે પુત્રીઓ હોય (અને તે તેના સંદર્ભમાં તકલીફ ઉઠાવે) તો ? આપ સલ્લ.એ ફરમાવ્યું કે બે પુત્રીઓ હોય તો પણ (અલ્લાહ જન્નત આપશે). એક વ્યક્તિએ ફરી પૂછ્યું કે જો એક પુત્રી હોય તો ? આપ સલ્લ.એ ફરમાવ્યું કે એક હોય તો પણ. (મુસ્તદરક હાકિમ)

હઝરત મુહમ્મદ સલ્લ.એ શાદી-વિવાહમાં છોકરીની સહમતીને સ્થાન આપ્યું.

પતિનો દેહાંત થઈ જાય અથવા તેને તલાક આપવામાં આવે અને મહિલા આર્થિક દ્રષ્ટિએ સ્વાવલંબી ન હોય તો તેની સંતાન ઉપર અને સંતાન ન હોવાની સ્થિતિમાં પિતા અથવા અન્ય નિકટના સગા-સંબંધીઓ ઉપર તેની જવાબદારી નાખવામાં આવી છે.

હઝરત સુરાકા બિન માલિક રદિ.નું બયાન છે કે અલ્લાહના રસૂલ સલ્લ.એ ફરમાવ્યું કે -

''શું હું તમને બતાવું કે સૌથી મોટો સદ્કો (દાન-પુણ્ય) શું છે ?'' કહેવામાં આવ્યું, '''હુઝૂર સલ્લ. જરૂર બતાવો.''

આપ સલ્લ.એ ફરમાવ્યું, ''પોતાની એ દીકરી ઉપર ઉપકાર કરો, જે (વિધવા હોવાને કે તલાક આપવાને કારણે) તારી તરફ પરત કરી દેવામાં આવી હોય અને તારા સિવાય અન્ય તેના માટે કમાનાર ન હોય.'' (મુસ્નદે અહમદ) આપ સલ્લ.એ વિધવા સાથે લગ્ન કરવાની પ્રેરણા આપી છે અને તેને પુણ્ય-કર્મ બતાવ્યું છે.

**પશુ-પક્ષીઓ પ્રત્યે દયા :**

હઝરત મુહમ્મદ સલ્લ.એ મનુષ્યો પ્રત્યે ઉદારતા, ક્ષમાશીલતા અને દયાળુતાનો વ્યવહાર કર્યો અને તેનું શિક્ષણ આપ્યું. તે સાથે પશુ-પક્ષીઓ ઉપર પણ દયા કરવાની તાલીમ આપી.

આપ સલ્લ. સમસ્ત જીવધારીઓ માટે રહમત (કૃપા) બનાવીને મોકલવામાં

આવ્યા હતા. પશુ-પક્ષી પણ તેનાથી અલગ ન હતા. આપ સલ્લ. અત્યંત બહાદુર હતા અને અત્યંત કોમળ-હૃદય પણ હતા. આપ સલ્લ.એ પશુઓ સાથે પણ મૃદુતા દાખવવા, તેમને ખવડાવવા-પીવડાવવાનો આદેશ આપ્યો અને સતાવવાથી રોક્યા. ઈસ્લામના આગમન પૂર્વે આરબો નિશાનબાજીનો શોખ એ રીતે પૂરો કરતા હતા કે કોઈ જાનવરને બાંધી દેતા અને તેના ઉપર નિશાન તાકતા. આપ સલ્લ.એ તેની સખત મનાઈ કરી. એક વાર આપ સલ્લ.ની નજર એક ઘોડા ઉપર પડી, જેના ચહેરા ઉપર ડામ આપવામાં આવ્યો હતો. આપ સલ્લ. એ કહ્યું, ''જેણે તેના ચહેરા ઉપર ડામ આપ્યો છે, તેના ઉપર અલ્લાહની ફિટકાર થાય.'' (તિર્મિઝી)

આપ સલ્લ.એ પશુઓને પરસ્પર લડાવવાની પણ મનાઈ કરી. આપ સલ્લ.ની દયા-ભાવનાનું એક ઉદાહરણ જુઓ. એક સફરમાં આપ સલ્લ.ના સાથીઓએ એક પક્ષીના બે બચ્ચાંને પકડી લીધા તો પક્ષી પોતાના બચ્ચાં માટે વ્યાકુળ થઈ ગયું. આપ સલ્લ.એ જોયું તો કહ્યું, ''તેને કોણે વ્યાકુળ કર્યું છે?'' સહાબા રદિ.એ કહ્યું, ''અમે તેના બચ્ચાં પકડી લીધા છે.'' આપ સલ્લ.એ તેમને છોડી દેવા હુકમ કર્યો.

(અબૂ દાઉદ)

આનાથી મળતી એક ઘટના એ છે કે આપ સલ્લ.ની પાસે એક વ્યક્તિ આવી અને તેણે કહ્યું કે એક ઝાડીમાં ચકલીના આ બચ્ચાં હતા, મેં કાઢી લીધા. તેની મા મારા ઉપર ચક્કર-ચક્કર ઘૂમવા લાગી. આપ સલ્લ.એ કહ્યું, '''જાવ અને જ્યાંથી આ બચ્ચાઓને ઉઠાવ્યા છે, ત્યાં જ મૂકી આવો.''' (અબૂ દાઉદ)

એક રિવાયતમાં છે કે એક ઊંટ ભૂખથી બેહાલ હતું. આપ સલ્લ. ને જોઈને વ્યાકુળ  થઈ ગયું. આપ સલ્લ.એ તેના માલિકને, જે એક અન્સારી હતા, તેમને બોલાવીને તેમને ચેતવણી આપી – 'શું તમે આ જાનવરના મામલામાં અલ્લાહથી નથી ડરતા ?'' (અબૂ દાઉદ)

હઝરત અનસ રદિ.થી રવાયત છે કે અલ્લાહના રસૂલ સલ્લ.એ આનાથી રોક્યા છે કે જાનવરોને મારવા માટે બાંધવામાં આવે. (બુખારી, મુસ્લિમ)

પશુઓ સાથે નિર્દયી અને નિષ્ઠુરતાપૂર્વકનો વ્યવહાર કરવાના અનેક મામલાઓ ઈસ્લામ પૂર્વે આરબોમાં જોવા મળતા હતા. વ્હાલા નબી સલ્લ.એ તેમની સાથે કરવામાં આવતી તમામ બળજબરી અને અત્યાચારનો નિષેધ કર્યો.

**એકેશ્વરવાદ (તૌહીદ) :**

(૧) હઝરત મુગીરહ ઇબ્ને શોબા રદિ.થી રિવાયત છે કે નબી સલ્લ. 'ફર્ઝ' (અનિવાર્ય) નમાઝો પછી આ દુઆ (પ્રાર્થના) કરતા હતા –

"કોઈ ઇલાહ (પૂજ્ય) નથી, સિવાય એક અલ્લાહના, તેનો કોઈ સહભાગી નથી. શાસન તેનું જ છે, પ્રશંસા અને સ્તુતિ તેના માટે જ છે અને તેને દરેક વસ્તુનું સામર્થ્ય પ્રાપ્ત છે." (બુખારી, મુસ્લિમ)

(૨) હઝરત અનસ રદિ.થી રિવાયત છે કે રસૂલ સલ્લ.એ કહ્યું –

"તમારો પાલનહાર પ્રભુ કહે છે, હું એ વાતનો હક રાખું છું કે મારાથી ડરવામાં આવે અને મારા સિવાય કોઈ અન્યને પૂજ્ય ન બનાવવામાં આવે. તેથી જે વ્યક્તિ કોઈ અન્યને પૂજય બનાવવાથી બચી અને તેણે મારા સિવાય કોઈ અન્યને પૂજ્ય ન સમજ્યો તો મારા માટે યોગ્ય એ જ છે કે હું તેને માફ કરી દઉં."

(અહમદ, તિર્મિઝી, નસાઈ)

(૩) હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ સલ્લ.એ કહ્યું કે અલ્લાહતઆલા કહે છે કે –

"જે વ્યક્તિએ પણ કોઈ કર્મમાં (મારા સિવાય) બીજાને સામેલ કર્યો તો હું તેનાથી વિરક્ત છું અને તે કર્મ તેના માટે જ છે, જેના માટે તે કરવામાં આવ્યું, મારો તેનાથી કોઈ સંબંધ નથી." (મુસ્લિમ)

**અલ્લાહ ઉપર ભરોસો :**

કુર્આનમાં ઉલ્લેખ છે કે –

ઈમાનવાળાઓએ તો અલ્લાહ ઉપર જ ભરોસો કરવો જોઈએ. તમે તેના ઉપર જ ભરોસો કરો, જે જીવંત છે, ક્યારેય પણ મરનાર નથી.

(કુર્આન, ૧૪: ૧૧, ૨૫: ૫૮)

હઝરત ઇબ્ને અબ્બાસ રદિથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ સલ્લ. આ દુઆ માંગ્યા કરતા હતા –

'હે અલ્લાહ ! હું તારો આજ્ઞાંકિત છું અને તારા ઉપર ઈમાન લાવ્યો અને તારા ઉપર ભરોસો કર્યો અને તારી તરફ આકૃષ્ટ થયો, તથા તારા સહારે (ધર્મ-શત્રુઓથી) મુકાબલો કર્યો. હે અલ્લાહ ! હું તારી ઇજ્જતનું શરણ લઉં છું, તારા સિવાય કોઈ

પૂજ્ય નથી, તેનાથી કે તુ મને પથભ્રષ્ટ કરે. તુ તે જીવંત સત્તા છે, જેનું મૃત્યુ નથી; અને જિન્ન, મનુષ્ય તો મરવાના છે.'' (બુખારી, મુસ્લિમ)

**અલ્લાહથી સારી આશા રાખવી :**

(૧) હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ સલ્લ.એ કહ્યું કે અલ્લાહતઆલા ફરમાવે છે –

''હું મારા બંદાના ગુમાન સાથે છું અને જ્યારે તે મને યાદ કરે છે તો હું તેની પાસે હોઉં છું. જો તે મને પોતાના હૃદયમાં યાદ કરે છે તો હું પણ તેને મારા હૃદયમાં યાદ કરૂં છું. જો તે મને કોઈ જનસમૂહમાં યાદ કરે છે તો હું એક એવા સમૂહમાં તેની ચર્ચા કરૂં છું, જે તે બંદાના સમૂહથી ઘણો સારો અને ઉચ્ચ હોય છે અને જો કોઈ બંદો મારાથી એક વેંત નજીક આવે છે તો હું એક હાથ તેના નજીક આવી જાઉં છું, અને કોઈ બંદો મારાથી એક હાથ નજીક આવે છે તો હું બે હાથ તેના નજીક આવી જાઉં છું અને જો કોઈ બંદો મારા તરફ ધીમે-ધીમે ચાલીને આવે છે તો હું તેની તરફ દોડીને આગળ વધુ છું.''

(બુખારી, મુસ્લિમ, નસાઈ, તિર્મિઝી, ઇબ્ને માજા)

(૨) હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ સલ્લ.એ કહ્યું કે અલ્લાહતઆલા ફરમાવે છે કે -

'''હું મારા બંદાના ગુમાન સાથે છું અને જ્યારે તે મને પોકારે છે તો હું તેની સાથે હોઉં છું.'' (તિર્મિઝી)

**અલલાહનું સ્મરણ :**

(૧) હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ સલ્લ.એ કહ્યું કે અલ્લાહતઆલા ફરમાવે છે –

''હે આદમના પુત્ર ! જો તે મારૂં સ્મરણ કર્યું તો તે મારો આભાર પ્રગટ કર્યો અને જો તે મને ભુલાવી દીધો તો તેં મારી સાથે કુફ્ર (કૃતઘ્નતા)ની નીતિ અપનાવી.''

(તબરાની)

(૨) હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ સલ્લ.એ કહ્યું કે અલ્લાહતઆલા ફરમાવે છે –

''હે આદમના પુત્ર ! તુ મારી બંદગી માટે ફુરસદ કાઢ, તો હું તારા દીલને

બેનિયાઝીથી (હૃદયને નિઃસ્પૃહતાથી) ભરી દઈશ. તારી દરિદ્રતાને રોકી દઈશ, નહિં તો તારા હાથોને કાર્યોની અધિકતાથી ભરી દઈશ અને તારી દરિદ્રતાને નહીં રોકું.'' (તિર્મિઝી, બયહકી)

**અલ્લાહની કૃપા :**

(૧) હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ સલ્લ.એ કહ્યું કે જયારે અલ્લાહતઆલાએ લોકોને પેદા કરવાનો ફેંસલો કર્યો તો એક ગ્રંથ લખ્યો, જે અર્સ ઉપર તેની પાસે છે. તેમાં લખ્યુંઃ નિઃશંક જ મારી રહમત (કૃપા અને દયા) મારા ગઝબ (પ્રકોપ)થી આગળ વધી ગઈ છે.

એક હદીસમાં આ શબ્દો આવ્યા છે –

'''મારી રહમત મારા પ્રકોપ ઉપર ભારે છે.'' (બુખારી, મુસ્લિમ)

(૨) હઝરત અનસ રદિથી રિવાયત છે કે નબી સલ્લ.એ ફરમાવ્યું – 'જ્યારે કોઈ બંદો કહે છે કે મારા રબ ! જો કે તે ગુનો કરી ચૂક્યો હોય છે, તો ફરિશ્તાઓ કહે છે કે હે રબ ! આ તેના લાયક નથી. પરંતુ અલ્લાહ તઆલા કહે છે કે મારા લાયક તો આ વાત છે કે હું તેને માફ કરી દઉં.'' (તિર્મિઝી)

**અલ્લાહથી પ્રેમ :**

હઝરત અબુ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ સલ્લ.એ કહ્યું કે કયામત (પ્રલય)ના દિવસે અલ્લાહ તઆલા કહેશે –

''ક્યાં છે તે લોકો, જેઓ મારા પ્રતાપ અને પ્રતિષ્ઠાને કારણે પરસ્પર એક-બીજાથી પ્રેમ કરતા હતા ? આજે હું તેમને પોતાના શરણમાં રાખીશ. આજે મારા શરણ સિવાય ક્યાંય કોઈ શરણ નથી.'' (મુસ્લિમ, બુખારી, માલિક)

**સત્ય-માર્ગ ઉપર અડગ રહેવું :**

હઝરત અબૂ અમ્ર રદિ.થી રિવાયત છે અને અબૂ અમરા સુફિયાન બિન અબ્દુલ્લાહ રદિ. કહે છે કે મેં કહ્યું, ''હે અલ્લાહના રસૂલ સલ્લ., આપ મને ઈસ્લામની કોઈ વાત એવી બતાવી દો કે મને તે વિશે કોઈ અન્યથી કંઈ પૂછવાની જરૂર ન રહે.'' આપ સલ્લ.એ કહ્યું, '''કહો, હું અલ્લાહ ઉપર ઈમાન લાવ્યો, પછી તેના ઉપર કાયમ રહો.'' (મુસ્લિમ)

**અલ્લાહના રસૂલ સલ્લ. પ્રત્યે પ્રેમ :**

(૧) અલ્લાહના રસૂલ સલ્લ.એ કહ્યું –

''તમારામાંથી કોઈ વ્યક્તિ ત્યાં સુધી ઈમાનવાળી બની શકતી નથી, જ્યાં સુધી હું તેની સંતાન, તેના પિતા અને સમસ્ત સંસારના મનુષ્યો કરતાં વધુ પ્રિય ન થઈ જાઉં.'' (બુખારી, મુસ્લિમ)

(૨) અલ્લાહના રસૂલ સલ્લ.એ ફરમાવ્યું –

''મને હદથી આગળ ન વધારો, જે રીતે ખ્રિસ્તીઓએ ઈસા બિન મરયમ અલૈ.ને હદથી આગળ વધારી દીધા. હું તો માત્ર તેનો બંદો જ છું.તેથી મને અલ્લાહના બંદો અને તેનો રસૂલ જ કહો.'' (બુખારી, મુસ્લિમ)

હઝરત મુહમ્મદ સલ્લ.એ પોતાના વિશે એ પણ કહ્યું છે –

''હું કોઈ અનોખો અને અજનબી રસૂલ નથી. મારાથી પૂર્વે જગતમાં માર્ગદર્શન માટે ઘણા રસૂલ આવી ગયા છે. પોતાના ધર્મગ્રંથોમાં જોઈ લો અથવા કોઈ જ્ઞાની વ્યક્તિથી પૂછી લો. હું પહેલાંના રસૂલોના શિક્ષણને પુનઃસ્થાપિત કરવા અને કપટાચારીઓના બંધનોમાંથી મનુષ્યને મુક્ત કરવા આવ્યો છું. મને એટલા માટે મોકલવામાં આવ્યો છે કે હું નૈતિકતા અને ઉત્તમ આચરણને અંતિમ શિખર સુધી પહોંચાડી દઉં.''

**ઈસ્લામની બુનિયાદોઃ**

હઝરત મુહમ્મદ સલ્લ.એ કહ્યું –

''ઈસ્લામનો પાયો પાંચ વાતો ઉપર છે – એ વાતની સાક્ષી આપવી કે અલ્લાહ સિવાય કોઈ બંદગીને લાયક નથી અને મુહમ્મદ સલ્લ. તેના બંદા અને રસૂલ છે. નમાઝ કાયમ કરવી, ઝકાત આપવી, હજ્જ કરવી, રમઝાનના રોઝા રાખવા.' (મુસ્લિમ, બુખારી)

**અલ્લાહના માર્ગમાં ખર્ચ :**

હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ સલ્લ.એ કહ્યું કે અલ્લાહતઆલા ફરમાવે છે –

''હે આદમના પુત્ર ! (તમે અલ્લાહના માર્ગમાં પોતાનો માલ) ખર્ચ કરો, હું તમારા ઉપર ખર્ચ કરીશ.' (બુખારી, મુસ્લિમ)

**જનસેવા :**

(૧) હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે અલ્લાહના રસૂલ સલ્લ.એ કહ્યું કે અલ્લાહતઆલા કયામતના દિવસે (કોઈ બંદાથી) કહેશે –

''હે આદમના પુત્ર ! હું બીમાર હતો, તેં મારી ખબર ન કાઢી. તે બંદો કહેશે, હે અલ્લાહ ! હું તારી ખબર કેવી રીતે કાઢતો ? તુ તો સમગ્ર જગતનો રબ છે. તે કહેશે, શું તું ન હતો જાણતો કે મારો અમુક બંદો બીમાર છે, તે તેની ખબર ન કાઢી ? શું તુ ન હતો જાણતો કે તું તેની ખબર કાઢતો તો અવશ્ય તું મને તેની પાસે જોતો? હે આદમના પુત્ર ! મેં તારી પાસે ભોજન માગ્યું, પણ તેં મને જમાડ્યો નહીં? બંદો કહેશે, હે રબ ! હું તને ખાવાનું કેવી રીતે ખવડાવતો ? તું તો સમગ્ર જગતનો રબ છે. તે કહેશે, શું તને ખબર ન હતી કે મારા અમુક બંદાએ તારાથી ખાવાનું માગ્યું, પણ તે તેને ખાવાનું ન ખવડાવ્યું ? શું તે એ વાત ન જાણી કે જો તે તેને ખાવાનું ખવડાવ્યું હોત તો તેને (પુણ્યને) તું મારી પાસે જોતો. હે આદમના પુત્ર ! મેં તારી પાસે પાણી માગ્યું, પણ તેં મને પાણી ન પીવડાવ્યું ? બંદો કહેશે, હે રબ ! હું તને કેવી રીતે પાણી પીવડાવતો? તું તો સમસ્ત સૃષ્ટિનો રબ છે. તે કહેશે, મારા અમુક બંદાએ તારાથી પાણી માગ્યું, પણ તે તેને ન પીવડાવ્યું. જો તું તેને પાણી પીવડાવતો તો તેને (પુણ્યને) મારી પાસે જોતો.'' (મુસ્લિમ)

(૨) હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે નબી સલ્લ.એ કહ્યું કે અલ્લાહતઆલા કહે છે –

''ત્રણ વ્યક્તિઓ એવી છે, જેમનાથી કયામતના દિવસે હું ઝઘડો કરીશ. એક તે વ્યક્તિ, જેણે મારા સોગંદ ખાઈને વચન આપ્યું, પછી તેને ન નિભાવ્યું. બીજી તે વ્યક્તિ, જે કોઈ આઝાદ વ્યક્તિને વેચીને તેની કિંમત ખાઈ ગયો અને ત્રીજી તે વ્યક્તિ, જેણે એક મજૂરને મજૂરી ઉપર લગાવ્યો, તેનાથી પૂરે-પૂરું કામ લીધું અને તેને તેની મજૂરી ન આપી.' (બુખારી, ઈબ્ને માજા, અહમદ)

**વિધવા અને ગરીબોની સહાયતા :**

અલ્લાહના રસૂલ સલ્લ.એ કહ્યું કે વિધવા અને ગરીબ માટે કોશિશ કરવાવાળો એવો જ છે, જેમ કે ખુદાની રાહમાં (જિહાદ અને ખુદાના દીનને ફેલાવવા અને સ્થાપિત કરવા માટે) મહેનત કરવાવાળો. (વર્ણનકર્તાએ) કહ્યું કે મારૂં એ અનુમાન છે કે આપ સલ્લ.એ ફરમાવ્યું –

‘‘તેનો દરજ્જો એવો છે, જેવો કે તે વ્યક્તિનો, જે અલ્લાહની યાદમાં જાગતી હોય અને સહેજ પણ સુસ્તી ન દાખવતી હોય તથા રોઝા રાખતી હોય અને ક્યારેય પણ રોઝા ન છોડતી હોય.’’ (બુખારી, મુસ્લિમ)

**લોકો સાથે સદ્‌વ્યવહાર :**

કુર્આનમાં ઉલ્લેખ છે – ‘‘અને અલ્લાહની બંદગી કરો, તેની સાથે કોઈને ભાગીદાર ન બનાવો અને માતા-પિતા સાથે સારૂં વર્તન દાખવો અને સગાઓ સાથે, અનાથો સાથે, ગરીબો સાથે, સંબંધીઓ સાથે, અજનબી પાડોસીઓ સાથે, સહયોગીઓ અને મિત્રો સાથે, મુસાફરો સાથે અને પોતાના સેવકો સાથે સદ્‌વ્યવહાર કરો.’’ (કુર્આન, ૪ :૩૬)

**અનાથોની સેવા :**

અલ્લાહના રસૂલ સલ્લ.એ ફરમાવ્યું –

‘‘જે વ્યક્તિ પોતાના અને કોઈ બીજાના અનાથના ખાવા-પીવા વગેરેની વ્યવસ્થા કરશે, તે જન્નતમાં મારી સાથે આ રીતે હશે.’’ આપ સલ્લ.એ અંગૂઠા પાસેની આંગળી અને વચ્ચેની આંગળીથી ઈશારો કર્યો અને આ બંનેની વચ્ચે થોડું અંતર રાખ્યું.’’ (બુખારી)

**માતા-પિતાની સેવા :**

કુર્આનમાં ઉલ્લેખ છે –

‘‘અને અમે મનુષ્યને માતા-પિતાની સાથે સારો વર્તાવ કરવાની શીખ આપી.’’ (કુર્આન, ૨૯: ૮)

(૧) હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે –

એક વ્યક્તિ અલ્લાહના રસૂલ સલ્લ. પાસે આવી અને કહ્યું, ‘‘હે અલ્લાહના રસૂલ સલ્લ. ! લોકોમાં સૌથી વધુ મારા સારા વ્યવહાર અને સંગાથનો હકદાર કોણ છે ?’’ આપ સલ્લ.એ કહ્યું, ‘‘તારી માતા.’’ તેણે કહ્યું, ‘‘‘પછી કોણ ?’‘ આપ સલ્લ.એ કહ્યું, ‘‘‘તારી માતા.’’ તેણે કહ્યું, ‘પછી કોણ ?’’ આપ સલ્લ.એ કહ્યું, ‘‘તારી માતા.’’ તેણે કહ્યું, ‘‘પછી કોણ ?’’ આપ સલ્લ.એ કહ્યું, ‘‘‘તારા પિતા.’’ (બુખારી, મુસ્લિમ)

(૨) હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે નબી સલ્લ. એ કહ્યું –

''ધૂળથી ખરડાય તેનું નાક, પછી કહ્યું કે ધૂળથી ખરડાય તેનું નાક (અર્થાત્ અપમાનિત થયો), જેણે પોતાના માતા-પિતાને, એક ને અથવા બંનેને વૃદ્ધત્વની હાલતમાં જોયા અને (તેમની સેવા કરીને) જન્નતમાં દાખલ ન થયો.'' (મુસ્લિમ)

(૩) નબી સલ્લ.એ ફરમાવ્યું –

''સૌથી મોટું સત્કર્મ એ છે કે મનુષ્ય પોતાના પિતા પછી પોતાના પિતાના મિત્રો-સંબંધીઓનો હક અદા કરે.''' (મુસ્લિમ)

**ઘરવાળાઓ સાથે સારૂં વર્તન :**

નબી સલ્લ.એ ફરમાવ્યું,

''તમારામાંથી સૌથી સારી વ્યક્તિ એ છે, જે પોતાના ઘરવાળાઓ સાથે સારી હોય, અને હું તમારામાં સૌથી વધુ પોતાના ઘરવાળાઓ સાથે સારૂં વર્તન કરૂં છું.'' (તિર્મિઝી, દારમી, ઇબ્ને માજા)

**સદ્ગુણી અને સુશીલ પત્નીઃ**

નબી સલ્લ.એ ફરમાવ્યું –'દુનિયા આખી થોડા દિવસોનો સામાન છે અને આ સામાનમાં સૌથી સારી વસ્તુ શિષ્ટ અને સુશીલ પત્ની છે.'' (મુસ્લિમ)

**પાડોસી સાથે સારૂ વર્તનઃ**

અલ્લાહના રસૂલ સલ્લ.એ ફરમાવ્યું –

''અલ્લાહના સોગંદ ! તે મો'મિન નથી, અલ્લાહના સોગંદ ! તે મો'મિન નથી, અલ્લાહના સોગંદ ! તે મો'મિન નથી.'' પૂછવામાં આવ્યું, ''કોણ (મો'મિન નથી) હે અલ્લાહના રસૂલ સલ્લ. !'' વ્હાલા નબી સલ્લ.એ જવાબ આપ્યો, ''જેનો પાડોસી તેની શરારતોથી સુરક્ષિત ન હોય.''' (બુખારી, મુસ્લિમ)

**દયાભાવઃ**

(૧) અલ્લાહના રસૂલ સલ્લ.એ ફરમાવ્યું –

''અલ્લાહ તે વ્યક્તિ ઉપર દયા કરતો નથી, જે મનુષ્યો ઉપર દયા કરતો નથી.'' (બુખારી, મુસ્લિમ)

(૨) અલ્લાહના રસૂલ સલ્લ.એ ફરમાવ્યું –

'દયા કરવાવાળાઓ ઉપર દયાવાન (અલ્લાહ) દયા કરશે. (તમે)

ધરતીવાસીઓ ઉપર દયા કરો, આકાશવાળો તમારી ઉપર દયા કરશે.'' (અબૂ દાઉદ, તિર્મિઝી)

**ગુનાના કાર્યો:**

(૧) અલ્લાહના રસૂલ સલ્લ.એ ફરમાવ્યું –

''મોટા ગુનાઓ આ છે – અલ્લાહની સાથે કોઈને ભાગીદાર બનાવવો, માતા-પિતાની અવજ્ઞા કરવી, કોઈ સજીવને મારી નાખવું, જૂઠી સાક્ષી આપવી.'' (બુખારી, મુસ્લિમ)

(૨) અલ્લાહના રસૂલ સલ્લ.એ ફરમાવ્યું –

''સાત ઘાતક અને બરબાદ કરી દેનાર ગુનાઓથી બચો.'' સહાબા રદિ.એ અરજ કરી કે તે કયા છે ? આપ સલ્લ.એ ફરમાવ્યું, '''અલ્લાહની સાથે શિર્ક (અનેકેશ્વરવાદ), જાદૂ, નાહક કતલ, વ્યાજ લેવું, અનાથનો માલ ખાઈ જવો, જિહાદના સમયે મેદાનમાંથી ભાગી જવું અને પવિત્ર-ઈમાનવાળી, ભોળી-ભાળી મહિલાઓ ઉપર વ્યભિચારનો આરોપ મૂકવો.'' (બુખારી, મુસ્લિમ)

**લજ્જા (શરમ) :**

(૧) હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઉદ રદિથી રિવાયત છે કે નબી સલ્લ.એ કહ્યું કે અલ્લાહતઆલા ફરમાવે છે –

''નજર શૈતાનના તીરોમાંથી એક ઝેરીલું તીર છે, જેણે મારા ડરથી તેને ત્યાગી દીધું (અર્થાત્ કોઈ પારકી સ્ત્રી ઉપર નજર ન નાખી) તો હું તેના ઈમાનમાં એવા ગુણ પેદા કરી દઈશ, જેની લિઝ્ઝત અને મીઠાશ તે પોતાના દિલમાં અનુભવશે.'' (તિબરાની)

(૨) અલ્લાહના રસૂલ સલ્લ.એ કહ્યું –

'શરમ (લજ્જા) પૂરેપૂરી ભલાઈ છે.''' (બુખારી, મુસ્લિમ)

**દારૂ અને જુગાર પર પ્રતિબંધ :**

કુર્આનમાં ઉલ્લેખ છે –

''હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો ! આ દારૂ અને જુગાર, વેદીઓ અને પાસા આ તમામ ગંદા, શૈતાની કામો છે. તેમનાથી બચો, આશા છે કે તમને સફળતા

પ્રાપ્ત થશે.'' (કુર્આન, ૫ઃ ૯૦)

અલ્લાહના રસૂલ સલ્લ.ની તાલીમ એટલી અસરકારક હતી અને છે કે જે આરબવાસી જુગાર અને દારૂના રસિયા હતા, તેઓ આ બૂરાઈઓથી સંપૂર્ણપણે મુક્ત થઈ ગયા. દારૂબંધીની ઘોષણા થતાં જ દારૂના માટલા તોડી નાખવામાં આવ્યા. મદીનાની શેરીઓમાં,રસ્તાઓ ઉપર દારૂ ઠેર-ઠેર વહેવા લાગ્યો. એક મહેફિલમાં દારૂ પીવાઈ રહ્યો હતો અને ૧૦-૧૨ વ્યક્તિઓ દારૂના નશામાં ચકચૂર હતી, એટલામાં અલ્લાહના રસૂલ સલ્લ.ની ઘોષણા કાનોમાં પહોંચી કે દારૂ હરામ (નિષિદ્ધ) કરી દેવામાં આવ્યું છે. આ જ નશાની હાલતમાં અલ્લાહના આદેશનો એ રીતે આદર કરવામાં આવ્યો કે દારૂ પીવાનો સિલસિલો તરત જ રોકી દેવામાં આવ્યો અને માટલા ફોડી નાખવામાં આવ્યા.

વર્તમાન યુગમાં જુગાર અને દારૂ પ્રત્યે વધતા વલણે અનેકાનેક સમસ્યાઓ ઊભી કરી છે. તેને રોકવા અને તેના ઉકેલ માટે પણ હઝરત મુહમ્મદ સલ્લ.ના શિક્ષણનું પાલન કરવું જોઈએ. આપ સલ્લ.એ પ્રત્યેક તે વસ્તુના સેવનથી, જેનાથી બુદ્ધિ ઉપર પડદો પડી જાય, રોક્યા છે.

**પીઠ પાછળ નિંદા, ચુગલી :**

કુર્આનમાં ઉલ્લેખ છે –

''તમારામાં એક વ્યક્તિ બીજી વ્યક્તિની પીઠ પાછળ બૂરાઈ ન કરે. શું તમારામાંથી કોઈ ઇચ્છશે કે તે પોતાના મૃત ભાઈનું માંસ ખાય? તમે તો આ વાતથી ખૂબ ઘૃણા કરશો.'' (કુર્આન, ૪૯ઃ ૧૨)

નબી સલ્લ.એ ફરમાવ્યું –

''ચુગલી કરવાવાળો જન્નતમાં દાખલ નહીં થાય.'' (બુખારી, મુસ્લિમ)

**અત્યાચાર અને લાલચનો ત્યાગ :**

અલ્લાહના પયગમ્બર હઝરત મુહમ્મદ સલ્લ.એ ફરમાવ્યું –

''અત્યાચારથી બચતા રહો, કેમ કે અત્યાચાર પ્રલયના દિવસે અંધકારના રૂપમાં જાહેર થશે અને લાલચથી પણ બચતા રહો, કેમ કે તમારાથી પહેલાના લોકોનો

વિનાશ લાલચથી થયો છે. લાલચના કારણે જ તેમણે મનુષ્યોનું લોહી વહાવ્યું અને તેમની જે વસ્તુઓને અલ્લાહે હરામ (નિષિદ્ધ) ઠેરવી હતી, તેને હલાલ (વૈધ) કરી લીધી,'' (મુસ્લિમ)

**ગુસ્સા ઉપર કાબુ :**

અલ્લાહના રસૂલ સલ્લ.એ કહ્યું –

'બીજાઓને પછાડી દેનાર શક્તિશાળી નથી. શક્તિશાળી તો તે છે, જે ગુસ્સો આવે ત્યારે પોતાના ઉપર કાબૂ રાખે.''' (બુખારી, મુસ્લિમ)

**વાણી અને ગુહ્યેન્દ્રિયોની રક્ષા :**

અલ્લાહના રસૂલ સલ્લ.એ ફરમાવ્યું –

'જે વ્યક્તિ તેની બે જડબાની વચ્ચે છે તે અને તેના બે પગોની વચ્ચે છે તેની (અર્થાત્ જીભ અને ગુપ્તાંગને કાબૂમાં રાખવાની) બાંહેધરી આપે, હું તેને જન્નતની બાંહેધરી આપું છું.'' (બુખારી, મુસ્લિમ)

**ઈર્ષાની મનાઈ :**

હઝરત અબૂ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે નબી સલ્લ.એ કહ્યું – ''ઈર્ષાથી બચો, કેમ કે ઈર્ષા સદ્કર્મોને એ જ રીતે ખાઈ જાય છે, જે રીતે આગ લાકડાને ખાઈ જાય છે.''' (અબૂ દાઉદ)

**સ્વભાવમાં નમ્રતા :**

(૧) અલ્લાહના રસૂલ સલ્લ.એ ફરમાવ્યું –

'જેને નમ્રતા ન મળી, તેને ભલાઈ ન મળી.'' (બુખારી)

(૨) હઝરત જાબિર રદિ.થી રિવાયત છે કે નબી સલ્લ.એ કહ્યું –

''અલ્લાહ તે વ્યક્તિ ઉપર દયા કરતો નથી, જે ખરીદ-વેચાણ વખતે અને તકાદો કરતી વખતે નમ્રતાથી કામ ન લે.'' (બુખારી)

# હઝરત મુહમ્મદ સ.અ.વ.
# બિનમુસ્લિમોની નજરમાં

અલ્લાહના પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ.નું જીવન-ચિરત્ર અને શિક્ષણે સંપૂર્ણ દુનિયામાં એક કલ્યાણકારી ક્રાંતિ લાવી આપી. આજે પણ આપ સલ્લ.ના જીવન-ચિરત્ર અને શિક્ષણનું જે મહાનુભાવોએ નિષ્પક્ષપણે અધ્યયન કર્યું છે, તેઓ આપ સલ્લ.ની મહાનતાનો સ્વીકાર કર્યા વિના નથી રહી શક્યા. અમે અહીં કેટલાક મહાનુભાવોના આપ સલ્લ, વિશેના વિચારો પ્રસ્તુત કરી રહ્યા છીએ.

**સ્નેહ અને સહિષ્ણુતાના પ્રચારક :**

● સ્વામી વિવેકાનંદ કહે છે –

''પયગંબર મુહમ્મદ સલ્લ, સંસારમાં સમાનતાના સંદેશવાહક હતા. તેઓ માનવજાતિમાં સ્નેહ અને સહિષ્ણુતાના પ્રચારક હતા. તેમના ધર્મમાં જાતિ બિરાદરી, સમૂહ, વંશ વગેરેનું કોઈ સ્થાન નથી.''

સ્વામી વિવેકાનંદ ઈસ્લામના ઘણા પ્રશંસક હતા અને તેના ભાઈચારાના સિદ્ધાંતથી પ્રભાવિત હતા. વેદાન્તી મસ્તિષ્ક અને ઈસ્લામી શરીરને તેઓ ભારતની મુક્તિનો માર્ગ માનતા હતા. અલ્મોડાથી ૧૦ જૂન, ૧૮૯૮ના રોજ પોતાના એક મિત્ર નૈનીતાલના મુહમ્મદ સરફરાઝ હુસૈનને મોકલેલ પત્રમાં તેમણે લખ્યું કે, ''અમારા અનુભવથી અમે એ જાણ્યું છે કે વ્યવહારિક જીવન સ્તરે જો કોઈ ધર્મના અનુયાયીઓએ સમાનતાના સિદ્ધાંતને પ્રશંસનીય માત્રામાં અપનાવ્યો છે તો તે માત્ર ઈસ્લામ છે – ઈસ્લામ સમસ્ત મનુષ્યજાતિને એક સમાન રીતે જુએ અને વર્તે છે – આ જ અદ્‌ભૂત છે. તેથી અમારો એ વિશ્વાસ છે કે વ્યવહારિક ઈસ્લામની સહાયતા વિના, અદ્વૈતનો સિદ્ધાંત, ચાહે તે ગમે તેટલો ઉત્તમ અને ચમત્કારિક હોય, વિશાળ માનવ-સમાજ માટે તદન અર્થહિન છે.' (વિવેકાનંદ સાહિત્ય, ભાગ-૫, પૃ. ૪૧૫)

સ્વામીજીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે 'ભારતમાં ઈસ્લામ તરફ ધર્મ પરિવર્તન તલવાર (બળપ્રયોગ) અથવા છળકપટ અથવા ભૌતિક સાધનો આપીને

ન હોતું થયું.' (વિવેકાનંદ સાહિત્ય, ભાગ-૮, પૃ. ૩૩૦)

● **સી. એમ. શ્રીનિવાસ 'હિસ્ટ્રી ઑફ ઇન્ડિયા'**માં, જે મદ્રાસથી ઈ.સ. ૧૯૩૭માં પ્રકાશિત થયું હતું, લખે છે –

'ઇસ્લામના પયગંબરે જ્યારે એક શાસકનું સ્થાન પ્રાપ્ત કર્યું તો પણ આપનું જીવન પૂર્વની જેમ સાદું રહ્યું. આપ સુધારક પણ હતા અને વિજેતા પણ. આપે લોકોના ચારિત્ર્યને બુલંદ કર્યું. પ્રતિશોધ (વેર) લેવાને અનુચિત ઠરાવ્યું અને તપાસ વિના રક્તપાતથી રોક્યા, વિખંડીત કબીલાઓને એક સમુદાય બનાવી દીધાં અને એક એવો સંબંધ આપ્યો, જે પારિવારિક કે કૌટુંબિક રિશ્તાઓથી વધુ મજબૂત હતો.

આપે લોકોને પતન, દ્વેષ અને પક્ષપાતમાં ડૂબેલ જોયા, પરંતુ તેમને સચ્ચાઈનો સંદેશ આપીને બુલંદ કરી દીધા. તેમને પરસ્પર ખાનદાની ઝઘડાઓમાં લિપ્ત જોયા, પરંતુ સહિષ્ણુતા અને ભ્રાતૃભાવના રિશ્તામાં જોડી દીધા. આપ એક ફરિશ્ત-એ-રહમત (કૃપા અને દયાના સંદેશવાહક) બનીને દુનિયામાં પધાર્યા.'

(ભારતીય સભ્યતા પર મુસલમાનોં કે ઉપકાર, પૃ. ૩૧)

**આદર્શ જીવન :**

● જગત મહર્ષિ ઈસ્લામના પયગંબર હઝરત મુહમ્મદ સલ્લ. અંગે મહાત્મા ગાંધીના વિચારો આ પ્રમાણે છે –

''હું ઇસ્લામના પયગંબરના જીવન-ચરિત્રનો અભ્યાસ કરી રહ્યો હતો. જ્યારે મેં પુસ્તકનો બીજો ભાગ પણ પૂરો કરી લીધો, તો મને દુઃખ થયું કે આ મહાન પ્રતિભાશાળી જીવનનું અધ્યયન કરવા માટે હવે મારી પાસે કોઈ અન્ય પુસ્તક બાકી નથી. હવે મને પહેલાંથી પણ વધુ વિશ્વાસ થઈ ગયો છે કે આ તલવારની શક્તિ ન હતી, જેણે ઇસ્લામ માટે વિશ્વ ક્ષેત્રમાં વિજય મેળવ્યો, બલ્કે આ ઇસ્લામના પયગંબરનું અત્યંત સાદું જીવન, આપની નિઃસ્વાર્થતા, પ્રતિજ્ઞા-પાલન અને નિર્ભયતા હતી, આપનું પોતાના મિત્રો અને અનુયાયીઓથી પ્રેમ કરવો અને ઈશ્વર ઉપર ભરોસો રાખવો હતું. આ તલવારની શક્તિ હતી જ નહીં, બલ્કે આ તમામ વિશેષતાઓ અને ગુણો હતા, જેનાથી બધા અવરોધો દૂર થઈ ગયા અને આપે બધી જ મુશ્કેલીઓ ઉપર વિજય મેળવી લીધો.

મને કોઈએ કહ્યું હતું કે દક્ષિણ આફ્રિકામાં જે યુરોપિયનો આબાદ છે.

ઈસ્લામના પ્રચારથી ધ્રૂજી રહ્યા છે. તે જ ઈસ્લામથી, જેણે મોસ્કોમાં પ્રકાશ ફેલાવ્યો અને સંસારમાં રહેતા લોકોને ભાઈ-ભાઈ બની જવાનો સુખદ સંવાદ સંભળાવ્યો. નિઃશંક દક્ષિણ આફ્રિકાના યુરોપિયનો ઈસ્લામથી ડરતા નથી, પરંતુ વાસ્તવમાં તે એ વાતથી ડરે છે કે જો આફ્રિકાના આદિ જાતિના લોકોએ ઈસ્લામ સ્વીકારી લીધો તો તેઓ ગોરી જાતિઓથી સમાનતાનો અધિકાર માંગવા લાગશે. તમે તેમને ડરવા દો. જો ભાઈ-ભાઈ બનવું પાપ છે, જો તેઓ એ વાતથી પરેશાન છે કે તેમની વંશીય શ્રેષ્ઠતા કાયમ રહેશે નહીં તો તેમનું ડરવું ઉચિત છે, કેમ કે મેં જોયું છે કે જો એક કાળો ખ્રિસ્તી બની જાય છે તો તે સફેદ રંગના ખ્રિસ્તીના બરાબર (સમાન) નથી થઈ શકતો. પરંતુ જેવો તે ઈસ્લામ ગ્રહણ કરે છે, બિલકુલ તે જ વખતે તે તે જ પ્યાલામાં પાણી પીવે છે અને તે જ થાળીમાં ખાવાનું ખાય છે. જેમાં કોઈ અન્ય મુસલમાન પાણી પીવે છે અને ખાવાનું ખાય છે, તો સાચી વાત આ છે કે જેનાથી યુરોપિયનો ધ્રૂજી રહ્યા છે.'' (''જગત મહર્ષિ'', પૃ. ૨)

**માનવતા પુનઃ જીવંત થઈ :**

● સ્વામી લક્ષ્મણ પ્રસાદ લખે છે –

''આસ્થા, વિશ્વાસ, પૂજા-અર્ચના, નૈતિકતા, સામાજિક્તાના સંપૂર્ણ આવાહક હઝરત મુહમ્મદ સલ્લ.ના આગમનથી પહેલાં દુનિયામાં ક્યાંય કોઈ આશાનું કિરણ જોવા મળતું ન હતું, વિશ્વવ્યાપી પથભ્રષ્ટતાઓ અને ઘનઘોર અંધકારમાં ક્યાંય સભ્યતા અને સંસ્કૃતિનો પ્રકાશ દેખાતો ન હતો. જ્યારે સજ્જનતાનું નામો-નિશાન નષ્ટ થઈ ચૂક્યું હતું, જ્યારે પ્રકૃતિનું વાસ્તવિક સૌંદર્ય અને આધ્યાત્મિકતાની સુંદરતા ઈશ્વરના નકાર, મિથ્યા-કર્મોના અંધકારમાં છુપાઈ ગયા હતા, મનુષ્ય ખુદાની કદર અને મહત્તાને ભૂલીને પોતાના ગળામાં કુકર્મ અને મૂર્તિપૂજાની ફિટકારની જંજીરો પહેરી ચૂક્યો હતો. ત્યારે એક વાર માનવતા મરીને ફરી જીવંત થઈ. એશિયા મહાદ્વીપના દક્ષિણ-પશ્ચિમમાં એક મોટું દ્વીપકલ્પ છે, જે અરબસ્તાનના નામથી પ્રસિદ્ધ છે. આ જ અજ્ઞાનતા અને બૂરાઈના કેન્દ્ર અરબસ્તાનના ફારાન પર્વતના શિખરોથી એક નુર (દિવ્ય પ્રકાશ) ચમકયુ જેણે દુનિયાની હાલતને સંપૂર્ણપણે બદલી નાખી. ખૂણે-ખૂણો અને પ્રત્યેક વિભાગ માર્ગદર્શનના અપ્રતિમ પ્રકાશથી ઝળહળી ઊઠ્યો.

આજથી તેરસો વર્ષ પહેલાં આ જ પથભ્રષ્ટ પ્રદેશ મક્કાની શેરીઓમાંથી

એક ક્રાંતિકારી અવાજ બુલંદ થયો, જેણે જુલ્મ અને અત્યાચારના વાતાવરણમાં હલચલ મચાવી દીધી, અહીંથી જ માર્ગદર્શનનો તે સ્રોત ફૂટ્યો, જેણે દિલોની મૂરઝાઈ ગયેલ ખેતીઓને હરિયાળી કરી નાખી. આ જ રણના બગીચામાં આધ્યાત્મિકતાનું તે ફૂલ ખીલ્યું, જેની આત્મિક મહેકે નાસ્તિકતાની દુર્ગંધમાં ઘેરાયેલા મનુષ્યોના હૃદયો અને મસ્તિષ્કોને સુવાસિત કરી દીધા.'

('અરબ કા ચાંદ' પુસ્તકમાંથી)

**એકેશ્વરવાદનો સદુપયોગ :**

● હિંદીના વરિષ્ઠ સાહિત્યકાર ભારતેન્દુ હરિશ્ચંદ્ર લખે છે – ''જે સમયે આરબ દેશવાળા બહુદેવોપાસનાના ઘોર અંધકારમાં ફસાઈ રહ્યા હતા, તે સમયે મહાત્મા મુહમ્મદે જન્મ લઈને તેમને એકેશ્વરવાદનો સદુપદેશ આપ્યો. અરબસ્તાનના પશ્ચિમમાં ઈસા મસીહનો ભક્તિપથ પ્રકાશ પાથરી ચૂક્યો હતો, પરંતુ તે મત અરબસ્તાન, ફારસ (ઈરાન) વગેરે દેશોમાં પ્રબળ ન હતો અને અરબસ્તાન જેવા કટ્ટર દેશમાં મહાત્મા મુહમ્મદ સિવાય અન્ય કોઈનું કામ ન હતું કે ત્યાં કોઈ નવીન મત પ્રકાશિત થતો. તે વખતના આરબ લોકો મૂર્ખ, સ્વાર્થી, નિર્દયી અને વન્ય-પશુઓની જેમ કટ્ટર હતા. જો કે તેઓમાંથી અનેક લોકો પોતાને ઈબ્રાહીમના વંશના બતાવતા અને મૂર્તિપૂજાને ખરાબ સમજતા, પરંતુ સામાજિક લાચારીને લઈને સૌ બહુદેવ-ઉપાસક બનેલા હતા. આ જ ઘોર સમયમાં મક્કામાં મુહમ્મદ નામે ચંદ્રનો ઉદય થયો અને એક ઈશ્વરનો પંથ સંસ્કાર રૂપે સૌને દેખાવા લાગ્યો.'' (ભારતેન્દુ હરિશ્ચંદ્ર સમગ્ર)

**સમસ્ત માનવ-જાતિના માર્ગદર્શક :**

● લાલા કાશીરામ ચાવલા 'એ મુસ્લિમ ભાઈ'માં લખે છે કે –

''સમસ્ત ધર્મોના પ્રણેતાઓ અને સંસ્થાપકો મોટા-મોટા પરિવારોમાં પેદા થયા અને તેમના જન્મ ઉપર ખૂબ ધૂમ-ધામ મચી, ઘણા હર્ષ-વાદ્ય ગૂંજયા. ઉદાહરણાર્થ, હઝરત ઈસા અલૈ., બુદ્ધ-ભગવાન, હઝરત મૂસા અલૈ., ભગવાન કૃષ્ણ, ભગવાન મહાવીર, ગુરુ નાનક બધાનું બાળપણ અત્યંત લાડ-પ્યાર અને ઠાઠ-માઠથી વીત્યું. પરંતુ આપ (મુહમ્મદ સલ્લ.)ની મુશ્કેલીઓનો આરંભ જન્મથી પહેલાં જ થઈ ગયો હતો.

હજુ આપ માતાના ગર્ભમાં જ હતા કે પિતાનો દેહાંત થઈ ગયો. છ વર્ષની

અવસ્થામાં માતૃ-પ્રેમથી પણ વંચિત થઈ ગયા. બે વર્ષ દાદાની ગોદમાં રમ્યા અને આઠમા વર્ષે તેઓ પણ સ્વર્ગ સિધાવી ગયા અને પછી આપના કાકાએ સંભાળ્યા. આ રીતે બાળપણમાં શિક્ષણ કેળવણી અને સુખ-શાંતિના બધા સાધનો લુપ્ત થઈ ગયા.શું આ ઈશ્વરીય ચમત્કાર નથી કે આવી દશામાં ઉછરેલ વ્યક્તિ આજે માનવ-જાતિના એક વિશાળ સમૂહનો પથ-પ્રદર્શક અને નેતા સ્વીકાર કરવામાં આવી રહ્યો છે તથા તેણે અરબસ્તાન જેવા બર્બર દેશથી નિરાશ્રિત હાલતમાં જગતના લોકોને માનવતાનો સંદેશ આપ્યો.

કોને ખબર હતી કે આવા બહુ વિખ્યાત નહીં એવા પરિવારમાં જન્મ લેનાર નિરક્ષર અને અનાથ બાળક અરબસ્તાનથી અજ્ઞાનતાનું નામો-નિશાન મિટાવનાર સુધારક બનશે ? સમગ્ર સંસારમાં ઈસ્લામી ધ્વજ લહેરાવનાર રસૂલ હશે,કુર્આને શરીફનો સંદેશ પહોંચાડનાર નબી હશે ? અજ્ઞાનીઓમાં મહત્ત્વપૂર્ણ ક્રાંતિ આણનાર સુધારક હશે અને એક તદન અનોખા અને નવીન ધર્મનો પ્રકાશ રેલાવશે ? અત્યંત અલ્પ સમયમાં સ્વયં અશિક્ષિત હોવા છતાં પણ પોતાના બૌદ્ધિક જ્ઞાનથી સમસ્ત જગતના એક ખૂબ મોટા ભાગને શિક્ષણ અને જ્ઞાનથી પરિપૂર્ણ કરી દેશે ? એવા જ્ઞાનથી, જે વિશ્વના તમામ મનુષ્યો માટે એક અનુકરણીય આદર્શ છે.

આપ સલ્લ.એ ઉદારતા અને સમતા, સત્ય અને ન્યાય તથા પાડોસીઓના અધિકારોનો જે આદર્શ જગતમાં સ્થાપિત કર્યો છે, તેને નિહાળીને આશ્ચર્યચકિત બની જવું પડે છે. આપ સલ્લ.ના સદ્‌વર્તન અને સમતા-ભાવની હાલત એ હતી કે આપ સલ્લ.એ પોતાના સંપૂર્ણ જીવનમાં ક્યારેય કોઈ સેવક કે બાળક કે પશુ સુદ્ધાંને ન માર્યું, ન કોઈને અપશબ્દો કહ્યા, એક વાર બિલાડી આપના બિસ્તર ઉપર સૂઈ ગઈ હતી, આપ સલ્લ.એ તેને આ સુખથી વંચિત ન કરી, ચકલીઓ અને કીડીઓને મારવાના વિરુદ્ધ આદેશ આપ્યા, કૂતરાઓને પાણી પીવડાવનારાઓના અપરાધને માફ કર્યા. યુદ્ધના કેદીઓનું સન્માન કર્યું. અત્યંત મહત્ત્વપૂર્ણ યુદ્ધ-નિયમો બનાવ્યા, જેમાં સ્ત્રી, બાળક, વૃદ્ધ, સૂતેલા લોકો અને નિઃશસ્ત્ર લોકો ઉપર શસ્ત્ર ચલાવવાનો નિષેધ કર્યો. ખેતીઓના પાક અને મકાનોને નુકસાન પહોંચાડવાથી રોક્યા.

આપ સલ્લ. અન્ય જાતિઓના સરદારોનો આદર-સત્કાર કરતા હતાં. અન્ય ધર્મોના વિદ્વાનો અને પ્રતિષ્ઠિત માણસોથી સન્માનપૂર્વક મળતા હતા. જ્યાં

પોતાના પ્રિય અનુયાયીઓ માટે દિવસ-રાત પ્રાર્થનાઓ કરતા રહેતા હતા, ત્યાં વિરોધીઓ અને શત્રુઓ માટે પણ પ્રાર્થનાઓ કરતા હતા. જયારે ઉહદના યુદ્ધમાં આપના મોઢા ઉપર પથ્થર મારવામાં આવ્યા અને આપના દાંત શહીદ થઈ ગયા તો આપ સલ્લ.એ ફરમાવ્યું – ''હે મારા ઈશ્વર ! તુ મારી જાતિના આ લોકોને ક્ષમા પ્રદાન કર, કેમ કે નિઃસંદેહ તેઓ નથી જાણતા (કે તેઓ શું કરી રહ્યા છે).''

પોતાની દાનશીલતા અને ઉદારતા અદ્વિતીય હતી. માંગનાર કોઈ પણ ધર્મ કે સંપ્રદાયનો હોય, આપના દ્વારેથી નિરાશ ન જતો. આપ સલ્લ.નો એ આદેશ હતો કે સૃષ્ટિના પ્રાણીઓ ઉપર દયા કરો, ઈશ્વરથી ડરો. આપ કરજ લઈને પણ લોકોની જરૂરતો પૂરી કરતા હતા. આપની આજ્ઞા હતી કે (યુદ્ધમાં) દુશ્મનની લાશને નષ્ટ કરવામાં ન આવે, સ્ત્રીઓ અને બાળકોની હત્યા કરવામાં ન આવે. શરીરના અંગોને કાપી-કાપીને પ્રાણ-વધ કરવામાં ન આવે, ન તો શરીરના કોઈ ભાગને બાળવામાં આવે.

આપની સત્યપ્રિયતા, શુદ્ધ-હૃદયતા, પ્રમાણિકતા અને ન્યાયશીલતાની પ્રશંસા માત્ર મુસલમાન નહિં, બલ્કે અબૂ જહલ અને અબૂ સુફિયાન જેવા લોહીના તરસ્યા દુશ્મનોએ પણ કરી અને માણસની સાચી પ્રશંસા તે જ છે, જે વિરોધીઓને પણ માન્ય હોય અને સાચી બૂરાઈ તે હોય છે, જેને મિત્ર પણ નિઃસંકોચ કહી દે.

શું આ આપ સલ્લ.નો ચમત્કાર નથી કે અરબસ્તાનના અજ્ઞાની, બદમિજાજ, લડાકુ, ઝઘડાળુ, અંધવિશ્વાસી, જુગારી, શરાબી, ડાકુ, વ્યભિચારી, પ્રતિજ્ઞાભંગ, કન્યાવધ, સાવકી માતાઓથી લગ્ન કરનારા લોકો આજે સીધા-સાદા, મુસાફરો અને અતિથિઓનો આદર-સત્કાર કરવાવાળા, મહેનતુ, પ્રમાણિક, સહયોગી, આજ્ઞાપાલક, સમતાવાદી અને ઈશ્વર-પૂજક દેખાય છે. આ આપ સલ્લ.ના શિક્ષણનો અલૌકિક ચમત્કાર છે કે આટલા ઓછા સમયમાં આ લોકોના આચાર-વિચાર, સ્વભાવ, પ્રકૃતિમાં એક અસાધારણ ક્રાંતિ ઉત્પન્ન કરી દીધી.

આપ સલ્લ.એ આટલા વધુ પ્રભાવ અને અધિકાર પછી પણ ક્યારેય પોતાના સ્વભાવમાં પરિવર્તન ન આવવા દીધું. એક પ્રવાસમાં ભોજન તૈયાર ન હતું. આપના સાથીઓએ મળીને ભોજન બનાવવાનો નિશ્ચય કર્યો. લોકોએ એક-એક કામ વહેંચી લીધું. સાથીઓના રોકવા છતાં જંગલથી લાકડા લાવવાનું કામ આપ સલ્લ.એ સ્વયં લીધું અને ફરમાવ્યું – ''કોઈ કારણ નથી કે હું પોતાને શ્રેષ્ઠ સમજું.''

બદ્રની લડાઈમાં સવારીઓની સંખ્યા ઓછી હતી. વારાફરતે લોકો સવાર થતા હતા, આપ પણ આ જ પ્રકારે પોતાનો ક્રમ આવતો, સવાર થતા અને પગપાળા ચાલતા.

આપનું સમગ્ર જીવન કહેવતની સીમા સુધી પહોંચી ચૂક્યું હતું. આ પહેલાં લખવામાં આવી ચુક્યું છે કે આપ સલ્લ. પોતાના ઘરનું કામકાજ પોતાના હાથથી સ્વયં કરતા હતા, કપડાઓમાં થીંગડું લગાવવું, ફાટેલા પગરખા સાંધવા, ઝાડુ વાળવું, દૂધ દોહવું, બજારથી સામાન લાવવો વગેરે, આ બધા કામ હઝરતની દિનચર્યામાં સામેલ હતા. દેખાડો અને આડંબરને સ્હેજ પણ પસંદ કરતા ન હતા. મોટા, ફાટેલા કપડા પહેરતા, પહેરણના બટન ખુલ્લા રહેતા હતા, સાજ સજ્જાને નાપસંદ કરતા હતા. એક વાર આપ સલ્લ. પોતાની વ્હાલી સુપુત્રી ફાતિમા ઝુહરા રદિના ઘરે ગયા. પરંતુ દીવાલો ઉપર પરદા લટકતા જોઈને પરત જતા રહ્યા. કારણ પૂછતા આપ સલ્લ.એ ફરમાવ્યું – જે ઘરમાં બનાવટ-સજાવટમાં દિલ લાગેલું રહેતું હોય, ત્યાં હું જઈ શકતો નથી.''

આવું કેમ હતું ? એટલા માટે કે તેમની પાસે ઈશ્વરીય આદેશ પહોંચી ચૂક્યો હતો કે ઈશ્વરીય પ્રેમની સામે સાંસારિક પ્રેમ તુચ્છ છે.

કુર્આનમાં એક જગ્યાએ કહેવામાં આવ્યું છે – 'હે (ઈશ્વર ઉપર) વિશ્વાસ રાખનારાઓ ! તમને તમારા (સાંસારિક) ધન અને સંતાન ઈશ્વરોપાસનાથી ગાફેલ ન કરી દે અને જે આવું કરશે, તે નુકસાન ઉઠાવનારાઓમાંથી છે.''

આપ આખી-આખી રાત ઈશ્વરની ઉપાસનામાં લીન રહેતા હતા. જ્યારે ઘરના લોકો સૂઈ જતાં તો આપ ચૂપચાપ પથારી ઉપરથી ઊઠીને ઈશ્વર-સ્મરણમાં લાગી જતા.આપની સુશીલ પત્ની હઝરત આઇશા સિદ્દીકા રદિ, ફરમાવે છે કે એક રાત્રે મારી આંખ ખુલી તો આપને પથારી ઉપર ન જોયા, હું સમજી કે આપ કોઈ અન્ય હરમ (પત્ની)ના હુજરા (ઓરડા)માં તશરીફ લઈ ગયા છે, પરંતુ અંધારામાં જોયું તો ખબર પડી કે આપનું પવિત્ર મસ્તક ધરતી ઉપર છે અને આપ ઈશ્વરની પ્રાર્થનામાં મગ્ન છે. આ જોઈને આપ ખૂબ લજ્જિત થઈ ગયા કે તે શું વિચારતા હતા અને આપની હાલત શું હતી? આનું જ નામ ઇસ્લામ છે. ઇસ્લામનો અર્થ છે ઈશ્વર સમક્ષ નતમસ્તક થઈ જવું. આપ સલ્લ. જાણે હર-હંમેશ ઈશ્વર સન્મુખ ઉપસ્થિત રહેતા હતા ! આપ સલ્લ.એ યુદ્ધ-ક્ષેત્રમાં પણ ક્યારેય નમાઝ નથી

છોડી.

ઈશ્વર ઉપર આપ સ.અ.વ. નો અડગ વિશ્વાસ હતો. આપ સ.અ.વ.નું કથન છે કે જો પગરખાની પટ્ટી પણ તૂટી જાય તો ઈશ્વરથી જ માંગો. એક વાર આપની પ્રિય સુપુત્રી હઝરત ફાતિમા રદિ, ઘરેલુ કામ-કાજની અધિકતાને લઈને આપની સેવામાં ઉપસ્થિત થઈ અને ખૂબ ડરતાં-ડરતાં એક સેવિકા માટે પ્રાર્થના કરી, તો આપ સલ્લ.એ ફરમાવ્યું –

"હે વ્હાલી બેટી ! તુ ઈશ્વર ઉપર ભરોસો રાખ અને તેનો હક અદા કર. પોતાના ઘરવાળાઓની સેવા સ્વયં કર. જો તુ કોઈ સમયે થાક અનુભવે તો 'સુબ્હાનલ્લાહ' (ઈશ્વર પવિત્ર ખામીરહિત છે) ૩૩ વાર, 'અલહમ્દુલિલ્લાહ' (તમામ પ્રશંસા ઈશ્વર માટે જ છે) ૩૩ વાર અને 'અલ્લાહુ અકબર' (ઈશ્વર જ મહાન છે) ૩૪ વાર પઢી લો, તારો થાક દૂર થઈ જશે."

આનું નામ છે, સાચી ભક્તિ ! આનું નામ છે, સાચી ઈશ્વર ઉપાસના !

આનું નામ છે, ઈશ્વર-પ્રેમ !

આપ સલ્લ. ફરમાવ્યા કરતા હતા, "મુસલમાનની સૌથી પ્રથમ નિશાની એ છે કે તે ઈશ્વર અને પ્રલયના દિવસના હિસાબ-કિતાબથી ડરે.' ('એ મુસ્લિમ ભાઈ', પૃ. ૨૫૨ થી ૨૫૮ સુધી)

**સમગ્ર જગત માટે દયા અને કૃપા**

● શ્રી દેવદાસ ગાંધી, જે દિવંગત મહાત્મા ગાંધીના પુત્ર હતા, પોતાના એક લેખમાં લખે છે –

"એક મહાન શક્તિશાળી સૂર્ય સમાન ઈશ્વર-દૂત હઝરત મુહમ્મદે અરબસ્તાનના રણપ્રદેશને એ સમયે પ્રકાશિત કર્યો, જ્યારે માનવ-જગત ઘોર અંધકારમાં ડૂબેલુ હતું અને જ્યારે આપ આ દુનિયાથી વિદાય થયા તો પોતાનું તમામ કામ પૂર્ણ રૂપે પૂરું કરી ચૂક્યા હતા; તે પવિત્રતમ્ કામ, જેનાથી દુનિયાને સ્થાયી લાભ પહોંચવાનો હતો. દુનિયાના સાચા પથ-પ્રદર્શક ઘણા ઓછા થયા છે અને તેમના યુગોમાં એકબીજા વચ્ચે ઘણું અંતર રહ્યું છે, અને તે લોકો કે જેઓએ મુહમ્મદ સાહેબના જીવન-ચરિત્રનું અધ્યયન તે જ શ્રદ્ધાની સાથે કર્યું છે, જેના તેઓ અધિકારી છે, એ વાત માનવા માટે વિવશ છે કે આપ મહાન ધર્મ ઉપદેશકોમાંથી એક છે. આપની મહાનતા અને ગુરુતામાં તે સમયે હજુ વધારે

વૃદ્ધિ થઈ જાય છે, જ્યારે આપની છબી પ્રસ્તુત કરતી વખતે આપણે તે અત્યંત આધ્યાત્મિક અને નૈતિકતાની પૃષ્ઠભૂમિ ઉપર પણ દ્રષ્ટિ રાખીએ, જે આપના જન્મ સમયે અરબસ્તાનમાં વિદ્યમાન હતી.

મુહમ્મદ સાહેબ એક સભ્ય અને ઉન્નતશીલ વાતાવરણની ઉત્પત્તિ ન હતા. આપના કાળમાં એક આદમી એવો ન હતો, જેનાથી આપ બ્રહ્મવાદ (મૂળ સત્ય)ની શિક્ષા ગ્રહણ કરી શકતા, તે વખતે ઈશ્વરીય ધર્મ માટેતો અરબસ્તાનમાં સ્થાન જ ન હતું, તે દેશ પોતાના અંધકારમય કાળમાંથી પસાર થઈ રહ્યો હતો. જ્યારે વિનાશ અને પતન પોતાની સીમાએ પહોંચી જાય છે તો તે સમયે આપ ઈશ્વરીય કૃપા બનીને ઉદિત થયા. આવી સ્થિતિમાં જો તેમને 'રહમતુલલિલ્ આલમીન' (સમગ્ર સૃષ્ટિ માટે કૃપા અને દયા)ની પદવી આપવામાં આવે છે તો તેમાં આશ્ચર્ય જ શું છે ?

આપનું આદર્શ જીવન-ચરિત્ર આપણને બતાવે છે કે આપ સલ્લ.એ પોતાના ઉપદેશ અને પ્રચારનો જીવનભર આ જ નિયમ રાખ્યો કે જે કંઈ પોતાના અનુયાયીઓને શીખવવા માગતા હતા, પ્રથમ તે બધું સ્વયં કરીને બતાવી દીધું અને ક્યારેય કોઈ એવા કાર્યની શિક્ષા ન આપી, જેનું ઉદાહરણ આપે ઉપસ્થિત ન કર્યું હોય.

આપના પવિત્ર જીવનમાં તે વખતે પણ કોઈ પણ પ્રકારનું કોઈ અંતર ન આવ્યું. જ્યારે આપ પયગંબરના પદ ઉપર શોભાયમાન થઈ ગયા. આપે સંપૂર્ણ જીવન તે જ સરળતા અને સાદગીથી વ્યતીત કર્યું. સાંસારિક સુખ અને જીવનના ભોગ-વિલાસ તે સમયે પણ આપને પોતાની તરફ આકર્ષિત ન કરી શક્યા, જ્યારે એકથી વધુ સામ્રાજ્યોનું ધન આપના ચરણોમાં અર્પિત કરવામાં આવી રહ્યું હતું. આપનું ભોજન ઘણું સાદું અને ઓછું રહેતું હતું તથા તે પણ એટલા માટે જ ખાતા હતા કે જીવિત રહી શકે . ચટાઈઓ અને કંતાન આપની પથારી હતી અને આ જ રીતે પહેરવાના કપડા પણ ઘણા સાધારણ હતા. આપે કદી કોઈને કડવા વેણ નથી કહ્યા, ત્યાં સુધી કે લડાઈના અવસરે પણ દુશ્મનોની સાથે આપનો સ્વર કોમળ રહેતો હતો. સત્ય એ છે કે આપને પોતાની ઇચ્છાઓ અને મનોભાવો ઉપર સંપૂર્ણ સંયમ પ્રાપ્ત હતો. ગીતામાં કર્મયોગીના જે ગુણ બતાવવામાં આવ્યા છે, તે બધા જ આપમાં સંપૂર્ણપણ મોજૂદ હતા. આપ પોતાના અપ્રિય કર્તવ્યોને

પણ સાચા ઈમાન અને સાચી વીરતાની સાથે પૂર્ણ કરતા હતા તથા ઈચ્છાઓ અને ઘમંડ ક્યારેય આપના કદમોમાં કંપન ઉત્પન્ન કરી શકતા ન હતા. કર્મયોગી એ વ્યક્તિને કહે છે, જે પોતાના ઉત્તમ વિચારોને પણ કાર્ય રૂપમાં પરિવર્તિત કરી દે અને મુહમ્મદ સાહેબ એક એવા જ વ્યક્તિ હતા. એક નશ્વર મનુષ્ય હોવા છતાં પણ આપ અલૌકિક ગુણો ધરાવતા હતા. સુખ-દુઃખ, હર્ષ, ક્ષોભ, જેની અસરો હેઠળ આપણે-સામાન્ય મનુષ્યોના જીવન વ્યતીત થાય છે અને જે વાસ્તવમાં આપણા જીવનમાં ફેરફારો ઉત્પન્ન કરી દે છે, તેનાથી આ પવિત્ર અને મહાન આત્મા કદી પ્રભાવિત થતી ન હતી.

જે લોકો સમાજની વર્તમાન વ્યવસ્થા અને પ્રણાલીને બદલવામાં લાગેલા છે અને ઈચ્છે છે કે તેનાથી સારા સમાજને જન્મ આપે, તેમના હૃદયો ઉપર જે વાતનો ઊંડો પ્રભાવ પડશે, તે પયગંબર સાહેબનો તે ઉચ્ચ આદર્શ છે, જેને તેમણે મહેનત-મજૂરીના સંબંધે સ્થાપિત કર્યો. આ ઈશદૂતે એવા ઘણા અનુકરણીય ઉદાહરણ રજૂ કર્યા છે, જેને લોકોએ ભુલાવી દીધા છે. તેમાંથી એક આ છે કે આપ પોતાના કપડાની સ્વયં મરમ્મત કરતા હતા. એટલું જ નહિ, બલ્કે પોતાના જૂતા પણ પોતે જ સાંધતા હતા. આપ ઘરના બધા કામ-કાજમાં વારંવાર પોતાના સેવકોની સહાયતા કરતા હતા. મસ્જિદના નિર્માણમાં આપે મજૂરોની સાથે બરાબર કામ કર્યું છે. મજૂરોની સાથે કામ કરતી વખતે આપ તેમનામાં એવી રીતે હળી-મળી જતા હતા કે કોઈ તેમને ઓળખી શકતું ન હતું.

બાળકોથી આપને વિશેષ લગાવ હતો અને તેમની સાથે આપ ઘણા ખુશ રહેતા હતા. તે સૌભાગ્યશાળી બાળકો, જે આપના જીવનકાળમાં હતા અને જેમને આપનો પ્રેમ પ્રાપ્ત રહ્યો, પોતાના ઘરોમાં એટલા ખુશ નહોતા રહેતા, જેટલા આપની સાથે. બાળકોના સહચર્યમાં ઊઠવું-બેસવું આપના માટે કોઈ આકસ્મિક વાત ન હતી, બલ્કે આ આપનો નિયમ અને કાર્યક્રમ હતો કે બાળકોને શોધીને તેમની સાથે થઈ જતા અને પોતાના ઉત્તમ વિચારો તેમના મસ્તિષ્કોમાં અર્પિત કરી દેતા. શું શિક્ષણ અને ઉપદેશની આનાથી વધુ સ્વાભાવિક અને સરળ રીત કોઈ અન્ય હોઈ શકે છે? (માસિક 'પેશવા', દિલ્હી, જુલાઈ-૧૯૩૧)

**અનુપમ જીવનઃ**

● હિંદીના પ્રખ્યાત સાહિત્યકાર સરદાર પૂરણસિંહ 'અધ્યાપક' સાહિત્યિક અભિવ્યંજનોનો પ્રયોગ કરતાં લખે છે –

''જુઓ, હિરાની ગુફામાં એક અનાથ દુનિયાથી અસંબંધિત થઈને એક વિચિત્ર ઊંઘ લઈ રહ્યો છે. જેમ કે શેરીમાં પડેલા પથ્થરની તરફ કોઈ ધ્યાન આપતું નથી, તેવી જ રીતે સામાન્ય વ્યક્તિઓની જેમ આ અનાથને કોઈ જાણતું ન હતું. એક ઉદાર-હૃદયી, ધન-સંપન્ન મહિલાની તે નોકરી કરે છે. તેની સાંસારિક પ્રતિષ્ઠા માત્ર એક મામૂલી ગુલામ જેવી છે, પરંતુ કોઈ એવું દૈવી કારણ બન્યું, જેનાથી આ અજાણ અને અજનબીનો વારો આવ્યો ! તેની નિદ્રા ખુલી, સંસાર ઉપર જાણે હજારો વિજળીઓ પડી ! અરબસ્તાનના રણમાં દારૂગોળાની જેમ આગ લાગી ગઈ. આ વીરની આંખોની જ્વાળાઓ ઇન્દ્રપ્રસ્થથી સ્પેન સુધી પ્રજ્વલિત થઈ. તે અજ્ઞાત અને ગુપ્ત હિરાની ગુફામાં સૂવાવાળાએ એક પોકાર કર્યો. સમગ્ર પૃથ્વી ભયથી ધ્રૂજવા લાગી. હા, જ્યારે પયગંબર મુહમ્મદે 'અલ્લાહુ અકબર'નું ગીત ગાયું, ત્યારે સમસ્ત સંસાર શાંત થઈ ગયો અને થોડી વાર પછી પ્રકૃતિ તેની વાણીની ગૂંજને બધી દિશાઓમાં ઉડાવીને લઈ ગઈ. પક્ષી 'અલ્લાહુ' ગાવા લાગ્યા અને મુહમ્મદના પૈગામને આમ-તેમ લઈ ઊડ્યા. પર્વત તેમની વાણીને સાંભળીને પીગળી ગયા અને નદીઓ 'અલ્લાહુ-અલ્લાહુ'નો આલાપ કરતી પર્વતોથી નીકળી પડી. જે લોકો તેમના સામે આવ્યા, તે તેના દાસ બની ગયા. ચંદ્ર અને સૂર્યએ વારે-વારે ઊભા રહીને સલામ કરી. આ વીરનો પ્રભાવ જુઓ કે સદીઓ પછી પણ સંસારના લોકોનો ખૂબ મોટો ભાગ તેના પવિત્ર નામ ઉપર જીવે છે અને પોતાના નાના સરખા જીવનને અતિ તુચ્છ સમજીને વણદેખ્યા, વણજાણ્યા, માત્ર સાંભળેલા નામ ઉપર ન્યોછાવર કરી દેવાને પોતાના જીવનનું સૌથી અધિક ઉત્તમ ફળ સમજે છે.''

**વિશ્વ-બંધુત્વ અને માનવ-સમાનતાના સંસ્થાપક :**

● દિલ્હીના પ્રસિદ્ધ રાષ્ટ્રીય નેતા અને દૈનિક સમાચારપત્ર 'તેજ'ના નિર્દેશક લાલા દેશબંધુ ગુપ્ત લખે છે –

''હઝરત મુહમ્મદ સાહેબ એક ધાર્મિક નેતા હતા. લગભગ તેમનું સંપૂર્ણ જીવન ઈસ્લામ-પ્રચારમાં જ વ્યતીત થયું. તેથી તેમનું શિક્ષણ વાસ્તવમાં ઈસ્લામનું જ શિક્ષણ છે.પરંતુ તેનો અર્થ એ કદાપિ નથી કે મુસલમાનોના અતિરિક્ત અન્ય બીજા લોકો તેમના શિક્ષણથી લાભ ઉઠાવી શકતા નથી. અરબસ્તાનના અર્ધ-બર્બર બદ્દુઓની સાથે તેમણે જે ઉપકારો કર્યા છે, તેને ઈતિહાસ કદી ભુલાવી નથી શકતો. જે દેશ હાલથી દોઢ હજાર વર્ષ પહેલાં સભ્યતા અને સંસ્કૃતિના નામથી

પણ અનભિજ્ઞ હતો, જ્યાં કળા-કૌશલ્યની કોઈ પહોંચ ન હતી, જ્યાંના લોકોનો વ્યવસાય જ લૂંટફાટ, હત્યા અને રક્તપાત હતો, જ્યાં મૂર્તિપૂજા અને અંધવિશ્વાસોનું આધિપત્ય હતું, તે દેશ આજે સભ્ય દેશોની પંક્તિમાં ઊભો નજરે પડે છે. આ ઉત્તમ આદર્શ સ્થાપિત કરીને તેમણે દુનિયામાં માનવ-સમાનતાની સન્માનપૂર્ણ ભાવનાને પ્રોત્સાહિત કરી અને આ એક એવું કામ હતું, જેણે ન માત્ર ઈસ્લામી દેશોની કાયાપલટ કરી નાખી, બલ્કે અન્ય દેશો ઉપર પણ મુખ્ય પ્રભાવ નાખ્યો. આપ સલ્લ.ની એક અન્ય મહાન અને વિશેષ કૃતિ એ છે કે આપે અરબસ્તાનમાંથી ગુલામીની માનવતા-વિહિન પ્રથાનો અંત કરવામાં પ્રગતિ કરી અને ઈસ્લામના અનુયાયીઓને ઉપદેશ આપ્યો કે ગુલામોને મુક્ત કરવા સૌથી મોટું પુણ્ય-કાર્ય છે અને એ કે કોઈ વ્યક્તિને જન્મજાત ગુલામ હોવાને કારણે ધાર્મિક નેતા અથવા ઉચ્ચ શાસક થવાથી વંચિત નહીં કરી શકાય. ઈસ્લામી ઈતિહાસ સાક્ષી છે કે ઘણા જન્મજાત ગુલામોએ 'ખલીફા'નું ઉચ્ચ પદ પ્રાપ્ત કર્યું તેમજ પોતાના સુકર્મ અને ઉત્તમ ગુણોના કારણે પોતાના કાળમાં ઈસ્લામનું નેતૃત્વ કર્યું.'

— 'તર્જુમાન', ૧૯ જુલાઈ, ૧૯૩૩ ઈ.

**સીધો - સાચો માર્ગ દર્શાવનાર :**

અવિભાજિત પંજાબના પ્રસિદ્ધ કોંગ્રેસી નેતા અને વિદ્વાન ડૉ. સત્યપાલ લખે છે —

'જે સમયે હઝરત મુહમ્મદ ઉદયમાન થયા, સમગ્ર અરબસ્તાનમાં મૂર્તિપૂજા જોરમાં હતી, દરેક બાજુ શિર્ક (બહુ-ઈશ્વરપૂજા)ની પ્રબળતા હતી, ઈશ્વરનો વિશ્વાસ લુપ્ત થઈ રહ્યો હતો. અત્યાચાર, દમન અને બળાત્કાર અને હિંસા માટે તો જરૂરથી ઈશ્વરને પૂછી લેવામાં આવતું હતું, પણ તેની ઉપાસનાથી લોકો ઘણા દૂર હતા. કુસંસ્કારી અને ધાર્મિક પાખંડનું જોર હતું, પરંતુ ઈશ્વરીય આજ્ઞાપાલનનું નામ ન હતું. આવા સમયે આપે તે જ્ઞાનથી ઈશ્વરના એકત્વની ઘોષણા કરી કે તેની ગૂંજથી અરબસ્તાનમાં એક નવી દુનિયા આબાદ થઈ ગઈ. હઝરતને લોકોએ અનેક પ્રકારના કષ્ટ આપ્યા, કેમ કે આપ અદ્વિતીય ઈશ્વરનો સંદેશ સંભળાવતા હતા. આપને લોકોએ ખૂબ પરેશાન કર્યા, કેમ કે આપ લોકોને એક પૂજ્ય તરફ બોલાવતા હતા, પરંતુ આવા મહાન અને તેજસ્વી વ્યક્તિ આ મુશ્કેલીઓથી ક્યાં ભયભીત થાય છે, જે પોતાને ઈશ્વરના શરણમાં જુએ છે. તેઓ દુનિયાવાળાઓને

ક્યાં ધ્યાનમાં લાવે છે, દુનિયાથી તેઓ ક્યાં ડરે છે, જેમના માથા ઉપર દુનિયાના માલિકનો હાથ હોય છે? દુનિયા તેમને ખરીદી નથી શકતી, ન તેઓ અપમાનથી ગભરાય છે, ન તો પ્રશંસાથી મોહિત થાય છે. તેમની દૃષ્ટિમાં આ વસ્તુઓનું કોઈ મૂલ્ય નથી હોતું. સામાન્ય લોકો એ ખ્યાલ કરે છે કે હઝરત મુહમ્મદ સાહેબ એક મુખ્ય સંપ્રદાય અથવા જાતિ અથવા દેશના પથ-પ્રદર્શક છે. આ સત્ય છે કે આજે કરોડો મુસલમાનો દિવસમાં ઘણી વાર ઈશ્વરના આ પવિત્ર સંદેશવાહકનું નામ શ્રદ્ધા અને પ્રેમથી લે છે, પરંતુ તેનાથી ઘણું વધીને તે લોકો હઝરતના પ્રશંસક છે, જેઓ જોકે મારી જેમ તેમની ઘોષણામાં પોતાનો ધીમો અવાજ સામેલ કરે છે અને જેઓ દિવસ-રાત હઝરતની આ કૃતિને યાદ રાખે છે કે આપે ભૂલેલી-ભટકેલી દુનિયાને પુનઃ વાસ્તવિક સત્ય-માર્ગ બતાવ્યો અને પાઠ ભણાવ્યો.''

('તર્જુમાન', વારાણસી, જુલાઈ-૧૯૩૦)

**માનવ-જીવનનો સર્વોત્તમ આદર્શ**

● રાજા રાધાપ્રસાદસિંહ હઝરત મુહમ્મદ સલલ.ના જન્મ દિવસની એક સભાના ભાષણમાં કહે છે –

''વિશ્વ-ભૂગોળ અને ઈતિહાસના પૃષ્ઠ, જગતનો કોઈ ભાગ અને ખૂણો એવા ઉદાહરણ પ્રસ્તુત ન કરી શક્યા, જેમાં પ્રકૃતિએ દરેક સમાજ, દરેક સમૂહ, પ્રત્યેક વંશ અને દરેક જાતિના ચરિત્ર અને સ્વભાવની સુધારણા અને રચના માટે નબી, અવતાર, પથ-પ્રદર્શક, હાદી, પયગમ્બર ન મોકલ્યા હોય. 'વલિકુલ્લિ કૌમિન્ હાદ' (કુર્આનની) આ આયત એ વાતની સાક્ષી છે કે પ્રકૃતિના દરેક ખૂણા અને પ્રત્યેક વિભાગ ઉપર, ચાહે પૂર્વ માં હોય કે દક્ષિણમાં કોઈ ને કોઈ જાતિ સુધારક, દેશ અને સમાજની ઉન્નતિ અને નૈતિક વિકાસ માટે અવશ્ય ઉત્પન્ન કર્યા.

જો આપણે કોઈ સુધારક, નબી અથવા અવતારના જીવન-ચરિત્ર કે જીવન-ઘટનાઓની પૂર્ણ શોધ કરીએ તો આપણી દૃષ્ટિ સમક્ષ તેમના જીવનની સમસ્ત ઘટનાઓ અને વાતાવરણ નથી આવી શકતા. પરંતુ આ વિશેષતા અને પ્રમુખતા સદ્ગુણોના સ્રોત પયગંબર હઝરત મુહમ્મદ સાહેબને જ પ્રાપ્ત છે કે આપના જીવનના સંક્ષિપ્ત અને પાછલા અધ્યયનથી જ આપના જીવનનું સ્પષ્ટ ચિત્ર આપણી આંખો સમક્ષ આવી જાય છે. જો આ પવિત્ર આત્માના જીવનની કેટલીક ઘટનાઓ

ઉપર પણ પ્રકાશ નાખવામાં આવે તો તેના માટે પણ એક મોટા ગ્રંથની જરૂરત પડશે. આ સંક્ષિપ્ત નિબંધ તો એ વાત માટે કોઈ રીતે પણ પર્યાપ્ત નથી હોઈ શકતો કે આ સાકાર જ્યોતિ અને સચ્ચાઈ તથા સ્વચ્છતાની મૂર્તિના આદર્શપૂર્ણ આચાર-વ્યવહાર, જેના સંબંધે (કુર્આનમાં) 'તમારા માટે હઝરત મુહમ્મદનું જીવન સર્વોત્તમ આદર્શ છે' કહેવામાં આવ્યું છે, રજૂ કરી દેવામાં આવે. આ સમયે નમૂના તરીકે કેટલીક મુખ્ય અને સ્પષ્ટ ઘટનાઓ, જેનાથી સન્માનનીય શ્રોતાગણના આત્માને તાજગી પહોંચવાની પ્રબળ આશા છે, ઉપસ્થિત કરૂં છું." (જગત મહર્ષિ, પૃ. ૨૯૩)

**મારી આંખો ખુલી ગઈ :**

● પ્રસિદ્ધ સ્વાતંત્ર્ય સેનાની બાબુ મુકુટધારી પ્રસાદે હઝરત મુહમ્મદ સલ્લ. વિશે કહ્યું – ''આપ લોકોને ખબર હોય કે ન હોય, પરંતુ સત્ય એ છે કે ઈસ્લામ અને મુહમ્મદ સાહેબના સંબંધે મારા વિચારો પહેલાં એટલા સારા ન હતા, જેવાં કે આજે તમે જુઓ છો, મારૂં દિલ તેમની તરફ દ્વેષથી ભરેલું હતું અને મને મુહમ્મદ સાહેબ અને તેમના ઈસ્લામમાં કોઈ ગુણ દેખાતો ન હતો. પરંતુ જ્યારે અસહયોગ આંદોલનમાં જેલમાં ગયો અને ત્યાં આપના જીવન-ચરિત્રનું અધ્યયન કર્યું તો મારી આંખો ખુલી ગઈ અને મને મુહમ્મદ સાહેબના અપાર ગુણોને કબૂલ કરવા પડ્યા અને આ જ કારણે આજે મેં આ ઉચ્ચપદ ગ્રહણ કરી લીધું છે.

આરબ દેશના ઈતિહાસથી સ્પષ્ટ છે કે મુહમ્મદ સાહેબના ધર્મ-પ્રચારથી છે પહેલાં આરબ સમાજ અત્યંત અજ્ઞાનતા, બર્બરતા, પથભ્રષ્ટતા, મદ્યપાન અને અનેક પ્રકારના કુકર્મોમાં લિપ્ત હતો. પરંતુ મુહમ્મદ સાહેબના શિક્ષણની એ અસર થઈ કે માત્ર ૨૩ વર્ષના અલ્પ સમયગાળામાં આ અજ્ઞાની અને બર્બર દેશની કાયાપલટ થઈ ગઈ. આપની શિક્ષાઓ અસંખ્ય છે. પરંતુ તેમાં વિશેષરૂપે જે મને અત્યંત પ્રિય છે અને જે પ્રત્યેક વ્યક્તિ માટે લાભપ્રદ અને વ્યવહાર-યોગ્ય છે, રજૂ કરૂં છું –

હું સૌથી પહેલાં સમતાને લઉં છું. માલિક હોય કે સેવક, ધનવાન હોય કે નિર્ધન, ગોરો હોય કે કાળો, ઈસ્લામે દરેક મુસલમાનને બરાબરીનું સ્થાન આપ્યું છે. મુહમ્મદ સાહેબની તાલીમમાં પારિવારિક ઊંચ-નીચ માટે કોઈ સ્થાન નથી, બલ્કે નામ અને પ્રતિષ્ઠાની કસોટી કર્મ અને માત્ર કર્મ છે.

સજ્જનો ! કહેવામાં આવે છે કે 'ઇસ્લામ તલવારના જોરથી ફેલાયો'. આપને સાંભળીને આશ્ચર્ય થશે કે મારો પણ આ જ વિચાર હતો. પરંતુ તે કઈ તલવાર હતી ? શું તે લોખંડની તલવાર હતી ? તે મુહમ્મદ સાહેબની તે જ અમૂલ્ય સદ્-ચરિત્રતા, ક્ષમા-ભાવના, શુદ્ધ આચાર-વ્યવહાર તેમના મહાન ગુણો અને તેમના કયામત પર્યંત મિટાવી ન શકાય તેવા આદર્શ-શિક્ષણની ચમકતી દમકતી તલવાર હતી, જેણે ગળા કાપવાની જગ્યાએ દિલોને એક દોરીમાં પરોવી દીધા. ઇસ્લામની લોકપ્રિયતા અને પ્રસિદ્ધિના આ જ બે કારણો છે, અન્યથા કોઈ ચીજ જે બળપૂર્વક અને અત્યાચારના આધારે કાયમ કરવામાં આવે છે, સ્થાયી અને ફળદાયક નથી હોતી. મુહમ્મદ સાહેબનું અતિ ઉત્તમ શિક્ષણ અને સદાચારનો જ એ ચમત્કાર છે કે ઇસ્લામ હજુ સુધી કાયમ છે અને મને એ સ્વીકાર કરવામાં કોઈ પણ સંકોચ નથી કે મુહમ્મદ સાહેબનો ધર્મ જ પોતાના શિક્ષાણના આધારે આજે જગતમાં સૌથી અધિક લોકપ્રિય છે.

**મહાનતમ્ નેતા : (જગત મહર્ષિ, પૃ. ૬૨-૬૮)**

શ્રી બી. એન. સાહની, ભૂતપૂર્વ સંપાદક, 'હિન્દુસ્તાન ટાઇમ્સ' દિલ્હી, પોતાના એક લેખ 'ગલત મઝહબોં કા કાફિર'માં લખે છે –

પોત-પોતાના યુગમાં મુહમ્મદ સલ્લ., ઈસા અને બુદ્ધ જેવા મહાત્માઓની સાથે તે જ પ્રકારનો ઘૃણાપૂર્ણ અને તિરસ્કારયુક્ત વ્યવહાર કરવામાં આવ્યો, જે અધર્મીઓ (અર્થાત્ જૂઠા ધર્મ-ઉપાસકો) તરફથી સાચા ધર્મના પ્રવર્તકો માટે વિશેષ છે અને હઝરત મુહમ્મદને આ જ પ્રકારના ધર્મના એક મહાન અગ્રગણ્ય નેતા સમજીને જ હું આ વાત ઉપર મજબૂર થયો છું કે તેમનું સન્માન કરૂં.

આ આપનું જ કામ હતું કે અદ્વિતીય સાહસ અને દઢતાની સાથે જેના કારણે આપ ઘણી વખત મૃત્યુના મુખ સુધી પહોંચી ગયા. આપે તે કાળના પ્રચલિત ધર્મ-સિદ્ધાંતોને તોડ્યા અને એક એવા ધર્મનો પાયો નાખ્યો, જેણે તે કાળની સભ્યતામાં પણ મહત્ત્વપૂર્ણ ક્રાંતિ આણી અને આગળ વધી આ દુનિયાના જુદા-જુદા ભાગોમાં વસનારા કરોડો મનુષ્યો માટે માર્ગ-દીપનું કામ કર્યું.

આ સચ્ચાઈથી કોઈને ઇન્કાર નથી હોઈ શકતો કે ઇસ્લામના પ્રવર્તકનું વ્યક્તિત્વ જેટલું પવિત્ર અને ઉત્તમ હતું, તેમાં તેટલી જ આકર્ષણ-શક્તિ મોજૂદ હતી અને આપ એવા દિલ અને એવા દિમાગના માલિક હતા, જેનું ઉદાહરણ

આજ સુધી આ દુનિયામાં ખૂબ ઓછું જોવા મળે છે. આ પવિત્રાત્મા પયગંબરે સદીઓ પહેલાં પોતાના અનુયાયીઓ માટે જે જીવન-વ્યવસ્થા બનાવી હતી. તેમાં બે બાબતો વિશેષ રૂપે દરેક વ્યક્તિનું ધ્યાન પોતાની તરફ ખેંચે છે. આ વાત એટલી આશ્ચર્યજનક છે કે લોકતંત્રના આ યુગમાં પણ આપણે સામાજિક અને બૌદ્ધિક સમતાના ઉચ્ચ સ્તરે નથી પહોંચી શક્યા, જેની કલ્પના આ મહિમાવાન પયગંબરના મસ્તિષ્કમાં સદીઓ પહેલાં આવી ચૂકી હતી, અને જેના ઉપર દુનિયાના મુસલમાનોએ સમુદાયની હેસિયતથી પોતાના દૈનિક જીવનમાં આશ્ચર્યજનક નિષ્ઠાની સાથે અમલ કર્યો છે.

રાજનૈતિક લોકતંત્રમાં પણ ઘણી વિશેષતાઓ છે અને આ વાસ્તવિકતા છે કે પ્રત્યેક એવો રાજનૈતિક કાનૂન, જે જનતાના તે રાજ્યમાં સ્થાપિત કરવામાં પૂર્ણ સ્વતંત્રતા ન આપે, જેના અંતર્ગત તે જીવન વ્યતીત કરવા માંગે છે, નિઃશંક અન્યાયપૂર્ણ અને નિરંકુશ છે. પરંતુ માત્ર રાજનૈતિક લોકતંત્રથી કામ ચાલતું નથી અને લોકતંત્રાત્મક જીવન-પ્રણાલીની તેનાથી પૂર્તિ થતી નથી. લોકતંત્રનું વાસ્તવિક રહસ્ય જેમાં છૂપાયેલું છે, તે તો એ છે કે મનુષ્યની દૃષ્ટિમાં બીજા મનુષ્યની પ્રતિષ્ઠા કેટલી છે અને એક સમાજ બીજા સમાજની સાથે કેવો વ્યવહાર કરે છે ?

દુનિયાના બધા ધર્મોમાં કેવળ ઇસ્લામ જ એક એવો ધર્મ છે, જે આ વાતની ઘોષણા કરી શકે છે કે તેને લોકતંત્રનો સાચો સંદેશ અને સાચો સંદેશવાહક (પયગંબર) મળ્યો છે.

ઇસ્લામમાં સૌથી વધુ વર્ણનપાત્ર તે અધિકારો છે, જે તેણે મહિલાઓને આપ્યા છે. એ સત્ય છે કે જ્યાં સુધી સમાજમાં સ્ત્રીઓની હેસિયત અને પુરુષોની સાથે મેળ-મિલાપ રાખવાની સ્વતંત્રતાનો પ્રશ્ન છે, બંને ધર્મો ઇસ્લામ અને ઈસાઇયતે મહિલાઓને ઘણી સ્વતંત્રતા આપી છે, પરંતુ વારસા (કૉડ), 'ખુલઅ' (પત્નીની માંગ ઉપર પતિથી સંબંધ-વિચ્છેદ), સંપત્તિ અને મિલ્કતમાં વૈધાનિક અધિકારોના વિષયે ઇસ્લામના સંસ્થાપક અને પ્રવર્તકે સ્ત્રીઓને એવા સ્વત્વ પ્રદાન કર્યા છે, જેને આજે પ્રત્યેક દેશના ધાર્મિક અગ્રણીઓ પોતાની સ્ત્રીઓને આપવાની ઇચ્છા ધરાવે છે."

(માસિક 'પેશવા' દિલ્હી, જુલાઈ-૧૯૩૧)

**અદ્ભૂત અને અદ્વિતીય વ્યક્તિત્વ :**

● વિશ્વ પ્રસિદ્ધ અંગ્રેજ વિદ્વાન માઈકલ એચ. હાર્ટે વિશ્વના ૧૦૦ મહાનુભાવોના જીવન ઉપર 'ધી હન્ડ્રેડ' શીર્ષકથી એક પુસ્તકની રચના કરી છે.આ પુસ્તકમાં શ્રી હાર્ટે મુહમ્મદ સલ્લ.ને પ્રથમ સ્થાન ઉપર મૂક્યા છે. શ્રી હાર્ટે માનવ-ઈતિહાસ તથા સંપૂર્ણ વિશ્વ ઉપર મહાપુરુષ-વિશેષના સર્વાધિક વ્યક્તિગત પ્રભાવને પસંદગીનો આધાર માન્યો છે. તેમના શબ્દોમાં –

''વિશ્વના સર્વાધિક પ્રભાવશાળી વ્યક્તિઓની યાદીમાં મુહમ્મદને પ્રથમ સ્થાન આપવા અંગે કેટલાક પાઠકો આશ્ચર્ય કરી શકે છે અને કેટલાક પ્રશ્નો પણ કરી શકે છે, પરંતુ માનવ-ઈતિહાસમાં તેઓ એકમાત્ર એવા વ્યક્તિ છે, જેઓ ધાર્મિકતા અને ધર્મનિરપેક્ષતા બંને સ્તરે સર્વાધિક સફળ થયા. ઊંચા પરિવારમાં જન્મેલ અને ઉછરેલ મુહમ્મદે વિશ્વના સૌથી મોટા ધર્મોમાંથી એક (ઈસ્લામ)ની સ્થાપના કરી તથા એવા વિવેક અને બુદ્ધિચાતુર્યની સાથે તેનો પ્રચાર-પ્રસાર કર્યો કે તેના આધારે વિશ્વના સર્વાધિક અસરકારક રાજનેતા બની ગયા. તેમના દેહાવસાનને તેરસો વર્ષ પછી પણ આજે તેમનો પ્રભાવ સર્વાધિક શક્તિશાળી અને વ્યાપક બની રહ્યો છે.'' (પૃ. ૩૩)

શ્રી હાર્ટે આગળ કહ્યું –

''તેથી આપણે જોઈએ છીએ કે માનવ-ઈતિહાસમાં, સાતમી સદીમાં, આરબો દ્વારા જે વિજય-અભિયાન ચલાવવામાં આવ્યું હતું, તે આજે પણ એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી રહ્યું છે. ધર્મનિરપેક્ષતા અને ધાર્મિકતાના પ્રભાવનો અદ્વિતીય સંયોગ, મારા વિચારમાં, મુહમ્મદને માનવ-ઈતિહાસનો એક માત્ર સર્વાધિક પ્રભાવશાળી વ્યક્તિત્વ બનાવી દે છે.' (પૃ. ૪૦)

**અદ્વિતિય દયા અને ક્ષમા-ભાવઃ**

●સ્વામી ભવાની દયાલ સન્યાસી દક્ષિણ આફ્રિકાના વિખ્યાત ભારતીય નેતા અને નેટાલ ઈન્ડિયન નેશનલના ભૂતપૂર્વ ઉપ-પ્રમુખ હતા. એક વાર પયગમ્બર-જયંતિના અવસરે ડેહરી (શાહાબાદ)માં આયોજિત એક વિરાટ સભામાં સભાપતિની હેસિયતે તેમણે જે વક્તવ્ય આપ્યું હતું, તેના કેટલાક અંશો નીચે આપવામાં આવી રહ્યા છે –

''આજે મુહમ્મદ સાહેબના અનુયાયીઓની સંખ્યા દુનિયામાં ઘણી છે, પરંતુ શું તમે સમજો છો કે મુહમ્મદ સાહેબના સત્યતાપૂર્ણ પોકારનો તેમની જાતિએ

તરત સ્વીકાર કરી લીધો ? અને તેમના આદેશોને સરળતાથી માની લીધા ? ના, એવું નથી થયું. જો એવું થતું તો મુહમ્મદ સાહેબની અપાર સહનશીલતા, દૃઢતા, અદ્વિતીય દયા અને ક્ષમા-ભાવ, તે ઉપરાંત આપના અસંખ્ય ઉત્તમ ગુણો આવરણમાં ને અદ્રષ્ય રહી જતા અને દુનિયા તેનાથી પરિચિત ન થઈ શકતી. મુહમ્મદ સાહેબને પણ આરંભમાં તે જ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, જે દરેક મોટાથી મોટા સુધારકનો હિસ્સો છે, આ મહાન સુધારકને પોતાના સત્ય-ઉદ્દેશ્યમાં સફળ થવા માટે પ્રાણઘાતક યાતનાઓ અને કષ્ટ સહન કરવા પડ્યા. તેમ છતાં મુહમ્મદ સાહેબે પોતાની અદ્વિતીય દૃઢતા અને સાહસને ન છોડ્યા અને ઈસ્લામનો અવિરત પ્રચાર કરતા રહ્યા, સત્ય વાત કહેવાથી કદી પણ ન રોકાયા. છેવટે મુહમ્મદ સાહેબની બોલબોલા થઈ અને તેમના જીવનમાં જ સમગ્ર અરબસ્તાન તમામ બૂરાઈઓથી મુક્ત અને શુદ્ધ થઈ ગયું.

મુહમ્મદ સાહેબના સાહસ, શૌર્ય, ધૈર્ય અને મક્કમતાએ દુનિયામાં મુસલમાનો જેવા નીડર અને ઈશ્વર-ઉપાસક સમુદાયને જન્મ આપ્યો છે. વધુ દિવસો નહોતા થયા કે જગતમાં દરેક ઠેકાણે તેમની વિજય-પતાકા લહેરાવા લાગી હતી, સમગ્ર દુનિયામાં તેમના નામનો ડંકો વાગી રહ્યો હતો અને કોઈ અન્ય જાતિ તેનો સામનો કરી શકતી ન હતી. આ જ મુસલમાનો આજે આટલા પતનશીલ અને દિશાહીન કેમ દેખાઈ રહ્યા છે ? તેમના ગળામાં બીજાઓની ગુલામીનો ફંદો કેમ પડેલો છે ?તેનું કારણ આ સિવાય અન્ય કંઈ નથી કે મુહમ્મદ સાહેબના શિક્ષણથી મુસલમાનો ખૂબ દૂર જતા રહ્યા છે. મુહમ્મદના નામ લેનારા ચાહે તો પોતાની ખોવાઈ ગયેલ પ્રતિષ્ઠા અને ગૌરવને પુનઃ પ્રાપ્ત કરી શકે છે, જો તેઓ સચ્ચાઈની સાથે મુહમ્મદ સાહેબના પ્રબળ ધૈર્ય અને દૃઢતા, સાહસ અને શૌર્ય તથા સદાચાર અને ઉદારતાને ફરી ગ્રહણ કરી લે. મિત્રો ! હું બીજા ધર્મોના લોકોથી પણ પ્રાર્થના કરૂં છું કે તેઓ મુહમ્મદ સાહેબને પોતાનો આદર્શ બનાવે અને તેમના ઉત્તમ શિક્ષણ ઉપર ચાલીને લાભાન્વિત થાય.

(જગત મહર્ષિ, પૃ. ૧૨)

**ક્રાંતિકારી સંદેશ :**

● તામિલનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અન્નાદુરાઈ કહે છે –

''વિરોધના ઝંઝાવાત વચ્ચે પૂરી દૃઢતાની સાથે અલ્લાહના રસૂલ ક્રાંતિકારી

સંદેશ આપતા રહ્યા. આ તેમની મહાનતાનું ઉમદા પ્રમાણ છે. અલ્લાહના રસૂલે જ્યારે ઉપદેશ આપવાનું શરૂ કર્યું તો ૧૩ વર્ષ સુધી આપ અને આપના સાથીઓ ઉપર ખૂબ અત્યાચાર કરવામાં આવ્યા. આ મુદતમાં પવિત્ર કુઆનમાં જેટલી આયતો અવતરીત થઈ, તે બધામાં બૂરાઈનો બદલો ભલાઈથી આપવાનો તથા પ્રમાણિકતા અને ધૈર્યની સાથે જુલ્મોને સહન કરવાની શિખામણ આપવામાં આવી. ત્યારપછી મુહમ્મદ સાહેબ જ્યારે મદીના પહોંચ્યા તો ત્યાં પણ તેમના ઉપર હુમલો કરવામાં આવ્યો. આ વિષમ પરિસથિતિમાં મુહમ્મદ સાહેબ અને આપના સાથીઓને પોતાની સુરક્ષા હેતુસર લડાઈની પરવાનગી આપવામાં આવી. આપ અને આપના સાથીઓ ઉપર અત્યાચાર અને ધીરજની ચરમ-સીમા ઉપર પહોંચીને લડાઈનો નિર્દેશ આપવામાં આવ્યો. આ સંદર્ભમાં પ્રસિદ્ધ પાશ્ચાત્ય વિદ્વાન એડવર્ડ ગિબન કહે છે કે પ્રાકૃતિક નિયમો અનુસાર પ્રત્યેક વ્યક્તિને એ અધિકાર છે કે તે હથિયારો દ્વારા પોતાની અને સંપત્તિની રક્ષા કરે.''

**સર્વાધિક પ્રભાવકારી વ્યક્તિત્વ :**

● પ્રો. કે. એસ. રામાક્રિષ્નારાવ પોતાના સુપ્રસિદ્ધ પુસ્તક 'ઇસ્લામ કે પયગંબર'માં લખે છે –

''મુહમ્મદ સલ્લ.નો જન્મ આરબ રણપ્રદેશમાં મુસ્લિમ ઇતિહાસકારો અનુસાર ૨૦એપ્રિલ, ઈ.સ. ૫૭૧માં થયો. 'મુહમ્મદ'નો અર્થ થાય છે, 'જેની અત્યંત પ્રશંસા કરવામાં આવી હોય.'' મારી દૃષ્ટિએ આપ અરબસ્તાનના એ તમામ સપૂતોમાં મહાપ્રજ્ઞ અને સૌથી ઉચ્ચ બુદ્ધિશાળી વ્યક્તિ છે. ચાહે આપથી પહેલાં હોય કે આપના પછી, આ લાલ રેતાળ અગમ રેગિસ્તાનમાં જન્મેલા કવિઓ અને શાસકોની અપેક્ષા આપનો પ્રભાવ ખૂબ જ વ્યાપક છે.

જયારે આપ પ્રગટ થયા, આરબ ઉપમહાદ્વીપ માત્ર ઉજ્જડ રણપ્રદેશ હતો. મુહમ્મદ સલ્લ.ની સશક્ત આત્માએ આ સૂના રેગિસ્તાનમાંથી એક નવીન જગતનું નિર્માણ કર્યું; એક નવીન જીવનનું, એક નવીન સંસ્કૃતિનું અને નવીન સભ્યતાનું. આપના દ્વારા એક એવા નવીન રાજયની સ્થાપના થઈ, જે મરાકશ (મોરક્કો)થી લઈને ચીન સુધી ફેલાયું અને જેણે ત્રણ મહાદ્વીપો – એશિયા, આફ્રિકા અને યુરોપના વિચારો અને જીવન ઉપર પોતાનો પ્રભાવ નાખ્યો. ઇસ્લામનો સિદ્ધાંત એ છે કે ધર્મના મામલામાં કોઈ બળજબરી નથી', તે આજે સૌ ઉપર સ્પષ્ટ રૂપે

વિદિત છે. વિશ્વ વિખ્યાત ઇતિહાસકાર ગિબને કહ્યું છે કે, મુસલમાનોની સાથે આ ખોટી અને ઘાતક ધારણા જોડી દેવામાં આવી છે કે તેમનું કર્તવ્ય છે 'તેઓ દરેક ધર્મનું તલવારના બળે ઉન્મૂલન કરી દે'. આ ઇતિહાસકારે કહ્યું છે કે આ એક અજ્ઞાનતાપૂર્ણ આરોપ કુર્આનથી પણ સંપૂર્ણપણે ખંડિત થઈ જાય છે અને મુસ્લિમ વિજેતાઓના ઇતિહાસ તથા ઇસાઈઓના પૂજા-પાઠ પ્રત્યે તેમના તરફથી કાનૂની અને સાર્વજનિક ઉદારતાનું જે પ્રદર્શન થયું છે, તેનાથી પણ આ આરોપ તથ્યહીન પુરવાર થાય છે.''

**અત્યંત સુગમ-સરળ ધર્મ :**

● ડૉ. તારાચંદ મુહમ્મદ સલ્લ.ના શિક્ષણનો ઉલ્લેખ કરતાં કહે છે –

''જે ધર્મનો આપ સલ્લ.એ પ્રચાર કર્યો, તે અત્યંત સરળ હતો. તેમાં ઓછામાં ઓછા ધાર્મિક વિધાનો અને રીતિ-રિવાજો માનવામાં આવતા હતા, કેમ કે કુર્આન અનુસાર ઈશ્વર મનુષ્ય ઉપર પડેલા બોજાઓને હલ્કા અને આસાન કરવા માગતો હતો. તેનો કેન્દ્રીય સિદ્ધાંત ઈશ્વરની એકતા (અર્થાત્ તે એક છે) અને સર્વાધિક મહત્ત્વપૂર્ણ કાર્ય પ્રતિદિન પાંચ વખતની નમાઝ, વર્ષમાં રમઝાનમાં મહિનાભરના રોઝા, જમા-રાશિ ઉપર અઢી ટકાના હિસાબથી ઝકાત, જીવનમાં એક વાર સામર્થ્ય ધરાવનાર વ્યક્તિઓને હજ્જ કરવું છે. આ ઇસ્લામના સ્તંભ છે. સામાજિક ક્ષેત્રે તેમની સર્વાધિક મનનીય વિશેષતા મુસલમાનોની સમાનતા અને બંધુત્વ ઉપર ભાર મૂકવાની બાબત છે તેમજ ઇસ્લામી સમાજમાં કોઈ ધાર્મિક વર્ગની અનુપસ્થિતિ છે.''

**ભાઈચારા અને સમાનતાની તાલીમ :**

● પ્રસિદ્ધ વિદ્વાન શ્રી કે. એમ. મુન્શી કહે છે કે મુહમ્મદ સાહેબનું કથન યાદ દેવડાવું છું કે આપણો વ્યવહાર એક-બીજાની સાથે ભાઈચારા અને સમાનતાનો હોવો જોઈએ. વાસ્તવમાં, વંશ, રંગ, ધર્મ અને જાતિમાં વહેંચાઈ ગયેલ આ દુનિયાને એક આવા જ શિક્ષણની અત્યંત આવશ્યકતા છે.''

**પ્રેમ અને દયાની પવિત્ર ભાવના :**

● 'સતઉપદેશ'ના સંપાદક લખે છે –

''એક સામાન્ય ખ્યાલ છે કે ઇસ્લામ તલવારાના જોરે ફેલાયો છે. પરંતુ અમે એ વાતનો સ્વીકાર નથી કરી શકતા, કેમ કે બળજબરીપૂર્વક જે ચીજ કોઈ

અત્યાચારીને આપવામાં આવે છે, તે જલ્દીથી જ અત્યાચારી પાસેથી ફરી પાછી પણ લઈ લેવામાં આવે છે. જો ઈસ્લામનો પ્રસાર જુલ્મની સાથે થયો હોત તો ઈસ્લામનું નામ આજે બાકી ન રહેતું, પરંતુ આવું નથી. આપણે જોઈ રહ્યા છીએ કે ઈસ્લામ દિન-પ્રતિદિન પ્રગતિની તરફ અગ્રેસર છે, કેમ ? એટલા માટે કે મુહમ્મદ સલ્લ.ની અંદર આત્મશક્તિ હતી, મનુષ્ય માત્ર માટે પ્રેમ હતો. આપના અંદર પ્રેમ અને દયાની પવિત્ર ભાવના હતી તથા નેક વિચારોની તરફ આપ માર્ગદર્શન કરતા હતા.'' માનવતા ઉપર ઉપકાર :

● પંડિત ભગત સાંઈ દાસ, ઍડવૉકેટ (કોહભરી) લખે છે –

શ્રી રામચંદ્ર, શ્રી કૃષ્ણ, ગુરૂ નાનક, હઝરત મુસા (અલૈ.), હઝરત ઈસા (અલૈ.) – આ બધા રાજા હતા અને હું કહું છું કે તેઓમાં એક આત્માનો અંશ શહેનશાહ પણ હતો, જેનું પવિત્ર નામ 'મુહમ્મદ' હતું, જેના પવિત્ર જીવનના સંબંધે કેટલીક તુલના કરવી કઠિન છે. તેમાં શંકા નથી કે પ્રત્યેક સુધારકે આવીને જગતમાં ઘણું કર્યું છે, પરંતુ હઝરત મુહમ્મદ (સલ્લ.)એ સંસાર ઉપર એટલા ઉપકારો કર્યા છે, જેના ઉદાહરણો નથી મળી શકતા.''

**સંતુલિત જીવન-વયવસ્થા :**

● વરિષ્ઠ પત્રકાર વિદ્યા પ્રકાશ, જૌનપુર (ઉ.પ્ર.) લખે છે – ''હઝરત મુહમ્મદ સલ્લ.એ માનવ-સમાજને એક એવી વ્યવસ્થા પ્રદાન કરી, જે અતિવાદી આગ્રહોથી મુક્ત, સંતુલિત, સ્પષ્ટ, સુનિયોજિત અને સાંગોપાંગ પૂર્ણ છે, જેમાં જીવન-જગતનું કોઈ બિંદુ બાકી નથી દેખાતું, જેનું ગંભીરતાપૂર્વક નિરૂપણ કરવામાં આવ્યું ન હોય. આ એક એવી વ્યવસ્થા છે, જે ન્યાયપૂર્ણ, નૈતિક, શાંતિપ્રિય અને ઈન્સાફપ્રિય છે તેમજ જેમાં દેશ અને સમાજના નબળાથી નબળા દરેક પીડિત-જરૂરતમંદની દેખભાળ, સુરક્ષા અને પ્રગતિનો પાકો અને નક્કર ભરોસો આપવામાં આવ્યો છે. મહિલાઓની ઈજ્જત-આબરૂની શ્રેષ્ઠ સુરક્ષા અને સત્યનિષ્ઠાનો યોગ્ય પ્રબંધ કરવામાં આવ્યો છે. પાંચ વખતની નમાઝો અનિવાર્ય અને ઈદની નમાઝોથી લઈને હજ્જ અને ઉમરાના વિભિન્ન તબક્કાઓ ઉપર વ્યક્તિને વ્યક્તિથી અને સમાજને સમાજથી જોડવાની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે. ગૃહસ્થી અને સન્યાસ, દુનિયાદારી અને વૈરાગ્ય, ભૌતિકતા અને આધ્યાત્મિકતાનું આવું સાંમજસ્ય અદ્ભૂત અને વૈજ્ઞાનિક છે.

....આજે સમાજમાં ચોતરફ અશાંતિ, અસંતોષ, આક્રોશ અને મનની વ્યાકુળતાનો દાવાનળ ભભૂકી રહ્યો છે...તેનું કારણ એ છે કે આપણે અલ્લાહના માર્ગદર્શનથી અજાણ છીંએ, ભટકી રહ્યા છીએ અથવા અસલિયતને જાણી સમજીને પણ તેનાથી બેખબર છીએ. આ નિશ્ચિત અને અટલ સત્ય છે કે હઝરત મુહમ્મદ (સલ્લ.)નો માનવતાવાદી અને કલ્યાણકારી સંદેશ જ આપણને સાચા અર્થમાં ભટકાવ, અશાંતિ અને કલેહથી બચાવીને આપણો ઉદ્ધાર કરી શકે છે. આપનું સંપૂર્ણ જીવન-ચરિત્ર અનુકરણીય અને શિક્ષાપ્રદ છે, પ્રત્યેક જાતિ, સમુદાય અને વર્ણ માટે આપનું શિક્ષણ ઉપયોગી અને કલ્યાણકારી છે. હઝરત મુહમ્મદ (સલ્લ.)ના શિક્ષણ ઉપર અમલથી જ વર્તમાન સમસ્યાઓનું સમાધાન અને શાંતિ-સ્થાપના સંભવ છે. તેના સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી, આપણી પાસે."

**સમગ્ર જગત માટે રહમત (કૃપા અને દયા) :**

● ડૉ. રમેશપ્રસાદ ગર્ગના શબ્દોમાં –

''પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)એ કોઈને માટે બદ્-દુઆ નથી કરી, તેથી તેમને 'રહમતુલ્લિલ-આલમીન' કહેવામાં આવે છે. તેમણે સૌથી મહાન કાર્ય ગુલામીને સમાપ્ત કરીને કર્યું છે. ગુલામોના ખરીદ-વેચાણનો વિરોધ કર્યો. કાળા-ગોરા, ઊંચ-નીચના ભેદને મિટાવ્યો. આપે બતાવ્યું કે તમામ મનુષ્યો એક ખુદાના બનાવેલ છે અને એ રીતે સૌ એક-બીજાના સમાન છે. કોઈ વિશેષ પરિવારમાં જન્મ લેવાથી કોઈ વ્યક્તિ મહાન કે મોટી નથી થઈ જતી. તે પોતાના અમલ અર્થાત્ કર્મો દ્વારા મહાનતા પ્રાપ્ત કરે છે. જે જેટલો અધિક મુત્તકી (ઈશભય રાખનાર) અને પરહેઝગાર (સંયમી) છે, તે તેટલો જ અધિક આદરણીય છે. આપના અનુસાર ઈશ્વર હંમેશાથી છે અને હંમેશા રહેશે. તેની ન માં છે, ન તો બાપ, ન કોઈ તેનો ભાઈ છે, ન પત્ની, ન પુત્ર, ન પુત્રી. તે દરેક પ્રકારના સાંસારિક રિશ્તાઓ અને બંધનોથી પાક (મુક્ત) છે. તે અસીમ છે. આકાશ, ધરતી અને સમગ્ર સૃષ્ટિનો રચનાકાર છે. તે જ મનુષ્યોને પેદા કરે છે. તે જ રોજી આપે છે, જીવાડે છે અને મારે છે. મનુષ્યે તેના સમક્ષ જ માથું નમાવવું જોઈએ અને માત્ર તેની જ બંદગી કરવી જોઈએ. જે સારા કાર્યો કરશે, ઈશ્વર

તેને સ્વર્ગ આપશે અને ખરાબ કાર્યો કરવાવાળાઓને નર્કમાં સ્થાન મળશે. પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)ના શિક્ષણનો સૌથી મોટો પ્રભાવ એ થયો કે ધીમે-ધીમે આપના માનવાવાળાઓની સંખ્યા ઘણી વધતી ગઈ. આપે પોતાના અનુયાયીઓને જે તાલીમ આપી, તેના ઉપર સ્વયં પણ અમલ કર્યો. પોતાના વિરોધીથી પણ હંમેશાં પ્રેમનો વ્યવહાર કર્યો.''

**માનવ-સેવાઃ**

● બાબુ બ્રિજબિહારી લાલ, બી.એ.એલ.એલ.બી., લખે છે –

''હઝરત મુહમ્મદ (સલ્લ.)ની શાનમાં જાણકારી ન હોવાથી કે ધૃષ્ટતાથી કહેવું કે આપનું શિક્ષણ કતલ અને ખૂન-ખરાબાનું હતું, તદ્દન ખોટી અને પાયાવિહિન વાત છે. જે વ્યક્તિનું હૃદય નાના બાળકના રડવાથી વ્યાકુળ થઈ જાય, જે હજારો ગાળો સાંભળીને પણ પોતાની નજર નીચી રાખે, બદતરીન દુશ્મનોને પણ માફ કરી દે, બધું જ ગરીબો ઉપર ન્યોછાવર કરી દે, જે સ્વયં પોતાના હાથોથી બિનમુસ્લિમોની સેવા કરે અને તેમની સાથે ઇજ્જતથી રજૂ થાય, શું તેમની શાનમાં આવું કહી શકાય છે ? હઝરત મુહમ્મદ (સલ્લ.)ની તાલીમ હંમેશાં એ રહી છે કે જે કાર્ય કરવામાં આવે, હંમેશાં તે નિખાલસતા અને નિષ્ઠાથી કરવામાં આવે. આપના શિક્ષણનો ઉદ્દેશ્ય મનુષ્યની સેવા છે.''

**ક્ષમાશીલતા :**

● પંડિત રામ કુંવર ચૌબે, એમ.એ.એમ.આર.એ.એસ., લખે છે– ''રસૂલુલ્લાહ (સલ્લ.) પોતાની જનતાથી જે રીતનું વર્તન કરતા હતા, તેના ઉપર આ ઘટના પૂર્ણ રૂપે પ્રકાશ નાખે છે. મદીના મુનવ્વરાની પાસે એ પ્રદેશ છે, ખૈબર. ત્યાંના રહેવાવાળા યહૂદી હતા. એક વાર તેમણે માંસમાં ઝેર ભેળવીને આપને ભોજન પ્રસ્તુત કર્યું તો આપે લોકોને બોલાવીને પૂછ્યું, તો તેમણે સાચી વાત કહી દીધી. રસૂલુલ્લાહ (સલ્લ.)ની ધીરજ તો જુઓ, તે પછી પણ જ્યારે કે તે લોકોએ આપના કતલનો ઇરાદો કર્યો હતો, આપે તેમને માફ કરી દીધા અને પ્રતિશોધનો વિચાર પણ મનમાં ન આવવા દીધો. ચિંતન કરવાની જરૂર છે કે જયારે કસૂર કરનાર મુશ્રિક (અનેકેશ્વરવાદી) સુદ્ધાંથી આપ સખ્તી કરતા ન હતા, તો કોઈ નિર્દોષ મુશ્રિક ઉપર કડકાઈ કરવી આપના નજીક કેવી રીતે યોગ્ય હોઈ શકતી હતી ?''

**અજેય શક્તિ :**

● પ્રખ્યાત દલિત નેતા કોડિક્કલ ચેલપ્પા કહે છે –

''સર્વશ્રેષ્ઠ 'મેગ્નાકાર્ટા' જેવો માનવતાએ પહેલાં કદી નથી જોયો, તે પવિત્ર કુર્આન છે, તે જે મુહમ્મદ (સલ્લ.) દ્વારા માનવતાની ભલાઈ માટે આવ્યું છે,

એક સમુદ્રની જેમ છે, જેમ કે નદીઓ, નહેરો, જળ-નિકાસ અને નાળાઓ તમામ એક જ જગ્યાએ અર્થાત્ સમુદ્રમાં જઈને મળી જાય છે; તે જ રીતે તમામ વ્યક્તિઓ, જે કોઈ પણ જાતિ કે વંશમાં જન્મી હોય, કોઈ પણ ભાષા બોલતી હોય, તેમનો રંગ કોઈ પણ હોય, એક જ સમુદાયનું અંગ બની જાય છે, તેમજ ઈસ્લામ સ્વીકાર કરીને મુસલમાન બનીને પોતાના ઝઘડાઓ ભુલાવી દે છે અને અજેય શક્તિ બની જાય છે.''

('દાસતા સે ઈસ્લામ કી ઓર', પૃ. ૩૮)

## અનાચારોથી મુક્તિ

● ડૉ. સુગન ચન્દ્ર 'મુક્તેશ'એ બાળકો માટેની કવિતામાં મુહમ્મદ (સલ્લ.)નું જીવન-ચરિત્ર લખ્યું છે. આ પુસ્તકનું નામ છે, 'બાબા બોલે સુનો કહાની'. આ પુસ્તકમાં તેઓ લખે છે –

'ઈસ્લામ ધર્મના પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.)નું સમગ્ર જીવન આદર્શો કાજે અવિરત સંઘર્ષની કહાની છે. તેઓ જે સમયે ધરતી ઉપર આવ્યા, તે સમયે સમગ્ર આરબ ભૂ-ખંડ અજ્ઞાનતાના અંધકારમાં ડૂબેલ હતો. સમાજમાં અનેક કુરીતિઓ પ્રચલિત થઈ ગઈ હતી અને લોકો છેતરપિંડી, પ્રપંચ અને પરસ્પર ઝઘડામાં સપડાઈને અનેક પ્રકારની મૂર્તિઓને પૂજવામાં જીવનની સાર્થકતા સમજીને દિવસો પસાર કરી રહ્યા હતા. આવા સમયે હઝરત મુહમ્મદ (સલ્લ.)નું પ્રગટ થવું એક ઈશ્વરીય વરદાનથી ઓછું મહત્ત્વપૂર્ણ ન હતું.

જીવનના આરંભથી લઈને અંત સુધી તેઓ આરબ સમાજને દુરાચારોથી મુક્તિ અપાવવા માટે લડતા રહ્યા. અનેક ઉતાર-ચઢાવને પાર કરીને અંતે તેમને વિજય પ્રાપ્ત થયો અને 'ઈસ્લામ' ધર્મની સ્થાપના કરીને તેઓ આ દુનિયાથી વિદાય લઈને ચાલ્યા ગયા.''

## મહિલાઓના ઉદ્ધારક

અલાહાબાદ સ્થિત એસ.એસ. ખન્ના ડીગ્રી કોલેજના પ્રવકતા ડૉ.રીતા ચૌહાન કહે છે - ''પયગંબર મુહમ્મદ (સલ્લ.) એ સ્ત્રી શિક્ષણ ઉપર ખૂબ જ ભાર મૂકયો છે. અને મહિલાઓની સમસ્યાઓના નિરાકરણ માટે હંમેશા સંઘર્ષરત રહ્યા. આપ મહિલાઓના ઉદ્ધારક હતા.''

—●—